357



पाइथ विन्नाण कहा।

निर्माता

पू.आ.श्री विजय कस्तूरसूरीश्वरः।

ગુજરાતી અનુવાદ ભાગ–૨

શ્રી. સૂર્યપુરમંડન પાર્શ્વનાથાય નમઃ।।
પૂજ્યાચાર્યદેવ શ્રી વિજય-નેમિ-વિજ્ઞાનસૂરીશ્વર-
સદ્ગુરુભ્યો નમઃ ।।

પ્રાકૃત વિજ્ઞાન કથાઓ

(૫૬ થી ૧૦૮ કથા)

પૂજ્યાચાર્ય મ. શ્રી વિજય કસ્તૂરસૂરીશ્વરજી
મહારાજ રચિત પાઇઅ વિન્નાણ કહા ભાગ-૨ જીને
ગુજરાતી અનુવાદ

પ્રકાશક
શ્રી. વિજય-નેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરિ જ્ઞાનમંદિર
સૂરત.
પ્રધાનસંચાલક
શાન્તિલાલ ચીમનલાલ સંઘવી

પ્રથમાવૃત્તિઃ
પૂ. શાસન સમ્રાટ્ જન્મશતાબ્દિ વર્ષ

વીર સં. ૨૪૯૯ કિં. રૂા.-૩-૦ વિ. સં. ૨૦૨૯

—: મુદ્રક : —
હસમુખ જગજીવન શેઠ, ન્યુ પ્રિન્ટીંગપ્રેસ,
ન્યુ માર્કેટ, ફોન નં. ૪૧૩ સુરેન્દ્રનગર.

આર્થિક સહાય

રૂા. ૧૦૦૧ પૂ. સાધ્વી શ્રી પ્રમોદશ્રીજી મ. તથા સાધ્વી પુષ્પાશ્રીજી મ. ના ઉપદેશથી
ચંપા પ્રભા જ્ઞાનશાળા. ખંભાત.

૫૦૧ શા. મૂળચંદભાઇ સોમચંદ પોપટલાલ
અ. સૌ. શ્રી માણેકબેનના સ્મરણાર્થે, ખંભાત.

૩૦૧ પૂ. મુનિશ્રી અભયચંદ્રવિજયજી મ. ના ઉપદેશથી
માંડવી (જી. સૂરત) જૈન શ્રી સંઘ તરફથી.

૨૫૧ પૂ. સાધ્વીજી શ્રી જિનેન્દ્રશ્રીજી મ. તથા પૂ. સાધ્વીજી કંચનશ્રીજી મ. ના ઉપદેશથી
ભમપોળના બેનોના ઉપશ્રય તરફથી ખંભાત.

૨૫૧ પૂ. સાધ્વીજી શ્રી પ્રવીણાશ્રીજી મ. ના ઉપદેશથી એક સદ્‌ગૃહસ્થ તરફથી પાલીતાણા.


પ્રાપ્તિ સ્થાનો

૧. શ્રી વિજય નેમિ–વિજ્ઞાન કસ્તૂરસૂરિ જ્ઞાનમંદિર
(ગોપીપૂરા મુ. સૂરત–૨)

૨. જૈન પ્રકાશન મંદિર C/o જશવંતલાલ ગીરધરલાલ
૩૦૯/૪ દોશીવાડાની પોળ અમદાવાદ–૧

૩. શ્રી સરસ્વતી પુસ્તકભંડાર ઠે. રતનપોળ, હાથીખાના
અમદાવાદ–૧

જગદ્‌ગુરુ શાસનસમ્રાટ્ સૂરિચક્રચક્રવર્તિ પૌઢપ્રભાવશાલિ
ભટ્ટારક આચાર્ય દેવ



શ્રીમાન્ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ

જન્મ સંવત ૧૯૨૯ કારતક સુદ ૧ મહુવા — દીક્ષા સંવત ૧૯૪૫
આચાર્યપદ ૧૯૬૪–સ્વર્ગવાસ ૨૦૦૫ આસો વદ ૦)) મહુવા

પ્રકાશકીય

અધ્યાત્મ મૂર્તિ પ્રાકૃત વિશારદ પૂજ્યાચાર્ય મહારાજ શ્રીમદ્ **વિજય કસ્તૂરસૂરીશ્વરજી** મહારાજ રચિત પાઇઅ-વિન્નાણ કહા ભાગ–૧ લાના ગુજરાતી અનુવાદની જેમ આ બીજા ભાગનો કથા ૫૬ થી ૧૦૮ સુધીનો ગુજરાતી અનુવાદ પ્રકાશિત કરતાં અમો અતિ હર્ષ અનુભવીએ છીએ.

પ્રથમ ભાગની બે આવૃત્તિ થઇ ૩૦૦૦ હજાર નકલ પ્રાકૃતના અભ્યાસીઓના હાથમાં જતાં મૂળ ગ્રંથને વાંચ-વામાં સહાયક બનતા અભ્યાસીઓ તરફથી તેની વિશેષ માંગ આવી રહી છે.

પણ પ્રસ્તુત બીજા ભાગને મૂળ ગ્રન્થના અભ્યાસિઓને સહાયક બનવા વિશેષ જરૂરી લાગતાં પ્રથમાવૃત્તિ તરીકે પ્રકાશિત કરીએ છીએ.

પ્રથમ ભાગની જેમ આ બીજો ભાગ પણ અભ્યાસિ-ઓને સહાયક બને અને પ્રાકૃત અધ્યયન અંગે ઉત્સાહ વધે એ અમારી મહેચ્છા છે.

પ્રથમ ભાગના ગુજરાતી અનુવાદની જેમ પૂજ્યાચાર્ય ભગવંતના ધર્મ પરિવારના વિદ્વાન્ શિષ્યો પ્રશિષ્યો પૈકી મુનિ શ્રી **હીંકારચંદ્રવિજયજી** મ. ને મૂળ ગ્રન્થનો અભ્યાસ પૂજ્યશ્રી પાસે ચાલતા સાથે સાથે ગુજરાતી અનુવાદના કામનો પ્રારંભ થયો હતો. તૈયાર થતાં તે અનુવાદના કાર્યોમાં પૂ. મુનિ શ્રી **અમરચંદ્રવિજયજી** મ. પૂ. મુનિ શ્રી **વિવેકચંદ્રવિજયજી** મ. પૂ. બાલ મુનિ

શ્રી **સોમચંદ્ર** વિજયજી મ. પૂ. મુનિ શ્રી **કુશલચંદ્ર**-વિજયજી મ. પૂ. મુનિ શ્રી **શાંતિચંદ્ર**વિજયજી મ. આદિ ઉત્સાહી મુનિવરોએ પ્રેસમેટર પ્રુફસંશોધનાદિ કાર્ય ઘણા ઉમંગથી કર્યું છે.

પ્રસ્તુત અનુવાદ ગ્રન્થનો ઉપક્રમ પૂજ્યાચાર્ય ભગવંતના ધર્મમિત્ર વિદ્વદ્વલ્લભ પૂજ્યાચાર્ય મ. શ્રી વિજય **ધર્મધુરંધરસૂરીશ્વરજી** મહારાજે લખી આપ્યો છે.

તેમ તૈયાર થએલ અનુવાદને છપાવવા પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજય **ચંદ્રોદય સૂરીશ્વરજી** મ. ના સદુપદેશથી જુદા જુદા ભાગ્યશાળીઓએ ધનવ્યય કરતાં આ પ્રકાશન સુલભ થયું છે.

તેમ ઉપરોક્ત સહાયક તેમ ઉપદેશક મહાત્માઓ ઉપરાંત મુદ્રક સુરેન્દ્રનગર ન્યુ પ્રિન્ટીંગ પ્રેસના સંચાલક **શ્રી હસમુખભાઈ જગજીવનભાઈ** શેઠનો તેમજ ભારે ઉત્સાહી કંમ્પોઝીટર ગ્રુપનો અંત પરિશ્રમ પ્રશંસનીય બન્યો છે.


સવિશેષ તો આ પ્રકાશનની સર્વ વ્યવસ્થા માટે સુરેન્દ્રનગરવાળા શ્રાદ્ધવર્ય ચંદુલાલ ચુનીલાલ વખારીયાના સુપુત્રો મહેન્દ્રભાઈ, હર્ષદભાઈ, સુરેશભાઈ તથા શ્રીયુત ખીપીનચંદ્ર રતિલાલ તથા શાસનરસિક પુષ્કર ધારશીભાઈ વોરાની શ્રુત ભક્તિ પ્રશંસાર્હ બની છે.

આમ જ્ઞાત-અજ્ઞાત સંતો, મહાત્માઓ તેમ સદ્ગૃહસ્થોની સેવા, મમતા, લાગણી આ પ્રકાશનમાં નિમિત્ત બની છે.

એ જ અમારૂં આ પ્રકાશન સર્વને કલ્યાણકર બનો એજ મનીષા.

લી. પ્રકાશક

શાન્તમૂર્તિ વાત્સલ્યવારિધિ સમયજ્ઞ આચાર્ય દેવ



શ્રીમાન વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજ

જન્મ સંવત ૧૯૪૭ પાટણ — દીક્ષા સંવત ૧૯૬૨

આચાર્યપદ ૧૯૯૧ — સ્વર્ગવાસ ૨૦૨૨ ચૈત્ર સુદ ૧૦ ખંભાત

ઉપક્રમ

લેખક : વિદ્વદ્વલ્લભ પૂજ્યાચાર્ય મહારાજ શ્રી વિજય **ધર્મ ધુરંધરસૂરીશ્વરજી** મહારાજ.

શ્રી પાઈય વિન્નાણ કહાના આ બીજા વિભાગમાં ૫૬ થી ૧૦૮ સુધી ૫૩ કથાઓ છે. કથા સાહિત્ય વિશાળ છે. કથા સામાન્ય રીતે સહુ કોઇને ગમે છે. કથાથી થાક ઉતરે છે એ તો સર્વ માન્ય હકીકત છે. પણ જો કથા બરાબર ન હોય કહેનાર બરાબર ન હોય તો ઉલટો થાક ચડી જાય છે. અહીં લખાયેલી કથાઓ વર્ષોથી અનેક જીવોને ખેંચતી આવી છે. ચિરંજીવ રહી છે. તે તેનામાં રહેલું ઉત્તમ સત્વ છે અને તેથી તે થાક ઉતારવાનું કાર્ય યોગ્ય રીતે કરે છે. એ વાસ્તવ હકીકત બની રહે છે.

આ કથાની સંકલના પૂજ્ય આચાર્ય પ્રવર શ્રી વિજય-કસ્તૂરસૂરિજી મહારાજે અન્યાન્ય ગ્રન્થોમાંથી ઉદ્ધરી–પ્રાકૃત–ભાષામાં કરી છે. વસ્તુ ભિન્ન ભિન્ન સ્થળેથી પ્રાપ્ત કર્યું છે અને ચિત્રણ સ્વકૃત છે. આ તે પ્રાકૃતમાં લખાએલી કથાઓનું ગુજરાતીમાં અવતરણ છે. આ કથાઓ કેવળ-મનો વિનોદ અર્થે નથી પણ હેતુલક્ષી છે. કેવળ મનો-વિનોદ અર્થે કહેવાતી કથાઓ પરિણામે મનને વ્યથા કરનારી બને છે. દરેક કથામાંથી લેવા યોગ્ય સાર પણ કથાને અંતે દર્શાવેલ છે. સુન્દર વિશાળ બગીચાઓમાં અનેક વિવિધ છોડો પર અનેક કથા પુષ્પો પથરાયેલા છે.

તેમાંથી ચૂંટી ચૂંટીને યોગ્ય ગુંથણી કરવી એ કાર્ય સહેલું છે કે કઠિન એ તો એ કાર્ય કરતા હોય તેને ખ્યાલ આવે એવું છે. આ કાર્ય માટે ચીવટ સાથે બીજી પણ અનેક સામગ્રી જરૂરી બને છે. માળા સારી બની હોય તો શોભે છે અને સુજ્ઞો તે જોઈને પ્રસન્ન બને છે. આ માળાનું આન્તરિક મૂલ્ય ઘણું છે. ને તે મૂલ્ય તેનો સાર કોઇના પણ જીવનમાં સાકાર રૂપ ધારણ કરે એટલે મળી જાય છે. અનુભવવૃધ્ધ અને કાર્યમાં કૌશલ ધરાવતા આચાર્ય શ્રી અધિકાધિક માળાઓ રચવા સક્ષમ રહે અને અનેક ભવ્યાત્માઓ એ માળાઓ ધારણ કરી શોભે અને વિશ્વને શોભાવે એવી ભાવના.

શ્રી કેસરિયાજી
પાલીતાણા

કાર્તિક કૃષ્ણાષ્ટમી
ભૂ-તનય વાસરે
વિ. સ. ૨૦૨૯

શુદ્ધિપત્રક

અશુદ્ધ	શુદ્ધ	પેજ	પંક્તિ
ધર્ય	ધૈર્ય	૬૮	૬
૦	કેટલાક પુરુષો પુર્વભવમાં કરેલું કાર્ય પોતાના નામની માફક સ્મરણ કરે છે. અને	,,	૧૪
ભવ	ભવ્ય	૧૭૬	૧૬
૦	જતી નથી.	૨૫૭	૬
થપેલા	થયેલા	૨૭૦	૧૮


—: અનુક્રમણિકા :—

અં. નં.	કથાનું નામ	પૃષ્ઠ
૫૬	આનંદ શ્રાવક	૩
૫૭	નંદ મણિયાર	૭
૫૮	જંગલનો ઉંદર	૧૦
૫૯	ભાવિની અને કર્મરેખ	૨૦
૬૦	ત્રણ ભાઈઓ	૨૭
૬૧	ધનદત્ત શેઠ	૨૯
૬૨	બ્રાહ્મણ કુટુંબ	૩૬
૬૩	સામાયિક ઉપર વૃદ્ધાની કથા	૪૪
૬૪	રાજકન્યા વિશલ્યા	૪૭
૬૫	પરને છેતરનાર વણિક	૫૦
૬૬	દેવાનંદ બ્રાહ્મણી	૫૩
૬૭	ક્ષુલ્લક કુમાર શ્રમણ	૫૬
૬૮	ચંદ્રલેખા	૬૮
૬૯	મતિશેખર મંત્રિ	૮૪
૭૦	બે રાજપુત્રો	૮૭
૭૧	ગુરૂ અને શિષ્ય	૯૧
૭૨	સાપ ગયા અને લિસોટા રહ્યાં	૯૩
૭૩	વિક્રમાદિત્યની પ્રથમ કથા	૯૫
૭૪	,, બીજી કથા	૯૯
૭૫	,, ત્રીજી કથા	૧૦૧
૭૬	,, ચોથી કથા	૧૦૩
૭૭	પુષ્પવતી	૧૦૬
૭૮	બ્રહ્મા વિષ્ણુ અને મહાદેવ	૧૦૯
૭૯	ભીમ અને કૃપણ શેઠ	૧૧૧
૮૦	આલિંગ બ્રાહ્મણ	૧૧૫
૮૧	જગડુશાહ	૧૧૭
૮૨	ચંદ્ર વણિક	૧૨૩

અં. નં.	કથાનુ નામ	પૃષ્ઠ
૮૩	શિવ રાજા	૧૨૫
૮૪	નાગકેતુ	૧૩૨
૮૫	વરદત્ત	૧૩૬
૮૬	કપર્દિ શ્રાવક	૧૪૦
૮૭	જિનદાસી શ્રાવિકા	૧૪૨
૮૮	શૂર રાજા	૧૪૫
૮૯	ક્ષુલ્લક મુનિ	૧૪૯
૯૦	તાપસિની કથા	૧૫૧
૯૧	પોપટની કથા	૧૫૩
૯૨	કાષ્ઠ મુનિ	૧૫૬
૯૩	સાગર શેઠ	૧૬૦
૯૪	કૂર્મા પુત્ર	૧૬૪
૯૫	વિક્રમ રાજા	૧૭૭
૯૬	ધૂર્તની કથા	૧૮૦
૯૭	સનત્કુમાર ચક્રવર્તી	૧૮૩
૯૮	મરૂદેવા માતા	૧૮૮
૯૯	કનકકેતુ રાજા	૧૯૧
૧૦૦	વિદ્વાન બ્રાહ્મણ	૧૯૬
૧૦૧	ક્ષુલ્લક મુનિ	૨૦૦
૧૦૨	દમસાર મુનિ	૨૦૫
૧૦૩	કોપ કરનાર વિદ્વાન બ્રાહ્મણ	૨૧૨
૧૦૪	સુલસા શ્રાવિકા	૨૧૬
૧૦૫	બે મુનિઓની કથા	૨૨૯
૧૦૬	સ્વયંભુદત્ત	૨૩૬
૧૦૭	ચંડ રૂદ્રાચાર્ય	૨૪૫
૧૦૮	લક્ષ્મી અને સરસ્વતીનો સંવાદ	૨૪૯

પરમપૂજ્ય પ્રાકૃતવિશારદ સિદ્ધાન્તમહોદધિ આચાર્ય દેવ

શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજ



જન્મ વિ. સં. ૧૯૫૭ પોસ વદ ૧ અમદાવાદ
દીક્ષા વિ. સં. ૧૯૭૬ ફાગણ વદ ૩ મેવાડ
આચાર્યપદ વિ. સં. ૨૦૦૧ ફાગણ સુદ ૪ બુરાનપુર

પ્રાકૃતવિજ્ઞાન કથાઓ

मंगल सिलोगा

वंदिय सिरिसंखेसर – पासपहुं जिणवरं जगन्नाहं ।
भवियजणमणतमहरण – दिणयरसमविलसियपहावं
।।१।।

तह नेमिसूरिणो गुरु – वरस्स विन्नाणसूरिगुरुणो य ।
नमिय पयपंकयाइं भत्ताणं इट्ठदाईणि ।।२।।

पाइयविन्नाणकहा – इ बोयभागो रइज्जए एत्थ ।
पाइयभासज्झयणय – लिच्छूण सुहेण बोहट्ठं ।।३।।

મંગલ ગાથાઓનો અનુવાદ

ભવ્ય જીવોના મનનો અંધકાર દૂર કરવામાં સૂર્યના જેવા વિલસિત પ્રભાવવાળા એવા જગતના નાથ જિનેશ્વર શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવંતને નમસ્કાર કરીને. ૧

તેમજ પરમગુરુ ભગવંત શ્રી નેમિસૂરીશ્વરજી મહારાજના અને ગુરુશ્રી વિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજશ્રીના ભક્ત જીવોને વાંછિત આપનારા પદ કમળોને નમસ્કાર કરીને. ૨

પ્રાકૃત ભાષાના અધ્યયન ઇચ્છનાર ભવ્ય જીવોને સુખથી બોધ આપવા માટે આ પ્રાકૃત વિજ્ઞાન કથાનો બીજો ભાગ અહિંયા રચાય છે. ૩



આનંદ શ્રાવકની કથા

૫૬

ગૃહસ્થને પણ વિશુદ્ધિ વડે અવધિજ્ઞાન થાય છે. અહિં મહાવીર સ્વામીના ઉપાસક આનંદ શ્રાવકની જેમ.

વાણિજ્ય ગામમાં જિતશત્રુ નામે રાજા હતા. તે ગામમાં આનંદ નામે શ્રાવક વસતો હતો. તેને શિવાનંદા નામે ધર્મપત્ની હતી. એક વખત દૂતિપલાશ ચૈત્યમાં શ્રીમહાવીર સ્વામી ભગવાન પધાર્યા. મોટી ઋદ્ધિ સાથે આનંદ શ્રાવક તેમની સમીપે ગયા. ધર્મ સાંભળ્યો, સાધુ ધર્મ પાળવાને અસમર્થ તે શ્રાવકધર્મ અંગીકાર કરે છે. પાચમાં પરિગ્રહ વ્રતમાં–નિધાનમાં ચાર ક્રોડ સોના મહોરો, ચાર ક્રોડ વ્યાજમાં, ચાર ક્રોડ વ્યવહારમાં, દશ હજાર ગાયો છે જેમાં એવા ચાર ગોકુલો, પાંચસો હળ, પાંચસો ગાડા, પાણી વગેરે ઉપાડવા માટે ચારસો વાહનો, એ પ્રમાણે વ્રત ગ્રહણ કરીને ઘેર આવ્યો. શિવાનંદાને કહે છે કે હે પ્રિયા ! જેવી રીતે મેં શ્રાવક ધર્મ અંગીકાર કર્યો છે તેવી રીતે તમો પણ અંગીકાર કરો. તે શિવાનંદા શ્રાવિકા પણ પતિવ્રતા હોવાથી પતિના વચન સાંભળ્યા પછી તરત જ પરિવાર સાથે ભગવંતની પાસે ગઇ અને શ્રાવિકા બની, શ્રાવકના વ્રત નિયમો ગ્રહણ કર્યા.

તે દિવસથી માંડીને ચૌદ વર્ષ સુધી તે બંને જણાએ દાન, શીલ, તપ અને ભાવમય એવો શ્રાવકધર્મ નિરતિ-

ચારપણે પાળ્યો. પછી પંદરમાં વર્ષે મોટા પુત્રને ઘરનો ભાર સોંપીને વાણિજ્ય ગામની પાસે કોલ્લાગ ગામમાં શ્રેષ્ઠ શ્રાવકો સાથે પૌષધ શાળા કરાવીને ત્યાં રહે છે. ત્યાં આરંભનો ત્યાગ કરીને મહાવીરસ્વામીની સેવા કરવામાં તત્પર તેમજ નિર્દોષ આહાર પાણીથી આજીવિકા કરનાર આનંદશ્રાવક ધર્મને આરાધે છે. એ પ્રમાણે ત્યાં સારી રીતે તપમાં રકત તેમને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. તેના વડે તે આખું ભરતક્ષેત્ર જુએ છે. તેમાં ભરતક્ષેત્ર સંબંધી લવણ સમુદ્રમાં પાંચસો યોજન, ઉંચે સૌધર્મ દેવલોક સુધી, વળી નીચે પહેલી નરકના પાતડા સુધી જુવે છે.

છ વર્ષ સુધી અનેક પ્રકારના તપ વિશેષ વડે સૂકાયેલા શરીરવાળા, પગલું પણ ભરવાને અસમર્થ થયેલા તે ધર્મ-જાગરિકાને કરતો વિચાર કરે છે. જ્યાં સુધી ભરતક્ષેત્રમાં મહાવીરસ્વામી વિચરે છે ત્યાં સુધીમાં હું અનશન સ્વીકારૂં એમ વિચારી પ્રભાતમાં તેણે અનશન કર્યું.

મહાવીરસ્વામી ભગવંત તે જ નગરમાં સમોવસર્યા. તે વખતે ભિક્ષાને માટે નગરમાં પ્રવેશેલા ગૌતમસ્વામી ઘણા લોકો પાસેથી આનંદશ્રાવકના અનશનને સાંભળે છે. તેથી ગૌતમસ્વામી ત્યાં પધારે છે. આનંદશ્રાવક મસ્તક ઉપર હાથ જોડીને કહે છે કે હું આપની પાસે આવવા અસમર્થ છું. તેથી મારી નજીક પધારો. પછી સમીપ આવેલા તેઓના ચરણોને ત્રણવાર સ્પર્શ કરીને વંદન કરે

છે, અને પૂછે છે કે શું શ્રાવકોને અવધિજ્ઞાન ઉત્પન્ન થાય ? શ્રી ગૌતમસ્વામીએ કહ્યું કે શ્રાવકને અવધિજ્ઞાન ઉત્પન્ન થાય છે. આનંદશ્રાવકે કહ્યું કે મને આટલું અવધિજ્ઞાન ઉત્પન્ન થયું છે. જ્ઞાનનો ઉપયોગ આપ્યા વગર ગૌતમસ્વામી કહે છે કે–ગૃહસ્થને આટલા વિષયવાળું અવધિજ્ઞાન થતું નથી, માટે અસત્ય વચનનું મિચ્છામિ દુક્કડં આપોને આલોચના કરો. કેમકે તમને પ્રાયશ્ચિત લાગ્યું છે; તેથી આનંદ કહે છે કે–હે ભગવંત ! સાચું બોલેલું વચન પણ શું આલોચાય છે ?. ગૌતમે કહ્યું–ના. આનંદશ્રાવકે કહ્યું કે જો આ પ્રમાણે હોય તો તમારે જ પ્રમાદ પ્રરૂપણાની આલેચના કરવી જોઈએ. વળી મને તો આ વિષયમાં કાંઇ શંકા નથી. આનંદશ્રાવકનું કહેલું સાંભળીને શંકાવાળા ગૌતમસ્વામી એકદમ મહાવીરસ્વામી પાસે આવીને આહાર-પાણી બતાવીને વંદન કરીને પૂછે છે કે અમારા બંન્નેમાં કોનું વચન સાચું ? "આનંદશ્રાવકે કહેલું વચન સત્ય છે." એમ કહી ભગવંતે ગૌતમસ્વામીને કહ્યું. હે ગૌતમ ! તમારા અનુપયોગથી બોલાયેલા વચનની આલોચના કરો અને આનંદશ્રાવક પાસે જઈને ક્ષમા માંગો, તેથી ભગવંતના વચનને સારી રીતે તેમણે સ્વીકાર કરી તે પ્રમાણે કર્યું. અર્થાત્ આનંદશ્રાવકને ખમાવ્યા. મહાવીરસ્વામી ભગવંતે વિહાર કર્યો. આનંદશ્રાવક પણ વીસ વર્ષ સુધી શ્રાવકપણું પાળીને એક માસના ઉપવાસ કરીને સૌધર્મ દેવલોકમાં અરૂણાભ નામના વિમાનમાં ચાર પલ્યોપમના આયુષ્યવાળા દેવ થયા. ત્યાંથી

ચવીને કામદેવની માફક મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધિપદને પામશે.

ઉપદેશ :– અહિંયા આનંદશ્રાવકનું દૃષ્ટાંત સાંભળીને હે ભવ્ય જીવો ! તમારે ભાવની વિશુદ્ધિમાં જ હંમેશા પ્રયત્ન કરવો જોઈએ.

એ પ્રમાણે ભાવ વિશુદ્ધિ ઉપર આનંદ શ્રાવકની છપ્પનમી કથા સમાપ્ત.

—કથાવલિ ગ્રંથમાંથી.

卐



નંદ મણિયારની કથા

૫૭

પ્રભુ મહાવીર પાસેથી સમ્યકત્વ મેળવીને મણિયાર શેઠની જેમ પાખંડી લોકોના સંસર્ગથી પ્રાપ્ત થયેલો ધર્મ પણ નાશ પામે છે.

એક વખત રાજગૃહિ નગરીમાં શ્રીવર્ધમાન જિનેશ્વર પધાર્યા. શ્રેણિક વગેરે શ્રધ્ધાળુ લોકો વંદન માટે ત્યાં ગયા. તે વખતે સૌધર્મ દેવલોકમાં રહેનારો દર્દુરાંક નામનો દેવ ચૌદ હજાર સામાનિક દેવતાના પરિવાર સાથે જિનેશ્વરના વંદનને માટે ત્યાં આવ્યો. સૂર્યાભ દેવની જેમ શ્રી મહાવીર પ્રભુ સમક્ષ બત્રીશ પ્રકારના નાટક કરીને પોતાને સ્થાને ગયો.

તે વખતે ગૌતમ સ્વામીએ પૂછયું, હે ભગવંત! આ દેવે આવા પ્રકારની ઋધ્ધિ કયા પુણ્ય વડે પ્રાપ્ત કરી?. ભગવંતે કહ્યું–આ જ નગરમાં એક મહાઋધ્ધિવાળો મણિયાર શેઠ રહેતો હતો. તેણે એક વખત મારા મુખમાંથી ધર્મ સાંભળી સમ્યકત્વ સહિત બારવ્રતરૂપ શ્રાવકધર્મ અંગીકાર કર્યો. ત્યારથી તેણે શ્રાવકધર્મ લાંબો સમય પાળ્યો. કયારેક દૈવયોગથી કુદૃષ્ટિના સંસર્ગથી તેમજ તેવા પ્રકારના સારા સાધુના સમાગમના અભાવથી તેના મનમાં મિથ્યાત્વબુધ્ધિ વધવા લાગી અને સુબુધ્ધિ ક્રમે કરીને મંદ થઈ. તે કારણથી મિશ્ર પરિણામથી સમય પસાર કરતાં તે શ્રેષ્ઠીએ એક વખત ઉનાળામાં પોષહ વ્રત સહિત અઠ્ઠમ તપને કર્યો. ત્યાં ત્રીજા દિવસની મધ્ય રાત્રિમાં તરસની પીડાથી આર્તધ્યાનવાળા તેણે આ પ્રમાણે વિચાર કર્યો.

જેઓ પરોપકારને માટે ઘણા વાવ, કૂવા, તળાવ વગેરે કરાવે છે તેઓ જ આ સંસારમાં ધન્ય છે. ધર્મ ઉપદેશકારોએ કહેલ આ શ્રેષ્ઠ ધર્મ છે. જેઓ આને દોષ કહે છે તેઓનાં વચનો ફોગટ છે. કારણ કે ઉનાળામાં તૃષાર્ત થયેલા એવા જે જીવો વાવ, વગેરેમાં આવીને પાણી પીને સુખી થાય છે, તેથી હું પણ સવારમાં એક મોટી વાવડી કરાવીશ. તેમ કરવાથી મને હંમેશા પુણ્યનો સંભવ થશે. એ પ્રમાણે દુર્ધ્યાન કરતો તે શ્રેષ્ઠી બાકી રહેલી રાત્રીને પસાર કરીને સવારમાં પારણું કરીને શ્રેણિક રાજાની અનુજ્ઞા મેળવીને વૈભારગિરિ પાસે એક મોટી વાવડી કરાવે છે. તેની ચારે બાજુ વિવિધ વૃક્ષોથી શોભિત દાન-શાળા-મઠ-મંડપ-દેવકુળિકા વિગેરેથી મનોહર-સુંદર વનોને કરાવે છે. આ સમયમાં ઘણા મિથ્યાદૃષ્ટિના સંસર્ગથી બધી જ રીતે ધર્મથી ભ્રષ્ટ થયેલા તેને ઘોર પાપ કર્મના ઉદયથી શરીરમાં સોળ મોટા રોગો ઉત્પન્ન થયા. તેના નામો-ખાંસી, શ્વાસ, દમ, તાવ, દાહ, પેટની શૂલ, ભગંદર, મસા, અજીર્ણ, આંખ અને પીઠમાં શૂળ, અરૂચિ, ખરજવું, જલોદર, મસ્તક અને કર્ણની વેદના, કોઢ આ પ્રમાણે મોટા સોળ રોગો આગમોમાં કહેલા છે.

રોગથી ભરેલા દેહવાળો તે શ્રેષ્ઠી મહાપીડાને અનુભવી, મરણ પામી, તે જ વાવડીમાં દેડકાપણે ઉત્પન્ન થયો. અને ત્યાં પોતાની વાવડી જોવાથી જાતિસ્મરણજ્ઞાન થયું. તેથી ધર્મવિરાધનાનું ફળ જાણી શુભ ભાવનાવાળો તેણે આજથી મારે હંમેશા છઠ્ઠ તપ કરવો અને પારણામાં

વાવડીના કિનારે પાણીના સ્નાનથી અચિત્ત થયેલું પાણી માટી વગેરેનું જ ભક્ષણ કરવું જોઈએ' આ પ્રમાણે અભિગ્રહ ગ્રહણ કર્યો. ત્યારપછી તેણે વાવડીમાં તે સમયે સ્નાનાદિને કારણે આવતા લોકોના મુખમાંથી અમારા આગમનના સમાચાર સાંભળી મને પૂર્વભવનો ધર્માચાર્ય માની વંદનને માટે વાવડીમાંથી નીકળતો અને લોકો વડે કરૂણા બુધ્ધિથી વારંવાર વાવડીમાં નંખાતો પણ મહાવીર પ્રભુને વંદનમાં એક મનવાળો જેટલામાં-વાવડીમાંથી બહાર નીકળ્યો, તેટલામાં ભક્તિના ભારથી ઉલ્લસિત મનવાળા ઘણા પરિવારથી યુક્ત શ્રેણિક રાજા મને વંદનને માટે આવતા ત્યાં આવ્યા. ત્યાં દૈવયોગે તે દેડકો માર્ગમાં શ્રેણિક રાજાના ઘોડાની ખરી વડે દબાયો. ત્યાં જ શુભ ધ્યાનથી મરણ પામી સૌધર્મ દેવલોકમાં દર્દુરાંક નામનો દેવ થયો. ઉત્પન્ન થયા પછી તરત જ અવધિજ્ઞાન વડે પોતાના પૂર્વભવનું વૃતાંત જાણીને, મને અહિં સમોસરેલા-આવેલા જાણીને જલ્દી અહિં આવી વંદન કરી, પોતાની ઋધ્ધિ બતાવી પોતાને સ્થાને ગયો. એ પ્રમાણે શુભભાવનાથી આવા પ્રકારની ઋધ્ધિ તેને પ્રાપ્ત થઈ અને તે મહાવિદેહમાં સિદ્ધિને પામશે.

ઉપદેશ :—આ નંદમણિયાર શ્રેષ્ઠીની કથામાં વ્રત વિરાધનાનું ફળ જોઈને દુર્જનનો સંગ દૂરથી ત્યાગ કરવો જોઇએ.

વ્રત વિરાધના ઉપર નંદમણિયારની સત્તાવનમી કથા સમાપ્ત. - આત્મ પ્રબોધમાંથી.



જંગલના ઉંદરની કથા

૫૮

મહા પુરુષોનો પ્રભાવ અગણ્ય હોય છે, કારણ કે શ્રી ધર્મનાથ જિનેશ્વરે સંસાર સાગરમાંથી ઉંદરને તાર્યો.

એક વખત ગણધર ભગવંતે ધર્મનાથ જિનેશ્વરને પૂછ્યું કે હે ભગવંત! આ મોટી મહાવિશાળ પર્ષદામાં પહેલું કોણ સિધ્ધિપદને પામશે. ભગવંતે કહ્યું–હે દેવાનુપ્રિય આ જે મલીન દેહવાળો પૂર્વજન્મના સ્મરણવાળો વૈરાગ્યવાસિત, શાંતિથી આવતો, મારા દર્શનથી ખુશ થયેલો હર્ષના આંસુથી ભરાયેલી આંખોવાળો, ઉંચા કરેલા કર્ણયુગલવાળો, રોમાંચથી ભરેલા દેહવાળો આ જંગલી ઉંદર તારી પાસે આવે છે, તે આપણા સર્વમાં પણ પહેલો જ પાપકર્મથી મુક્ત થઇ અક્ષય સુખવાળા પીડા રહિત એવા સિધ્ધિપદને પામશે, એ પ્રમાણે ભગવંતે કહ્યું, ત્યારે બધા દેવેન્દ્ર–અસૂરેન્દ્ર અને નરેન્દ્રની દૃષ્ટિ જંગલી ઉંદર ઉપર પડી. ભક્તિના સમુદાયથી ભરેલ તે ઉંદરે ભગવંતની પાદપીઠનો આશ્રય કર્યો અને તે ભૂમિ ઉપર મસ્તક સ્થાપન કરી કાંઇપણ પોતાની ભાષામાં બોલવા લાગ્યો. તે વખતે ઇન્દ્રે કહ્યું હે ભગવંત! મને મોટું કૂતૂહલ લાગે છે કે આ અધમ, તુચ્છ નીતિવાળો, વનમાં રહેનારો આ વનનો ઉંદર આપણા સર્વમાં પહેલો જ મોક્ષને પામશે. તેમજ થોડા કર્મવાળા તેને આવી ક્ષુદ્ર જાતિ કેમ મળી? ભગવંતે

કહ્યું-વિંધ્ય નામનો પર્વત છે. તેની ઉપરના ભાગમાં વિંધ્યવાસ નામનું ગામ છે. ત્યાં મહેન્દ્ર નામનો રાજા રાજ્ય કરે છે. તેને તારા નામની મહારાણી છે. તેનો પુત્ર તારાચંદ્ર નામે આઠ વર્ષનો છે. આ અવસરે કોશલદેશના રાજાએ તેના ઉપર ચઢાઇ કરી. તે ગામને ઘેરો ઘાલ્યો. ત્યારે મહેન્દ્ર રાજા નગરમાંથી નીકળી યુધ્ધ કરવા લાગ્યો. અને લડતાં મરાયો. હણાયેલું સૈન્ય નાસવા લાગ્યું. બધા જ લોકો જીવ લઇને નાસી ગયા. તે વખતે તારા મહારાણી પણ પોતાના પુત્ર તારાચંદ્રને અંગુલીમાં લઈ લોકોની સાથે નાસતી ભરૂચ શહેરમાં આવી. ત્યાં પણ કોનું શરણું સ્વીકારવું તે પણ જાણતી ન હતી. કોઇપણ વખતે દુર્જન માણસનું મુખ જોયું નથી તેથી ભૂખી તરસી પરિશ્રમથી ઉદ્વેગ પામેલી, કંપતા હૃદયવાળી કયાં જવું ? અને કયાં ન જવું ? શું બોલું ? અને શું ન બોલું ? કયાં પ્રવેશ કરૂં ? કોને પુછું ? અથવા કેવી રીતે રહેવું ? એ પ્રમાણે વિચાર કરતી, શુન્યમનવાળી જંગલી હરણની જેમ ભય પામેલી નગરના એક ચોરાના મંડપમાં પ્રવેશી. ક્ષણ પછી તેણીએ ગોચરી માટે નીકળેલું સાધ્વીનું યુગલ જોયું, અને તેને જોઇને તેણીએ વિચાર કર્યો કે પહેલા મારા પિતાના ઘરમાં આ ભાગ્યશાળી, ધર્મમાં રક્ત સાધ્વીઓ જતી આવતી મારા વડે પૂજાઈ હતી. તેથી જો તેઓનું શરણ સ્વીકારૂં તો શ્રેષ્ઠ છે. એ પ્રમાણે વિચાર કરતી, ઉઠીને પુત્રને આંગળીમાં લઈ સાધ્વીને વંદન કર્યું. તેઓ એ આશ્વાસન

આપ્યું. પ્રેમ પૂર્વક પૂછયું કે તમો કયાંથી આવેલા છો? તેણીએ કહ્યું કે હે પૂજ્ય! વિંધ્યપૂરથી. તેઓએ કહ્યું કે કોના અતિથિ છો? તેણીએ કહ્યું, તે પણ હું જાણતી નથી. તેથી તેનું રૂપ લાવણ્ય અને શ્રેષ્ઠ લક્ષણોને જોતી અને તેવા પ્રકારના તેણીના કરૂણવચનને સાંભળતી સાધ્વીઓને દયા ઉભરાઇ. તેઓએ કહ્યું કે જો આ નગરમાં તમારૂં કોઇ નથી તો અહિં આવો અને અમારી પ્રવર્તિની સાધ્વીના અતિથિ થાવ "આપે મારી ઉપર ઉપકાર કર્યો" એ પ્રમાણે કહેતી તેણીએ સાધ્વીના વચનનો સ્વીકાર કર્યો અને તેમની સાથે ગઈ. માર્ગમાં આવતી તેણીને પ્રવર્તિની સાધ્વીએ જોઇ અને પ્રવર્તિની સાધ્વીએ વિચાર કર્યો કે આ કોઈ દુઃખી છે અને ઘણા સુંદર રૂપ, લાવણ્ય, મનોહર, યૌવન અને લક્ષણોથી શોભતી જણાય છે. તેથી કોઈ રાજાની પુત્રી હોવી જોઈએ અને તેણીની પાસે આ ઘણોજ સુંદર પુત્ર છે. રાણીએ પણ પાસે જઈને પ્રવર્તિનીને વંદન કર્યું.

પ્રવર્તિનીએ આશ્વાસન આપ્યું, અને પુછયું. કયાંથી આવ્યા છો? તેણીએ પોતાનો સર્વવૃતાંત પ્રવર્તિની સાધ્વીને કહ્યો. ત્યાર પછી [1]શય્યાતરના ઘરમાં તેઓને સોંપ્યા. શય્યાતરી સ્ત્રીઓએ પોતાની પુત્રીની જેમ માની તેણીને શ્રમ રહિત કરી અને રાજપુત્રને પણ સ્નાન કરાવી, ભોજન આપી, સારા વસ્ત્રો પહેરાવી, સુખેથી રાખ્યો. થોડા

---

૧ શય્યાતર–જે વસતિમાં સાધ્વીઓ રહેલ હોય તે વસતિનો માલિક.

વખત પછી એક વખત પ્રવર્તિની સાધ્વીએ કહ્યું, હે પુત્રી ! તારે હવે શું કરવું છે ? તેણીએ કહ્યું. હે પૂજ્ય ! જે મારો સ્વામી હતો તે રણમાં મરાયો. વિંધ્યપુર નાશ પામ્યું. મારો પરિવાર પણ નાશ પામ્યો. કોશલ દેશનો રાજા ભયંકર છે. આ મારો બાલપુત્ર પરિવાર વિનાનો નિરાધાર છે, તેથી તેને રાજ્યની આશા નથી. હવે અવસર ઉચિત તેવું કાર્ય કરું જેથી આવી આપત્તિઓ ફરી પામું નહિ. બધી જ રીતે તમે જે આદેશ આપશો તે જ હું કરીશ. ત્યારે પ્રવર્તિનીએ કહ્યું હે પુત્રી ! તારો આ પ્રમાણે જો નિશ્ચય છે તો આ તારાચંદ્ર પુત્ર આચાર્ય મહારાજને સમર્પણ કરો અને તમે પણ અમારી પાસે દીક્ષા અંગીકાર કરો. એ પ્રમાણે કરવાથી તમારા સર્વ સંસારભ્રમણના દુઃખોનો નાશ થશે. તેણીએ "તે પ્રમાણે થાઓ" એમ કહી વચન સ્વીકાર્યું. તારાચંદ્ર પુત્ર ભગવંત અનંતજીનેશ્વરના તીર્થમાં વર્તમાન સુનંદાચાર્ય મહારાજને સોંપ્યો. તેઓએ તેની વિધિ પ્રમાણે દીક્ષા આપી અને તેની માતાએ પણ દીક્ષા લીધી. ત્યાર પછી કેટલોક કાળ ગયે છતે તે બાલમુનિ યુવાનીના વશથી વિલાસના સ્વભાવવાળો રાજપુત્ર ખડ્ગાદિ-શસ્ત્ર નાટક વાજિંત્ર આદિમાં વિલાસવાળો ઉન્માર્ગે જવા લાગ્યો. તેથી આચાર્ય મહારાજે તેને અટકાવ્યો. ગણિવરે રોકયો, ઉપાધ્યાયે શીખામણ આપી, સાધુઓએ ચેતવ્યો એ પ્રમાણે પ્રેરણા કરાયેલો પણ ધીમે ધીમે ચારિત્રના પરિણામને ભંગ કરવા લાગ્યો. એક વખત આચાર્ય મહારાજ બાહિરભૂમિ 'સ્થંડિલ ભૂમિ' એ ગયા, અને તે

પાછળથી ગયેા. ત્યાં વનમાં તેણે જંગલના ઉંદરેા રમતા જોયા. તેણે વિચાર્યું અહેા ! આ ઉંદરેા ધન્ય છે. જુઓ ! પેાતાની ઇચ્છા પ્રમાણે રમે છે. કલેશવાળા કર્કશ વચનેા સાંભળતા નથી. કેાઇને નમતાં પણ નથી. હૃદયને ગમે તેમ વિચરે છે. વળી પરાધીન બનેલ અમારૂં જીવન તેા મર્યા જેવું, એક કહે છે કે આ પ્રમાણે કરેા, વળી બીજો કહે છે બીજું કરેા, આ ભક્ષ્ય છે આ અભક્ષ્ય છે, અહિંયા પ્રાયશ્ચિત્ત છે, તેની આલેાચના કરેા. વંદન અને વિનય કરેા. પ્રતિક્રમણ કરેા. તેથી બધીજ રીતે એક પણ ક્ષણ શાંતિ નથી તેથી અમારા કરતાં આ જંગલના ઉંદરેા ધન્ય છે. એ પ્રમાણે વિચાર કરતેા પેાતાને સ્થાને ગયેા. તેણે ગુરુ પાસે તેવા પ્રકારના નિયાણશલ્યની આલેાચના કરી નહિ. નિંદા કરી નહિ અને પ્રાયશ્ચિત્ત પણ કર્યું નહિ. દિવસેા ગયે છતે અકાલ મૃત્યુ પામી, તે નમસ્કાર મહામંત્રના પ્રભાવથી જ્યેાતિષી વિમાનમાં કાંઇક ઓછા પલ્યેાપમના આયુષ્યવાળેા દેવ પણે ઉત્પન્ન થયેા. ત્યાં દિવ્ય ભેાગેા ભેાગવી અનુક્રમે ત્યાંથી ચ્યવી ચંપાનગરીમાં દક્ષિણ દિશાના જંગલમાં જંગલી ઉંદરની સ્ત્રીની કુક્ષિમાં ઉંદર પણે ઉત્પન્ન થયેા અને ધીમે ધીમે યૌવનવય પામતેા થકેા અનેક ઉંદરની સુંદરીઓ સાથે ક્રીડા કરતેા, એક વખત બહાર ગયેલા તેને સમવસરણના ફુલેાની વૃષ્ટિની ગંધ આવી તેથી તે ગંધને અનુસરતેા તેવા પ્રકારના લઘુકર્મથી પ્રેરણા કરાયેલેા અહિં સમવસરણમાં આવી અમારા વચન સાંભળવા

લાગ્યો. જીવાદિ પદાર્થને સાંભળતા અને સાધુ લોકને જોતાં ઇહાપોહને કરે છે. આવુ વચન પહેલાં મેં સાંભળ્યું છે. અને આ મુનિવેષ પણ પૂર્વે અનુભવ્યો છે. એ પ્રમાણે વિચાર કરતો તેને તેવા પ્રકારના કર્મના ક્ષયોપશમ થવાથી જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પહેલાં હું સાધુ હતો, પછી જ્યોતીષીદેવ, પછી આ જંગલમાં ઉંદર થયો, એ પ્રમાણે સ્મરણ કરીને અહો! આ સંસાર કેવો અસાર છે. જેના વડે દેવ થઈને પણ તિર્યંચ જાતિમાં હું ઉત્પન્ન થયો. તેથી ભગવંતને હું વંદન કરૂં અને પૂછું કે કયા કારણથી મને ઉંદરપણું પ્રાપ્ત થયું? અહિંથી આગળ શું પ્રાપ્ત કરીશ?. એ પ્રમાણે વિચાર કરતો એ મારી પાસે આવ્યો અને બહુમાન પૂર્વક સ્તુતિ કરવા લાગ્યો–હે ભગવંત! ત્રણ ભુવનના નાથ! જેઓ તમારી આજ્ઞાને કયારે પણ ખંડન કરે છે તે મૂઢ જીવો અમારી માફક દીર્ઘકાલ દુર્ગતિઓમાં ભમે છે. તેથી હે ભગવંત! હું પણ આવી દશા પામ્યો, તેથી મારે શું કરવું જોઈએ? એ પ્રમાણે ભગવંતને પૂછે છે. તીર્થંકર ભગવંતે કહ્યું કે–હે મહાસત્વશાલી! તે કાલમાં તેં વિચાર કર્યો કે આ જંગલના ઉંદરો ધન્ય છે, તે નિયાણશલ્યના દોષથી દેવપણામાં પણ તેં જંગલી ઉંદરનું આયુષ્ય અને ગોત્ર બાંધ્યું. અહિં આગળ ગણધરભગવંતે પૂછયું હે ભગવંત! શું સમ્યગ્દૃષ્ટિ જીવો તિર્યંચઆયુ બાંધેછે? ભગવંતે કહ્યું કે–સમ્યગ્ દૃષ્ટિ જીવો તિર્યંચ આયુષ્ય ભોગવે છે ખરા, પણ બાંધતાં નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે સમ્યકત્વ પ્રાપ્ત થયે

છતે નરક અને તિર્યંચના દ્વાર બંધ થઇ જાય છે. વળી જો સમ્યકત્વથી પતિત ન થયો હોય અને પહેલા આયુષ્ય ન બાંધ્યું હોય તો સમ્યકત્વના પ્રભાવથી નરક તિર્યંચ ના દ્વાર બંધ થઈ જાય છે. એટલે તેમાં ઉત્પન્ન થતાં નથી. એણે દેવપણામાં સમ્યકત્વ વમી તિર્યંચાયુ બાંધ્યું છે. ઈન્દ્રે પુછયું, હે ભગવંત ! હવે કેવી રીતે આ સિદ્ધિપદને પામશે. ભગવંતે કહ્યું, અહિંથી આ વનમાં પોતાના સ્થાને જતો હૃદયમાં વિચાર કરશે કે આ સંસાર દુઃખે કરીને પાર પામી શકાય એવો છે. અને નિયાણશલ્ય પણ સારું નથી, આ ઉંદરયોનિ અધમ છે, જિનેશ્વરનો માર્ગ દુર્લભ છે, તેથી અહિં નવકાર સહિત મરીને જ્યાં સર્વ વિરતિ ચારિત્ર પામું, ત્યાં ઉત્પન્ન થઉં આ શ્રેષ્ઠ છે. એ પ્રમાણે વિચાર કરતો ખીલના એક ભાગમાં આહાર પાણીના ત્યાગરૂપ અનશન કરી, મારા વચનને વિચારતો અને નવકારમંત્રના ધ્યાનમાં તત્પર થશે. ત્યાં પણ અનુકૂળ ઉપસર્ગ વડે જંગલના ઉંદરની સુંદરીઓથી ક્ષોભ ન પામાતો તે અત્યંત દુઃખ આપનાર ભોગો વડે સર્યું. હે જીવ ! હવે તું આહાર પાણી ત્યાગ કરી સંસાર સમુદ્રને પાર પામ. એ પ્રમાણે વિચાર કરતો થકો તેના સામું જોતો નથી. હૃદયમાં જિનેશ્વરનું ધ્યાન ધરતો ત્રીજે દિવસે ક્ષુધાથી સુકાઈ ગયેલા શરીરવાળો મરીને મિથિલાનગરીમાં મિથિલાના રાજાની ચિત્રા નામની મહારાણીની કુક્ષિમાં ગર્ભપણે ઉત્પન્ન થશે. તે ગર્ભમાં આવે છતે તે દેવીને સર્વજીવો ઉપર મૈત્રી ભાવ થશે, તેથી જન્મપામેલા બાળકનું નામ

મિત્રકુમાર પાડશે. ત્યાં વધતો તે બાળક કુકડા અને માંકડા સાથે ક્રીડા કરશે. એ પ્રમાણે ક્રીડા કરતાં આઠ વર્ષ પુરા થશે. તે વખતે ચોમાસું આવ્યું ત્યારે મિત્રકુમાર નગર બહાર જશે. ત્યાં પક્ષી અને પશુઓના સમુદાયને બંધન વડે બાંધી તેની સાથે ક્રીડા કરશે. તે વખતે તે પ્રદેશમાં અવધિજ્ઞાની મુનિ નીકળશે. તેને રમતા જોઈ ને અવધિજ્ઞાનથી તે તારાચંદનું સાધુરૂપ વળી જ્યોતિષીદેવ અને જંગલનો ઉંદર અને ત્યાંથી અહિંયા ઉત્પન્ન થયેલો જોશે. અને તેને બોધ પમાડવા માટે આ પ્રમાણે કહેશે, 'હે બાલક ! તું પૂર્વે સાધુ, દેવ અને જંગલોનો ઉંદર હતો. તે શું તને યાદ આવતું નથી ? જે કારણથી પોતાની યોનિમાં વસવા-વડે ખુશ થયેલો તું જીવોને દુઃખ આપે છે. તે આ સાંભ-ળીને ઈહાપોહ કરતાં તેને જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થશે. અને જેમ હું તારચંદ સાધુ હતો, ત્યાંથી દેવ થયો, ત્યાંથી ચ્યવી જંગલનો ઉંદર થયો અને નવકારના પ્રભાવથી મરીને અહિં આવ્યો છું અને તે જાણી વિચાર કરશે. અરે !સંસારવાસને ધિક્કાર થાઓ !. આ જીવ નિંદાને પાત્ર છે, કારણ કે મોટા દુઃખોની પરંપરા ભોગવી મહાકષ્ટથી દુર્લભ જૈનધર્મ પામ્યો છતા પ્રમાદ કરાય છે. તેથી હવે બધી જ રીતે તે પ્રમાણે કરૂં કે જેથી આવા પ્રકારના દુઃખો ન પામું. અથવા આ મુનિ પાસે દીક્ષા લઈ તેવા તપ વિશેષો તથા તેવા અભિગ્રહ વિશેષો રૂપ મુનિચર્યાને સ્વીકારૂં એ પ્રમાણે ચિંતન કરતા તેને


અપૂર્વ કરણ અને ક્ષપક શ્રેણીથી માંડીને અનંત કેવલજ્ઞાન અને કેવલદર્શન ઉત્પન્ન થશે. એટલામાં તેનું આયુષ્યકર્મપણ ક્ષય પામશે. અને તે જ ક્ષણમાં અને તેટલા જ કાળમાં અંતગડકેવલી થશે, તેથી મેં કહ્યું આપણા સર્વમાં પણ આ પહેલો જ સિદ્ધિપદને પામશે. વળી દશ લાખ વર્ષનાં આયુષ્યવાળા અમારામાં પહેલા મોક્ષમાં કોણ જાય?, તેથી આ પહેલો મોક્ષમાં જશે. આ જંગલી ઉંદરનું આખ્યાન સાંભળીને બધા જ ઇન્દ્રો અને મનુષ્યોને મોટું કૌતુક ઉત્પન્ન થયું. ભક્તિ બહુમાનપૂર્વક ઇન્દ્રે તે ઉંદરને પોતાના હાથમાં સ્થાપન કરી કહ્યું. 'અમારા સર્વમાં પહેલાં જ તમે સિદ્ધિપદને પામશો.' તેમ જિનેશ્વર ભગવંતે કહેલું છે તેથી તમે જ જગતમાં કૃતાર્થ છો, તેમજ દેવોને પણ વંદન કરવા યોગ્ય છો. હે દેવો! આ જિનેશ્વરના માર્ગનો પ્રભાવ છે તે તમે જુઓ. જે કારણથી પુણ્યશાળી તિર્યંચો પણ અનંન્તરભવે સિધ્ધ થાય છે. એ પ્રમાણે શક્રેન્દ્ર વડે, બીજા બધા ઇન્દ્રો વડે, સેંકડો રાજાઓ વડે, રાજકુંવરની જેમ એક હાથમાંથી બીજા હાથમાં ગ્રહણ કરાતો પ્રશંસા કરાતો, અનુમોદના કરાતો, વંદન-પૂજન કરીને આ પ્રમાણે વખાણ કરાયો, 'હે ઉત્તમ આત્મા તમે ધન્ય છો. તમે પુન્યશાળી, કૃતાર્થ અને સુલક્ષણવાળા છો. અમારા સર્વોમાં પણ તમે સંપૂર્ણ મનોરથવાળા છો. જેથી તમે બીજા અનન્તર ભવમાં સિધ્ધિપદને પામશો. કારણ કે શ્રીજિનેશ્વર ભગવંતનું વચન અન્યથા થતું નથી.'

ઉપદેશ :–ઇન્દ્રથી પ્રશંસા કરાયેલા એવા જંગલના ઉંદરનું આ દૃષ્ટાંત જાણી તમે પણ તે પ્રમાણે ઉદ્યમ કરો કે જેથી જલ્દી સિદ્ધિપદને પામી ભવને પાર પામો.

મહાપુરૂષના દર્શન ઉપર જંગલના ઉંદરની અઠ્ઠાવનમી કથા સમાપ્ત.

—કુવલયમાલામાંથી

卐



ભાવિની અને કર્મરેખની કથા

૫૯

દેવેન્દ્રો, દાનવેન્દ્રો, નરેન્દ્રો અને મહાબલવાળા રાજાઓ પણ કર્મના પરિણામને અન્યથા કરવા શક્તિમાન થતાં નથી.

મનોરમા નામની નગરીમાં રિપુમર્દન નામનો રાજા હતો, તેને પુત્ર ન હતો, એક જ ભાવિની નામે પુત્રી હતી તેથી તે રાજાને પ્રાણ કરતા પણ અધિક પ્રિય હતી. માટે તે રાજા પહેલાં પુત્રીને સ્નાનપાન ભોજન વગેરે કરાવી પછી જ પોતે સ્નાન ભોજન કરે છે. તે કન્યા કલાચાર્ય પાસે કળાઓ શીખે છે. તે જ નગરમાં નિર્ધન ધનદત્ત શેઠ વસતો હતો. તેને સાત પુત્ર ઉપર કર્મરેખ નામનો આઠમો પુત્ર ઉત્પન્ન થયો તે સર્વથી નાનો હોવાથી પિતાને અત્યંત પ્રિય છે. આ પુત્ર પણ તે જ કલાચાર્ય પાસે ભણે છે. એક વખત બધી જ કળામાં અભ્યાસ કર્યા બાદ ભાવિનીએ કલાચાર્યને પૂછયું, હે પૂજ્ય ! મારો પતિ કોણ થશે ? એ સાંભળી તે નિમિત્તવેદી, પ્રશ્ન લગ્ન જોઈને કહે છે કે આ કર્મરેખ તારો સ્વામી થશે. તે ઉપાધ્યાયનું વચન સાભળી વજ્રથી હણાયેલી હોય તેમ મૂર્છાને પામી ક્ષણમાં ચેતના મેળવી તે વિચાર કરે છે. અરે આ નિર્ધન છોકરો મારો પતિ થશે, આનાથી તો મરણ શેઠ છે. પરંતુ જો આ કર્મરેખને મારી નંખાવું

તો તે મારો સ્વામી કેવી રીતે થશે ?, આ પ્રમાણે વિચારી તેની ઉપર કોપ કરતી તે પોતાને ઘેર ગઈ. આંસુથી ભીના થયેલા દેહવાળી સ્નાન, ભોજન, પાણીનો ત્યાગ કરી શય્યામાં બેસી કોઈની સાથે પણ બોલતી નથી. ભોજનના અવસરે 'ભાવિની' કયા ગઈ ? એ પ્રમાણે રાજાએ પૂછયું. તપાસ કરતાં કોપઘરમાં સુવાના સ્થાન ઉપર તેણીને બેઠેલી જોઇ. રાજાએ સ્નેહથી બોળામાં સ્થાપન કરી દુઃખનું કારણ પૂછયું, તે વખતે તેણીએ ઉપાધ્યાયે જણાવેલું સર્વ વૃતાંત કહી પોતાનો નિર્ણય પણ કહ્યો. એ સાંભળી રાજાએ મંત્રી સમક્ષ ભાવિનીનું સ્વરૂપ નિવેદન કરી અહિંયા મારે શું કરવું ? એ પ્રમાણે પૂછયું. મંત્રીઓએ કહ્યું હે મહારાજા ! અપરાધ વિના મનુષ્યનો વધ કરવો ઉચિત નથી. પણ કર્મરેખના પિતાને બોલાવી, ઇચ્છાથી અધિક તેને ધન આપી, કર્મરેખને ગ્રહણ કરો, પછી જે પ્રમાણે ઉચિત કરવું હોય તે પ્રમાણે કરજો આ પ્રમાણે કરવાથી તમારો અપજશ થશે નહીં. રાજા ધનદત્ત શેઠને બોલાવીને ઘણું ધન આપવા વડે કર્મરેખને માંગે છે. તે ધનદત્ત રાજાના વજ્રના ઘાત કરતાં પણ અતિ કઠોર વચન સાંભળી આંખમાંથી આંસુ પાડતો બોલે છે, હે દેવ ! મારો પુત્ર, મારી પત્ની, હું અને મારો સર્વપરિવાર પણ તમારો જ જાણવો તેથી તમારી ઇચ્છા પ્રમાણે કરો. રાજા પણ વ્યાઘ્રતટીના ન્યાયની જેમ સંકટમાં પડયો, પણ ઉપાય વગરનો તે કર્મરેખને બોલાવી વધને માટે ચંડાલોના હાથમાં સોંપે છે. તે ચંડાલો તેને પકડીને ગામની

બહાર ફાંસી પાસે લઈ ગયા. તે વખતે કર્મરેખના પુણ્યોદયથી દયાવાળા તે ચંડાળો વિચાર કરે છે કે બાલહત્યા મહાપાપનું કારણ છે. તેથી આ હત્યા ન કરવી જોઇએ, એ પ્રમાણે વિચાર કરી એના સ્થાનમાં એક મડદાને શૂલી ઉપર ચઢાવી, "અહીંયા કયારેય પણ તારે પાછું ન આવવું" એમ કહી તે કર્મરેખને છોડી મૂકયેા. તે કર્મરેખ પણ રાજાના અભિપ્રાયને જાણતો ત્યાંથી જલ્દી નીકળી ગયેા.

આ સમયે શ્રીપુરનગરમાં શ્રીદત્ત નામનો શેઠ વસે છે, તે શેઠને શ્રીમતી નામની કન્યા છે. એક વખત તેની કુલદેવી મધ્ય રાત્રિમાં આવી સ્વપ્નમાં શેઠને કહે છે, હે શેઠ! આ નગરની બહાર પ્રભાતમાં ઉત્તર દિશામાં આંબાના ઝાડ નીચે સૂતેલા બાળકની પાસે તારી ગાય ઉભી રહેશે, આ બાળકને તું પોતાની કન્યા આપજે.

હવે તે કર્મરેખ ગામથી ગામ ફરતો તે જ દિવસે તે જ નગરીની પાસે આવી આંબાના ઝાડ નીચે માર્ગના શ્રમની થાકેલેા, સૂઇ ગયેા. પ્રભાતકાળે તે શ્રીદત્ત શેઠ કુળદેવીએ આપેલા સ્વપ્નના અનુસારે નગરની બહાર આવ્યો. કર્મરેખને તેવા પ્રકારનો જોઈ પોતાને ઘેર લઇ જઇ તેને પોતાની કન્યા આપે છે. કરગ્રહણ કરવાના સમયે પોતાને પુત્ર નહિં હોવાથી તેને સર્વલક્ષ્મી પણ આપે છે. કર્મરેખ તે નગરમાં પોતાનું નામ છુપાવી રત્નચંદ્ર એવા નામથી, પ્રસિદ્ધિને પામ્યેા. યુવાનવયને પામેલેા તે રત્નચંદ્ર વેપાર કરવા માટે સસરાની આજ્ઞા મેળવી

વહાણુમાર્ગે જઈ અનેક દ્વીપોમાં વેપાર કરતો ઘણું જ ધન ભેગું કરીને તે પોતાના નગર તરફ આવવા નીકળ્યો. માર્ગમાં વહાણ ભાંગવાથી સમુદ્રની મધ્યમાં પડયો, તે વખતે તેનું દીર્ઘ આયુષ્ય હોવાથી, એક મગરમચ્છે તેને ગળ્યો. તે મગરમચ્છ તેનો ભાર વહન કરવામાં અસમર્થ થયેલો ધીમે ધીમે સમુદ્ર કિનારે આવ્યો. ત્યાં એક માછીમારે તેને ગ્રહણ કર્યો તેનું પેટ ચીરતા તેનાં મધ્ય ભાગમાંથી તેને નીકળેલો જોઈ તે માછીમાર તેને ગ્રહણ કરી પુણ્યના યોગથી ભૃગુપુરના રાજાને ભેટમાં આપે છે. તે રાજા પુત્ર વિનાનો હોવાથી તેને પુત્ર તરીકે સ્થાપન કરે છે. અને ક્રમે કરી કુંડણપુરના રાજાની દીકરી પરણાવે છે.

અહિંયા રિપુમર્દન રાજા યૌવન વયને પામેલી ભાવિની માટે સ્વયંવર મંડપ રચાવે છે. ત્યાં અનેક રાજાઓ, રાજકુમારો, મંત્રીઓ, મંત્રીઓના પુત્રો, શેઠ, શેઠના પુત્રો વગેરેને આમંત્રણ આપીને બોલાવે છે તે વખતે ભૃગુપુર રાજાનો રાજપુત્ર રત્નચંદ્રકુમાર પણ ચતુરંગી સેના સાથે ત્યાં આવી સ્વયંવર મંડપને શોભાવે છે. રાજપુત્રી ભાવિની બધા રાજાના સમુદાયને ઉલ્લંઘન કરી રોહિણી જેમ ચંદ્રને વરે તેમ રત્નચંદ્રને વરે છે. રિપુમર્દન રાજા તેઓના વિવાહ લગ્ન કરી, કરમોચન સમયે હાથી ઘોડા વગેરે ઘણું દ્રવ્ય આપે છે. પછી તે જવા માટે રજા આપે છે. તે રત્નચંદ્ર કુમાર ભાવિનીને ગ્રહણ કરી પોતાના નગરમાં આવ્યો. એ પ્રમાણે તે રત્ન-

ચંદ્ર કુમાર પૂર્વે કરેલા પુણ્યના પ્રભાવથી ભૃગુપુરનું રાજ્ય પ્રાપ્ત કરી અને તે ત્રણે સ્ત્રીઓ સાથે પાંચેઇન્દ્રિયોના વિષય સુખોને ભોગવતો સુખથી કાળ પસાર કરે છે. એક વખત તે રત્નચંદ્ર રાજા સુવર્ણની થાળીમાં ઘણા સ્વાદિષ્ટ અમૃતના જેવું સુંદર ભોજન જમે છે, તે વખતે પ્રબળ પવનના જોરથી ભોજનની થાળીમાં પડતી ધૂળથી રક્ષણ માટે પાસે બેઠેલી ભાવિની પોતાના વસ્ત્રના છેડાથી તેના ભોજનને ઢાંકે છે. તેને તેવા પ્રકારના કાર્ય કરતી જોઈ તે રત્નચંદ્રરાજા વિચાર કરવા લાગ્યો. અહો! એક વખત આ સ્ત્રીએ મને શૂળી પર ચઢાવવા આદેશ આપ્યો હતો અને આજે આ મને પ્રાણપ્રિય માની મારા શરીર ઉપર અને ભોજન ઉપર પડતી ધૂળને પણ સ્નેહમાં આતુર થયેલી તેણી નિવારણ કરવા માટે ઇચ્છે છે. અહો! આ આ કેવી અવસ્થાને પામી? આથી વિસ્મયથી તે હસ્યો. તે સમયે ભાવીની વિસ્મય પામેલા હસતા સ્વામીને જોઈ વિચાર કરે છે કે આવા પ્રકારનું વિસ્મયથી હસવું તે મારા જેવી સ્ત્રીઓને શોભે છે. પણ પુરૂષોને કારણ વિના હસવું ઘટતું નથી. આમાં કંઈક હેતુ રહસ્ય હોવું જોઇએ. એ પ્રમાણે વિચાર કરી ઘણા આગ્રહપૂર્વક પોતાના પ્રિયતમને હસવાનું કારણ પૂછ્યું. પ્રિયાના અત્યંત દુરાગ્રહના વશથી તે રાજા કહે છે હે સુંદરી! હે પ્રિયા! તું મને ઓળખે છે? તે કહે છે તમે મારા પ્રાણપ્રિય–સ્વામી છો હું તમારી પ્રાણપ્રિયા છું. રાજા કહે છે હે મૃગલોચના! હે પ્રિયતમા! તમે જે સંબંધ કહ્યો તે તો જગતમાં

પ્રસિદ્ધ જ છે પરંતુ આપણે બંનેને બીજો સંબંધ છે. જે તું જાણતી નથી તે હું તને કહું છું, તે તું સાંભળ. હે હરણ જેવી આંખોવાળી ! તે હું કર્મરેખ ધનદત્ત શેઠનો પુત્ર છું, તું ઉપાધ્યાયની પાસે મારી સાથે કલાઓનો અભ્યાસ કરતી ભાવિની રાજકન્યા છે. એ પ્રમાણે તેનું પૂર્વનું સર્વ રહસ્ય કહ્યું. અને તે સાંભળી તે ભાવિનીનું મુખ અત્યંત લજ્જાથી નમી પડ્યું. તેની લજ્જા દૂર કરવા માટે રાજા કહે છે કે હે પ્રિયે, ભાવિભાવો અન્યથા કરવા કોઈપણ સમર્થ નથી પૂર્વે બાંધેલા શુભ અને અશુભ કર્મોથી ઉત્પન્ન થયેલા સંયોગ અને વિયોગ જીવોને થાય છે. તેને વિપરીત કરવા માટે કોણ સમર્થ થાય ? શોક અને લજ્જાથી સર્યું—એ પ્રમાણે સ્વામીના વચનને સાંભળી લજ્જાનો ત્યાગ કરી પોતાના પિતાને સર્વ સમાચાર જણાવ્યા. કર્મની ગતિ ઘણી ગહન છે. એ પ્રમાણે વિચાર કરતી તેણી પોતાના સ્વામીની ભક્તિમાં તત્પર બની. પતિની સાથે મનુષ્યભવને ઉચિત વિષય સુખોને ભોગવતી, સુખથી કાળને પસાર કરે છે. એક વખત કર્મરેખ રાજા ઉદ્યાન-પાલકના મુખમાંથી ગુરૂદેવનું આગમન જાણી પ્રભાતમાં પોતાની સ્ત્રીઓ અને પરિવાર સહિત સર્વ ઋદ્ધિ સાથે ઉદ્યાનમાં જઈ ગુરુને વંદન કરી ઉપદેશ શ્રવણ કરે છે—ઇન્દ્રિ-યના વિષયો તરફ વૈરાગ્ય, કષાયોનો ત્યાગ, ગુણોમાં અનુરાગ અને ક્રિયાઓમાં અપ્રમાદભાવ આ ધર્મ લોકમાં મોક્ષસુખ આપનારો છે. એ પ્રમાણે ગુરૂદેવના મુખ કમળમાંથી દેશનારૂપ અમૃત રસને સાંભળી વૈરાગ્ય પામી તે વિચાર

કરે છે આ ભવમાં કર્મનું શુભ અને અશુભ ફળ પ્રત્યક્ષ જોયું અને અનુભવ્યું. તેથી કર્મના વિજય માટે પ્રયત્ન કરૂં. એ પ્રમાણે વિચાર કરી પુત્રને રાજ્ય આપી ગુરૂદેવ પાસે ભાવિની વગેરે સ્ત્રીઓ સાથે સંયમ ગ્રહણ કર્યું. તે રાજર્ષિ ઉગ્ર તપથી કઠિન કર્મોને ક્ષય કરી સ્વર્ગમાં ગયા. અને ક્રમે કરી તે સિધ્ધિપદને પામશે.

ઉપદેશ:—કર્મોના ફળોને બતાવનારી ભાવિની અને કર્મરેખની આ કથા સાંભળી હંમેશા કર્મોને જિતવાને માટે પ્રયત્ન કરો.

કર્મ પરિણામ ઉપર ભાવિની અને કર્મરેખની ઓગણ-સાંઠમી કથા સમાપ્ત.

—ઉપદેશ પ્રસાદમાંથી

卐



ત્રણ ભાઈઓની કથા

૬૦

બધા સુંદર કાર્યોમાં જીવોનું રક્ષણ સર્વશ્રેષ્ઠી છે. અહિં બોધ આપનારું ત્રણે ભાઇઓનું દૃષ્ટાંત જાણવું.

એક નગરમાં એક શ્રીમંત શેઠ વસે છે. તેને ત્રણ પુત્રો છે. એક વખત વૃદ્ધાવસ્થામાં તેણે પોતાના દ્રવ્યના ત્રણ ભાગ કરી પુત્રોને આપ્યા. તેની પાસે એક મહામૂલ્ય રત્ન હતું તેને પોતાના પુત્રોમાં કોણ ધાર્મિક છે? તે જાણવા માટે કહ્યું 'જે સારૂં કાર્ય કરશે તેને આ રત્ન આપીશ.' એ પ્રમાણે સાંભળી મોટા પુત્રે અડસઠ તીર્થની યાત્રા કરી, ત્યાં પોતાનું ધન વાપરીને ઘેર આવ્યો અને પિતાને કહ્યું, 'મેં આ સારૂં કાર્ય કર્યું.' બીજો મધ્યમ પુત્ર ઘરમાં રહીને દીન દુખિયાને અને બ્રાહ્મણોને ભોજન આપી તેણે પણ પિતાને કહ્યું, 'મેં આ સારૂં કાર્ય કર્યું.' નાનો પુત્ર સારૂં કાર્ય કયું? તેની તપાસ કરતો એક વખત નગરની બહાર ગયો. તે વખતે ત્યાં સરોવરમાં ડૂબતા માણસને જોઇને જલ્દી ત્યાં ગયો. પાણીમાં પડી તેને બહાર કાઢવા માટે પ્રયાસ કરેછે. આ કોણ છે એમ વિચાર કરી તે પુરુષને સારી રીતે જુએ છે. તેણે જાણ્યું કે આ મારો શત્રુ છે. એ પ્રમાણે જાણીને પણ ડૂબતા તેના રક્ષણ માટે વિચાર કર્યો અને કષ્ઠથી તેને પાણીની બહાર કાઢી તેને આશ્વાસન આપે છે. તે શત્રુ પણ જીવિત

દાનથી તેનો મિત્ર થયો. ઘેર આવી પિતા સમક્ષ કહ્યું, 'આજે મેં આવા પ્રકારનું સુંદર કાર્ય કર્યું, કે પાણીમાં ડૂબતા શત્રુને પણ પાણીમાંથી બહાર કાઢયો. પિતાએ તે સાંભળી ઘણી પ્રશંસા કરી, મહામૂલ્ય રત્ન તેને આપીને કહ્યું કે અપરાધી જીવો ઉપર કરુણાભાવ, મૃત્યુના મુખમાં પડેલાં જીવોનું રક્ષણ કરવું તે પરોપકાર તેમજ આ સુંદર કાર્ય છે. નાના પુત્રે પણ તે મહામૂલ્ય રત્ન વેચીને જે દ્રવ્ય પ્રાપ્ત થયું તેના ત્રણ ભાગ કરી બન્ને ભાઇઓને એક એક ભાગ આપ્યો. પિતા પણ તેની આવી પ્રવૃત્તિ જોઇને ઘણો સંતોષ પામ્યો.

ઉપદેશ :–જીવોને સુખ આપનાર નાનાભાઇનું વૃતાંત સાંભળી અપરાધી માણસો ઉપર પણ હંમેશા દયા કરવી જોઇએ.

શોભન કાર્ય ઉપર ત્રણ ભાઇઓની કથા સમાપ્ત.

—ગુર્જર કથામાંથી



ધનદત્તની કથા

ધનમાં લોભાંધ જીવો હિતાહિતને જોતા નથી અહિં પિતા-પુત્રનું દૃષ્ટાંત લોકોને આશ્ચર્ય કરનારું છે.

નાગપુર નગરમાં ધનદત્ત નામે શેઠ હતો. તેને ધનવતી નામે સ્ત્રી અને ધનદેવ નામે પુત્ર હતો. પૂર્વના પાપ કર્મના ઉદયથી તેઓ નિર્ધન હતા. તેથી તે પિતા પુત્ર વ્યાપાર અર્થે દેશાંતર જવા પોતાના નગરથી નીકળ્યા. ગામથી ગામ ભમતા એક વખત કનકપુર નગરમાં જવા માટે ઈચ્છતા જંગલમાં આવ્યા, ત્યાં જંગલમાં રાત્રિ થઈ તેથી તેઓ એક વડલાના ઝાડ નીચે રહ્યા. મધ્યરાત્રિમાં પુત્ર લઘુશંકા કરવા માટે ઉઠી દૂર જ્યાં પેશાબ કરવા બેઠો ત્યાં શ્વેતઆકડાના ઝાડને જોઇને તેણે વિચાર કર્યો કે વિદ્વાનો કહે છે કે 'શ્વેત આકડાના વૃક્ષ નીચે અવશ્ય નિધિ હોય છે.' તેથી તેણે તે વૃક્ષનું મૂળ ખોદ્યું ત્યાં નિધિ જોયો. તેની અંદર સોના મહોરો તથા કિરણોથી દીપતો રત્નમય એક દિવ્ય-હાર જોયો. તીવ્ર ધનની લાલસામાં મોહ પામેલા તેણે વિચાર કર્યો, જો પિતાને કહીશ તો સર્વધન તે ગ્રહણ કરશે, જેથી જ્યારે કોઈપણ ન જુએ ત્યારે તને ગ્રહણ કરીશ. એ પ્રમાણે વિચાર કરી નિધાન ઉપર ધૂળ નાખી તે સ્થાન સુવ્યવસ્થિત કર્યું. અહિં તેનો પિતા જ્યાં

સૂતો હતો તે એકદમ જાગ્યો અને પાસે પુત્રને ન જોતાં 'પુત્ર કયાં ગયો'? એ પ્રમાણે વિચાર કરી તેણે ચારે દિશામાં દૃષ્ટિ ફેરવી દૂરથી આવતા પુત્રને જોયો. તે વખતે કપટ નિદ્રા કરી સૂઈ ગયો. પુત્ર પણ આવી પિતા પાસે સૂઈ ગયો. ક્ષણ પછી તે નિદ્રાને આધીન થયો ત્યારે પિતા ઉંઘતા પુત્રને જોઈ, ઉઠી જે દિશામાંથી પુત્ર આવતો દેખાયો હતો તે દિશા તરફ જાયછે. આગળ જતાં તે શ્વેતઆકડાના વૃક્ષને જોઈ તે સ્થાનનું સારી રીતે નિરીક્ષણ કરે છે. તે વખતે નવી ધૂળથી ઢંકાયેલો તે પ્રદેશ જોઈ તેણે વિચાર કર્યો કે આ ભૂમિની અંદર કંઈ પણ હશે. તેથી તેણે ખોદ્યું અને નિધિને જોયો. કંઈપણ વિચાર કરી તે નિધિને બહાર કાઢી બીજા સ્થાનમાં સ્થાપન કર્યો. પછી આવી પુત્રની પાસે સૂઇ ગયો. પ્રભાતમાં જાગેલો પુત્ર નિધિના સ્થાનકે ગયો. નિધિ વગરનો તે પ્રદેશ જોઈ તેણે વિચાર્યું કે પિતાએ આ નિધિ ગ્રહણ કર્યો હોવો જોઇએ. તેથી પિતાની પાસે આવીને પૂછ્યું કે તમે નિધિ કયાં સ્થાપન કરેલો છે? તેણે કહ્યું, 'હું જાણતો નથી.' એ સાંભળી તેણે ફરી પણ ભય બતાવીને પૂછ્યું, તો પણ તેણે તે પ્રમાણેજ કહ્યું. ફરી પણ તેણે દંડનો પ્રહાર કરી પૂછ્યું તો પણ તે કંઈ બોલ્યો નહિ. તે વખતે અનાદિ કાળથી લાગેલ અત્યંત પરિગ્રહની સંજ્ઞામાં મૂર્છાવાળો અને તીવ્ર ધનની લોભાંધતાને લીધે તેણે દંડ વડે પિતાના મસ્તક ઉપર ગાઢતર પ્રહાર કર્યો. પિતા ઘણા રોષથી ભરેલો ગાઢવૈરાનુબંધવાળો મરણ

પામી તેજ નિધિ પ્રદેશમાં સર્પ થયો. તે ધનદેવ તે નિધિને પ્રાપ્ત કર્યા સીવાય ઘેર ગયો. માતાએ પૂછયું, તારા પિતા કયાં ગયા? તેણે કહ્યું વ્યાપાર માટે દૂર દેશમાં ગયા. હું પાછો આવ્યો છું. એ પ્રમાણે કહી તે કેટલા દિવસો સુધી ઘરમાં રહ્યો. ફરી એક વખત તે નિધિને જોવા માટે તે પ્રદેશમાં ગયો. ત્યાં તેણે પિતાનો જીવ જે સર્પ રૂપે ઉત્પન્ન થયેલો છે તેને જોયો, ફરી પણ નિધિમાં મોહ પામેલા તેણે તે સર્પને પણ મારી નાખ્યો, તે મરીને તે જ સ્થાનમાં નોળિયા પણે ઉત્પન્ન થયો. તે ધનદેવ ત્યાં નિધિને ન જોવાથી ફરી પાછો ફર્યો. કેટલાક કાળે ફરીથી પણ ત્યાં ગયો. તે વખતે તે નોળિયો પૂર્વભવના અભ્યાસથી તે નિધિમાં આસક્ત થઈ ત્યાં રહેતો, એક વખત નિધિ ઉપર રહેલો તે દિવ્ય હારને મુખ વડે ગ્રહણ કરી બહાર નિકળ્યો. ધનદેવે તેને જોયો. ફરી પણ લાઠી વડે તેને હણી તે નિધિ પ્રદેશને ખોદી ધનદેવે તે નિધિને ગ્રહણ કર્યો. હવે તે ત્રણ હત્યા કરનારો, કાર્ય અને અકાર્યને ભૂલેલો, નિધિમાં મોહ પામેલો, તેને ગ્રહણ કરી ભમતો ક્રમે કરી કનકપુર નગરનાં ઉદ્યાનમાં આવ્યો. ત્યાં ભવ્ય જીવોને ઉપદેશ આપવામાં તત્પર ત્રણ જ્ઞાનવાળા શ્રી મુનિચંદ્રસૂરીશ્વરને જુવે છે. જોતાંની સાથે આચાર્ય મહારાજના પ્રભાવથી તેનું વેર શાંત થયું. તેથી તે ધનદેવ તે મુનિના ચરણ કમળમાં નમસ્કાર કરે છે. તે સૂરીશ્વરે ધર્મલાભ આપી, અવધિજ્ઞાન વડે તેનું સ્વરૂપ જોઈ પ્રતિબોધને માટે ઉપદેશ આપ્યો કે 'અર્થ હંમેશા

અનર્થ કરનારૂં હોય છે. એ પ્રમાણે તમે વિચાર કરો, તેમાં સુખનો અંશ પણ નથી તે સાચું જ છે. કેમકે પુત્રોથી પણ ધનવાનોને ભય હોય છે. બધે ઠેકાણે આ પ્રમાણે રીતિ રહેલી છે.' એ પ્રમાણે ઉપદેશ આપી કહ્યું કે હે ભદ્ર! ધનના લોભથી તેં ત્રણ હત્યા કરી મોટું પાપ એકઠું કર્યું છે. આ સાંભળી પશ્ચાતાપ કરતાં વૈરાગ્ય મનવાળા તેણે પોતાના પાપકર્મના વિનાશ માટે કારણ પૂછ્યું, હે ભગવંત! કેવી રીતે હું આ પાપકર્મથી મુક્ત થઇશ? તે વખતે મુનિ સર્વ પાપ કર્મરૂપી કાદવને બાળવા માટે સમર્થ એવા સર્વવિરતિધર્મનો ઉપદેશ આપે છે તેથી તે ચારિત્રના પરિણામવાળો તે હાર વિના સર્વધન સાત ક્ષેત્રમાં વાપરી અને હારને તે જ નગરના કનકચંદ્ર રાજાને આપ્યો. ત્યાર પછી જિનેશ્વરની પ્રતિમાઓ પૂજી દીન દુઃખી અને અનાથ વગેરેને દાન આપી તે જ મુનિ પાસે દીક્ષા લીધી. તે કનકચંદ્ર રાજા તે હારને પોતાની કનકવતી પટરાણીને આપે છે. તે ધનદેવ મુનિ સૂત્રાર્થ ગ્રહણ કરવા અને તેમાં કહેલાં અનુષ્ઠાનો કરવાં રૂપ ગ્રહણ અને આસેવન શિક્ષાનો અભ્યાસ કરતા ઘોર તપશ્ચર્યા વડે કિલષ્ટકર્મને ખપાવતા આચાર્ય મહારાજ સાથે ગામાનુગામ વિહાર કરતાં ક્રમે કરીને ગીતાર્થ થયાં. એક વખત ગુરૂની આજ્ઞા લઇને તે જ નગરના ઉદ્યાનમાં આવી એકાકી પ્રતિમાને સ્વીકારી કાઉસગ્ગ ધ્યાને સ્થિર રહ્યા.

આ બાજુ તેના પિતાનો જીવ નોળિયાના ભવમાંથી મરી સમડીપણે ઉત્પન્ન થાય છે. એક વખત આહાર માટે આમતેમ ભમતી તે સમડીએ મુનિવરને જોયાં. પૂર્વભવના અભ્યાસથી મુનિવર ઉપર રોષ કરતી, તેને હણવા માટે ઉપાયને શોધતી તે સમડી રાજાના મહેલમાં આવી, તે વખતે રાજાની રાણી તે હારને કાઢી સ્નાન કરે છે. તે સમયે તે સમડીએ તે હારને ચાંચમાં ગ્રહણ કરીને મુનિના કંઠમાં મૂક્યો, પણ કર્મના શુભાશુભ ફળને જાણનારા તે મુનિ સમભાવ વડે સ્થિર રહ્યા. અહિં સ્નાન કર્યા પછી રાજાની રાણી હારને નહી જોતાં બૂમ પાડે છે. રાજપુરૂષો ત્યાં આવી બૂમ પાડવાનું કારણ જાણી હારને શોધે છે. રાજાને પણ કહે છે. રાજાએ હાર શોધવા માટે ચારે બાજુ સુભટો મોકલ્યાં. તેમાંના કેટલાક સુભટો ઉદ્યાનમાં આવ્યા. તે વખતે મુનિના કંઠમાં હાર જોઈ મુનિને પૂછે છે. જવાબ નહિ આપતાં મુનિને તે સુભટો ચોર માની વિવિધ પ્રકારે તાડના કરે છે. સમભાવમાં રહેલા તે મુનિવર પોતાના કર્મફળને જાણતા સમભાવથી સર્વ ઉપસર્ગ સહન કરે છે. અને અધ્યવસાયની વિશુદ્ધિથી તે મુનિને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. તે વખતે ઉદ્યાનમાં રહેનારી અને મુનિના ગુણોના રાગવાળી દેવીએ સર્વ સુભટોને થંભાવી દીધાં. આ સમાચાર સાંભળી રાજા જલદી તે ઉદ્યાનમાં આવ્યો. આ મહાત્માનો આવો પ્રભાવ જાણી મુનિવરના ચરણકમળમાં નમી પોતાના અપરાધને ખમાવે છે. તે વખતે મુનિએ કહ્યું તમારો આમાં દોષ

નથી, પરંતુ મારા પહેલાના બાંધેલાં કર્મના આ ફળો છે. એમ સાંભળીને રાજા પૂછે છે હે મુનિવર ! તમારા કંઠમાં આ હાર કેવી રીતે આવ્યો ? તે વખતે તે મુનિએ ઝાડ ઉપર બેઠેલી સમડીને બતાવી સર્વ વૃતાંત કહે છે. આ સમડી પૂર્વના ચોથા ભવમાં મારા પિતા હતા. ધનના મોહથી મારા વડે હણાએલો પિતા સર્પ થયો. તે વખતે દ્રવ્યમાં મોહ પામેલો નિધાન ઉપર રહેલો છે. એક વખત નિધિને જોવા માટે ત્યાં ગયેલા મેં તેને હણ્યો અને તે મરણ પામી ત્યાંજ તે પ્રદેશમાં નોળીયા પણે ઉત્પન્ન થયો. ત્યાં પણ ફરી મેં એને હણ્યો. આ નોળીયો મરીને અહિં સમડીપણે ઉત્પન્ન થયો. એક વખત ભમતી તે સમડી પ્રતિમા ધારણ કરી અહિંયા રહેલ મને જુવે છે અને તીવ્ર રોષવાળી તે મને હણવા માટે વિચારતી તારી પટ્ટરાણીનો હાર ગ્રહણ કરીને મારા કંઠમાં મૂક્યો. હારને શોધતા તમારા સુભટોએ મારા કંઠમાં હાર જોયો તેઓથી કરાએલા ઉપસર્ગને સમભાવથી સહન કરતાં, મને અવધિ-જ્ઞાન ઉત્પન્ન થયું. તેથી તમારા ઉદ્યાનમાં રહેનારી મારા ગુણોના રાગવાળી દેવીએ આ સુભટોને થંભાવી દીધા. આ વૃતાંત સાંભળી કનકચંદ્ર રાજા તે મુનિવરને વારંવાર ખમાવે છે. ઉદ્યાનદેવીથી મૂકાયેલા સુભટો પણ મુનિને નમસ્કાર કરે છે. તે સમડી મુનિવરના મુખમાંથી પોતાનું વૃતાંત સાંભળી ઉત્પન્ન થયેલા જાતિસ્મરણ જ્ઞાનથી પોતાના પૂર્વભવને જાણી પશ્ચાતાપ કરતી પોતાના અપરાધને ખમાવવા માટે મુનિ પાસે આવે છે. અને

આંખમાંથી આંસુ પાડતી તે મુનિને નમસ્કાર કરી પોતાના અપરાધને ખમાવે છે. તે ધનદેવમુનિ ધર્મઉપદેશ દેવા વડે તેને પ્રતિબોધ પમાડે છે. પ્રતિબોધ પામેલી તે સમડી પોતાના દુષ્કૃતને નિંદતી આંહાર પાણીનો ત્યાગ કરી અનશન વડે મરણ પામી દેવલોકમાં ઉત્પન્ન થઇ. ઉદ્યાનવાસી દેવી પણ સમ્યક્ દર્શન પામે છે. કનકચંદ્ર રાજા પણ સમ્યક્ત્વ સહિત દેશવિરતિ વ્રતને અંગીકાર કરે છે. તે સુભટો પણ પ્રતિબોધ પામ્યા. ત્યાર પછી તે ધનદેવ મુનિ ત્યાંથી વિહાર કરી અનેક ભવ્યજીવોને પ્રતિબોધી પોતાના આયુષ્યને અંતે અનશન વડે દેહનો ત્યાગ કરી સ્વર્ગમાં ગયા, ત્યાંથી ક્રમે સિદ્ધિપદને પામશે.

ઉપદેશ :- હે ભવ્ય જીવ ! ધન અનેક દુઃખોનું કારણ જાણી ભવ સાગરમાંથી તરવા હંમેશા સર્વ ઠેકાણે સંતોષને ધારણ કર.

ધન અનર્થ કરનાર છે એ ઉપર ધનદત્તની એકસઠમી કથા સમાપ્ત.

—ગુર્જર કથામાંથી



બ્રાહ્મણ કુટુંબની કથા

૬૨

જેઓ દુર્ભાગ્ય દોષથી દોષિત થયેલા છે, તેઓ ઈચ્છિત લાભને મેળવતા નથી, તે ઉપર અહિંયા માતા-પિતા અને પુત્રનું આ સુંદર દ્રષ્ટાંત છે.

એક નગરમાં શિવદાસ નામે બ્રાહ્મણ હતો તેની સ્ત્રી શિવદાસી અને પુત્ર શિવદત્ત નામે છે. પરંતુ તે ત્રણે જણા દારિદ્ર દુઃખથી પીડાયેલા ભિક્ષા માટે નગરમાં ભમે છે, છતાં પણ દુર્ભાગ્યના દોષથી કંઈપણ મેળવતા નથી. પહેરવાના વસ્ત્રો તો દૂર રહ્યા, પરંતુ પેટનું પુરૂં પણ થતું નથી. દુઃખથી દિવસો પસાર કરે છે. દુર્ભાગ્ય દોષથી લોકો પણ તેની સામે જોતા નથી અને દયા પણ બતાવતા નથી અને ઘરના આંગણામાં આવેલા તેઓને કૂતરાની માફક કાઢી મુકે છે. પગલે પગલે આક્રોશ વચનો વડે અપમાન કરે છે. એ પ્રમાણે બધે ઠેકાણે અપમાનને પામતા અને ત્યાં જીવવા માટે અશક્તિમાન તેઓ તે નગરથી જવા માટે ઈચ્છે છે. એક વખત તે શિવદાસ સ્ત્રી અને પુત્ર સાથે પોતાના નગરમાંથી નીકળ્યો. ક્રમે કરી ભમતો તે જંગલમાં આવ્યો, ત્યાં આંબા લીંમડા તાડ અને તમાલ વગેરે વિવિધ વૃક્ષોના સમૂહથી શોભિત અને પાસે રહેલી નદીથી સુંદર ઉદ્યાન જુએ છે. તેની મધ્યમમાં એક શિવાલય જોઈને આ પ્રમાણે વિચાર કરે છે. આ સ્થાન રમણીય છે વૃક્ષ સમુદાય પણ ઘણા કુલના

ભારથી ભરેલા અતિ સુંદર છે, અહિં પ્રભાવશાળી શિવદેવની મૂર્તિ દેખાય છે, તેથી દારિદ્રાવસ્થામાં અહિંયા રહેવું યોગ્ય છે અને બીજું આ શિવદેવની આરાધના વડે કયારેક પણ દારિદ્રનું દુઃખ નાશ પામશે. તેથી તે ત્રણે જણ ત્યાં રહ્યાં અને શિવદેવની આગળ તપ કરવા લાગ્યા. એક વખત એક અંધ વાણિયો આમ તેમ લાકડીના આધાર વડે ભમતો ત્યાં આવ્યો. તેની સમક્ષ પોતાનું દુઃખ પ્રગટ કરી તે પણ ત્યાં શિવના મંદિરમાં શિવદેવની આરાધનામાં આસક્ત થયો, એમ એ ચારે જણા તપને કરવા લાગ્યા. કેટલાક દિવસો બાદ તે ચારે ઉપર શિવદેવ પ્રસન્ન થયા અને ઇચ્છિત વરદાન માંગવા કહ્યું, તે વખતે ત્રણે જણા વિચાર કરે છે શું માંગવું જોઇએ? શું રાજ્ય માંગું? પણ અલ્પ આયુષ્યવાળાને રાજ્ય વડે શું? જો ધન માંગું તો તેને પણ કોઇ હરણ કરી જાય તેથી તેના વડે શું? જો લાંબુ આયુષ્ય માંગું તો નિર્ધન અવસ્થા વડે તેનાથી શું? એ પ્રમાણે વિચાર કરી તેઓ કહે છે કે હિતાહિતનો વિચાર કરીને યોગ્ય સમયે માંગીશું. હમણાં વરદાન તમારી પાસે રાખો એ પ્રમાણે પોતાના દુર્ભાગ્ય દોષથી તે ત્રણે જણા ઉપર શિવદેવ પ્રસન્ન થયા છતાં કાંઈ પણ માંગી શકયા નહિ. તે અંધવાણિયો વિચાર કરે છે. દેવ પ્રસન્ન થયે કોણ પ્રમાદ કરે? આ પ્રમાણે વિચાર કરીને નિર્મળ બુદ્ધિવાળો તે એક વાકય વડે આ પ્રમાણે માંગે છે 'સુવર્ણ કળશીમાં છાશ વલોવતી ભવ્ય પ્રસાદના વચલા માળમાં રહેનારી મારી વચલી પુત્ર વહુને બે

આંખો વડે હું જોઉ.' તેની બુદ્ધિથી પ્રસન્ન થઇ શિવદેવે કહ્યું કે તે પ્રમાણે થાય. એ પ્રમાણે કહીને તે દેવ અદૃશ્ય થયા. આ વાણિયાએ એક જ વાક્યથી ત્રણ પુત્રો, ત્રણ પુત્રવધૂઓ, પોતાની સ્ત્રી, સુવર્ણ કળશો વડે સમૃદ્ધિ, ત્રણ માળનો પ્રસાદ, ગોધન માંગ્યું. અને પુત્રની વહુને જોવા પોતાની આંખો માંગી પણ બ્રાહ્મણ વગેરે ત્રણે જણા દુર્ભાગ્યના દોષથી ત્રણ વરદાનમાંથી એક પણ વરદાન માંગી શકયા નહિ. વરદાન પામેલો તે વાણિયો નિર્મળ નેત્રોને મેળવી પોતાના નગરમાં આવી વ્યાપાર કરવા લાગ્યો ત્યાં થોડું ધન મેળવી બીજા દ્વિપમાં જવા માટે કરીયાણા વગેરે વહાણમાં ભરી સમુદ્રમાં વ્યાપાર માટે નીકળ્યો. અનેક દ્વિપોમાં ક્રય-વિક્રય કરતો એક વખત સાગરના મધ્ય ભાગમાં રહેલા. શૂન્યદ્વિપમાં આવ્યો ત્યાં એક પીઠિકા ઉપર પથ્થરથી બનાવેલા યંત્રવાળા ઘોડેસ્વારને જુએ છે, તે ઘોડેસ્વાર જમણો હાથ હલાવવા વડે ત્યાં આવતા માણસોને રોકે છે. તેથી આ દ્વિપમાં મરણના ભયથી કોઈપણ આવતા નથી. તે વણિક શિવદેવના વરદાન વડે નિર્ભય બનેલો ત્યાં આવ્યો અને ઘોડેસ્વારને જુવે છે, તેની નીચે આ પ્રમાણે લખ્યું હતું, "જે મસ્તક કાપે તે ધન મેળવે" આ વાંચીને આથી આ પ્રમાણે તેણે નિશ્ચય કર્યો, આ ઘોડેસ્વાર હાથ હલાવવા વડે આવતા લોકોને રોકે છે. પણ 'જે માથું કાપે તે ધન મેળવે' આનાથી જણાય છે કે આ યંત્રવાળો ઘોડેસ્વાર છે, એની નીચે પોલાણ હોવું જોઈએ, જેથી આ યંત્રના પ્રયોગથી હાથ હલાવે છે. માથું છેદવું

એ અક્ષરની પંક્તિ ઉપરથી જણાય છે કે આજ ઘોડેસ્વારનું માથું કાપવું જોઈએ, અન્યથા અહિં આવેલો માણસ પોતાનું માથું કાપવાથી કેવી રીતે ધન મેળવે? આ પ્રમાણે વિચાર કરી તે તલવારથી ઘોડેસ્વારનું મસ્તક કાપે છે. તેથી તે પથ્થરમય ઘોડો બસી ગયો અને ત્યાં ભોયરૂં જોઇ અંદર પ્રવેશ કર્યો. ત્યાં તેણે કરોડોનું ધન જોયું અને વિચાર્યું, શિવદેવના પ્રભાવ વડે મને આ મળ્યું છે. પછી બધું ધન વહાણમાં ચડાવી 'વ્યાપાર વડે સર્યું' એ પ્રમાણે વિચારી પોતાના નગરમાં આવ્યો, એ પ્રમાણે તે વાણિયો શિવદેવના વરદાન વડે મહા સમૃદ્ધિવાળો અને નગરમાં લોકોને માનનીય થયો. પછી કોઇ ધનિકની કન્યા પણ તે પરણ્યો, ક્રમે તેને ત્રણ પુત્રો ઉત્પન્ન થયા, તેના ઘરમાં પુત્રની વહુઓ પણ આવી, તેથી રહેવા માટે તેને ત્રણ માળથી ભૂષિત પ્રાસાદ બંધાવ્યો. ઘણું ગોધન પણ ભેગું કર્યું એ પ્રમાણે તે શિવદેવના આપેલા વરદાનથી ત્રણ માળવાળા પ્રાસાદના બીજી માળે મધ્યભાગમાં સુવર્ણકળશમાં છાશને કરતી વચલા પુત્રની વહુને જોઇને પોતાની બુદ્ધિના પ્રભાવથી પ્રાર્થના કરાએલા શિવદેવની કૃપા વડે આ સર્વ મળ્યું છે, એ પ્રમાણે પોતાની બુદ્ધિને વખાણે છે. આમ તે વાણિયો શિવદેવની કૃપાથી સુખી થયો. એક વખત તે વિચાર કરે છે કે એક વરદાનથી મને આવા પ્રકારનું બધું સુખ મળ્યું તો તે બ્રાહ્મણને ત્રણ વરદાન વડે કેટલું સુખ પ્રાપ્ત થયું હશે? તેનું સ્વરૂપ જોવા માટે ઘણા શ્રીમંત બ્રાહ્મણોને બોલાવ્યા અને તે

બધાનું ભોજન અને વસ્ત્ર વડે સત્કાર અને સન્માન કરે છે, તો પણ તેઓ તેમાં ન દેખાયા, તેથી બીજા નગરમાં બ્રાહ્મણ મિત્રની તપાસ કરવા માટે પોતાના પુરુષો પણ મોકલ્યા તો પણ તે મળ્યા નહિ. હવે અહિંયા તે બ્રાહ્મણ તેની સ્ત્રી અને પુત્ર શિવદેવનું વરદાન મેળવી શું માંગવું જોઈએ પ્રમાણે વિચાર કરતા દુર્ભાગ્ય વડે કંઈપણ ઈષ્ટ ન જોતાં ત્યાંથી નીકળીને ભિક્ષા વૃત્તિથી આજીવિકા કરતા ગામથી ગામ ભમે છે. છ માસને અંતે તેઓ એક નગરમાં આવ્યા ત્યાં એક વડલાની નીચે નિવાસ કર્યો બ્રાહ્મણ અને તેનો પુત્ર ભિક્ષા માટે નગરમાં ગયા, તે વખતે ગામમાં મહોત્સવનો પ્રસંગ હતો. તેથી સર્વ સ્ત્રીઓ સર્વ અંગે શણગાર સજી ગીત ગાનને કરતી મહોત્સવના સુખને અનુભવતી વિચરે છે. તે બ્રાહ્મણી તે સર્વ સ્ત્રીઓને શણગારથી સજ્જિત જોઈ, તેણીને પણ વસ્ત્ર આભૂષણોથી ભૂષિત સુંદર રૂપ યુકત યુવાન સુંદરી થવાની ઈચ્છા થઈ, મનની દુર્બળતા વડે પોતાના પતિના સ્નેહને ભૂલી જઈ તેણીએ શિવદેવની પ્રાર્થના કરી 'હે શિવ! પહેલા આપેલા તમારા વરદાન વડે હું વસ્ત્ર અને અલંકારથી શોભિત અંગવાળી સોળ વર્ષની સુંદરી બનું' તે જ ક્ષણે તે શિવદેવે માગ્યા પ્રમાણે સર્વ યુવતિઓના સમુદાયમાં પણ સુંદર અંગવાળી મનોહર કન્યા બનાવી. તે વખતે તે નગરનો રાજા અંતઃપુર સહિત નગરની શોભા જોવા માટે નીકળ્યો હતો તે ત્યાં આવ્યો, તે સુંદરીને જોઈ તેના રૂપમાં અત્યંત આસકત થયો, તેણી પણ તેને જોઈને પોતાના રૂપને આ યોગ્ય છે એ પ્રમાણે

વિચારી તેમાં સ્નેહવાળી થઈ, તેણીએ વિચાર્યું કે આ રાજાની પટરાણી થાઉં તો સારૂં અને તેઓની દૃષ્ટિ પરસ્પર મળી, કામથી પરવશ થયેલો રાજા તેને કહે છે જો તું મને ચાહતી હો તો મારી સાથે આવ. તેણી પણ રાજાના રૂપમાં મોહ પામી તેની સાથે ચાલવા લાગી. રાજા તેને અંતઃપુરમાં લઈ જઈ પટ્ટરાણી પદે સ્થાપે છે. અહિં બ્રાહ્મણ અને તેનો પુત્ર વડલાના વૃક્ષની નીચે આવ્યા. ત્યાં બ્રાહ્મણીને નહીં જોતાં પાસે રહેલા લોકોને પૂછે છે. તેઓ કહે છે અહિં વડલાની વૃક્ષ નીચે રહેલી સ્ત્રી જે ભીખારણ સરખી હતી તે અકસ્માત દિવ્ય રૂપ વાળી થઈ અને તે અહિં આવેલા રાજાની સાથે ગઈ. તેથી બ્રાહ્મણે વિચાર્યું કે જરૂર તે શિવદેવે આપેલા વરદાનના પ્રભાવતી તેણી આવા પ્રકારની થઇ લાગે છે. તેથી ક્રોધ પામેલો બ્રાહ્મણ સ્નાન કરી શિવદેવને પ્રાર્થના કરી કે 'હે શિવદેવ! મારી સ્ત્રી શીલથી ભ્રષ્ટ થઇ તે હવે તેણી તમે આપેલા વરદાન વડે બકરી થઈ જાય.' આ પ્રમાણે બ્રાહ્મણની પ્રાર્થનાથી તરત જ તે અંતપુરમાં રહેલી બ્રાહ્મણી બકરી થઈ ગઈ. રાજા તેને બકરી રૂપે જોઈ ભયથી ત્રાસ પામી પોતાના સુભટોને કહે છે 'આ ખરેખર આ ડાકણ છે.' મારા પ્રાણનો નાશ કરવા માટે આવેલી હોવી જોઇએ. તેથી હમણાં તેને તેણીના સ્થાનમાં લઈ જાઓ. આ શાકિની અથવા પિશાચીની કોઇ પણ હોવી જોઈએ, તેને ત્રાસ ન પમાડો. તેથી રાજસુભટો તેને લઈ વડલાના વૃક્ષ નીચે મૂકી પાછા આવ્યા. તે બ્રાહ્મણ અને તેનો પુત્ર તે બકરીને

ઓળખે છે, તે પણ ખિન્ન હૃદયવાળી ભૂલનો પશ્ચાત્તાપ કરતી પતિ અને પુત્રને જુએ છે. બ્રાહ્મણે વિચાર કર્યો કે આ શિવદેવ પાસેથી વરદાન માંગી સુંદરી થઈને રાજાના ઘરમાં ગઈ, તેથી હવે તે બકરી રૂપે હંમેશા રહે, એ આ દંડને જ યોગ્ય છે. એ પ્રમાણે નિર્ણય કરી તેને લઈ પુત્ર સહિત બ્રાહ્મણ તે નગરમાંથી નીકળ્યો, પણ તિર્યંચપણા વડે દુખી થયેલી, મનુષ્ય પણાને ઇચ્છતી દીનતા ભરેલી દૃષ્ટિથી સ્વામી અને પુત્રને જોતી પોતાના આત્માને ધિક્કારતી તે આગળ ચાલે છે. તે બ્રાહ્મણ માર્ગના પરિશ્રમ વડે ગ્લાન પામેલી ધીમેધીમે ચાલતી તેણીને દંડવડે તાડના કરતો કષ્ટથી ચલાવે છે. એક વખત વનમાં હિંસક પ્રાણીઓ વડે ત્રાસ પામતી તેણીને જોઈને કેવી રીતે તેનું રક્ષણ કરૂં ? એ પ્રમાણે વિચાર કરતો કંઈક કરૂણાવાળો થયેલો તે બ્રાહ્મણ પોતાના પુત્રને કહે છે, 'હે પુત્ર ! આ બકરી તારી માતા છે તેણે મોટો અપરાધ કર્યો છે તો પણ તેણી દયાને પાત્ર છે. તેથી તું શિવદેવે આપેલું વરદાન માંગી ફરી મનુષ્ય રૂપને પમાડ. વિનયવાળો પુત્ર માતા ઉપર ભક્તિના ભાવથી ભરેલો તે જલદી સ્નાન કરી શિવદેવને મનમાં સ્મરણ કરી પ્રાર્થના કરે છે હે શિવદેવ ! મારી માતા પહેલા જેવી હતી તેવી થાય' તેથી શિવદેવે પહેલાની જેમ તે બકરીને મનુષ્યપણું પ્રાપ્ત કરાવ્યું, પોતાનું સ્વરૂપ મેળવી તે બ્રાહ્મણી પોતાના અપરાધને પતિ આગળ ખમાવે છે. આ પ્રમાણે શિવદેવે આપેલા ત્રણે વરદાન નિષ્ફળ ગુમાવી બ્રાહ્મણ વિગેરે તેઓ ત્રણે પણ

પોતાના દુર્ભાગ્ય દોષને નિંદે છે માર્ગમાં જતા બ્રાહ્મણ વિચાર કરે છે–મારા મિત્ર વાણિયાને શિવદેવના વરદાન વડે કેવા પ્રકારની સ્થિતિ થઇ હશે? જો તે સુખી થયો હશે તો મને સહાય કરશે. એ પ્રમાણે વિચાર કરી મિત્રના ગામ તરફ જાય છે. ક્રમે કરી તેઓ મિત્રના ગામમાં આવ્યા. મિત્રની સર્વ સમૃદ્ધિને જોઇ વિચાર કરે છે આ મિત્રે એક વરદાનથી આંખો સહિત સર્વ આવા પ્રકારનું ઐશ્વર્ય પ્રાપ્ત કર્યું. તેથી મનમાં તેની પ્રશંસા કરે છે. તેમ જ અમે ત્રણ વરદાન પ્રાપ્ત કર્યા છતાં પણ દુર્ભાગી રહ્યા તેમ પોતાના આત્માને નિંદે છે તે વાણિયો મિત્રના ઉપકારને યાદ કરતો તેને તથા બ્રાહ્મણી અને બ્રાહ્મણના પુત્રને વસ્ત્ર, આહાર અને ધન વડે બહુ સત્કાર સન્માન કરી કહ્યું કે મેં શિવદેવ પાસે જેવા પ્રકારનુ માંગ્યું, તેવા પ્રકારનું સુખ મને મળ્યું. તે આ પ્રમાણે–શિવદેવની કૃપા વડે સ્ત્રી અને ત્રણ પુત્રો, ત્રણ માળથી ભૂષિત પ્રાસાદ, પુત્ર વધૂઓ, ગાયો અને આંખો પણ મળી. એ પ્રમાણે સાંભળીને બ્રાહ્મણ ઘણા ખિન્ન મનવાળો પણ વાણિયાની કૃપા વડે કાંઈક સુખી થયો. દુર્ભાગ્ય દોષથી દુઃખી માણસોને દુઃખ જ હોય છે.

ઉપદેશ :— શિવદેવની કૃપાને મેળવનાર નિર્ધન બ્રાહ્મણ વગેરે દુર્ભાગ્ય કર્મના દોષથી જેવા હતા તેવા થયા, તેથી તમે પણ પુણ્ય ઉપાર્જનમાં ઉદ્યમવાળા બનો.

દુર્ભાગ્ય દોષ ઉપર બ્રાહ્મણ કુટુંબની બાસઠમી કથા સમાપ્ત.

—ગુર્જર કથામાંથી.



વૃદ્ધાની કથા

૬૩

લાખ સુવર્ણના દાનથી પણ ભાવથી કરાયેલા સામાયિકનું ફળ ઘણું થાય છે. અહિંયા વૃદ્ધાનું દૃષ્ટાંત છે.

એક નગરમાં એક ધનાઢય દાનમાં રૂચિવાળો શ્રેષ્ઠી હતો. "દાનથી ભોગો પ્રાપ્ત થાય છે" એ પ્રમાણે સાંભળી તે શેઠ દરરોજ પાત્ર કે અપાત્રને જોયા વગર પ્રભાત કાલમાં એક લાખ સુવર્ણનું દાન આપી પછી જ ઘરનું કામ કરે છે. તેના ઘરની નજીક એક વૃદ્ધા સ્ત્રી રહે છે. તેણી હંમેશા સવારમાં નમસ્કાર મહામંત્રના સ્મરણ પૂર્વક સામાયિક કરીને પછી ઘરનું કાર્ય કરે છે. એક વખત કોઈ કારણથી શેઠને દાનમાં અને વૃદ્ધાને સામાયિકમાં અંતરાય થયો, તેથી બન્નેને દુઃખ ઉત્પન્ન થયું. વૃધ્ધાનું દુઃખ જાણી તે શેઠ ગર્વથી કહે છે. 'હે વૃદ્ધા! તું કેમ દુઃખી થાય છે? વસ્ત્ર વડે હાથ વગેરેની પ્રમાર્જના ન થઈ તેથી તારૂં શું બગડી ગયું? તેમાં શું પુણ્ય થાય? તારા સામાયિકના કાર્યમાં કાંઈપણ પૈસાનો ખર્ચ દેખાતો નથી, જો આ રીતે ધર્મ થતો હોય તો બધા જ લોકો હંમેશા કરે અને લાખ સુવર્ણનું દાન કોઈ પણ ન કરે, આ સાંભળી વૃદ્ધા બોલી તમે આવું ન બોલશો. સુવર્ણ અને મણીમય સોપાનથી યુક્ત જિન પ્રાસાદ કરાવે તેનાથી પણ સામાયિકમાં અધિક લાભ જિનેશ્વરોએ કહેલો છે. જેથી કહ્યું

છે કે—એક માણસ હરરોજ લાખની કિંમતના સુવર્ણના કકડાઓનું દાન આપે, બીજો કોઈ સામાયિકને કરે, તો પણ દાની તેની સરખામણી કરી શકતો નથી. તે શેઠ ધર્મ સ્વરૂપને ન જાણતો તેવા પ્રકારના દાનને આપતો, અંત-કાલે આર્તધ્યાન વડે મૃત્યુ પામી વનમાં હાથી થયો. તે વૃદ્ધા શ્રાવિકા પણ સામાયિકના પ્રભાવ વડે અંત સમયે નમસ્કાર મહામંત્રનું ધ્યાન ધરતી, મરીને તે જ નગરમાં રાજાની કન્યા થઈ. એક વખત તે હાથીને રાજપુરૂષોએ ગ્રહણ કર્યો અને તે રાજાનો પટ્ટહસ્તી થયો. કોઈક વખતે તે પટ્ટહસ્તી રાજમાર્ગમાં જતા પોતાના ઘર અને પરિવા-રને જુએ છે. તે જોઈને ઈહાપોહ કરતો જાતિસ્મરણ જ્ઞાનને પામી મૂર્છાવડે પૃથ્વી પર પડયો. તેની તેવા પ્રકારની અવસ્થા જોઈ અનેક લોકો ત્યાં ભેગા થયા. તે રાજકન્યા પણ ત્યાં આવી. તેણીને પણ પોતાનું ઘર જોઈ જાતિસ્મરણ જ્ઞાન થયું. જાતિસ્મરણ વડે પોતાનો ને હાથીનો પૂર્વભવ જાણીને હાથીને ઉભો કરે છે. જ્યારે તે ઉભો થતો નથી ત્યારે રાજકન્યા કહે છે, હે શેઠ! તું ઉભો થા, તું મુઢ-મનવાળો ન થા, જેમ વિવેક વગરના દાનથી તું હાથીપણે ઉત્પન્ન થયો અને હું સામાયિકના પ્રભાવથી રાજકન્યા થઈ, તેથી હે હાથી! ધન કરતા સામાયિકમાં અધિક ફળ છે, એમ તારે જાણવું. રાજકન્યાના વચન સાંભળી તે હાથી ઉભો થયો. તે વખતે રાજા વગેરેને મોટું આશ્ચર્ય ઉત્પન્ન થયું. રાજાએ રાજકન્યાને પૂછયું, હે પુત્રી! આ શું છે? તેણીએ બંન્નેના પૂર્વભવનો વૃત્તાંત કહ્યો. એ

સાંભળી સર્વ લોકોને સામાયિક કરવામાં શ્રધ્ધા ઉત્પન્ન થઈ. તે હાથી રાજકન્યાના વચનથી બોધ પામી, હંમેશા નવકારમંત્રના સ્મરણમાં તત્પર બની, ઉભયકાલ રાજકન્યા પાસે પૃથ્વી ઉપર નીચી દૃષ્ટિ રાખી બે ઘડી-૪૮ મિનિટ સુધી હંમેશા સમભાવ રૂપ સામાયિક કરે છે. એ પ્રમાણે તે હાથી સમભાવે સામાયિકમાં તે ધર્મ પમાડનાર રાજકન્યાને ગુરુણી માની પહેલા અને પછી તેને નમસ્કાર કરી સામાયિકને કરે છે અને જાતિસ્મરણ જ્ઞાન વડે પેય અને અપેય, ભક્ષ્ય અને અભક્ષ્ય, કાર્ય અને અકાર્યને જાણતો યથાશક્તિ ત્યાગ કરવા લાયક પદાર્થને ત્યાગ કરતો સુખથી કાલ પસાર કરે છે. અંતે સમાધિપૂર્વક કાળ પામી, આઠમા સહસ્રાર દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો. રાજકન્યા પણ સમ્યકત્વ ગુણથી ભૂષિત સારી રીતે દેશવિરતિ ધર્મની આરાધના કરી દેવલોકમાં ઉત્પન્ન થઈ. ક્રમે કરી તે બન્ને સિધ્ધિપદને પામશે.

ઉપદેશ :— સામાયિક ઉપર વૃધ્ધાનું તેમજ દાન ઉપર શ્રેષ્ઠીનું ફળ જાણીને શાશ્વત સુખને માટે હંમેશા તમે સામાયિક કરો.

સામાયિક ઉપર વૃધ્ધાની ત્રેસઠમી કથા સમાપ્ત.

—: ઉપદેશ પ્રસાદ.



રાજકન્યા વિશલ્યાની કથા

૬૪

સર્વ ઉપદ્રવને નિવારણ કરનાર એવા તપમાં યથાશક્તિ ઉદ્યમ કરવો જોઇએ. જેથી જીવો વિશલ્યા રાજકન્યાની માફક સૌભાગ્યથી ભૂષિત થાય છે.


પૂર્વ મહાવિદેહમાં પુંડરીક વિજયમાં ચક્રધ્વજ નામનું નગર છે. ત્યાં અનંગ સાગર ચક્રવર્તી રાજ્ય કરે છે. તેને સૌભાગ્ય અને જયની પતાકા સમાન, ગુણોથી શોભનારી અનંગસારા નામની પુત્રી છે. યુવાન વયને પામેલી તેણીનું પૂર્વભવના સ્નેહથી સુપ્રતિષ્ઠિત નગરના રાજા પુનર્વસુએ અપહરણ કર્યું. ચક્રવર્તીના સુભટો વડે પરાજય પામેલો તે શત્રુના સૈન્યને દુર્જય જાણી પ્રજ્ઞપ્તિ વિદ્યાને યાદ કરી તે વિદ્યાને તે બાળાને સોંપીને કયાંય ચાલ્યો ગયો. પ્રજ્ઞપ્તિ દેવીએ બાલિકાને ભૂંડ, શિયાળ અને રોઝના શબ્દોથી ભયંકર એવા જંગલમાં ફેંકી દીધી. રાજાના સુભટોએ, ગુફાઓ, ભયંકર પર્વતના શિખરો, નદીઓ અને પૃથ્વી ઉપર સારી રીતે નિરીક્ષણ કર્યું, પણ અલ્પ પુણ્યવાળી તે બાલિકા કયાંય પણ જોવાઇ નહિ, તેથી તેઓ આવીને રાજા આગળ કહે છે. હે નાથ! જલ, સ્થલ અને આકાશમાં સારી રીતે શોધતા પણ કયાંય તે સજપુત્રી દેખાઇ નહિ. તે સાંભળીને શોક શલ્યથી પીડાયેલો રાજા આક્રંદ કરે છે. હે વત્સ! તારા વિરહમાં નગર નરક જેવું લાગે છે. આ બાજુ અનંગસારા બાલિકા

શરણ રહિત જંગલમાં કરૂણ શબ્દથી પશુગણોને પણ રડાવતી રૂદન કરે છે. પોતાને પોતે જ આશ્વાસન આપી ક્ષુધા, પિપાસાને સહન કરતી જંગલના ભયથી ઉદ્વેગ પામેલી, નમસ્કાર મહામંત્રને ગણતી, ત્રણ ચાર વગેરે ઉપવાસની તપશ્ચર્યા વડે આત્માને ભાવના ભાવતી, પારણામાં ફલેા. વડે એકાસણાને કરતી દિવસેા પસાર કરે છે. એ પ્રમાણે ત્રણ હજાર વર્ષ સુધી તપસ્યા વડે કાલને પસાર કરી, તપરૂપ સંલેખનાથી અત્યંત કૃશ દેહવાળી ચાલવા માટે પણ અસમર્થ થઈ. તે વખતે ચારે આહારના ત્યાગ રૂપ ભક્તનું પચ્ચખાણ રૂપ અનશન અંગીકાર કરે છે. દુઃખમાં પણ પડેલી તે 'સાત હાથના અવગ્રહની બહાર મરણાંતે પણ ન જવું' એ પ્રમાણે અનશન કરીને રહી છ દિવસ પછી તેણીના પિતાનો મિત્ર સોદાસ નામનો ખેચર મેરુ શિખર ઉપર જિનેશ્વર ભગવંતોને વંદન કરી, પાછેા ફરતેા તે વનમાં આવ્યેા અને તેને જુએ છે. જોઈને ઘેર આવવા માટે કહે છે, પણ ચારે આહારનેા ત્યાગ કરેલ હેાવાથી નિષેધ કરે છે. તે વખતે તે ખેચર, ચક્રવર્તી પાસે આવીને સર્વ વૃત્તાંત કહે છે. પરિવાર સહિત ચક્રવર્તી, સોદાસ ખેચરની સાથે ત્યાં આવે છે, તે સમયે શ્યામ અને ભયંકર યમરાજના બાહુદંડ સરખા અજગર વડે અડધી ગળી જવાએલી તેણીને જોઇ. જેટલામાં અજગરના વધ માટે ચક્રવર્તી આદેશ આપે છે, તેટલામાં તપથી કૃશ દેહવાળી, નજીકમાં મૃત્યુ પામનારી, કરૂણા રસથી ભરેલી બાળા મંદ મંદ વાણીએ કહે છે, 'મેં અનશન ગ્રહણ કર્યું છે તેથી

મારા આ અસ્થિર સ્વભાવવાળા અસાર દેહને ભક્ષણ કરતા ઘણા દિવસની ક્ષુધાથી પીડાએલા, આ અજગરને મારવા વડે શું ?' એમ કહી ચક્રવર્તીને વારણા કરે છે. તેમજ કહ્યું છે કે—ત્યાં ભક્ષણ કરાતી, મંત્રને જાણતી એવી પણ તે બાળાએ દયાથી તે પાપી એવા અજગરને માર્યો નહી. એ પ્રમાણે તેણીએ સર્વ ઉપસર્ગોને સમતા પૂર્વક સહન કર્યા. આ પ્રમાણે તેણીનું સ્વરૂપ જોઇને વૈરાગ્ય વાસિત થયેલા ચક્રવર્તીએ પોતાના બાવીશ હજાર પુત્રો સાથે દીક્ષા ગ્રહણ કરી. અને તે બાળા દયાથી અજગરનું રક્ષણ કરતી, અને શુભ ધ્યાનના પ્રભાવથી મરણ પામી દેવલોકમાં ગઈ. પુનર્વસુ તે બાળાના વિરહથી દ્રુમસેન મુનિ પાસે નિયાણા સહિત સંયમ પાળીને દેવલોકમાં ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવીને તે લક્ષ્મણ વાસુદેવ થયો. તે બાળા દેવલોકથી ચ્યવીને અહિં કૌતુક મંગલપુરમાં દ્રોણમેઘ રાજાની પુત્રી વિશલ્યા થઇ. જ્યારે ગર્ભમાં આવી ત્યારે માતા પણ રોગ મુકત થઈ, તેના સ્નાનના જલ વડે નગર પણ રોગ રહિત થયું. કહ્યું છે કે 'જે કારણે પૂર્વભવમાં ઉપસર્ગ સહિત તપશ્ચર્યા કરી તેથી આ વિશલ્યા ઘણા રોગોને નાશ કરનારી થઇ.

ઉપદેશ :— રાજપુત્રી વિશલ્યાનું તપના ફલને જણાવનારૂં આ સુંદર દૃષ્ટાંત જાણી તપમાં ઉદ્યમ કરો.

તપના પ્રભાવ ઉપર વિશલ્યા રાજકન્યાની ચોસઠમી કથા સમાપ્ત.



પરને છેતરનાર વાણિયાની કથા

૬૫

પોતાના કુટુંબના પાલન માટે જે જે પાપો કરવામાં આવે છે, પરંતુ પાપના ઉદય-કાલમાં તેઓ સહાય કરનારા થતાં નથી.

એક નગરમાં એક વાણિયો, બે ગામની વચમાં વ્યાપાર કરે છે. એક સરળ સ્વભાવવાળી ભરવાડણ બે રૂપિયા લઈને કપાસ માટે આવી. તે વખતે કપાસ ઘણો જ મોંઘો હતો. તે વાણિયાએ એક રૂપિયાનો બે વાર તોલીને કપાસ આપ્યો. તે બાઈ સમજે છે કે 'બે રૂપિયાનો આપ્યો,' એ લઈ પોટલું બાંધીને ચાલી ગઈ. પછી તે વાણિયો વિચાર કરે છે. આ રૂપિયો મફત મલ્યો છે. તેથી હું એનો ઉપભોગ કરું. તેણે રૂપિયાના લોટ ગોળ-ઘી ખરીદ કરી ઘેર મોકલ્યા. સ્ત્રીને કહેવડાવ્યું કે ઘેબર કરજે. તેણીએ ઘેબર બનાવ્યા. એટલામાં અત્યંત ઉત્સુકવાળો જમાઈ મિત્રો સાથે મળવા ઘરમાં આવ્યો. તે અને તેના મિત્રો ઘેબર જમીને ચાલ્યા ગયા. વણિક ઘેર આવી, સ્નાન કરી, ભોજનને માટે બેઠો, તેણીએ સ્વાભાવિક ભોજન પીરસ્યું. તેણે કહ્યું, શું ઘેબર નથી કર્યા? તેણીએ કહ્યું, કર્યા હતા, પણ મિત્ર સહિત જમાઈ આવ્યા અને ખાઈને ગયા. તે વિચાર કરે છે મેં કેવું કામ કર્યું? તે જુઓ, તે ગરીબ ભરવાડણને મેં બીજાને માટે છેતરી અને હું પાપથી લેપાયો. એ પ્રમાણે વિચાર કરતો, દેહ ચિંતાએ નગરની બહાર નીકળ્યો. તે વખતે ઉનાળો ચાલતો હતો અને તે મધ્યાન્હ વેળાએ દેહ ચિંતા

કરી. એક વૃક્ષની નીચે વિશ્રાંતિ લેવા બેઠો છે. તે વખતે કોઈ જ્ઞાની સાધુ તે માર્ગેથી ભિક્ષા માટે જાય છે. તેણે મુનિને કહ્યું કે હે ભગવંત ! તમે આ વૃક્ષની છાયામાં મારી સાથે વિશ્રાંતિ લો. સાધુએ કહ્યું, મારે જલ્દી કાર્ય માટે જવું છે. વાણિયાએ કહ્યું હે ભગવંત ! બીજાના કાર્ય માટે શું કોઈ પણ જાય છે? સાધુએ કહ્યું જેવી રીતે તું જ સ્ત્રી વગેરેના નિમિત્તે દુઃખી થાય છે. તે વચનો હૃદયમાં મર્મ જેવા લાગે છે. આ એક જ વચનથી બોધ પામીને કહે છે. 'હે ભગવંત ! આપ કયાં બીરાજો છો. મુનિ કહે છે 'ઉદ્યાનમાં' ત્યાર પછી તે સાધુએ પોતાનું કાર્ય પુરૂં કર્યું હશે એમ જાણીને તેની પાસે ગયો. ધર્મ સાંભળીને કહે છે. હું સ્વજનને પૂછી અહિંયા આવી પછી હું દીક્ષા લઇશ. પછી પોતાને ઘેર જઈ સ્ત્રી અને ભાઇ-ઓને કહે છે. અહિંયા દુકાનમાં વેપાર કરતા ઓછો લાભ થાય છે, તેથી પરદેશમાં વેપાર કરવા જઉં છું. અહિંયા બે સાર્થવાહ છે, તેમાંથી એક મૂડી, સાધન, સામગ્રી આપીને સુખથી ઈષ્ટનગરમાં પહોંચાડે છે. અને તેમાં પ્રાપ્ત કરેલું ધન તે લઇ લેતો નથી. બીજો સાર્થવાહ કાંઇ પણ મૂડી, સાધન સામગ્રી આપતો નથી. અને પહેલાનું મેળવેલું પણ લઇ લ્યે છે. તેથી તમો કહો કે કયા સાર્થ-વાહ સાથે હું જાઉં ? સ્વજનોએ કહ્યું કે પહેલા સાર્થવાહની સાથે જાવ. તેથી તે પોતાની સ્ત્રી બંધુઓ સાથે ઉદ્યાનમાં ગયો. તેઓએ પૂછયું કોણ સાર્થવાહ ? તેણે કહ્યું કે નિશ્ચયે પરલોકમાં કલ્યાણ કરનારા આ સાધુ અશોક વૃક્ષની

છાયામાં બેઠેલા છે, તે પોતાના સાધન સામગ્રી આપીને વેપાર કરાવે છે. અને એની સાથે હું નિર્વાણ નગરમાં જાઉં છું. એ પ્રમાણે કહીને તેણે દીક્ષા લીધી. અને આત્મ-કલ્યાણ કર્યું.

ઉપદેશ :–ભરવાડણને છેતરનાર વાણિયાનું દૃષ્ટાંત પરલોકમાં સુખ આપનાર જાણી તમે પણ આત્માના હિત સાધવામાં તત્પર થાઓ.

બીજાને છેતરનાર વાણિયાની કથા પાંસઠમી સમાપ્ત.

—ઉત્તરાધ્યયન સૂત્રમાંથી.

卐



દેવાનંદા બ્રાહ્મણીની થકા

૬૬

મહા પુરૂષો ઉપર ક્ષણ માત્ર પણ ઉત્પન્ન થયેલો સ્નેહ, ભવ્ય જીવોને દેવાનંદાની જેમ સંસારથી ઉદ્ધાર કરનારો થાય છે.

આ ભરતક્ષેત્રમાં બ્રાહ્મણકુંડ નામે ગામ છે. ત્યાં ઋષભદત્ત નામે વૃદ્ધ બ્રાહ્મણ હતો. તે પાર્શ્વનાથ ભગવંતના તીર્થમાં શ્રદ્ધાળુ શ્રાવક અને જિનેશ્વર ભગવંતના મતના સમ્યગ્ જ્ઞાનરૂપી રત્નથી ભૂષિત છે. તેને ગુણરૂપી મણિઓથી રોહણાચલની ભૂમિની જેમ દેવાનંદા નામની બ્રાહ્મણી શ્રેષ્ઠ પત્ની છે. અહિં એક વખત દેવતાઓથી પરિવરેલા શ્રી વીર જિનેશ્વર ભગવાન જિન ધર્મમાં આસક્ત સુખી તે બંનેને પ્રતિબોધ માટે કોઇ વખત બહારના ઉદ્યાનમાં પધાર્યા. શ્રી જિનેશ્વરનું આગમન જાણી ભક્તિના ભારથી બહુ રોમાંચિત બનેલા ઋષભદત્ત બ્રાહ્મણ સર્વ ઋદ્ધિ સહિત, ભગવંતને વંદન કરવા જાય છે. દેવાનંદા પણ પરિવાર સહિત, સર્વ અલંકારથી ભૂષિત બની, આનંદ સહિત પતિ સાથે જાય છે. દૂરથી સમોવસરણ જોઇને તે બંન્ને શ્રેષ્ઠ રથમાંથી ઉતરી પાંચ પ્રકારના અભિગમને સાચવી, સમવસરણમાં પ્રવેશ કરી, જિનેશ્વરને વંદન કરી, બંને જણા નિર્નિમેષ આંખોવાળા ત્યાં બેસે છે. દેવેન્દ્ર, નરેન્દ્ર અને અસુરેન્દ્રની પર્ષદામાં દેવાનંદા અતિ સ્નેહવાળી, વીર જિનેશ્વરને જોતી તેણીના સ્તનમાંથી દૂધની ધારા ઝરવા લાગી. તેથી ગૌતમસ્વામીજી શ્રી વીર જિનેશ્વરને

નમસ્કાર કરીને પૂછે છે. હે ભગવંત ! તમારા ઉપર સર્વ જીવોને સ્નેહ હોય છે. પણ આ દેવાનંદાને આપની ઉપર અતિ સ્નેહ કયા કારણથી દેખાય છે ? જિનેશ્વર ભગવંત કહે છે હે ગૌતમ ! હું પુષ્પોત્તર વિમાનમાંથી ચ્યવીને એની કુક્ષીમાં બ્યાંસી દિવસ રહ્યો, તેથી દેવાનંદા મારા ઉપર અત્યંત સ્નેહવાળી થઇ, અને સ્તનમાંથી દૂધ ઝરવા લાગ્યું. હે ગૌતમ ! આ ભવમાં આ મારી માતા છે એમ તમે જાણો.

એ પ્રમાણે શ્રી વીર જિનેશ્વરે કહેલું, અંતરંગ રાગના કારણવાળું વચન સાંભળી દેવાનંદા મહા આનંદ પામી, ભવભ્રમણથી ઉદ્વેગ પામેલી, વૈરાગ્યવાળી, વિનયથી નમસ્કાર કરતી તે આ પ્રમાણે વિનંતિ કરે છે. હે દેવાધિદેવ ! મને સિદ્ધિની સીડી સમાન દીક્ષા આપો. તેથી ભગવંત સંસારના તાપને હરણ કરવામાં શ્રેષ્ઠ, પરિપક્વ દ્રાક્ષના રસ જેવી, સમસ્ત જીવોનું રક્ષણ કરનારી દીક્ષા તેણીને આપે છે. પછી હિતશિક્ષા આપીને તેણીને આર્યા ચંદનાને સોંપે છે. તે દેવાનંદા આર્યા નિરતિચાર સંયમના ભારને પાળે છે. પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ પાંચ ઇન્દ્રિયના નિગ્રહમાં આસક્ત, અતિદુષ્કર બાહ્ય અને અભ્યંતર તપશ્ચર્યાને કરતી, તપશ્ચર્યા અને ચરણ ક્રિયાકાંડનાં યોગથી દેવોને પણ આનંદ આપતી, યથાર્થ નામ ધારણ કરનારી તે દેવાનંદા સાધ્વી થાય છે. ક્રમે તેણી વધતા શુકલ ધ્યાન રૂપી અગ્નિથી ગાઢ કર્મવનને બાળતી, નિર્મળ કેવળજ્ઞાન

પામી, સુખ સમૃધ્ધિવાળી સિધ્ધિગતિને પામે છે. એ પ્રમાણે શ્રી વીર જિનેશ્વરના મુખમાંથી દેવાનંદાની વાત સાંભળી, (જયંતી શ્રાવિકા) શ્રી જિનેશ્વર ભગવંત પાસે દીક્ષા ગ્રહણ કરે છે તે જયંતી સાધ્વી પણ ધર્મધ્યાનમાં જ રક્ત બની. તે મહાસતી સર્વકર્મને નાશ કરનાર તપશ્ચર્યાને, દેવાનંદાની જેમ હંમેશા કરવા લાગી. અંતે જયંતી સાધ્વી પણ વિશુદ્ધ પરિણામવાળી, જીવો ઉપર અનુકંપા કરતી, મેરુ પર્વતની ચૂલિકાની જેમ સ્થિરતાવાળી, ઘોર તપશ્ચર્યા કરવામાં શક્તિવાળી, હંમેશા ધ્યાન, અધ્યયનમાં પ્રસકત; અપ્રમત્ત ગીતાર્થ અને વૈરાગ્યવાળી, ગુરુકુલવાસમાં ઉદ્વેગ નહિ પામનારી એવી તે ક્ષપકશ્રેણિમાં આરૂઢ થઇ કેવળજ્ઞાન પામી સિધ્ધિપદને પામી.

ઉપદેશ :–દેવાનંદાની વૃધ્ધપણામાં પણ નિર્મળ ચારિત્રની સંપદાને સાંભળી તમે પણ તે પ્રમાણે મોક્ષ માર્ગની સાધના કરનારા થાઓ.

મહાપુરૂષ ઉપર અતિ સ્નેહવાળી દેવાનંદા બ્રાહ્મણીની છાસઠમી કથા સમાપ્ત.

–જયંતી ચરિત્રમાંથી.



ક્ષુલ્લકકુમાર શ્રમણની કથા

૬૭

જે સંયમના શિખર ઉપર આરૂઢ થયેલો જીવ, સંયમમાં અરતિ કરવાથી પડી જાય છે તે કારણથી વિદ્વાનો આને અરતિ ચારિત્ર મોહનીય પાપ-સ્થાનક કહે છે.

મુક્તિપદને આપનાર, સાધુ ધર્મમાં અરતિ કદી પણ કરવી જોઇએ નહિ. અહિંયા ક્ષુલ્લક મુનિનું રમ્ય દૃષ્ટાંત છે તે હે ભવ્ય જીવો! તમે સાંભળો.

ભૂમિરૂપી સ્ત્રીઓમાં શ્રેષ્ઠ સાકેતપુર નગરમાં પહેલા પુંડરીક નામે રાજા હતો. તેનો નાનો ભાઇ કંડરીક નામે હતો. તેને જસભદ્રા નામે સ્ત્રી મહાસતી હતી. તેણી રૂપાદિ રત્નો વડે રોહણાચલની પૃથ્વી સરખી હતી, શરીરની કાંતિથી દિશાને શોભાવતી, સુંદર ચાલ વડે ઘરના આંગણામાં ચાલતી તેણીને એક વખત પુંડરીક રાજાએ જોઈ, તેથી ચંચલ ચિત્તવાળા તેના હૃદયમાં કામના બાણો વાગે છે. તેથી તેણીમાં મૂર્છિત મનવાળો કામાંધ તે કુલની મર્યાદા અને લજ્જાનો ત્યાગ કરે છે.

કહ્યું છે કે-તેવા ધીર પુરૂષો થોડા હોય છે જેઓની દૃષ્ટિ પરસ્ત્રીનું રૂપ જોવામાં હૃદયની સાથે જલ્દી પાછી ફરી જાય છે. તેથી પુંડરીક રાજા તેણીના રૂપમાં મૂર્છિત બની રતિને નહિ પામતો તેની પાસે દૂતીને મોકલે છે.

દૂતી પણ ત્યાં જઈને તેને કહે છે કે હે દેવી! તારા ઉપર રાજાનું ચિત્ત અતિ મૂઢ બન્યું છે, તેથી કૃપા કરીને રાજાને તમે સ્વામિ તરીકે સ્વીકાર કરો. જસભદ્રા પણ વિચાર કરે છે કે દેદીપ્યમાન સૂર્યનું બિંબ પણ ગુરૂ-લઘુનો વિચાર કર્યા વિના અંધકારને વમે છે, એમ વિચારી દૂતીને કહે છે કે—કુલની મર્યાદાને ત્યાગ કરી રાજા જો આ પ્રમાણે અનુરાગી થાય છે, પણ પોતાના ભાઈ થી કેમ લજ્જા પામતો નથી? દૂતી જઈને તે પ્રમાણે તેના વચન રાજાને કહે છે. રાજા પણ તેના રૂપમાં આસક્ત થયેલો લુબ્ધ બની નાનાભાઇને મરાવી નાંખે છે. જસભદ્રા પણ રાજાનું નિર્દય આચરણ જોઈ છે જલ્દીથી આભરણાદિ ગ્રહણ કરીને પોતાના શીલની રક્ષા માટે ત્યાંથી નાસી જાય છે. ક્રમે કરી સાર્થવાહ સાથે માર્ગમાં જતી તેણી શ્રાવસ્તી નગરીમાં ગઇ. ત્યાં પિતાના સરખા ભાવવાળા વૃષ્ભ વાણીયાના ઘરમાં દીકરીની જેમ ઘરના કામ કરતી તે ત્યાં રહે છે. એક વખત શ્રી જયસેનસૂરિ ગુરુમહારાજની મહત્તરી કીર્તિમતી સાધ્વીજીની પાસે ચરણ કમળમાં વંદનને માટે આવી અને તેણી પોતાનું ચરિત્ર કહે છે. તે મહત્તરી સાધ્વી ધર્મોપદેશ આપે છે. તે સાંભળી સંવેગ પામેલી ગુપ્ત ગર્ભને કહ્યા વગર તેણી શુદ્ધ શ્રધ્ધા વડે સંયમ માર્ગ સ્વીકારે છે. જ્યારે ગર્ભ વધે છતે મહત્તરી સાધ્વી પૂછે છે, આ શું? તેણીએ કહ્યું કે તમે દીક્ષા ન આપો તેથી મેં પૂર્વે મારા ગર્ભનું સ્વરૂપ કહ્યું નહિ. સાધ્વીજીએ તેણીને સજ્જાતરના ઘરમાં રાખી. કાલ ક્રમથી તેણીને પુત્ર થયો. ક્રમે

વધતો નાની વયમાં તે દીક્ષા લઇ ક્ષુલ્લકકુમાર મુનિ થયા. ત્યાર પછી યૌવનવયમાં તે મેરુ પર્વતના જેવા મોટા સંયમના ભારને ઉપાડવા માટે અસમર્થ બની સંયમથી વિમુખ થયો. સંયમને ત્યાગ કરવા ઇચ્છતો માતાને પૂછે છે. માતા પણ અશુભ કાર્યનો કાલ વ્યતીત કરવો જોઈએ. એ પ્રમાણે વિચાર કરીને કહે છે. હે વત્સ! મારા વચનથી બાર વર્ષ પુરા થાય ત્યાં સુધી તું રહે. માતાના વચનથી તેણે બાર વર્ષ પૂર્ણ કર્યા છતાં સંયમમાં અરિતને પામતો ફરી પણ માતાને પૂછે છે. માતા કહે છે કે હું આચાર્યને આધીન છું, તેથી તું આચાર્ય મહારાજને પૂછ. તેથી તે આચાર્ય મહારાજ પાસે ગયો. ત્યાં પણ આચાર્ય મહારાજના વચનથી બીજા બાર વર્ષ સુધી રહે છે. તેટલા વર્ષ પૂર્ણ થયે છતે ચારિત્ર મોહનીયના દોષથી અરતિવાળે તે ઉપાધ્યાયના વચનથી પણ બાર વર્ષ રહે છે. વ્રત ગ્રહણથી માંડીને ૪૮વર્ષ સુધી તેને સંયમમાં રતિ ન થઇ તેથી આ અરતિ નામનું પાપ સ્થાનક છે. ત્યાર પછી તે માતાને પૂછે છે. માતાએ ભાવિ તેના હિતનો વિચાર કરીને અને જવાના વખતે તેના પિતાના નામવાળી વીંટી અને રત્નકંબલને આપીને માતાએ કહ્યું કે—સાકેત નગરમાં તારા પુંડરીક નામે મોટા પિતા રાજા છે. તેને ખાત્રી પમાડવા માટે આ વીંટી તું બતાવજે, તેથી તે તને રાજ્ય આપશે. ક્રમે તે સાકેત નગરમાં આવ્યો. તે સમયમાં ત્યાં રાજસભામાં નાટક ચાલતું હતું. નાટક જોવામાં રસિક તે ક્ષુલ્લકકુમાર આખી રાત્રિ નાટક જોવે છે ત્યાં અત્યંત રસવાળું નાટક

ચાલી રહ્યું છે. પ્રભાતમાં થાકી ગયેલી નટીને નિદ્રા આવવા લાગી, તેથી મહત્તરીએ તેને બોધ માટે ગીતિકા કહી, હે શ્યામ સુંદરી ! તેં સારૂં વગાડયું, સારૂં ગાયું, સારો નાચ કર્યો, આખી રાત્રી આ પ્રમાણે પૂર્ણ કરીને હવે સ્વપ્ન જેટલી રાત્રીમાં પ્રમાદ ન કર? આ પ્રમાણે ગીતિકા સાંભળી તે મધુર બોધક અક્ષરોવાળી વાણીથી ગવાયેલી ગીતિકાથી વૈરાગ્ય પામેલો તે ક્ષુલ્લકકુમાર નટડીને રત્ન-કંબલ આપે છે. તે વખતે રાજાનો પુત્ર દેદીપ્યમાન કાંતિ-વાળા કુંડલરત્નને અને શ્રીકાંતા સાર્થવાહી પણ શ્રેષ્ઠ મોટા હારને આપે છે. જયસંધિ નામનો મંત્રી મણિરત્નોથી શોભિત કડાને આપે છે. અને મહાવત રત્નનો અંકુશ આપે છે. ત સર્વ વસ્તુઓ દરેક એક એક લાખની મૂલ્યવાળી છે. પ્રભાતકાળ થયે પુંડરીક રાજા બધાને પૂછે છે. ત્યારે ક્ષુલ્લકકુમાર વિશેષ ખાતરી માટે મુદ્રારત્ન બતાવવા પૂર્વક પોતાનો વૃતાંત કહી હે તાત ! માતાના વચનથી રાજ્ય માટે અહિં હું આવ્યો છું. પણ હમણા હું ગીતિકાને સાંભળીને બોધ પામ્યો છું. પછી પૂછાયેલા રાજકુમારે પણ કહ્યું,' પિતાને મારીને રાજ્ય ગ્રહણ કરૂં' એ વિચાર મને ઉત્પન્ન થયો. પરંતુ આ ગીતિકા વડે અકાર્યથી હું અટકયો. પૂછાયેલ સાર્થવાહી પણ કહે છે, હે રાજા ! મારા સ્વામિ સાર્થવાહ ધન ઉપાર્જન કરવા દૂર દેશમાં ગયાને આજે તેને બાર વર્ષ થયા તેના આગમનના સંદેહમાં અરતિ થાય છે, પણ આ ગીતિકાથી બીજા પુરુષ તરફ જતું મારું મન અટ-કયું. જયસંધિ મંત્રી કહે છે કે તમારા વધ માટે બીજા

રાજાઓ વડે આધીન કરાએલો હું હે દેવ! આ ગીતિકાને સાંભળીને પાપથી અટકયો. મહાવત પણ કહે છે હે રાજન! શત્રુના વચનથી સર્વ લક્ષણથી યુક્ત આ ગજરત્નને હણવા ઈચ્છતો હતો. પણ આ ગીતિકાથી હું ગજરત્નના વધના પાપકર્મથી અટકયો. ત્યાર પછી વૈરાગ્ય પામેલા તે ક્ષુલ્લકકુમારે વૈરાગ્ય પામેલા તે સર્વેને દીક્ષા આપી તે સર્વે પરિવાર સહિત ત્યાંથી ગુરુ પાસે જાય છે. ત્યાં પોતાના પાપ કર્મોને સારી રીતે આલોચી નિર્મલતર સંયમ આરાધનામાં આસક્ત બની તે દેવલોકના સુખને પામ્યો. અને ત્યાંથી ક્રમે મોક્ષમાં જશે.

ઉપદેશ :— સમયે બોધ આપનારૂં ક્ષુલ્લકકુમાર સાધુનું દૃષ્ટાંત સાંભળી તમે સંયમમાં કયારે પણ અરતિ કરશો નહિ.

અરતિ ચારિત્ર મોહના ઉદય ઉપર ક્ષુલ્લક કુમારની સડસઠમી કથા સમાપ્ત.

—જયંતી ચરિત્ર માંથી.





ચન્દ્રલેખાની કથા

૬૮

જે દૃઢધર્મી ભવ્ય જીવ દુઃખમાં પણ સમ્યકત્વનો ત્યાગ કરતો નથી તે ચંદ્રલેખાની માફક જલ્દી મોક્ષ સુખને પ્રાપ્ત કરે છે.

આ જંબૂદ્વીપમાં ભરત ક્ષેત્રમાં મલયગિરિ નામે પર્વત છે. ત્યાં વડલાના વૃક્ષ ઉપર સ્નેહાળું પોપટનું યુગલ રહે છે. કોઈ ખેચરે કુતૂહલના વશથી અરૂણ પ્રભા સરખી લાલ ચાંચોવાળું તે યુગલ જોઇને ગ્રહણ કર્યું. તેને પોતાને ઘેર લઇ જઈ મણિમય પાંજરામાં સ્થાપન કરી તે વિદ્યાધર સર્વ કલાઓ અને છએ દર્શનના તત્વો તેઓને ઈચ્છા પ્રમાણે ભણાવે છે. તે ખેચર તે પોપટ યુગલને ગ્રહણ કરી પૃથ્વી ઉપર સાથે ફરે છે. વળી તેના વિરહમાં સર્વ જગતને પણ શૂન્ય માને છે. હવે એક વખત તેને પ્રતિબોધ પમાડી કોઈ ચારણ મુનિ ખેચર પાસેથી પોપટના યુગલને મલયાચલ પર્વતના શિખર ઉપર મુકાવે છે. વિદ્યાધરની સેવાથી સકલશાસ્ત્ર અને પરમાર્થને જાણનાર તે યુગલ જુદા જુદા ભોગો વડે સ્વેચ્છાએ ત્યાં વિલાસ કરે છે. કમે કરીને તેઓને તેઓના જેવો સુંદર પુત્ર રૂપે પોપટ ઉત્પન્ન થયો. તેઓએ તેને સમગ્ર કલા શિખવાડી. એક બીજાના સ્નેહમાં રક્ત તે પોપટના યુગલને કોઇ નિમિત્તથી દૈવયોગે અતિ કલહ ઉત્પન્ન થયો.

'કામીઓના મનને ધિક્કાર પડો' તેથી પોપટે તારુણ્યથી

પૂર્ણ સુંદર અંગવાળી, અત્યંત સ્નેહવાળી બીજી મેના ગ્રહણ કરી. તેથી દીન એવી તે મેના પ્રિય વચનો વડે તેને મનાવે છે. તો પણ બીજીમાં રક્તમનવાળો તે પાપી પોપટ માનતો નથી. તેથી તેણી સ્નેહ રહિત નાશ પામેલા પ્રેમ રસવાળા લાકડાના ઠુંઠા જેવા અક્કડ એવા પોતાના પતિને જોઈ કહે છે. ચિત્તને આનંદ આપનાર મારા પુત્રને તમે આપો. કારણ કે સ્ત્રીઓને તો સર્વ પ્રકાર વડે પોતાનો પ્રિય એજ પહેલો પ્રિય હોય છે. અને તેના વિયોગમાં પુત્ર જ પોતાના મનને આશ્વાસન આપનાર થાય છે. માટે હું દુરંત અને દુઃખમય એવા સંસારવાસથી કંટાળેલી કોઈપણ તીર્થમાં જઈ પોતાના આત્માનું કલ્યાણ સાધીશ. મારી પાસે રહેલો આ પુત્ર તીર્થમાં વિવિધ સંલેખનાની આરાધનામાં ધર્મરૂપી પાણી સિંચીને મારા મોહને દૂર કરી મને સારી સમાધિ આપનાર થશે. જેમ નિર્યામકથી ત્યાગ કરેલું વહાણ કીનારાને પામતું નથી તેમ ધર્મધ્યાન પણ નિર્યામક-નિર્ણામણા કરાવનાર વિના મરણ સમય રૂપી સમુદ્રને પાર પમાડી શકતું નથી. તેણીનું વચન સાંભળી પોપટ પણ તાવથી પીડાયેલા પુરુષની જેમ કંપતો બોલે છે. છોકરાને માગતી એવી તારા સો ટુકડા કેમ ન થયા? સારા બે ારમાં રોપાયેલા બીજની જેમ પુત્ર પિતાનો જ થાય છે. ત્યારે મેના પણ કહે છે, માતાનો જ પુત્ર થાય. નાતે વિના પુત્ર સંભવતો નથી. બીજુ સર્વ ઠેકાણે બધાઓમાં માતા ગૌરવથી અધિક સન્માનને યોગ્ય હોય છે. એ પ્રમાણે અનેક પ્રકારે વિવાદ કરતા પુત્ર સહિત તે યુગલ

આકાશના રસ્તે વિવાદનો નિશ્ચય કરવા માટે કાંચીનગરીમાં ગયું.

તે નગરમાં શત્રુઓની લક્ષ્મીરૂપી સ્ત્રીઓની વેણીને ખેંચવામાં આનંદ માનનાર નામ વડે પણ દુર્લલિત નામનો રાજા છે. તેની સભાની અંદર તે પોપટનું યુગલ ગયું. વિદ્યાધરનાં સંસર્ગથી ભય વગરનું તે યુગલ આકાશમાં રહી પહેલાં પોપટ પોતાની બુદ્ધિથી રાજાને વખાણે છે 'આ રાજા જય પામો, કે જેની વાણીના રસને જોઈ સર્પ–નાગરાજ ઉંડા પાતાલતલને વિષે અમૃત રસને ઢાંકીને રહે છે.' ત્યાર પછી મેના પણ જમણો પગ ઉંચો કરી રાજાને નમસ્કાર કરી ભક્તિથી સુંદર વચનો વડે સ્તુતિ કરે છે. "જેના મુખ રૂપી કમલમાં રાજ હંસની જેમ સરસ્વતી રહેલી છે, જે રાજા ન્યાય માર્ગરૂપી આકાશમાં ચન્દ્રની જેમ સત્યની પ્રતિજ્ઞાવાળો છે તે આ રાજા જય પામો." આ સાંભળી પ્રસન્ન મન વાળો રાજા કુતૂહલથી તે પોપટના યુગલને બોલાવે છે. તમે મારી પાસે આવો, તેમજ તમારા પોતાનું કાર્ય કહો. તે બન્ને જણા પોતાના વિવાદને કહે છે, તે રાજા મંત્રી સામે જુવે છે. મંત્રી પણ કહે છે આનો ઉત્તર અમે મધ્યાહ્ન પછી આપીશું. આશ્ચર્યથી ભરેલા મનવાળો રાજા તે યુગલને મહેલમાં લઈ જઈ ભાતથી યુક્ત દાડમના ફલોથી ઇચ્છા પ્રમાણે જમાડે છે. મધ્યાહ્ન સમયે સભામાં રાજા બેઠા છે. તે સમયે મંત્રી કહે છે. આ પોપટનો વિવાદ પૂર્વે નહિં સાંભળેલો છે. લાંબાકાળ સુધી

વિચારતા પણ અમે આનો પાર પામ્યા નથી. તેથી બીજે જઇ કોઈ જ્ઞાની મહા-પુરુષને પૂછે. મંત્રીનું વચન સાંભળી રોષથી લાલ-આંખવાળો, બુદ્ધિના ગર્વ રૂપી પર્વત ઉપર ચઢેલો રાજા મંત્રી વર્ગનો તિરસ્કાર કરે છે. અહો! કેવો તમારો બુદ્ધિનો વૈભવ! જો દૈવના વશથી આ પોપટના વિવાદનો નિશ્ચય નહિં કરાય તો આ અહીંથી બીજા નગરમાં જશે, તો આ યુગ પર્યંત મારે શરમાવાનું થશે, અથવા બુધ્ધિશાળીઓને આ વિવાદમાં કેટલી વાર લાગે. તેથી તમારા કાન ખૂલ્લા કરી મારૂં વચન સાંભળો લોકોમાં પણ પ્રસિદ્ધ છે કે બીજ બરોબર બીજ વાવનારનું થાય છે. જેવી રીતે ખેતરના અધિપતિનું ખેતર હોય છે અને ધાન્ય પણ તેનું જ થાય છે તેવી રીતે અહીં પણ પિતાથી થયેલ પુત્ર પિતાનો હોય છે. એમ તમે નિશ્ચયથી જાણો. તેથી પોપટ પોતાના શરીરથી થયેલ પુત્રને ગ્રહણ કરીને સ્વેચ્છાએ જાય. આ છોકરો પોપટનો છે. એ નીતિ બધે ઠેકાણે તમે જાણો. મેના ખેદ પામેલી કહે છે કે હે રાજન્! શાસ્ત્રોના અર્થથી વિરુદ્ધ નીતિ કરવી તે તમોને ઉચિત નથી. બીજું પણ હે નાથ! આ ન્યાયમાર્ગને પોતાના પંચ સમક્ષ જાહેર કર્યો, તેને તમારા પોતાના વહિકા-ન્યાયના ચોપડામાં લખાવો. જેથી તમોને ભૂલાય નહિ. તેથી રાજા અભિમાનના વશથી પોતાનું કહેલું અસત્યને સાચાની જેમ માનતો પોતાના મંત્રીની પાસે વહિકામાં લખાવે છે. તે આ પ્રમાણે-'જેમ અહિંયા ક્ષેત્રાધિપતિનું જ ક્ષેત્ર હોય છે. તેમ બીજ પણ બીજના

માલિકનું હોય છે. માટે પોતાના બીજથી ઉત્પન્ન થયેલો પુત્ર પિતાનો થાય છે. એ પ્રમાણે દુર્લલિત રાજાએ પોતે જાતે જ નિર્ણય કર્યો છે' એ પ્રમાણે રાજાએ કરેલો ન્યાય સાંભળી નીસાસા લેતી પુત્ર વગરની તે મેના છેદાયેલા વૃક્ષની જેમ ધબાક કરતી નીચે ભૂમિ ઉપર પડી. પોપટ પણ તે સમયે નિર્દય ચિત્તવાળો તે પુત્રને ગ્રહણ કરી દીનમુખવાળી પ્રિયાનો ત્યાગ કરી તે જલ્દી ત્યાંથી મલય-ગિરિ પર્વત ઉપર ગયો. મંત્રીજનોએ કરેલા શીતલ ઉપ-ચારો વડે શુદ્ધિમાં આવેલી અને શોક કરતા લોકોથી જોવાયેલી, શરણ રહિત મેના પણ ત્યાંથી ઉડીને સર્વ તીર્થોમાં પ્રધાન શત્રુંજય તીર્થમાં જઇ ઋષભસેન-પુંડરિક સ્વામિ યુક્ત આદિ જિનેશ્વરને ભક્તિ વડે નમસ્કાર કરે છે અને ચારે પ્રકારના આહારનો ત્યાગ કરી નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતી સંસારથી ઉદ્વેગ પામેલી તેણી આ પ્રમાણે ભાવના ભાવે છે કે 'આ સંસારમાં જિનેશ્વર ભગવંતના ધર્મને છોડીને ઘર, સ્વામિ, સજ્જન અને પુત્ર કોઈ મારું શરણ નથી' એ પ્રમાણે ભાવનાને ભાવતી ભવથી વિરક્ત થયેલી, દુર્લલિત રાજામાં ચિત્તવાળી, વિધિ પૂર્વક પ્રાણનો ત્યાગ કરી મધ્યમ પરિણામના યોગથી સમગ્ર ત્રણ ભુવનની લક્ષ્મીઓનું કાંચી સમાન કાંચી નગરીમાં શ્રી ચંદનસાર શેઠના ઘરમાં પુણ્યશાલીની તે પુત્રી પણે ઉત્પન્ન થઈ. ઘણા પુત્રો ઉપર આ ઉત્પન્ન થયેલી હોવાથી તેણી પિતાને અત્યંત પ્રિય થઇ. બીજના ચન્દ્રની જેમ

નમવા લાયક, નામ વડે ચન્દ્રલેખા તે ક્રમથી વૃધ્ધિ પામવા લાગી. પૂર્વભવના અભ્યાસથી સ્વાભાવિક જિન ધર્મમાં રાગવાળી ચન્દ્રલેખા જાતિસ્મરણ દ્વારા પોતાનો સંપૂર્ણ પોપટના ભવને જાણે છે. સમ્યક્ દર્શનથી સુંદર એવા જિનેશ્વરના ધર્મને સારી રીતે આરાધતી તે બાલા સાધ્વીઓની હંમેશા સેવા ભક્તિ કરતી શાસ્ત્રને ભણે છે અને ગણે છે. ક્રમે કરી જિનેશ્વર ભગવંતના આગમોના સુંદર વિચારોથી ભરેલા કર્મ પ્રકૃતિ વગેરે ગ્રંથોમાં કુશળતાને પામી વિદુષીઓમાં પણ શ્રેષ્ઠ થઈ, ઘર કાર્યમાં અને ધર્મ કાર્યમાં બધે ઠેકાણે તેણી પૂછવા લાયક થઈ. કારણ કે અહીં ગુણોનો સમુદાય ગૌરવ પણાને પામે એમાં શું આશ્ચર્ય ?

એક દિવસે પોતાના પિતાને વિનંતિ કરી તેણીએ તેજ નામના દેશમાંથી સૂર્યના રથના ઘોડાના ગર્વને હરણ કરનારા, બહુ વેગવાળા, લક્ષણોવાળા, સેરાહ, ખુંગાહ, હંસુલય, ઉચ્છનાહ, વુલ્લાહ નીલુય અને કાલુય વગેરે જાતિના ઘોડાઓ મંગાવ્યા અને તે ગામની બહાર નદી કિનારે વૃક્ષની છાયામાં બંધાવ્યા. ઈન્દ્રના ઘોડા જેવા દેખાતા તે ઘોડાઓ કોના ચિત્તને હરણ ન કરે ? એક દિવસ રાજા અત્યંત કૌતૂક મનવાળો, ગરૂડના વેગને વિજય કરે તેવા વેગવાળા તે ઘોડાઓને જુએ છે. જોઈને તે મહારાજા પોતે ઘણા મૂલ્ય આપવા વડે તે ઘોડાઓની શેઠની પાસે માગણી કરે છે. પણ શેઠની પુત્રી વડે નિવારણ કરાયેલ તે શેઠ ઘોડા-

એને આપતા નથી. એક દિવસે રાજા પોતાની ઘોડીઓને ગર્ભ ધારણ કરવા માટે શેઠ પાસે ઘોડાઓની માગણી કરે છે. ત્યારે શેઠ પુત્રીના વચનથી પોતાના શ્રેષ્ઠ ઘોડાઓને ગર્ભ ધારણ માટે આપે છે. રાજા દરેક વર્ષે પોતાની ઘોડીઓમાં તે ઘોડાઓને સંચારણ કરાવે છે, અને પાંચ વર્ષમાં તો તે ઘોડીઓથી ઘણા ઘોડા ઉત્પન્ન થયા.

એક વખત ચન્દ્રલેખા પોતાના પિતાને કહે છે કે મારા ઘોડાઓથી રાજાના જે ઘોડાઓ ઉત્પન્ન થયા છે તે ગ્રહણ કરો. જ્યારે રોષ પામેલો રાજા તેમને પકડાવે કે કંઈપણ કહે તો તમારે કહેવું રે અહીં જે રહસ્ય છે તે મારી પુત્રી જાણે છે. તેથી દીકરીના વચનથી પોતાના ઘોડાઓથી ઉત્પન્ન થયેલા જે ઘોડાઓ નદી કીનારે પાણી પીવા માટે આવ્યા ત્યારે તે શેઠે સર્વ ઘોડાઓનું હરણ કર્યું. શેઠના સુભટો વડે ત્રાસ પામેલ અશ્વપાલકોના વચનોથી રોષ પામેલો રાજા શેઠને બોલાવીને કહે છે કે મારા ઘોડા કેમ હરણ કર્યા? ચંદનસાર શેઠ કહે છે કે હે સ્વામિ! આમાં કાંઈ પણ રહસ્ય હું જાણતો નથી. પણ આપને આનો ઉત્તર મારી વિદુષી પુત્રી આપશે. આશ્ચર્ય પામેલો રાજા પ્રતિહારીને મોકલીને શેઠની પુત્રીને બહુ જનથી ભરેલી સભામાં બોલાવે છે. તે ચંદ્રલેખા કુલના કરંડીયા, તાંબૂલ, પંખા વગેરે હાથમાં ધારણ કરનારી સખીઓ સાથે પાલખીમાં બેસી ઘણા પરિવારથી યુક્ત કલ્પવૃક્ષની માફક દાનને આપતી, માર્ગમાં ચારણો વડે

વખણાતી, જગતમાં કીર્તિ ફેલાવતી રાજસભામાં આવી. આ કન્યા હજી તો દૂધ પીનારી છે. તે રાજાને શું ઉત્તર આપશે? એ વિચારતા નગરના લોકો કુતૂહલથી ત્યાં ભેગા થાય છે. તે કન્યા પણ રાજાને નમસ્કાર કરી પોતાના પિતાના ખોળામાં બેઠી. રાજાએ તેણીને પૂછયું હે કન્યે! તે મારા ઘોડા કેમ હરણ કર્યા? તેનો ઉત્તર આપ. ધૈર્ય ધારણ કરી રાજાને કહે છે. હે દેવ! બીજા લોકો પોતાના વચનને યાદ કરે છે. તમારા જેવાએ વિશેષ કરીને યાદ કરવું જોઈએ. રાજા ભ્રાંતિથી કહે છે–તે કયું વચન? જેને હું યાદ કરતો નથી. તેથી સરસ્વતી સરખી તેણી રાજાની સમક્ષ કહે છે, ઝેર સાથે રહેનારી લક્ષ્મી પણ ભોગવનારની ચેતના હરે છે, તે તો યોગ્ય છે. પણ તે ભોગવાયેલી લક્ષ્મી ભુવનના લોકોને મારે નહિ તે આશ્ચર્ય છે. કેટલાક પુરૂષો આ ભવમાં કરેલું પણ ભૂલી જાય છે, તે આશ્ચર્ય છે. આ સાંભળી રોષથી આંખની ભ્રકુટી ચઢાવીને વક્ર અને ભયંકર લલાટવાળો રાજા કહે છે– હે કન્યે! જો હું ભૂલી ગયો છું તોતું યાદ કરાવ તેણી કહે છે કે—તમારી વાણીથી આ ઘોડાઓ મારા પોતાના કરૂં છું. અન્યથા તો મારા ઘરની સર્વ સંપત્તિ આપણી છે. ત્યાર પછી ચંદ્રલેખાએ વહી કઢાવી અને વંચાવીને પોતાનું વચન સાચું કરાવ્યું કે મારા ઘોડાથી ઉત્પન્ન થયેલા ઘોડા મારા જ થાય છે. બીજાના થાય નહિં. તે વખતે મંત્રી, પુરોહિત, તલાટી, સામંત વગેરે પરિવાર તેણીની બુદ્ધિનો વૈભવ જોઈ અતિ વિસ્મય પામ્યા.

તે વખતે રાજાના મુખ કમલને સંકોચ પમાડતી અને પિતાની આંખો રૂપી કુમુદ વિકસ્વર કરતી સાચી ચંદ્રલેખા થઈ. ત્યાર પછી રાજસભામાં વિજય પામેલી અદ્‌ભુત બુદ્ધિ વડે વખાણ કરાતી પ્રત્યક્ષ સરસ્વતી સરખી તે બાલા પિતાના ઘેર ગઇ.

તેણીનું વિશિષ્ટ જ્ઞાન અને સભામાં પોતાનું અપમાન જાણતો રાજા આશ્ચર્ય અને ખેદમાં પડેલો વિચાર કરે છે. આ સભાની મધ્યમાં ચંદ્રલેખાએ મારૂં અપમાન કર્યું, તેથી તેના પ્રતીકાર માટે હું શું કરું? હવે એક વખત રાજા લગ્ન માટે તે કન્યાનું માગું કરે છે. શેઠ પણ ભય પામી મારે શું કરવું? એમ દીકરીને પૂછે છે. તેણી હર્ષથી પિતાને આ પ્રમાણે કહે છે, હે પિતા! ભય છોડીને રાજાની સાથે મારો વિવાહ કરો. તેથી ચંદનસાર શેઠે દુર્લલિત રાજાની સાથે ચંદ્રલેખાનો વિવાહ મોટા મહોત્સવથી કરાવ્યો. રાજા તેને ગ્રહણ કરી પ્રાસાદમાં તેને મૂકી કહે છે કે હે શેઠની પુત્રી! તું ધૂતારી છે, તેથી મેં તને છેતરી છે. મારી પ્રતિજ્ઞા પણ તું સાંભળ, 'આજથી માંડીને રાગથી રક્તમનવાળો પણ હું તારી સાથે બોલીશ નહિ. ચંદ્રલેખા પણ કહે છે- કપટ કરવામાં હોંશિયાર હે સ્વામિ! મારી પ્રતિજ્ઞાને પણ તમે સાંભળો- 'સેવકની માફક મારૂં એઠું ભોજન તમને ખવડાવું અને દાસની જેમ તમારા ખોળે અવશ્ય રૂની તળાઇ તથા શૈયા વહન કરાવું તો મને પણ ચંદનસારની દીકરી જગતમાં

છેતરવામાં હોંશિયાર તમારે માનવી.' તેના વચન રૂપી અગ્નિથી બળતો રાજા સૌભાગ્ય આદિ ગુણોના સમુદાયથી ભૂષિત પણ તેણીને દુર્ભાગ્યવતી રાણીઓની મધ્યમાં મૂકી દે છે. ત્યારપછી ચંદ્રલેખા સારા સુગંધિત પુષ્પોથી જિનેશ્વર ભગવાનની પૂજા કરતી અને ઘણાં સૌભાગ્ય કલ્પતરૂ વગેરે સારી તપશ્ચર્યાને કરે છે. એક વખત તપથી શોષાયેલા શરીરવાળી ચંદ્રલેખા તપશ્ચર્યાના ઉજમણા માટે રાજાને પૂછીને પિતાને ઘેર ગઇ. શેઠ દુર્બળ કૃશ દેહવાળી પોતાની પુત્રીને જોઇને પોતાના ખોળામાં બેસાડીને વિલાપ કરે છે. હા! હા! હે વત્સે! તેં આત્માને દુઃખમાં કેમ નાખ્યો? હું આવું જાણતો હોત તો આ રાજા સાથે તારો વિવાહ કરત નહિં. અથવા દુષ્ટ દૈવથી કરાયેલું કાર્ય કોઇનાથી પણ નિવારણ કરાતું નથી. એમ બોલતા પિતાને રોકીને તપનું ઉદ્યાપન કરાવીને વિધિપૂર્વક શ્રીસંઘ સહિત જિનેશ્વરદેવના ચરણોને પૂજે છે. અતિશય દુઃખી હૃદયવાળા પિતાના દુઃખને નિવારણ કરવા કહે છે. હે પિતા! સર્વ કલામાં હોંશિયાર, સુંદર રૂપવાળી પચાસ સારી કન્યાઓ મને આપો. બીજું તમારા ઘરથી મારા ઘર સુધી એક સુરંગ કરાવી બીજી નગરના દરવાજામાં વાસ કરતી દેવીના મંદિરથી મારા ઘર સુધી સુરંગ કરાવો. તેમજ મારા ઘરની નીચે સુરંગની મધ્યમાં એક ભવ્ય જિનાલય કરાવો પછી તમે નિશ્ચિત થઈને રહો. ચંદનસાર શેઠે પણ દેવીના જેવી તે પુત્રીના ચિંતવેલા મનોરથો પૂર્ણ કરવા માટે કલ્પવૃક્ષની જેમ તેણીના કહ્યા પ્રમાણે બધું કર્યું. ત્યારપછી કેટલાક કાળે તેણી ઘેરથી

સુરંગના માર્ગ વડે પિતાના ઘરમાં જઈને તે પચાસ કન્યાઓને સર્વ કલાઓ શિખવે છે. સ્વર લક્ષણ ગ્રામ તાલથી સહિત સુવિશાલ સારૂં સંગીત અને નિર્દોષ સર્વ વીણા અને વાજિંત્રની વિદ્યા ભણાવે છે, ત્યાં મણિઓના સમુદાયથી બનાવેલા પ્રાસાદમાં મણિઓની પ્રભાથી અંધકાર રહિત પાતાલ ભુવનની જેમ દિવસ અને રાત્રીનો ભેદ પણ જાણી શકાતો નથી. ચંદ્રલેખા સારા શણગારથી સજ્જ થઇ તે કન્યાઓ વડે શોભતી ઈન્દ્રાણીની જેમ સિંહાસન ઉપર બેસે છે. તેના આદેશથી તેમાંની કેટલીએક સારી રીતે આનંદજનક સરખા તાલથી દિગંત સુધી પડઘાને પાડતું નન્દી વાજિંત્ર વગાડે છે, કેટલી એક વીણા વગાડે છે, કેટલીક મૃદંગ વગાડે છે, કેટલી એક તાલ મેળવે છે અને બીજી કેટલી એક નાચે છે.

રાજા રાત્રિના સમયમાં તે થતું સંગીત સાંભળી વિચાર કરે છે. શું આ સંગીત પાતાલમાં, આકાશમાં, પૃથ્વી ઉપર અથવા પર્વતની ઉપર થાય છે. અથવા સ્વરના સંચારથી શોભતું દેવોને પણ દુર્લભ આ સંગીત કયાં એવા ધન્ય પુરૂષની આગળ કાનને સુખ ઉપજાવનારૂં થતું હશે ? એમ વિચાર કરતો તે સાંભળવામાં મોહિત મનવાળો પલંગ છોડીને પરિજન સહિત બીજી પ્રવૃત્તિઓ રોકી રાજા ક્ષણમાત્રમાં ચિત્રમાં આલેખિતની જેમ સ્થિર થયો. તેટલામાં તે નાટક સાંભળવામાં વિઘ્ન કરનાર પ્રચંડ પ્રભાતના વાજિંત્રના નાદો રાજાના મહેલમાં થયા, અહીંયા પ્રભાત થવાથી સંગીતનું વિસર્જન કરી ચંદ્રલેખા તે

કન્યાઓને પિતાના ઘરમાં મોકલે છે. અને પોતે પોતાના મહેલમાં જાય છે. અતિશય આશ્ચર્યને મનમાં ધારણ કરતો તે સંગીતમાં મૂઢ બનેલા દુર્લલિત રાજા દુઃખથી રાજ્યનું કાર્ય પણ કરતો નથી. વળી ફરી પણ ત્યાં એક દિવસના અંતરે લોકોના મનને હરણ કરનારું અપૂર્વ તાલથી શોભતું સંગીત થયું. રાજા તેઓનું ફરીથી પણ ગામત્રય-વાળું મૂર્છાજનક મૂર્છનાથી યુક્ત મધુર સ્વરના વિસ્તારથી સારું એવું સંગીત સાંભળી મનમાં વિચાર કરે છે કે ઉન્મત્તપણું છોડીને ઉન્મત્ત હાથીઓ તેમજ પશુઓ પણ સંગીત વડે વશ થાય છે, તો બીજા માણસોનું તો શું કહેવું ? અમૃતરસ સરખા તે સંગીતરસનું અત્યંત પાન કરતો રાજા પ્રભાતના વાજિંત્રના નાદને ઝેરના વિસ્તાર જેવો માને છે. તે સંગીત પૂર્ણ થયે રાજા સભા મંડપમાં બેસી નિમિત્તિયા વગેરે માણસોને સંગીતનું વૃતાંત પૂછે છે. પણ તેનું રહસ્ય કોઈ જાણતું નથી. તેથી દુઃખી થયેલો રાજા રાત્રિને ઇચ્છતો દુઃખથી દિવસ પસાર કરે છે.

હવે ચંદ્રલેખા પણ રાજાના મનના ભાવ સારી રીતે જાણી એક યોગિનીને સંકેત કરી રાજાની પાસે મોકલે છે. તે જોગણ કેવા પ્રકારની છે કે–જેણીએ મણિ તથા સોનાના આભૂષણો હાથમાં પહેરેલા છે, પગે મણિમય પાવડી ધારણ કરેલી છે, નેતરના સુંદર વસ્ત્રથી અર્ધાંગ ઢાંકેલું છે, મોતીની જયમાલાને ધારણ કરતી, જાડા વસ્ત્રથી શોભતી, સુવર્ણના યોગપટને ધારણ કરતી, મણિના કુંડળથી શોભતી

સાક્ષાત્ જાણે મૂર્તિવાળી સિદ્ધિ ન હોય તેવી તે હાથમાં દેદીપ્યમાન રત્નના આસનને ધારણ કરતી, પ્રતિહારે બતાવેલા માર્ગે રાજાની પાસે આવી. રાજા સિધ્ધયોગિની જેમ તેને જોઇ વિસ્મય પામી તેણીનો આશિર્વાદ લઇ નમ્ર બની તેણીને સિંહાસન ઉપર બેસાડે છે. તે જોગણ રાજાને આશિર્વાદ આપે છે કે–જે યોગ મનની ઈષ્ટ સિદ્ધિ અને પરમપદની સિધ્ધિને કરે છે તે યોગ, હે રાજન ! તમને સિધ્ધિ આપનાર થાય. રાજા પણ કહે છે હે યોગિનિ ! અમે તમારા દર્શનથી કૃતાર્થ થયા છીએ, તો પણ હું તમને કાંઈ પણ પ્રશ્ન પૂછું ? કારણ કે યોગથી જાણવાનું કાંઈ પણ દૂર નથી. તેણી કહે છે–હે રાજા ! હું સ્વર્ગથી ઈન્દ્રને પણ લાવવાને શકિતવાળી છું. પોતાની શક્તિથી રાહુની જેમ સૂર્યને અને ચંદ્રને પણ ગળી જવાને શક્તિમાન છું. તેમજ હું ત્રણે ભુવનની અંદર જે મનુષ્ય ગુપ્ત અથવા પ્રગટ કંઈ પણ કાર્ય કરે છે અને કરાવે છે તે સર્વ પણ મને પ્રત્યક્ષ જ છે. રાજા વિચાર કરે છે મારૂં કાર્ય આ જોગિનીથી સિધ્ધ થશે. એ પ્રમાણે વિચાર કરી તેને પોતાના મહેલમાં લઇ જઈને ભોજન અને વસ્ત્ર વડે ઘણો સત્કાર કરે છે. રાત્રિ થયે પૂર્વની જેમ સંગીત સાંભળી રાજા તેને કહે છે–હે ભગવતી ! તમારી પોતાની શકિતથી મને આ સંગીત પ્રત્યક્ષ દેખાડો. તે રાજાને કહે છે એ પણ હું તને દેખાડીશ. પરંતુ તારી બન્ને આંખો ઉપર ત્રણ પાટા બાંધીશ, તેમજ તારા શરીરને મારી શકિતથી દિવ્ય શરીર બનાવી પછી તને ત્યાં લઈ જઈશ. અન્યથા ત્યાં

પ્રવેશ થતો નથી. રાજા તેના વચનનો સ્વીકાર કરે છે. પ્રભાતના સમયે માંડલાની મધ્યમાં રાજાને બેસાડી દિવ્ય શરીર બનાવવા મંત્રને ભણે છે. રાત્રિનો સમય થયે તે જોગણ સર્વ લોકોને જવા આવવાનું નિવારણ કરાવી, રાજાની આંખ ઉપર ત્રણ પાટા બાંધે છે. ત્યાર પછી જોગિની રાજાને પહેલા ચંદ્રલેખાના ભવનમાં, પછી શેઠના ઘરે લઈ જાય છે. ત્યાર પછી નગરના દરવાજે રહેનારી દેવીના મંદિરમાં, ત્યાંથી સુરંગના ભવનમાં લઇ જઇને એકાંતમાં રાખીને રાજાની આંખના ત્રણેપાટા છોડે છે. રાજા પણ વિસ્મય પામી આમતેમ બન્ને આંખો વડે જુવે છે, ત્યાં તે સૂર્યકાંત મણિના કિરણોથી અંધકાર રહિત, સૂર્યના બિંબની જેમ સુંદર મંડપથી શોભિત ઉત્તમ દેદીપ્યમાન ચંદરવાથી વિભૂષિત, રત્નમય પુતળીઓથી શોભતા એવા હજાર થાંભલાવાળું, ધજાઓના સમુદાયથી મંડિત દેદીપ્યમાન સારા તોરણોની મણિમય પ્રભાથી થયેલ ઇન્દ્રધનુષ્ય–મેઘધનુષ્ય જેવા સુંદર પાતાલભવનને જુવે છે. તેની મધ્યમાં ઘણા ઉંચા મણિમય સિંહાસન ઉપર બેઠેલી દેવાંગના સરખી કન્યાઓથી સેવાતી ચંદ્રલેખાને જુવે છે. તેમજ હે ગજ-ગામિનિ! સુંદરતમ રૂપથી અન્યના અભિમાન હરણ કરનારી નાગલોકના સ્વામિ ધરણેન્દ્રની પ્રાણપ્રિયા હે સુરસુંદરી! સ્વામિની! તમે જય પામો જય પામો.' એ પ્રમાણે વખાણાતી તેને જોઈ વિસ્મય પામેલો રાજા વિચાર કરે છે. નક્કી આ કોઇ દેવ રમણી લાગે છે. આજે ખરેખર મારી આંખો સફળ થઇ, જીવન પણ કૃતાર્થ થયું. જેથી આવી

રતિના જેવી સુંદર મનોહર દેવરમણિ મેં જોઈ. ત્યાર પછી વિસ્મયથી વિકસિત નેત્રવાળા રાજાના દેખતા તેણીના આદેશથી તે કન્યાઓએ નૃત્ય શરૂ કર્યું. તે યોગિની નમતી એવી નાગરમણીને આશિર્વાદ આપી પૂર્વે પરિચિત-વાળીની જેમ મણિમય સિંહાસન ઉપર બેસે છે. કન્યા-ઓએ પણ આવેલા તે રાજાને જાણી અમૃતરસના જેવું સંગીત ત્યાં તેવું કર્યું કે જેમ બધાને ત્યાં મૂર્છા કરનારૂં થયું. ક્ષણની જેમ રાત્રી અને દિવસનો એક પહોર ગયે, તેણીના આદેશથી તે નાટક ત્યાં બંધ થયું. તે વખતે અઢાર પ્રકારના અશનપાનથી સુંદર અત્યંત રસવાળી રસોઇ ત્યાં લાવવામાં આવી.

સંદેહ કરતી હોય તેમ જોગણ તેને કહે છે–હે દેવી! નાગરાજનું રાજ્ય છોડીને તું કેમ અહીં આવી? તેણી પણ આંખોમાંથી આંસુઓને પાડતી દુઃખિત હૃદયે કહે છે-હે જોગિનિ! સ્વામિનિ! તમે જ્ઞાનથી મારા સ્વરૂપને તમ જાણો છો, છતાં પણ હું તમને કહું છું. શ્રી ધર-ણેન્દ્ર નાગરાજની સર્વ પ્રિયાઓમાં હું પટ્ટ મહાદેવી છું. અત્યંત પ્રેમવાળા મારા સ્વામીને સારી રીતે તમે જોણો છો. આ વીણા--વાદનની કલામાં કુશલ હોશિયાર એવી કુશલા નામની દાસીની શ્રીભૂતાનંદ નામના મિત્ર માટે ધરણેન્દ્ર મારા સ્વામિએ માંગણી કરી, પરંતુ એના વિના મારા નાટકનો ભંગ થાય, તેથી મેં આપી નહિં. આથી નાગરાજે કહ્યું બળાત્કારથી પણ હું એને ગ્રહણ કરીશ.

પતિથી આવું અપમાન થયેલું જાણી ત્યાંથી રીસાઈને હું અહીં આવી. આ રત્નમય ભવન બનાવી સુખથી એકાંતમાં હું રહું છું. બીજું તમને પણ વિનંતિ કરૂં છું કે જેમ મારો સ્વામિ અહીં રહેલી મને ન જાણે તે પ્રમાણે તમારી મંત્ર શક્તિથી કરવું. એ પ્રમાણે કહી આદરપૂર્વક જોગણનો હાથ ગ્રહણ કરી તેની સાથે દેવમંદિર સરખા ભોજનમંડપમાં ગઇ. ચંદ્રલેખા તેને કહે છે, હે પ્રિય સખી ! તું ઘણા સમયે અમોને મલી છે. તેથી મારી સાથે એક જ ભાજનમાં ભોજન કરો. તેણીનું વચન સ્વીકાર કરી, તેની સાથે જમવા માટે બેઠેલી તેણીને આશ્ચર્યથી વિકસિત નેત્રવાળા રાજાએ જોઈ વિચાર કર્યો કે આ પાતાલ રમણીનું પૂર્વે નહિં જોયેલું રૂપ જોવા વડે મારાથી શું શું ન મેળવ્યું. અર્થાત્ બધું જ મળ્યું. હવે તેણીના સંકેતથી શ્રેષ્ઠ જોગિની કહે છે–હે પ્રિય સખી ! મને દુઃખ લાગે છે કે મારા શિષ્યને હું ભૂલી ગઇ, તેના વગર આજે હું જાઈશ નહિ. તે સાંભળી ચંદ્રલેખા કહે છે–હે જોગિની ! સ્વામિનિ ! કોણ એવો તમારો શિષ્ય છે? શું તે કોઈ અસુર છે ? દેવ છે ? ગંધર્વ છે ? કે નાગલોકમાં રહેનારો દેવ છે? તે મને તું કહે, તેનું હું પણ સર્વ શક્તિથી સન્માન કરૂં. તે જોગિની પણ તેને કહે છે, કે–કોઇ દેવ વગેરેની જાતિવાળો આ નથી પણ મનુષ્યકુલમાં તિલક સમાન દુર્લલિત નામનો રાજા તારે જાણવો. ચંદ્રલેખા નાસિકા વક્ર કરી, તિરસ્કાર કરી કહે છે. હે જોગિની ! ઘણી ભક્તિથી કોઈ ધૂર્ત એવા મનુષ્ય વડે તું છેતરાઈ હોય એમ મને લાગે છે. તેણી

પણ કહે છે. હે પુત્રિ ! તું તારા મનમાં ફોગટ બીજા વિચાર ન કર. કારણ કે મેં આ રાજાનું પોતાની શક્તિથી દિવ્ય શરીર બનાવ્યું છે, તેથી અહિં આવેલ છે. તેનું તમારે ગૌરવ, સન્માન કરવું જોઈએ. જેના ઉપર હું પ્રસન્ન થઈ તેને કંઈ પણ દુર્લભ નથી, તેથી તમે મારા વચનથી પોતાના ભાજનમાં આ મારા શિષ્યને આ જન્મમાં પૂર્વે નહિં ખાધેલી દિવ્ય રસોઈ જમાડો. જોગણ પણ રાજાને કહે છે-હે વત્સ ! તુ આવ. નાગરમણીની સાથે દિવ્ય આ રસવતીને ખા. રાજા એઠા ભોજન જાણતા છતાં ખાતો પોતાના આત્માને ધન્ય માને છે. અથવા જગતમાં સ્ત્રીઓ વડે કયો માણસ છેતરાયો નથી ? તે વખતે કોઈ કન્યાઓ બીજી વાનગીઓ પણ આપે છે. અને કોઇક જોગિનીના વચનથી હસીને તેની સાથે જમે છે. ત્યાર પછી તે જોગણ સુગંધથી યુકત તંબોલ અપાવીને કહે છે. હે પુત્ર ! ઉઠીને રત્નમય આ નાગરમણીનું ભવન જો, તે વખતે તે શ્રેષ્ઠ કન્યાઓ વડે વક્ર વચનોથી સ્થાને સ્થાને હસાતો તે રાજા સુખપૂર્વક દિવસ પસાર કરે છે. રાત્રી સમય થયે છતે નાટક વગેરેનો વ્યવસાય બંધ થયે રાજા હાથ જોડીને જોગણની આગળ આ પ્રમાણે પ્રાર્થના કરે છે. હે સ્વામિનિ ! પ્રસન્ન થયેલા તમે સાચા કલ્પ-વલ્લી જેવા છો તો આ અપ્સરાઓની મધ્યમાંથી રમવા માટે કોઈ પણ અપ્સરા મને આપો. જોગણ રાજાને કહે છે જો અપ્સરાઓ મનુષ્યમાં આસકત થાય તો દેવકુમારો ક્ષણવારમાં તેઓનો ત્યાગ કરે છે, પરંતુ હું મારા વિદ્યાના

પ્રભાવથી તારી ઇચ્છા પુરી કરીશ, પણ તારે આજન્મ સુધી અપ્સરાનું વચન માન્ય કરવું પડશે. રાજા તેણીનું વચન અંગીકાર કરે છે. જોગણ ચંદ્રલેખાને કહે છે–હે પ્રિય સખી ! તમારી આજ્ઞા માનનાર આની ઇચ્છા પૂર્ણ કર? આ લાંબા સમય સુધી જાગ્યો છે. તેથી તમારા ભવન ઉપર સુખેથી નિદ્રા લે. અને બીજુ પણ તમારી કૃપાથી દેવશય્યાના સંગસુખનો અનુભવ કરે, ત્યારે તેમાંની એક અપ્સરા કહે છે કે ઉપરના માલમાં કોઈ પણ શય્યા નથી. જો એ સુખને ઇચ્છે તો પોતાની જાતે શય્યા ઉપાડીને ઉપરના માલમાં લઇ જાય. તેથી રાજા હર્ષથી ભરેલો જલ્દી ઉઠીને સો ગણા ઉત્સાહવાળો મસ્તક ઉપર શય્યા ઉપાડી ભવનના ઉપરના ભાગમાં ગયો. ફરી પણ નીચે ઉતરી પલંગને પણ માથા ઉપર ઉંપાડી રાજા ભવનની ઉપર લઈ જઈ દાસની જેમ શય્યા પાથરે છે. ત્યાર પછી જોગણના વચનથી રાજા સુરસુંદરીની શય્યા પણ પલંગ સહિત ઉપાડી ઉપરના તલમાં લઈ જઈ પાથરે છે. તે ચંદ્રલેખા પણ પોતાની શૈયામાં બેસી આનંદવાળા વચનોથી રાજાના મનને તેવી રીતે પ્રસન્ન કરે છે. જેથી તે બીજી સ્ત્રીઓને ગધેડીના માફક તુચ્છ માને છે. રાત્રીના પાછલા પહોરે આંખ ઉપર પાટો બાંધી તે જોગણ રાજાને પોતાના ભુવનમાં લઇ ગઈ. એ પ્રમાણે તે દરરોજ રાજાને ત્યાં લઈ જાય છે.

એક વખત જોગણે ચંદ્રલેખાને કહ્યું. હે વત્સ ! તારો સ્વામી દાસ જેવો થયો છે. તેથી પોતાની પ્રતિજ્ઞા પૂરી

થયેલી જાણી તે ચંદ્રલેખા સુંદર શણગાર સજી અંતઃપુરમાં રહેલા રાજાને હાસ્યપૂર્વક કહે છે હે સ્વામિ ! જો દૂષણવાળી મારો ત્યાગ કર્યો તે તો ઠીક છે. પરંતુ બીજી અંતપુરમાં રહેલી સ્ત્રીઓએ શું અપરાધ કર્યો ? જેથી તેઓનો તમે ત્યાગ કરો છો ! અથવા મે જાણ્યું કે કોઈક દેવસુંદરીની સાથે ઘણી પ્રકારના વિલાસ કરતા તમને અમારા જેવીનું નામ પણ ગ્રહણ કરવું, તે પણ આનંદ કરતું નથી. તેના તેવા વચનથી આશ્ચર્ય પામેલો રાજા તેણી સામું જોઈ વળી સારી રીતે ઓળખીને તેને કહે છે આ શું ? અને તે શું ? ત્યાર પછી ચંદ્રલેખા નમસ્કાર કરી રાજાને કહે છે મારાથી અને જોગણના વચનથી જે અવિનય કરાયો હોય તો હે સ્વામિ ! તમો ક્ષમા કરો. આ સાંભળી હર્ષ, ખેદ અને આશ્ચર્યથી ભરાયેલો રાજા તે બુદ્ધિશાળી ચંદ્રલેખાને દેવીપદે સ્થાપન કરે છે. જેથી નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે–જ્યાં સુધી હૃદયમાં કોતરાયેલાની જેમ ગુણો દેખાય નહિં ત્યાં સુધી જ ગર્વ અને ત્યાં સુધી જ પૂર્વના દોષો યાદ આવે છે. ગુણો દેખાયા પછી બધા અવગુણો ભૂલી જવાય છે. તે વાર પછી સકલ અંતઃપુર સહિત રાજા પાતાલઘરમાં વિવિધ પ્રકારના કામભોગોને ભોગવતો એક હજાર વર્ષ પસાર કરે છે.

એક વખત નંદનવન સરખા કુસુમાકર નામના ઉદ્યાનમાં શ્રી અભયંકર સૂરિ સાધુ ગણ પરિવાર સહિત પધાર્યા. દુર્લલિત રાજા ઉદ્યાનમાં આવેલ આચાર્ય મહારાજને જાણી અત્યાનંદપૂર્વક ચંદ્રલેખાદિ પરિવાર સહિત ત્યાં

જઇ આચાર્યશ્રીને વંદન કરી બેસીને ધર્મકથા સાંભળે છે. હે ભવ્ય જીવો! મદ્ય, વિષય, કષાય, નિદ્રા, વિકથા વગેરે પ્રમાદોનો ત્યાગ કરો અને આ લોકમાં વિજય, લક્ષ્મી તથા ઇષ્ટસુખ આપનાર તથા અનિષ્ટને હણનાર તેમજ ધર્મ અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થમાં સારભૂત એવા ધર્મ પુરુષાર્થમાં આ લોક અને પરલોકમાં હિતને માટે સારી રીતે ઉદ્યમ કરવો જોઈએ. તેમજ કોઈક ભયંકર ઝેરને પચાવી જાણે અથવા અગ્નિ સાથે રમવા માટે સમર્થ થાય તો પણ સંસારરૂપી કારાગારમાં રહેલા જીવોએ પ્રમાદ ન કરવો જોઈએ. કારણ કે વિષ કે અગ્નિનું સેવન કર્યું હોય તો તે જ જન્મમાં મનુષ્યને હણે છે. પરંતુ પ્રમાદ સેંકડો જન્મોને હણે છે. તેથી દેશવિરતિ અને સર્વવિરતિ ધર્મના મૂલભૂત સમ્યગ્દર્શનની શુદ્ધિમાં હંમેશા ઉદ્યમ કરવો જોઈએ. આજ સમ્યગ્દર્શન તે ધર્મ-રૂપી વૃક્ષનું મૂલ અને ધર્મરૂપી નગરનું દ્વાર છે તથા નિર્વાણ પ્રાસાદની પીઠિકા અને સર્વ સંપદાનું નિધાન છે. જેમ રત્નોના આધાર સાગર છે, તેમ ગુણોનો આધાર અને ચારિત્ર ધર્મનું પાત્ર આવું સમ્યગ્દર્શન કોના વડે વખણાય નહિં? તેથી હે ભવ્ય જીવો! પ્રમાદરૂપી મદિરાનો ત્યાગ કરી શિવ સુખને આપનાર તેમજ દુષ્ટ કર્મને નાશ કરનાર શુદ્ધ શ્રાવક ધર્મને ગ્રહણ કરો. અન્ય દર્શનને પામેલા એવા જે પુરૂષોને મરણ સમયે સમ્યગ્દર્શનની આરાધનામાં રાગ થાય છે, તેઓ પણ સંસારસાગરને તરી મોક્ષ સુખને પામે છે. એ પ્રમાણે કહી તે ગણધર ભગવંત ચંદ્રલેખાને

પ્રમાણે વચનો કહે છે. હે ભદ્રે ! પોતાના પૂર્વભવને જાણતી તું કેમ બોધ પામતી નથી. શ્રી શત્રુંજય તીર્થમાં પ્રથમ શ્રી ઋષભ જિનેશ્વરને આરાધના કરતી તું દુર્લલિત રાજા ઉપર ક્રોધ કરતી તે વખતે તેં સમ્યગ્દર્શનના પ્રભાવથી આખા ત્રણ ભુવનને આશ્ચર્ય કરનારી બુધ્ધિથી આવી મોટી લક્ષ્મી પ્રાપ્ત કરી. આ પ્રમાણે ગુરુનું વચન સાંભળી ચંદ્રલેખા સમ્યગ્દર્શનથી શુધ્ધ મોક્ષ પદને આપનાર શ્રાવકના વ્રતો અને નિયમોને ગ્રહણ કરે છે. રાજા વગેરેનો પરિવાર પણ યથાશક્તિ નિયમો ગ્રહણ કરી અને આચાર્ય મહારાજને નમસ્કાર કરી પોતાને ઘેર ગયો. ચંદ્રલેખા વૈરાગ્ય મનવાળી પર્વતિથિએ પોતાના ઘરમાં પણ વ્રત નિયમના પાલન માટે સમભાવથી પોષહવ્રત લે છે. એક વખત નિશ્ચલ મનવાળી તે પર્વતની જેમ અચલ, અભ્યંતર સર્વ શત્રુ સમૂહના દુઃખોને હણનાર કાઉસગ્ગ કરે છે. તે વખતે સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ બે દેવીઓ નિશ્ચલ ધ્યાનમાં રહેલી તેને જોઇ સમ્યગ્દૃષ્ટિ દેવી કહે છે. સુર, અસુર અને કિન્નરી પણ આને ધર્મથી ચલિત કરવાને માટે સમર્થ નથી. એ પ્રમાણે સાંભળી મિથ્યાદૃષ્ટિ દેવી કહે છે, હે સખી ! મારું કાર્ય તમે જુઓ. એ પ્રમાણે કહી મિથ્યાદૃષ્ટિ દેવીએ તેણીને ચલિત કરવા હાથમાં કટારીને ધારણ કરનાર, મુખમાંથી નિકળતા અગ્નિની જ્વાલાથી વિકરાલ એવા મહા ઘોર રાક્ષસો વિકુર્વ્યા, પર્વતને તોડતા એવા દુષ્ટ તેઓ ઉંચ્ચ સ્વરે કહે છે. અરે મૂઢ ! આ ધર્મનો ત્યાગ કર. નહિં તો તને અમે ગળી જઇશું.

અથવા શ્રાવકધર્મનો ત્યાગ કરી મુક્તિ સુખ માટે અમારા ચરણકમલની પૂજા કર. તે સાંભળી નિષ્કંપ દેહવાળી તે ચંદ્રલેખા તેના વચનરૂપી વજ્રથી હણાયેલી પણ સમ્યગ્-દર્શનનો ત્યાગ કરતી નથી. તેના પ્રહારોને પણ આભૂષણોની જેમ માને છે, જેટલામાં રાક્ષસોથી ભય પામ્યા વિના મહાસત્વશાળી પોતાના નિયમને ત્યાગ કરતી નથી તેટલામાં પવનથી હણાયેલા વાદળાની જેમ તે રાક્ષસો ક્ષણવારમાં અદૃશ્ય થઇ ગયા, ત્યાર પછી તે દેવીએ ઉન્મત્ત હાથીઓ, મહાભયંકર સિંહો વિકુર્વ્યાં. તેઓના ઉપસર્ગોથી પણ તેની પોતાના શુભ ધ્યાનમાંથી ચલિત થઈ નહિં. ત્યાર પછી દુષ્ટ નિર્લજ્જ તે વ્યંતરી દેવી ફરીથી દેવ માયાથી દુર્લલિત રાજાને વાળથી પકડી તેની સામે દેખાડીને કહે છે કે–મૂઢ ! મારી આગળ આ કપટ ધર્મને છોડી દે. નહી તો તારા પ્રાણપ્રિય સ્વામીને હું નિશ્ચયે મારી નાખીશ. તે ચંદ્રલેખા તે સાંભળીને મૌન ધારણ કરી વિશેષ ધ્યાનમાં સ્થિર થાય છે. તે વખતે માયાથી રાજા તેની સમક્ષ કરૂણ સ્વરે રૂદન કરે છે. અને વિલાપ કરતો કહે છે. હે પ્રિયે ! તું આ ધર્મક્રિયાનો ત્યાગ કર જેથી આ દુઃખથી હું છુટું. કુલાંગનાઓ પોતાના સ્વામિને જીવતદાનથી પણ રક્ષણ કરે છે. તે વખતે ચંદ્રલેખા વિચાર કરે છે કે દરેક ભવમાં સ્વામિ મળે, પરંતુ જિનેશ્વર ભગવંતનો ધર્મ મળતો નથી, તેથી જે થવાનું હોય તે થાય, પરંતુ હું મારો નિયમ ભાંગીશ નહિં. એ પ્રમાણે વિચાર કરતી શુભ અધ્યવસાયથી તેણીને ઘાતીકર્મ

ક્ષય થવાથી સર્વ સંદેહને હરણ કરનારૂં, લોકાલોકમાં પ્રકાશ કરનારૂં, કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. પાસે રહેલી દેવીઓએ જલ્દી તેણીને દ્રવ્ય વેષ આપ્યો. ત્યાર પછી તેણીએ માથા ઉપર ચઉમુષ્ઠિ લોચ કર્યો. પછી દેવોએ બનાવેલા સુવર્ણકમલ ઉપર બેસી ધર્મદેશના આપે છે. તે મિથ્યાદૃષ્ટિ વ્યંતરી દેવી પણ પ્રગટ થઈ, તેને બમાવે છે. ત્યાર પછી તે ચંદ્રલેખા કેવલિની દુર્લલિત રાજા સહિત નગરના લોકોને પ્રતિબોધ પમાડી શ્રી શત્રુંજય ગિરિવરના શિખર ઉપર નિર્વાણ પામ્યા.

વ્રતના સમુદાયરૂપ મોટા વૃક્ષના મૂળ જેવું સમ્યક્ત્વ-દર્શન ઉપર ચંદ્રલેખા સતીનું ભવનને વિષે પ્રસિદ્ધ આ ચરિત્ર સાંભળીને પ્રાણોના વિનાશના પ્રસંગે પણ નરકના દુઃખોને આપનાર વ્રતનો ભંગ ન કરવો જોઇએ. જેથી તમે પણ તે પ્રમાણે શાશ્વત એવા સર્વ સુખને પામો.

ઉપદેશ :—સમ્યક્ત્વદર્શન ગુણને દીપાવનાર ચંદ્રલેખાનું ચરિત્ર સાંભળીને તમે પણ શાશ્વત સુખનું કારણ એવા સમ્યક્ત્વદર્શનને ધારણ કરો.

સમ્યક્ત્વદર્શનની શુદ્ધિમાં ચંદ્રલેખાની અડસઠમી કથા સમાપ્ત.

—સમ્યક્ત્વ સપ્તતિકાની ટીકામાંથી.

卐



મતિશેખર મંત્રિની કથા

૬૯

ધીમાન પુરુષ બુદ્ધિના પ્રભાવથી દેવોને પણ છેતરે છે. અહિં મતિશેખર મંત્રિનું શ્રેષ્ઠ દ્રષ્ટાંત જાણવું.

દત્તપુરમાં નરસિંહ રાજાને મતિશેખર નામે મંત્રી હતો. એક વખત રાજાએ મંત્રીને પૂછયું–તમે કેટલી કલાઓનો અભ્યાસ કરેલો છે? મંત્રિએ જવાબ આપ્યો કે મેં ૭૩ કલાઓનો અભ્યાસ કરેલો છે, રાજાએ પૂછયું— કઇ એક વધારે કલા તું ભણ્યો છે? 'એ હું સમયે બતાવીશ.' એ પ્રમાણે મંત્રી કહીને ઘેર ગયો. એક વખત મંત્રીએ સ્નાન કરતી પટરાણીનો હાર ગ્રહણ કરી પોતાની દાસીને આપ્યો. એક વખત રાજા તે હારને સારી રીતે ઓળખી, આ મારો હાર તમે ચોર્યો છે એમ કહી રાજાએ મંત્રીની તર્જના કરી. મંત્રીએ કહ્યું—આ હાર મારા પૂર્વજોનો છે. પણ પૂજ્ય એવા આપનો નથી. રાજાએ કહ્યું–જો આ પ્રમાણે હોય તો કુબેર યક્ષના મંદિરમાં પ્રવેશ કરી, દિવ્ય પ્રયોગ કરી પ્રત્યક્ષ કરી બતાવો. તે યક્ષ પણ પોતાના મંદિરમાં આવેલા અસત્યવાદિને હણે છે અને સત્યવાદીને પૂજે છે. એ પ્રમાણે યક્ષની પ્રસિદ્ધિ છે. મંત્રિએ પણ સાહસ ધારણ કરી સાંજના સમયે નગરજનોની સમક્ષ યક્ષના મંદિરમાં પ્રવેશ કર્યો. 'આ અસત્યવાદી પાપી મારા મંદિરમાં આવ્યો છે' આ કારણથી ક્રોધ કરતો

અગ્નિની જ્વાલાઓને વમતો, ભૂમિને કંપાવતો, લોખંડનો મુદ્ગર હાથમાં ધારણ કરતો સાક્ષાત્ યમરાજ જેવો તે યક્ષ પ્રગટ થયો અને બોલ્યો, હે પાપી! અસત્યવાદી! એવા તારા આ લોખંડના મોગરથી આજે હું કકડા કરી નાખીશ. આ પ્રમાણે બોલતા યક્ષને મંત્રિએ કહ્યું હે યક્ષરાજ! પહેલા આ જન્મથી માંડીને ઉત્પન્ન થયેલા મારા સંદેહને તમે દૂર કરો. ત્યાર પછી આપને જેમ રુચે તેમ કરજો. આ પ્રમાણે સાંભળીને યક્ષે કહ્યું–તારો સંદેહ મને કહે. ત્યાર પછી મંત્રિએ આ પ્રમાણે કહ્યું કે ફલોદિનગરમાં ધરણ અને કરણ નામના પિતા અને પુત્ર છે એ બન્નેની સ્ત્રીઓ મરણ પામી છે, તેથી તેઓ અન્ય સ્ત્રીઓને કરવાની ઇચ્છાવાળા તે બન્ને જણાએ મનોરમા નગરી તરફ પ્રસ્થાન કર્યું. માર્ગમાં જતા તેઓએ આગળ ગયેલ સ્ત્રીઓના પગલા જોયા. તે સ્ત્રીઓ માતા અને પુત્રી હતી. તેમાં માતા વામન છે. તેથી તેના પગલા નાના છે અને પુત્રી લાંબી છે. તેથી તેના પગલા મોટા છે. બન્ને તેઓના પગલાનું બરોબર અવલોકન કરી ધરણે કહ્યું—હે પુત્ર! જો ભાગ્યના વશથી આ બન્ને સ્ત્રીઓ આપણા બન્નેનો સ્વીકાર કરે તો મોટા પગલાવાળી મારી સ્ત્રી અને નાના પગલાવાળી તારી. એ પ્રમાણે તે બન્ને જણાએ પરસ્પર નક્કી કર્યું. હવે ભેગી થયેલી તે બન્ને સ્ત્રીઓ તેઓના વચનો અંગીકાર કરે છે. તે બન્ને તેઓની સ્ત્રીઓ થઈ. હવે તે ચારેને પણ ઉત્પન્ન થયેલા પુત્રોનો પરસ્પર સંબંધ કયો થાય? એ પ્રમાણે મારા હૃદયમાં સંદેહ થયેલો છે.

તેનો તમે ઉત્તર આપો! સંશયમાં પડેલો હું 'આનો શું ઉત્તર આપું?' એ પ્રમાણે વિચાર કરતા કુબેરયક્ષને પ્રભાત થયું. તે તેઅતે પ્રભાત થયે મંત્રિને ત્યાં છોડીને યક્ષ અદૃશ્ય થયો. તેથી 'મંત્રી સાચો છે.' એ પ્રમાણે પૂજારીએ રાજાને જણાવ્યું. આશ્ચર્ય પામેલા રાજાએ મંત્રીનો સત્કાર કરી રજા આપી. હવે કેટલાક દિવસો પસાર થયા પછી મંત્રી તે હાર રાજાને આપીને હાર ચોર્યાથી માંડીને યક્ષને છેતર્યા ત્યાં સુધીનું વૃતાંત કહ્યું અને પોતાની અધિક કલા-'દેવોને પણ છેતરવાની છે' એમ કહ્યું. તેથી ખુશી થયેલા રાજાએ તેનું બહુમાન કર્યું.

ઉપદેશ :— મતિશેખર મંત્રિના કાર્યમાં કુશળતા જાણી તમે પણ તે પ્રમાણે પ્રવૃત્તિ કરો કે જેનાથી હંમેશા કલ્યાણ થાય.

મતિશેખર મંત્રિની કથા સમાપ્ત. (૬૯)

-કથારત્ન સાગરમાંથી.



બે રાજપુત્રોની કથા

૭૦

શૂળીથી ભોગવવા યોગ્ય જે કર્મ છે તે શુભ કાર્ય કરવાથી રાજપુત્રની માફક સોયથી નાશ પામે છે.

એક રાજાને બે રાણીઓ હતી. તે બન્નેને એક જ દિવસે પુત્ર રત્નની ઉત્પતિ થઈ.એક પુત્રનો એક ઘડી પહેલા જન્મ થયો તેથી તે મોટો અને બીજો લઘુભાઈ કહેવાયો. રાજાએ મોટા મહોત્સવથી તે બન્નેનો જન્મ મહોત્સવ ઉજવ્યો. રાજાએ નિમિત્તિઆને બોલાવીને કહ્યું.—આ પુત્રોના જન્મ લગ્ન કાઢો અને ફલાદેશ કહો ? તે નિમિત્તિઓ લાંબા કાળ સુધી જન્મ કુંડલી તપાસી પહેલા મોટાભાઈનું ફલાદેશ આ પ્રમાણે કહે છે. કે—મોટોભાઈ એકવીસમાં વર્ષે જન્માષ્ટમીના બીજા દિવસે ત્રીજી ઘડીએ ચક્રવર્તી મહારાજા થશે. આ પ્રમાણે સાંભળીને બધા બહુ ખુશ થયા. રાણી પોતાના કંઠમાંથી રત્નનો હાર કાઢી નિમિત્તિઆને આપે છે, પછી નાનાભાઇના ફલાદેશને કહે છે. નાનોભાઇ એકવીસમાં વર્ષે જન્માષ્ટમીનાં બીજા દિવસે ત્રીજા પ્રહરે શૂળી ઉપર ચઢશે. આ પ્રમાણે સાંભળીને સર્વને ઘણું દુઃખ થયું. પોતાના પુત્રનું અનિષ્ટ સાંભળી નાની રાણીનું મુખ નિસ્તેજ અને ફિક્કું થયું. રાજા વારંવાર પૂછે છે. પરંતુ રાજજ્યોતિષિએ કહ્યું, 'તેમાં કંઇપણ ફેરફાર

થશે નહિં' બન્ને રાજકુમારોની જન્મ પત્રિકાને સુરક્ષિત સ્થાને રાખી 'અનિષ્ટ આગમનનું શ્રવણ કરે છતાં પણ તેના વારણને માટે ઉદ્યમ મૂકવો ન જોઈએ.' એ પ્રમાણે વિચાર કરી રાજાએ નાના રાજપુત્રને ભણવા માટે શાસ્ત્ર વગેરે કલાઓ ગ્રહણ કરવા માટે શ્રેષ્ઠ પંડિતને સોંપ્યો. તે વિનયથી વિદ્યા ગ્રહણ કરે છે, અને ધર્મશાસ્ત્રોને ભણતો પંડિતના સમાગમથી ધર્મમાં રાગી હંમેશા ધર્મ આરાધનામાં તત્પર અને સદાચારવાળો થયો. 'ગુણો અને દોષો સંસર્ગથી થાય છે.' એ વાકયને સત્ય કરતો હોય તેમ તે ધર્મી થયો. મોટાભાઈ તો 'હું મહારાજા થઈશ' એ ગર્વથી તેમજ દુર્જન મિત્રોના સમાગમથી તે દારુના પીઠામાં, વારાંગનાઓના ઘરમાં વિલાસ કરતો દિવસો પસાર કરે છે. એ પ્રમાણે તેઓને જ્યારે એકવીસમું વર્ષ આવ્યું ત્યારે જન્માષ્ટમીના દિવસે આખું નગર મહા-મહોત્સવની શરૂઆતમાં આનંદ મગ્ન થયું. આ મહોત્સ-વની શરૂઆતમાં રાજા અચાનક માંદો પડયો. તેથી સાંજે પ્રભુની આરતી ઉતારવા અસમર્થ થયો. મોટાભાઈને શોધવા છતાં તે મળ્યો નહિં. તે વખતે તે મોટોભાઈ વિદેશથી આવેલી નટડીના નૃત્યને જોવામાં આસક્ત હતો. તેથી નાના રાજકુમારને આરતી ઉતારવા બોલાવ્યો. તે અતિ સ્નેહથી ભક્તિ પૂર્વક ભગવાનની આરતી ઉતારે છે. આ જન્મ મહોત્સવમાં ભગવાનના ગુણ-ગાનથી આખી રાત્રી પસાર કરે છે. મોટો રાજકુમાર કામભોગોમાં અત્યંત આસક્ત અને ખરાબ વ્યસનોથી ક્ષીણ પુણ્યવાળો થયેલ

પ્રભાતમાં રાજ્યમહેલમાં આવતો તે પગ ખસવાથી પડયો અને પ્રભુ જન્મના મહોત્સવમાં ઉછાળેલી સુવર્ણમુદ્રામાંથી બે સોના મહોરો મોટાભાઈને મળી. તે જ વખતે નાનો રાજકુમાર પ્રભુના જન્મ મહોત્સવને સંપૂર્ણ કરી રાજ-મહેલમાં આવવા માટે જતો, પગ ખસવાથી તે ત્યાં પડયો તે વખતે પહેલા માળીએ પુષ્પનો કરંડીયો ત્યાં મૂકયો હતો. તે પુષ્પોના ગુચ્છાની મધ્યમાં રહેલી એક સોય કુમારના પગમાં વાગી. તેથી તે પગની પીડાથી દુઃખી થયેલો કષ્ટથી સોંયને કાઢીને સ્વસ્થ થયો. પ્રભાત સમયે સ્વસ્થતાને પામેલા રાજાએ બન્ને રાજકુમારોને વિઘ્ન રહિત જોઈ તે જ્યોતિષિને બોલાવી જન્મકુંડલીના ફળમાં વિષ-મતાનું કારણ પૂછયું ત્યારે રાજ જ્યોતિષિએ કહ્યું કે જન્મકુંડળીનો નિર્દેશ સ્પષ્ટ છે. પરંતુ આ મનુષ્ય જન્મ એ કર્મ ભૂમિ છે. પૂર્વ ભવના કરેલા શુભાશુભ કર્મના ફલો આ ભવમાં ભોગવાય છે. પરંતુ સપ્તવ્યસન વગેરે પાપવાળી પ્રવૃત્તિથી શુભ કર્મ ક્ષય પામે છે અને ઉદ્ય-માં આવેલું અશુભ કર્મ પણ સદ્ધર્મમાં પ્રવૃત્તિ કરવાથી નાશ પામે છે. કહ્યું છે કે પૂર્વભવના કરેલાં સુકૃતકર્મો પણ પાપકર્મો કરવાથી નાશ પામે છે. આ કારણથી નાના રાજપુત્રનું શૂળીએ ભોગવવાનું અશુભકર્મ ધર્મકાર્ય કર-વાથી અલ્પ-સોયના દુઃખની વેદનાથી નાશ પામ્યું. મોટા રાજપુત્રનું ચક્રવર્તી પદને યોગ્ય શુભ કર્મ દુરાચારની પ્રવૃ-ત્તિથી ક્ષય પામ્યું. જેથી શેષ શુભ કર્મના પ્રભાવથી તેને બે સુવર્ણ મહોરો મળી. એ પ્રમાણે બન્ને રાજકુ-

કુમારોનું શુભને અશુભ કર્મોના ફળોનું નિષ્ફળતાવાળું દૃષ્ટાંત સાંભળી હંમેશા અશુભ કર્મના નિવારણ કરવામાં સમર્થ એવા ધર્મ કાર્યમાં તેમજ સદાચારમાં પ્રવૃત્તિ કરવી જોઈએ.

ઉપદેશ :— બન્ને રાજકુમારોના શુભ અને અશુભ કર્મનું સ્વરૂપ જાણીને કલ્યાણકારી એવા ધર્મને વિષે સદા યત્ન કરો.

બે રાજપુત્રોની કથા સમાપ્ત (૭૦)

—ગુર્જર કથામાંથી.





ગુરુ અને શિષ્યની કથા

૭૧

સાચા વૈરાગ્યવાળા જીવો ઇંદ્રિયોના કોઈ પણ વિષયોમાં આસક્ત થતાં નથી. અહીંયા ગુરુ-શિષ્યનું દૃષ્ટાંત બોધ કરનારૂં છે.


વિશુધ્ધ વૈરાગ્યથી રંગાયેલા શિષ્ય સહિત એક ગુરૂ વિહાર કરતા એક વખત જંગલની મધ્યમાં આવી રહ્યા છે. તે વખતે આગળ ચાલતા ગુરૂએ ભૂમિ ઉપર મણિથી શોભિત સુવર્ણ ભૂષણ પડેલું જોઈ વિચાર કરે છે. શિષ્ય પાછળ આવે છે, જો તે આને જોશે તો તેને ગ્રહણ કરવાની અભિલાષા થશે. તેથી આભૂષણ ધૂળથી ઢાંકુ. એ પ્રમાણે વિચાર કરીને તેના ઉપર ધૂળ નાખે છે. તે વખતે શિષ્ય પણ ત્યાં આવ્યો. અને તેની ઉપર ધૂળ નાખતા ગુરૂને જોઇ કહે છે, હે ભગવંત ! ધૂળ નાખીને શું ઢાંકો છો ? પ્રથમ તો ગુરૂભગવંત કહેતા નથી. પરંતુ શિષ્યના અત્યંત આગ્રહથી તેને કહ્યું કે માર્ગમાં કોઇનું આભૂષણ પડયું છે. તેને જોઈ તને મોહ ઉત્પન્ન ન થાય તેથી મેં ધૂળથી ઢાંકયું છે. શિષ્ય કહે છે 'ધૂલિ ઉપર ધૂલ નાખવા વડે શું ?' એ પ્રમાણે સાંભળીને વિસ્મય પામેલા ગુરૂ વિચાર કરે છે કે મારાથી મારો શિષ્ય અધિક વૈરાગ્યવાસિત મનવાળો છે, કારણ કે મને ભૂષણમાં ભૂષણ દૃષ્ટિ છે પરંતુ આને તો ભૂષણને વિષે ધૂલ સરખી દૃષ્ટિ છે. મહાપુરૂષો મણિમાં અને માટીના ઢેફામાં સમદૃષ્ટિવાળા

હોય છે. એ પ્રમાણે વિચાર કરી ગુરૂ પણ બધે ઠેકાણે સમચિત્તવાળા થયા.

ઉપદેશ :—આ પ્રમાણે આત્મકલ્યાણને ઇચ્છતા બધાએ પોદ્ગલિક વસ્તુને વિષે સમચિત્તવાળા થવું જોઈએ. હે ભવ્ય જીવો ! સમભાવથી ભૂષિત ગુરૂ-શિષ્યનું દૃષ્ટાંત જાણી તમે પણ સર્વ ઠેકાણે સમભાવવાળા થાઓ.

ગુરૂશિષ્યની કથા સમાપ્ત. (૭૧)

—ગુજરાત કથામાંથી



સાપ ગયા અને લિસોટા રહ્યા

૭૨

"સાપ ગયા અને લિસોટા રહ્યા" આ કહેવત ઉપર વર્તમાન કલિકાલમાં પૂર્વના જેવા મનુષ્યો થતાં નથી. અહીં રાજા અને વિદ્વાન બ્રાહ્મણની કથા છે.

એક રાજા આ પ્રમાણે વિચાર કરે છે. જે મનુષ્ય પાણીથી ભરેલો ઘડો પીએ તેને દાન આપવું, રાજ સભામાં ઘણા બ્રાહ્મણો તથા પંડિતો આવે છે. રાજા તેઓને જલથી ભરેલા ઘડાનું પાણી પીવાને કહે છે. તેઓમાં કોઇ પણ ભરેલા ઘડામાં ઘણું પાણી હોવાથી કોઈ પીવા સમર્થ થયો નહિ. રાજા કોઈને પણ દાન આપતો નથી. એ પ્રમાણે ઘણા વિદ્વાનો આવે છે. પણ ભરેલા ઘડાનું પાણી પીવા કોઈ પણ શકિતમાન થયા નહિ અને રાજા પણ દાન આપતો નથી. એક વખત કોઇક વિદ્વાન દાન નહિ આપવાનું કારણ જાણી હાથમાં એક મોટા પત્થરને ગ્રહણ કરી રાજાની આગળ આવ્યો. રાજા તેને ઘડાનું પાણી પીવાનું કહે છે. તે પીવાની ઇચ્છા કરતો નથી. તે વખતે રાજા કહે છે–'તમારા પૂર્વના પુરૂષ અગત્સ્ય મહાઋષિ થઇ ગયા તેમણે સમુદ્રનું પાણી પીધું હતું. પણ તું ઘડા જેટલું થોડું પાણી પીવા પણ કેમ સમર્થ થતો નથી?' આ સાંભળી તે વિદ્વાન કહે છે કે આ પત્થરને પાણી ઉપર તરાવો તો હું ઘડાનું ભરેલું પાણી પી જઉં. રાજા કહે છે કે–પાણી ઉપર પત્થર કેવી રીતે તરે? ત્યારે તે વિદ્વાન

કહે છે–તમારાં પૂર્વજોમાં થયેલ રામચંદ્રજીએ લંકા જતી વખતે સમુદ્ર ઉપર પત્થરોને તરતા મૂકી પુલ બાંધ્યો હતો અને તમે પણ તેના વંશમાં જ થયેલા આ નાના પત્થરને પાણી ઉપર તરાવવાને કેમ સમર્થ થતા નથી? ત્યારે રાજા કહે છે કે કયાં રાજા રામચંદ્ર અને કયાં હું? તે વખતે વિદ્વાન બ્રાહ્મણ કહે છે કે તે અગસ્ત્ય મહાઋષિ કયાં? અને હું કયાં? આ પ્રમાણે જેવા વર્તમાન કાળમાં રાજાઓ છે. તેવા જ વિદ્વાન બ્રાહ્મણો છે. તેથી પૂર્વકાલના સરખા સત્વશાલિ મહાપુરૂષો વર્તમાનકાલમાં નથી.

ઉપદેશ :–વર્તમાનકાળના રાજા અને વિદ્વાન બ્રાહ્મણના સુંદર વાર્તાલાપને સાંભળી હંમેશા યથા શકિત તમે કાર્ય કરવામાં તત્પર બનો.

એ પ્રમાણે વર્તમાનકાળના રાજા અને વિદ્વાન બ્રાહ્મણની કથા સમાપ્ત.

–ગુર્જર કથામાંથી. (૭૨)

દાતારને કાંઈ પણ અદેય હોતું નથી. અહિંયા વિક્રમાદિત્ય રાજાની તેંતેરમી કથા છે. વિક્રમ-રાજાએ કષ્ટથી 'નહીં બોલતી' રાજકન્યાને પ્રાપ્ત કરી પ્રસન્ન થઈ ચિત્રકારને આપી દીધી. 'દાતારને નહિં આપવા લાયક શું હોય ?' અર્થાત્ બધું જ આપી શકે છે.

ઉજ્જયિણી નગરીમાં પરદુઃખભંજન પરસ્ત્રીને ભાઈ સમાન વિક્રમાદિત્ય રાજા હતો. તે એક વખત નગર બહાર ફરવા જતાં દૂર દેશથી આવેલા એક દૂતને જોઈને પૂછયું, તું કયાંથી આવ્યો છે ? 'કનકપુરથી હું આવ્યો છું' એ પ્રમાણે તેણે કહ્યું. રાજાએ પૂછયું-ત્યાં કંઈ પણ આશ્ચર્ય તેં જોયું ? તેણે કહ્યું-હે દેવ ! ત્યાં જે આશ્ચર્ય જોયું છે તે સાંભળો. ત્યાં કનકસુંદર રાજાને સ્ત્રીઓના સમુદાયમાં શિરો-મણી જેવી તિલકશ્રી નામની પુત્રી છે. એક વખત તેણીને માત-પિતાએ વિવાહ માટે કહ્યું. તેણીએ કહ્યું કે-રાત્રિના વિષે ચાર વાર જે મને બોલાવશે તે મારો સ્વામી, અન્યથા મારો સેવક થશે. એ પ્રમાણે તેણીના નિર્ણયની વાત ચારે બાજુ પ્રસિધ્ધ થયેલ સાંભળીને ઘણા રાજા, મંત્રી, શેઠ, સાર્થવાહ અને સેનાપતિ વગેરેના પુત્રો તેને માટે ત્યાં આવ્યા. તેણીને નહિં જીતવાથી તેના ઘરમાં તેઓ માથું મુંડાવી, મોઢું મસીથી મલિન કરી, સ્ત્રી વેશ ધારણ કરી હંમેશા પાણી લાવે છે. એ પ્રમાણે ત્યાં

મેં આશ્ચર્ય જોયું. એ પ્રમાણે આશ્ચર્ય જણાવનાર તે પુરુષનો સત્કાર કરી રાજાએ તેને રજા આપી. પછી તે રાજપુત્રો વગેરેનું દુઃખ અને કુમારિકાનું અભિમાન હું દૂર કરીશ. એ પ્રમાણે વિક્રમ રાજા વિચાર કરીને પોતાનો સેવક વેતાલ દેવને મનમાં ચિંતવન કરી કનકસાર નગરમાં આવ્યો. ત્યાં જોગીનો વેષ ધારણ કરી ફરતો રાજા ક્રમે રાજાના દ્વારના વિષે આવી નગારૂં વગાડયું. અમારા સ્વામિનીને જીતવા કોઈ આવ્યો છે. એ પ્રમાણે ત્યાં આવેલી દાસીઓએ જોગીને જોયો. પોતાના સ્વામિનીને તે જોગીનું સ્વરૂપ કહ્યું. તે રાજકન્યા વડે બોલાવાયેલ તે જોગી પણ દીવાઓથી શોભતા ઘરમાં પ્રવેશ કરીને જોગીના વેષે જ આસન ઉપર બેઠો. અને સર્વ અલંકારોથી શોભતી આસન ઉપર બેઠેલી તેણીને કથા કહેવા માટે તત્પર થયો.

પહેલા દીવાને ઉદ્દેશીને કહ્યું–હે દીપક ! આ કન્યા પાષાણ કરતા પણ અતિ કર્કશ છે, હુંકારો પણ દેતી નથી. તેથી જો તું હુંકારો દે તો હું કોઇ કથા કહું તે વખતે દીવાની અંદર રહેલા વેતાલદેવે તે પ્રમાણે સ્વીકાર્યું, પછી રાજા કથા કહેવા લાગ્યો તે આ પ્રમાણે—

કલાસાર ગામનો નિવાસી નારાયણ નામે બ્રાહ્મણ કમલા નામની પોતાની સ્ત્રીને લાવવા માટે સાતવાર સસરાના ઘેર ગયો, પરંતુ કોઇ પણ કારણને લીધે તે આવતી નથી. ત્યાર પછી આઠમી વખત તેણીને લાવવા માટે કેશવ નામના મિત્ર સાથે જતા માર્ગમાં મૃત્યુંજય નામના

તીર્થમાં આવી મહેશ્વરદેવની સમક્ષ કહ્યું હે–દેવ આ ! વખતે જો હું મારી પ્રિયાને લઈને આવીશ તો મસ્તકરૂપી કમલથી તમારી પૂજા કરીશ. આ પ્રમાણે કહી જ્યારે તે પોતાની સ્ત્રીને લઈ પાછો ત્યાં દેવમંદિર આગળ આવ્યો અને મિત્રને કહ્યું—હે મિત્ર ! મહાદેવને નમસ્કાર કરી જ્યાં સુધી હું પાછો ન આવું ત્યાં સુધી તમારે અહીંયા રહેવું. એ પ્રમાણે કહી મહાદેવના મંદિરમાં જઈ તલવારથી પોતાનું મસ્તક છેદી, તે મસ્તકરૂપી કમલથી મહેશ્વરની પૂજા કરી તે મર્યો અને ત્યાં જ પડયો, તેને આવવામાં વિલંબ જોઇ મંદિરમાં તેનો કેશવ મિત્ર પણ આવ્યો. તેને તેવા પ્રકારે મરેલો જોઇ વિચાર કરે છે કે જો હું આ બાલાને લઇને ઘેર જઇશ તો જરૂર આ સ્ત્રી વિષે આસક્ત થયેલા મિત્ર-દ્રોહી આ પાપીએ પોતાના મિત્રને માર્યો લાગે છે. એ પ્રમાણે મને કલંક લાગશે. તેથી તે પણ મિત્રની માફક માથું કાપી ત્યાં પડયો અને મર્યો. બન્નેને આવવામાં વિલંબ થયો જોઈ અત્યંત ભય પામી તેણી પણ મંદિરમાં ગઇ. તેઓની આવી અવસ્થા જોઇ વિચાર કરે છે જો હું સસરા અથવા પિતાના ઘરે એકલી જાઉં તો સ્વેચ્છાચારી આ સ્ત્રીએ પતિ અને દિયરને હણ્યો લાગે છે, એ પ્રમાણે મને કલંક આપશે. તેથી મારે પણ એઓની માફક મરવું યોગ્ય છે. તેથી તે જ તલવારથી પોતાનું માથું કાપવા માટે તૈયાર થઈ ત્યારે તેને મહેશ્વરદેવ પ્રત્યક્ષ થયા. 'હું સ્ત્રી હત્યાનું પાપ ગ્રહણ નહિં કરૂં' એ પ્રમાણે કહેતા તેના હાથમાંથી તલવાર લઇ લીધી. 'કલંકવાળી અને

પતિના વિરહવાળી એવી મારે જીવવા વડે શું ? તેથી જો આ બન્ને જીવશે તો જ મારા પ્રાણો છે, અન્યથા નહીં.' એ પ્રમાણે તે સ્ત્રીનો નિર્ણય જાણી 'મારા પ્રક્ષાલનના જલથી બન્નેનો અભિષેક કરીશ તો તે બન્ને જીવશે.' એ પ્રમાણે ભગવાન શંકરે કહેલું સાંભળી ઉત્સુક થયેલી તે ભ્રમર્થ તેણીએ બન્નેના માથા વિપરીત પણે જોડયા અને અભિષેક કરાયેલા તેઓ બન્ને જીવતા થયા. હવે હે દીવા! તેણીને માટે પરસ્પર કલહ કરતા બન્નેમાં આ સ્ત્રી કોની થાય ? એ પ્રમાણે જોગીએ પૂછ્યું. હવે તે રાજકન્યાને બોલાવવાને ઉત્સુક થયેલ દીપકની અંદર રહેલા વેતાલદેવે 'પતિના મુખવાળા પુરૂષની પત્નિ થાય.' એ પ્રમાણે અનુચિત કહ્યું, તે સાંભળીને કોપવાળી થયેલી પોતાના નિર્ણયને ભૂલી જઇને તે રાજકન્યાએ દીવાને મોટે સ્વરે કહ્યું કે 'પાપી દીવા ! તું અસત્ય ન બોલ.' એ પ્રમાણે રાજકન્યા પહેલીવાર બોલી એ જણાવવા માટે જોગીએ નગારૂં વગડાવ્યું. દીવાએ પૂછ્યું હે યોગીન્દ્ર ! આ પત્નિ કોની થાય ? ત્યારે જોગીએ કહ્યું કે વિવાહના અવસરે જમણો હાથ અપાય છે અને તે જમણો હાથ ધડમાં જ રહેલો છે માટે મિત્રના મુખવાળા પુરૂષની જ સ્ત્રી થાય. એકવાર આ યોગીન્દ્રે મને બોલાવી હજુ ત્રણ વખત બાકી છે એમ વિચારી વિશેષે કરીને તે રાજકન્યા મૌન રહી.

વિક્રમ રાજાની પહેલી કથા ક્રમથી–૭૩મી સમાપ્ત.



વિક્રમાદિત્ય રાજાની બીજી કથા

૭૪

હવે ફરી પણ દીપકની જેમ કન્યાના કુંડલમાં રહેલા વેતાલદેવને બોલાવી જોગી કથા કહે છે. ધનરથ નગરમાં બલદત્ત શેઠની બન્ને પ્રકારે રૂપથી અને નામથી રૂપવતી નામે પુત્રી છે. પિતા, માતા, ભાઈ અને મામાએ જુદા જુદા વરને આવવાનું નક્કી કર્યું. હવે લગ્નના અવસરે આવેલ ચારે વરરાજાઓની પરસ્પર કન્યાને માટે વિવાદ કરતા જોઈ અહો! અરે! મારા માટે આ મોટો કજીયો થયો. એ પ્રમાણે વિચારી જીવતી જ તે કન્યા અગ્નિમાં પડી અને ભસ્મિભૂત થઇ. તે વખતે એ ચારેમાંથી એક તેની સાથે અગ્નિમાં પડયો. બીજો પણ સ્મશાન ભૂમિ ઉપર ઘર કરી ત્યાં રહ્યો. ત્રીજો ભિક્ષુક બની ભિક્ષાથી પ્રાપ્ત કરેલા ભાગને ચિત્તા ઉપર મુકી બાકીનું તે ખાય છે. વળી ચોથો પણ તેના હાડકા વગેરે ગ્રહણ કરી ગંગા તરફ જતો માર્ગમાં આવેલા મહાનંદ નગરમાં ભિક્ષા માટે પ્રવેશ કર્યો. ત્યાં માનદત્ત શેઠને ઘરે ગયો. તે વખતે પતિવ્રતા કમલાશ્રી નામની તેની પત્નિ ભિક્ષાદાનમાં અંતરાય કરતાં ઘણું રડતાં પોતાના બાલકને ચૂલાના અગ્નિમાં નાખી ભિક્ષા આપવા માટે તત્પર થઈ. તે વખતે તેણે કહ્યું હે માતા! મારા નિમિત્તે આ બાલહત્યા થઇ તેથી આ ભિક્ષા ગ્રહણ કરીશ નહિં. આ પ્રમાણે નિષેધ કરી તે પાછા ફરવાની તૈયારી કરે છે. તે વખતે તેણીએ તે બાલકને અમૃત છાંટા નાખવા વડે જીવાડી ફરીથી તેને ભિક્ષા આપવા માટે તત્પર થઈ, ત્યારે તેણે કહ્યું હે માતા! આ

અમૃતરસનો અંશ મને આપો. આ પ્રમાણે પ્રાર્થના કરાયેલી તેણીએ અમૃતરસ આપ્યો. તે અમૃતરસને લઇ તે સ્મશાન ભૂમિમાં આવ્યો. તેણે તે અમૃતરસથી તે કન્યાને જીવતી કરી ત્યારે તેની સાથે જે અગ્નિમાં પડયો હતો તે પણ જીવતો થયો. હવે હે કુંડલ! જીવતી થયેલ તેણીને માટે ચારે જણા પરસ્પર કલહ કરવા લાગ્યા. હવે તેઓમાંથી 'આ કોની પત્ની થાય?' આ પ્રમાણે જોગીએ પૂછયું હવે તે રાજકન્યાને બોલાવાને માટે ઉત્સુક થયેલા કુંડલની અંદર રહેલા વેતાલદેવે કહ્યું 'જીવિત આપનાર પુરૂષની પત્ની થાય, આ અત્યંત અયોગ્ય કહેલું સાંભળી રોષવાળી થયેલી પોતાની પ્રતિજ્ઞા ભૂલી જઈ રાજપુત્રી મોટા અવાજથી બોલી હે દુષ્ટ કુંડલ! તું 'અસત્ય ન બોલ.'આ પ્રમાણે રાજપુત્રી મોટા શબ્દથી બોલી, બીજીવાર આ રાજકન્યા બોલી તે જણાવવાને માટે યોગીએ બીજી વખત નગારૂં વગડાવ્યું. કુંડલમાં રહેલા વેતાલદેવે કહ્યું કે હે યોગીન્દ્ર! આ કોની પત્નિ થાય? તેમજ બીજા પુરૂષો સાથે આનો કોણ સંબંધ થાય?' જોગી કહે છે અમૃતરસથી જીવિત આપનાર પિતા, ચિતાની મધ્યમાંથી સાથે જીવતો થયો તે ભાઇ, ચિતાના સ્થાનનું રક્ષણ કરનાર તે દાસ અને મળેલી ભિક્ષામાંથી ભોજન, વસ્ત્ર વગેરે આપનાર તે સ્વામિ થાય છે કેમ કે વસ્ત્ર, અલંકાર તેમજ ભોજન વગેરે આપવું તે સ્વામિને આધીન હોય છે. આ યોગીથી હું બીજીવાર પણ હું બોલાવાઈ, હવે બે વાર બાકી છે, જેથી વિશેષે કરી તે રાજકન્યા મૌન ગ્રહણ કરી રહી.

અહીં વિક્રમરાજાની બજી કથા ક્રમથી ૭૪મી કથા સમાપ્ત.


વિક્રમાદિત્ય રાજાની ત્રીજી કથા


૭૫

હવે ફરીથી દીવાની જેમ કન્યાના હારને ઉદ્દેશી જોગી કથા કહે છે. તે પ્રમાણે–નરસાર નગરમાં નરપાલ નામે રાજાને પુણ્યપાલ નામે પુત્ર છે. તે આ નગરમાં પુરોહિતનો પુત્ર બુદ્ધિસાગર, સુથારનો પુત્ર ગુણસાગર, સોનીનો પુત્ર રૂપસાર અને વણકરનો પુત્ર ધનસાર એ ચારે રાજપુત્રના મિત્ર હતા. એક વખત પિતાના નિર્દેશથી દેશનો ત્યાગ કરવાની ઇચ્છાવાળા રાજાના પુત્ર પુણ્યપાલે ચારે મિત્રોને પૂછયું. મિત્રોએ કહ્યું, દેહની છાયાની જેમ અમે તમને છોડી શકીશું નહિ. એથી રાજકુમાર તે મિત્રોની સાથે નગરની બહાર નીકળ્યો. ક્રમે તેઓ ગહન વનમાં આવ્યા. ત્યાં તે ચારે મિત્ર ક્રમે કરી રાત્રિમાં પહેરો ભરે છે અને રાજકુમાર સુઇ ગયો. પહેલા પ્રહરમાં સુથારનો પુત્ર ગુણસાગર ચંદનના ખંડ ખંડ અવયવોથી શોભતી દેવ–રમણી જેવી સુંદર એક પુતળી બનાવીને તે સૂઇ ગયો. બીજા પહોરમાં વણકરનો પુત્ર ધનસાર ઉઠયો તે પણ યથા યોગ્ય શ્રેષ્ઠ વસ્ત્રો તે પુતલીને પહેરાવી સૂઈ ગયો. ત્રીજા પહોરમાં સોનીનો પુત્ર રૂપસાર ઉઠયો તે પણ મણિ–સુવર્ણ વગેરે અલંકારોથી તે પુતળીને શણગારી સૂઈ ગયો. ચોથા પહોરે પુરોહિતનો પુત્ર બુદ્ધિસાગર ઉઠયો તેણે પણ મંત્રના બલથી આકર્ષણ કરી ભગવાન સૂર્યના પ્રયોગથી તે પુતળીને જીવતી કરી ત્યારે પ્રભાત થયું. હે હાર! જીવતી તેણીને જોઇ પોત–પોતાનું કરેલું કાર્ય રાજાના પુત્ર પુણ્યપાલને જણાવ્યું,

પછી તેણીને માટે પરસ્પર કલહ કરતાં તેઓમાંથી કોની આ પત્નિ થાય ? એ પ્રમાણે જોગીએ પૂછ્યું. તે રાજકન્યાને બોલાવવા માટે ઉત્સુક થયેલ હારની અંદર રહેલા વેતાલદેવે કહ્યું—'જીવન આપનારની પત્ની થાય.' એમ અત્યંત અનુચિત કહેવાયેલું વચન સાંળળીને ઈર્ષ્યાવાળી તે રાજકન્યા ફરી પણ પોતાનો નિર્ણય ભૂલી જઈ રાજકન્યાએ મોટા સ્વરે કહ્યું 'હે પાપી હાર! તું અસત્ય ન બોલ' આ પ્રમાણે રાજકન્યા ત્રીજી વાર બોલી એ જણાવવાને જોગીએ ત્રીજીવાર નગારૂં વગડાવ્યું. હારે પૂછ્યું હે યોગીન્દ્ર! આ પત્નિ કોની થાય? તેમજ તેઓની સાથે કયો કયો સંબંધ થાય? ત્યારે યોગીન્દ્રે કહ્યું-જીવાડનાર તેનો પિતા થાય. પુતળી બનાવનાર માતા, અલંકાર પહેરાવનાર મામા અને વસ્ત્ર આપનાર પતિ જાણવો, જે કારણથી નગ્ન સ્ત્રીને પતિ જ વસ્ત્ર વગેરે પહેરાવે. આ જોગી વડે હું ત્રણ વાર બોલાવાઈ. હવે એક જ વાર બાકી છે. એમ વિચારી રાજકન્યા વિશેષે કરીને મૌન રહી.

આ વિક્રમરાજાની ત્રીજી કથા ક્રમથી ૭૫મી કથા સમાપ્ત.





વિક્રમાદિત્ય રાજાની ચોથી કથા

૭૬

હવે ફરી પણ દીવાની જેમ કન્યાના કંચુકને ઉદ્દેશીને જોગી કથા કહે છે–તે આ પ્રમાણે–હરિચંદ્રપુરમાં હરિસેન નામે રાજા હતો. એક વખત શંકર નામનો બ્રાહ્મણ ચોરી કરતા પકડાયો અને રાજાએ હણવા માટે આદેશ આપ્યો. ત્યારે તે બ્રાહ્મણ કહે છે–રાજન્! કુમારપણે મરવામાં દેવ-ગતિ થતી નથી. આ પ્રમાણે શ્રુતિ સંભળાય છે તેથી મારી જંઘામાં રહેલા પાંચ રત્નને આપી કોઇ પણ બ્રાહ્મણ પુત્રી સાથે મને પરણાવી પછી મને મારજો. આ પ્રમાણે બ્રાહ્મણની વિનંતિથી રાજાએ પાંચ રત્ન આપવાપૂર્વક એક બ્રાહ્મણની પ્રિયમતી નામની કન્યા તેને પરણાવી. ત્યાર પછી તેને માર્યો. હવે પતિ મરી ગયા પછી સ્વેચ્છાચારિણી થયેલી તે પ્રિયમતી કોઇ પુરૂષથી થયેલા પુત્રને પોતાની નામ-મુદ્રાથી અંકિત કરી નગરની બહાર તેનો ત્યાગ કર્યો. હવે ત્યાં ધર્મ નામના કુંભારે તે બાલકને પુત્રપણે રાખી મોટો કર્યો. એક વખત સંધ્યા સમયે માટીની ખાણ પાસે રૂપથી શોભતા એકલા ભમતા એ બાલકને હરિસેન રાજાએ જોયો. ધણી વિનાનો આ મારો પુત્ર થશે. એમ વિચારી તેણે ગ્રહણ કરી રાજાએ રાણીને સોંપ્યો. રાજાના મરી ગયા પછી તે રણસિંહ નામનો રાજા થયો. એક વખત શ્રાદ્ધદાનના અવસરે ગંગાનદીએ જઇ પિતાને પિંડ આપવાને તે તૈયાર થાય છે ત્યારે તેની આગળ તીર્થના પ્રભાવથી

એકસાથે પિંડ ગ્રહણ કરવા માટે ગંગાના પાણીમાંથી ચાર હાથ બહાર નીકળ્યા. આ પ્રમાણે કૌતુક જોઇ વિસ્મય પામેલા રાજાએ સોગનપૂર્વક રાજમાતાને પૂછયું–'આમ કેમ?' પિતા તો એક હોય પણ અહીં ચાર હાથ કેમ દેખાય છે. રાણીએ તેની પ્રાપ્તિમાં જે પ્રમાણે બન્યું હતું તે સર્વ વૃતાંત કહ્યું. માટીની ખાણમાંથી હું મલ્યો છું. એ પ્રમાણે સર્વ સ્વરૂપ જાણી રાજાએ પતિ વિનાની તે કુંભારની પત્નિને પૂછયું. તેણીએ જે પ્રમાણે બન્યું હતું તે પ્રમાણે કહી તેણીએ નામવાળી મુદ્રિકા રાજાને આપી. મુદ્રિકાના અક્ષરથી વૃતાંતનું મૂળ જાણી રાજાએ તે બ્રાહ્મણીને પૂછયું. તેણીએ સત્ય કહે છતે રાજા ગંગા નદીમાં જઇ 'મારા ચાર પિતા છે તેમાં જે પિંડનો અધિકારી હોય તે જ હાથ ધરે?' એ પ્રમાણે કહ્યું. તે વખતે જોગીએ પૂછયું હે કંચુક! ચોર, જારપુરૂષ, કુંભાર અને રાજાનો પિતા એ ચારે પિતાઓમાંથી કોનો હાથ પિંડને ગ્રહણ કરે. તેણીને બોલાવવા ઉત્સુક કંચુકની અંદર રહેલા વેતાલદેવે રાજાને કહ્યું કે–જારપુરૂષના બીજથી જ પુત્ર થયેલો હોવાથી જારપુરૂષનો હાથ પિંડને ગ્રહણ કરે. આ પ્રમાણે અત્યંત અઘટતું કહેલું વચન સાંભળી રોષ પામેલી પોતાની પ્રતિજ્ઞા ભૂલી જઇ તે રાજકન્યાએ–'હે પાપી કંચુક! તું અસત્ય બોલ નહિં. એમ મોટે સ્વરે કહ્યું. જોગીએ ચોથીવાર રાજપુત્રી બોલી તેથી નગારૂં વગડાવ્યું. કંચુકે પૂછયું હે જોગીન્દ્ર! કોનો હાથ પિંડ ગ્રહણ કરે? જોગીએ કહ્યું.–હે વેતાલ દેવ! ચોર એવા બ્રાહ્મણનો હાથ

પિંડને ગ્રહણ કરે. કારણ કે તે મરી ગયો છતે તે બ્રાહ્મણી વિધવા થઈ. આ પ્રમાણે ચોથી કથા સમાપ્ત.

હવે પ્રભાત થયે છતે રાજકન્યાએ કહ્યું—હે યોગીન્દ્ર! હું તમારી દાસી અને તમે મારા સ્વામી છો આ પ્રમાણે બોલતી રાજકન્યાનું વૃતાંત જાણી તેણીનો પિતા ત્યાં આવી તે જોગીને નમસ્કાર કરી ઉભો રહ્યો. વિક્રમાદિત્ય રાજા પ્રત્યક્ષ થઇ યથાર્થ પોતાનું સ્વરૂપ જણાવીને તે રાજા વગેરેના પુત્રોને બંધનમાંથી છોડાવી વિવાહ કર્યા વિના રાજકન્યા સાથે પોતાની નગરીમાં આવ્યો.

હવે એક વખત ભીંતની અંદર રાજા રહેલો છે, તે સમયે રાજસભામાં ચિત્ર કરતાં ચિત્રકલામાં અભિમાની એવા એક ચિત્રકારને બીજો ચિત્રકાર કહે છે હે ચિત્રકાર! તું ચિત્રકલાનું અભિમાન કેમ કરે છે? શું તારી ચિત્રકલાથી ખુશ થયેલો રાજા આ લાવેલી અવાદિની રાજકન્યા તને આપશે? આ સાંભળી દાનવીર વિક્રમાદિત્ય રાજા તે ચિત્રકારને તે રાજકન્યા આપી અને તે ચિત્રકારને દેશનો અધિપતિ બનાવે છે. આ પ્રમાણે દાનીને કાંઈ પણ અદેય હોતું નથી.

ઉપદેશ :—પરદુઃખભંજન વિક્રમાદિત્ય રાજાની કથા સાંભળી તે પ્રમાણે હંમેશા તમે પણ દાનમાં યત્ન કરો.

વિક્રમાદિત્ય રાજાની ચોથી કથા ક્રમથી ૭૬મી કથા સમાપ્ત.

—કથા રત્નાકરમાંથી.



પુષ્પવતીની કથા

૭૭

દૈવ પ્રતિકૂળ થયે છતે દુઃખની પરંપરા થાય છે. અહીં ભવ વૈરાગ્યના કારણભૂત પુષ્પવતીનું દૃષ્ટાંત જાણવું.

વારાણસી નગરીમાં ધનદત્ત શ્રેષ્ઠિને પુષ્પવતી નામની સ્ત્રી હતી. તેણીને કુબેરસેન નામે પુત્ર હતો. એક વખત તે નગરમાં સિંહશૂર નામના પલ્લીપતિની ધાડ પડી. તે વખતે પલ્લીપતિએ પુષ્પવતીને પકડી પલ્લીમાં લઈ જઇ સ્ત્રી પણે રાખી. હવે ધનદત્ત તેની શોધ કરતો પલ્લીમાં આવ્યો. ત્યાં હજામના ઘરે રહી પોતાની પ્રિયા પલ્લીપતિના ઘરમાં છે, એમ જાણી હજામની સ્ત્રીને તેની પાસે મોકલી. તેણી પણ પોતાનો સ્વામી આવેલો જાણી 'કાલિકાદેવીના મંદિરમાં ચૌદશની રાત્રીએ હું આવીશ' એ પ્રમાણે સંકેત હજામની સ્ત્રીને આપી પોતાના પતિને જણાવ્યું. 'મારી મોટી પીડા નાશ પામી છે, તેથી ચૌદશની રાત્રિએ કાલિકાદેવીની પૂજા કરીશ.' એ પ્રમાણે માયાથી પલ્લીપતિને જણાવી પલ્લીપતિ સાથે કાલિકાદેવીના મંદિરમાં આવી ત્યાં પલ્લીપતિને તલવારથી હણી દેવમંદિરમાં તેણીએ પ્રવેશ કર્યો. ત્યાં દૈવયોગથી સર્પે ડંસેલા પોતાના પતિને જોઈ તેના ઘોડા ઉપર બેસી રાત્રિમાં જ ત્યાંથી નીકળી ગઈ. સવાર થયે માર્ગમાં ચોરોએ તેનું સર્વ ગ્રહણ કરી ખંડાયતન નગરમાં આવી તેણીને કામરૂપા વેશ્યાને ત્યાં વેચી. એક વખત રૂપ અને યૌવનવાળી તેણી વૈશ્યાકર્મને કરતી

ત્યાં આવેલા પોતાના પુત્ર કુબેરસેન સાથે સંભોગ કર્યો. એકાંતમાં તેણી વડે પૂછાયેલ કુબેરસેને માતા-પિતાના નામ વિગેરે પોતાનો વૃત્તાંત કહ્યો. તે સાંભળી, હા! પાપિણી એવી મે પુત્રની સાથે સંગ કર્યો એ પ્રમાણે ખેદ કરતી વેશ્યાવૃંદથી અટકાવાયેલી પણ જીવતી એવી તેણીએ ચિતામાં પ્રવેશ કર્યો. તે વખતે દૈવના યોગથી ઉપરના પ્રદેશથી આવેલા નદીના પૂર વડે તે ચિતા પાણીમાં લઈ જવાઈ. હવે મોટા લાકડા ઉપર રહેલી પાણીમાં તણાતી તેણીને સારણ નામના ભરવાડે બહાર કાઢીને સ્ત્રી રૂપે ઘરમાં રાખી. એક વખત ગોવાળના કુળને ઉચિત કંબલ વગેરે ભરવાડણના વેશવાળી તેણી દૂધ, દહીં વેચવા મથુરાનગરીમાં ગઇ. ત્યાં બજારમાં રાજાના પુત્રના ઘોડાથી ભટકાયેલી ભૂમિ ઉપર પડી. ઉભી થયેલી તેણીના ભાજનો ભાંગી ગયા અને દહીં, દૂધ ઢોળાઈ ગયું છતાં વિશેષે કરી વિસ્મય મુખવાળી તેણીને જોઇ અજાણ્યા એવા એક પુરૂષે પૂછ્યું હે સુંદરી! દહીં, દુધ ઢોળાઈ ગયું છતાં પણ તું શોક કેમ કરતી નથી. તે પુરૂષને નહિં ઓળખતી તેણી પોતાના સ્વરૂપને કહ્યું કે રાજાને હણી સર્પથી ડંસાયેલા પતિને જોઈ દેશાંતરમાં દૈવના યોગે હું વેશ્યા થઇ, ત્યાં પુત્ર સાથે સંગ કરી ખેદ કરતી ચિત્તામાં મેં પ્રવેશ કર્યો. હવે દૈવયોગથી તેમાંથી બચી હાલમાં હું ભરવાડણની સ્ત્રી થઈ હવે હું કેવી રીતે દહીં, દૂધનો શોક કરૂં? આ પ્રમાણે સાંભળી હું તમારો પુત્ર છું એમ જણાવી તે કુબેરસેન પુત્ર તેણીને સાધ્વીજી પાસે લઇ ગયો. ત્યાં તેણીનો ઉપદેશ શ્રવણ કરી


વૈરાગ્યવાળી પુષ્પવતીએ દીક્ષા ગ્રહણ કરી. અશુભ કર્મના વિપાકોને આલોચના કરી વિવિધ તપશ્ચર્યા કરી સ્વર્ગ લોકમાં ઉત્પન્ન થઈ ક્રમથી તે મહા વિદેહમાં સિદ્ધિપદને પામશે.

ઉપદેશ :— કર્મ વિપાકોને બતાવનાર પુષ્પવતીનું દૃષ્ટાંત સાંભળી તે પ્રમાણે કરવું જોઇએ. કે આવા દુઃખો ન થાય.

આ પ્રમાણે દુઃખની પરંપરા ઉપર પુષ્પવતીની કથા ૭૭મી સમાપ્ત.

—કથા રત્નાકરમાંથી.





બ્રહ્મા–વિષ્ણુ અને મહાદેવની કથા

૭૮

ત્રણે લોકમાં રહેલા લોકિક દેવોમાં ઉત્તમ ગુણોની વિચારણામાં સૌથી મોટા દેવ કયા છે? તેનું અહીં દૃષ્ટાંત કહેલું છે.

વિષ્ણું, મહાદેવ અને બ્રહ્મા એ ત્રણેને એક વખત વિવાદ થયો. આપણામાં સૌથી મોટું કોણ છે? બ્રહ્મા કહે છે જગતમાં સર્વ પદાર્થોને બનાવનાર હું મોટો છું. વિષ્ણું કહે છે જગતના જીવોનું પાલન કરનાર હોવાથી હું જ મોટો છું, અન્યથા જગતના જીવો જીવી શકે નહીં. મહાદેવ કહે છે–પાપની વૃદ્ધિમાં જગતનો સંહાર કરવાની શક્તિ મારી છે. તેથી હું મોટો છું. આ પ્રમાણે વિવાદ થતાં બ્રહ્માએ કહ્યું કે–ભૃગુઋષિની પાસે આનો નિર્ણય આપણે કરાવીએ, આમાં મહાદેવ સંમત થયા. પરંતુ વિષ્ણુ સંમત થયા નહિં, કારણ કે આપણે છીએ તો તે ભૃગુઋષિ જ્યારે આપણા આધારે જીવે છે. તેથી તે શું નિર્ણય કરશે? આ પ્રમાણે કહી તે સાથે ન ગયા. બ્રહ્મા અને મહાદેવ તે ઋષિની પાસે જઇ સર્વ વૃત્તાંત કહી પૂછયું કે અમારા બધામાં કોણ મોટું છે? ભૃગુઋષિએ કહ્યું—આપણે વિષ્ણુ પાસે જઇએ, ત્યાં તમારો નિર્ણય હું કરીશ, તે સર્વે વિષ્ણુની સભામાં ગયા. ત્યાં આવેલા તેઓને જોઈ સભામાં બેઠેલા તે સર્વે દેવતાઓએ ઉભા થઇ તેઓનું

સન્માન કર્યું. પરંતુ વિષ્ણુદેવ પોતાના સ્થાનેથી ઉભા થયા નહિં તેથી વિનય રહિત તેને જોઇ ક્રોધ પામેલા ભૃગુઋષિ તેની પાસે જઈ તેની છાતીમાં લાત મારે છે. આ પ્રમાણે પ્રહાર કરાયેલા પણ તે વિષ્ણુ ક્રોધ રહિત જલ્દી ઉભા થઈ 'તમારા પગને તો પીડા થઈ નથી.' એ પ્રમાણે બોલતા વિષ્ણુ ભૃગુઋષિનો પગ દબાવવા લાગ્યા. તેથી સહનશીલતા, નમ્રતા અને ક્ષમામાં તત્પર તેને જોઇ ભૃગુઋષિએ કહ્યું 'આ વિષ્ણુ સર્વ દેવોમાં મોટા છે કારણ કે જેમાં સહનશીલતા, નમ્રતા, ક્ષમા વિગેરે ગુણો હોય છે તે પુરૂષ જગતમાં ઉત્તમ ગણાય છે.

ઉપદેશ :— વિષ્ણુ, મહાદેવ, બ્રહ્મા વગેરે દેવોમાં ગુણોથી ભૂષિત દેવનું સ્વરૂપ જાણી તે ગુણોની પ્રાપ્તિમાં દિવસે દિવસે ઉદ્યમ કરવો જોઈએ.

બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવની કથા ૭૮મી સમાપ્ત.

-ગુર્જર કથામાંથી.



ભીમ અને કૃપણ શેઠની કથા

૭૯

વિક્રમરાજાના સંબંધવાળું ભીમ અને કૃપણ શેઠનું દાન અને અદાનનું ફલ જાણી દાનમાં ઉદ્યમ કરવો જોઇએ.

એક વખત વિક્રમ રાજા યાચકોને દાન આપતો વિચાર કરે છે. 'દાનનું શું ફલ?' એટલામાં આકાશમાંથી દિવ્ય-વાણી પ્રગટ થઈ, 'એક ગણું દાન અને તેનું ફલ કળિ-યુગમાં હજારગણું હોય છે.' રાજા વિચાર કરે છે. 'આ પ્રમાણે આકાશમાં કોણ બોલે છે?' તેથી ફરીથી આકાશમાં વાણી પ્રગટ થઈ, 'જો દાનનું ફલ જોવા ઇચ્છતો હોય તો તું સોપારક નગરમાં જઈ કૃપણ શેઠ અને દાનમાં તત્પર ભીમ વણિકનું ચરિત્ર જો.' તેથી રાજા એકલો સોપારક નગરમાં ગયો. પહેલા તો તે બે ક્રોડ સુવર્ણના માલિક કૃપણ શેઠના ઘરમાં ગયો. અને ભોજન માંગ્યું. તેને કંઈપણ આપ્યું નહિં. 'જે સ્વયં ખાતો નથી, બંધુ વગેરેને આપતો નથી તેનો જન્મ નિષ્ફળ છે.' એ પ્રમાણે રાજા બોલીને ભીમ શેઠના ઘરમાં ગયો. ભીમ શેઠે તેનું સ્વાગત કર્યું અને ભોજન માટે પ્રાર્થના કરી. તે વખતે તેના ઘરમાં રાંધેલું અન્ન હતું, પરંતુ ઘી ન હતું તેથી દયાળુ દાની ભીમ ભોજનમાં ઘી આપવા માટે કૃપણશેઠના ઘરમાં જઈ કહ્યું કે મારા ઘરમાં અતિથિ આવ્યા છે તેને ભોજન આપવા ઘીની જરૂર છે, તો તમે ઘી આપો. કૃપણ શેઠ કહે છે તું પૈસા આપ. ભીમ શેઠ કહે છે અતિથિને દાન આપવામાં જે પુણ્ય થાય તે પુણ્ય

તમોને પણ થશે. કૃપણ શેઠ કહે છે મારે પુણ્ય વડે સર્યું, અધિક પુણ્યનો ભાર કોણ વહન કરે? હું તને 'ચાર ધણું ઘી આપીશ.' એ પ્રમાણે કહી ભીમ ઘી લાવી વિક્રમ અતિથિને આદર પૂર્વક જમાડે છે. ભીમના ઘરમાં જે રાત્રી વિક્રમ રાજા રહ્યો હતો તે વખતે દૈવયોગે તે જ રાત્રીમાં કૃપણ શેઠ અને ભીમ વણિક એ બન્ને મૃત્યુ પામ્યા. રાજા તે જાણી વિચાર કરે છે. ભીમે આદર પૂર્વક મને દાન આપ્યું તો તે શેઠ કેમ મરી ગયો. તેથી મારે જીવવા વડે સર્યું, હું પણ મરી જઉં એમ વિચાર કરી જ્યાં મરવાની ઇચ્છાવાળા વિક્રમ રાજા તલવાર પેટમાં મારે છે ત્યાં જ ફરી આકાશવાણી પ્રગટ થઈ. 'આજથી દશમે મહિને તમારે કાંતિપુરમાં જવું, ત્યાં તમને દાનનું ફલ જોવા મળશે. તેથી રાજા નવ માસ પછી કાંતિપુરી નગરીમાં ગયો. ત્યાં ચંડાલની સ્ત્રીએ પહેલા છ પુત્રીઓને જન્મ આપ્યો હતો. ઘરમાં દરિદ્રતા હતી. તેણીને જ્યારે સાતમો ગર્ભ થયો, ત્યારે તેને પાડવાની ઇચ્છા થઈ. પરંતુ ગર્ભ પાડવા છતાં પડયો નહિં. ક્રમે ચંડાલની સ્ત્રીએ પુત્રીને જન્મ આપ્યો. અને તે પુત્રી લઈ ઉકરડામાં જ્યાં ત્યાગ કરે છે, એટલામાં ત્યાં આવેલો વિક્રમ રાજા ચંડાલની સ્ત્રીને કહે છે પુત્રીનો ત્યાગ કેમ કરે છે? ત્યારે તેણી કહે છે આ પુત્રી ગર્ભમાં આવી ત્યારે અરાબ દોહદો ઉત્પન્ન થયા, ઘરમાં આજે ખાવાનું અન્ન નથી. તે સાંભળી રાજાએ ધન આપી માતા પાસે પુત્રી પાછી ગ્રહણ કરાવી. ત્યાર પછી રાજા નગરની

અંદર ગયો. અહીં તે જ નગરીમાં રાજાને ત્યાં પુત્ર ઉત્પન્ન થયો છે, પણ તે સ્તનપાન કરતો નથી. તેથી રાજા વગેરે સર્વ દુઃખી થાય છે અને રાજા નગરમાં પડહ વગડાવે છે કે જે રાજપુત્રને સ્તનપાન કરતો કરશે તેને રાજા સો ગામ આપશે. આ પ્રમાણે વાગતા પડહને કોઈપણ સ્પર્શ કરતું નથી. તેથી પડહને સ્પર્શ કરવા પૂર્વક વિક્રમ રાજા તે રાજાના પુત્ર પાસે આવ્યો. 'કોઈએ આ બાલકનું ગળું થંભાવ્યું છે' એ પ્રમાણે વિચાર કરી પોતાના ગળા ઉપર તલવાર રાખી કહે છે, 'જે કોઈએ આ બાળકનું ગળું થંભાવ્યું હોય તે મારી આગળ પ્રગટ નહીં થાય તો હું મરી જઈશ.' તેથી દાનની અધિષ્ટાયિકા દેવી એ બાળકના મુખમાં આવી બોલી–હે રાજન્! તું મને ઓળખે છે કે નહિં?' વિક્રમ રાજા કહે છે–હું ઓળખતો નથી. એથી બાળક કહે છે, હું સોપારક નગરનો રહેવાસી ભીમશેઠનો જીવ છું. પરોણા તરીકે આવેલા તમને દાન આપ્યું તે પુણ્યથી હું રાજાનો પુત્ર થયો છું. રાજાએ પૂછ્યું, કૃપણ શેઠ કયાં ઉત્પન્ન થયો છે? બાલકે કહ્યું, 'પુત્રીનો ત્યાગ કરતી જે ચંડાલની સ્ત્રીને તમે ધન આપી જેનું રક્ષણ કર્યું તે જ પુણ્ય રહિત કૃપણ શેઠનો જીવ પુત્રીરૂપે જાણવો. હું તો દાનની અધિષ્ઠાયિકા દેવી છું. અને દાનનું ફલ જણાવવા આ બાલકના મુખમાં આવી મેં કહ્યું. તે પછી બાળક પણ સ્તનપાન કરવા લાગ્યો. દેવી પોતાના સ્થાનમાં ગઈ. બાલકનો પિતા રાજા સો ગામોને આપવા છતાં વિક્રમ રાજા ગ્રહણ કરતો નથી. આ પ્રમાણે દાનનું

ફળ દેવીના મુખમાંથી સાંભળી રાજા અને લોકો પણ દાન આપવા તત્પર થયા.

ઉપદેશ :— અહિં વિક્રમ રાજાનું સાહસ અને દાની એવા ભીમ શેઠની ગતિ જાણી અતિથિના સત્કારમાં હંમેશા સાવધાન થવું.

ભીમ અને કૃપણ શેઠની કથા ૭૯મી સમાપ્ત.

–પ્રબંધ પંચશતીમાંથી.



આલિંગ બ્રાહ્મણની કથા

૮૦

મુક્તિ સુખને આપનારી દૃઢતા હંમેશા ધર્મમાં ધારણ કરવી જોઇએ. અહિં આલિંગ બ્રાહ્મણનું સુંદર દૃષ્ટાંત જાણવું.


કોઇકિ ગામમાં પહેલા આલિંગ નામનો બ્રાહ્મણ હતો. તેણે શ્રી ધર્મઘોષસૂરિ મહારાજની પાસે જિનપ્રસાદ વગેરે કરવામાં મહાપુણ્ય થાય છે. આ પ્રમાણે સાંભળ્યું. એક વખત તે ગુરૂભગવંતને કહ્યું કે હે ભગવંત ! લોકો કહે છે કે– પુત્ર રહિતની સદ્ગતિ થતી નથી. તો સ્વર્ગ તો કયાંથી જ મળે ? તેથી પુત્રનું મુખ જોયા પછી ધર્મ કરાશે. ગુરૂએ કહ્યું–સંતાન વગર પણ લોકો સ્વર્ગમાં જાય છે. સંતાન હોવા છતાં કદાચ સ્વર્ગ થાય તે પણ પુણ્યના પ્રભાવથી જ થાય છે જો સંતાનથી જ સ્વર્ગ મળતું હોય તો કૂતરા ભૂંડ વગેરેને ઘણા પુત્રો હોવાથી તે પહેલા સ્વર્ગમાં જવા જોઈએ. પણ સંતાન વગરના ઘણા લોકો સ્વર્ગસુખ અને મુક્તિસુખને પામે છે. કહ્યું છે. કે-ઘણા હજારો બ્રહ્મચારી બ્રાહ્મણ કુમારો કુલની સંતતી કર્યા વગર સ્વર્ગમાં ગયા છે. પછી ગુરુ ભગવંતે કહ્યું–શ્રી ઋષભદેવ ભગવાનની શ્યામવર્ણી પ્રતિમા ભરાવાય તો પરમપદને યોગ્ય અનંત પુણ્ય બંધાય છે. પરંતુ સંતાન થતા નથી. ગુરૂની આગળ આ સાંભળી આલિંગ બ્રાહ્મણ કહે છે હે ભગવંત ! ઘણા પુણ્યનો લાભ હોવાથી હું શ્રી ઋષભદેવ ભગવાનની શ્યામ વર્ણની પ્રતિમા કરાવીશ. મારે સંતાનનું પ્રયોજન નથી. સંતાન હોવા છતાં પણ રાવણ-શ્રીકૃષ્ણ–દુર્યોધન–બ્રહ્મદત્ત ચક્રવર્તી વિગેરે

ઘણા લોકો નરકમાં ગયા છે. એથી હું ઋષભદેવ પ્રભુની શ્યામવર્ણી પ્રતિમા કરાવીશ. ત્યાર પછી સંતાનનો અભાવ જાણી તેણે પણ ઋષભદેવ સ્વામીની શ્યામવર્ણની પ્રતિમા કરાવી અને પોતે જ બંધાવેલા ભવ્ય પ્રાસાદમાં ગુરૂ ભગવંતની પાસે પ્રતિષ્ઠા કરાવી. ત્યાર પછી તે આલિંગ શ્રાવકે હંમેશા તે પ્રતિમાનું પૂજન કરતા મુક્તિ સુખને યોગ્ય પુણ્ય ઉપાર્જન કર્યું.

ઉપદેશ :—સુખથી બોધ કરનારૂં આલિંગ બ્રાહ્મણનું દૃષ્ટાંત જાણી તમે પણ ધર્મમાં સર્વ પ્રકારે દૃઢતા ધારણ કરો.

આલિંગ બ્રાહ્મણની કથા ૮૦ મી સમાપ્ત.

–પ્રબંધ પંચસતીમાંથી





જગડુ શાહની કથા

૮૧

અનુકંપાદાનથી ધાર્મિકપણું શોભે છે. અહિં દુકાળમાં દાન આપનાર જગડુશાહનું દૃષ્ટાંત છે.

આ ભરતક્ષેત્રમાં ગુજરાત દેશનું ભૂષણ સમાન મહા-વિશાલ શ્રી મહાવીર સ્વામીના ચૈત્યથી શોભતું ભદ્રેશ્વર નામનું નગર છે. ત્યાં ભાંડલ નામનો રાજા રાજ્ય કરે છે. અને તે પાટણના મહારાજા વિસલ રાજાની સેવા કરે છે. તે નગરમાં સાલગ શેઠને શ્રીદેવી નામની પત્ની છે તથા જગડુ, પદ્મ અને રાજમલ નામના ત્રણ પુત્રો છે. જગડુશાહે સમુદ્રકિનારે દુકાન કરી છે ત્યાં એક વખત જગડુશાહ પાસે વહાણો વડે ચોરી કરનારા કેટલાક પુરૂષો આવ્યા તેઓએ કહ્યું–અમારા હાથમાં મીણથી ભરેલું એક વહાણ આવ્યું છે જો તમને પસંદ પડતું હોય તો ધન આપી ગ્રહણ કરો. જગડુશાહ ત્યાં ગયા મૂલ્ય નક્કી કરી મીણથી ભરેલું વહાણ ખરીદી ગાડાઓ ભરી પોતાને ઘેર ગયો. ત્યાં જગડુ-શાહના સેવકો જગડુની સ્ત્રી આગળ કહે છે કે જગડુશાહે મીણ ખરીદ્યું છે. તે કયાં ઉતારાય? જગડુશાહની સ્ત્રી કહે છે કે અમારા ઘરમાં મીણ એ પાપબંધનું કારણ ગણાય છે. તેથી અહિં નહિ ઉતારાય. તેથી સેવકોએ મીણની ઇંટો ઘરના આંગણામાં લીંબડાના ઝાડ નીચે ઉતારી. આ જાણી જગડુશાહે સ્ત્રી સાથે કલહ કર્યો. તિરસ્કાર કરાયેલી તેણીએ કહ્યું 'મીણના વેપારમાં ઘણું જ પાપ લાગે છે' આમ પરસ્પર કજીઓ કરી કોપવાળા થયા તેથી જગડુશાહ પોતાની સ્ત્રી સાથે બોલતા નથી. અને સ્ત્રી પણ સ્વામિ

સાથે બોલતી નથી. એ પ્રમાણે ત્રણ માસ પછી શિયાળો આવ્યો. એક વખત જગડુશાહના પુત્રે તાપણું કરવા અગ્નિ પ્રકટ કર્યો તેમાં ઘાસ વગેરે નાખે છે. અહિં બાળકની ચંચળતાથી એક મીણની ઇંટ પુત્રે અગ્નિમાં નાખી, મીણ ઓગળી ગયું. તેમાંથી સોનાની ઇંટ નીકળી. જગડુશાહની સ્ત્રીએ તે જોઈ. નહીં બોલતી અને રીસાયેલી પણ જગડુની સ્ત્રીએ ધનના લોભથી જગડુશાહને કહ્યું કે આ તમે જુઓ. રોષ પામેલો જગડુશાહ સામું પણ જોતો નથી તેથી પત્નીએ કહ્યું-આપણી મીણની ઇંટ સોનાની ઇંટ થઈ. તેથી તે તરફ જોયું તો સોનાની ઇંટ દેખાઈ તેથી બીજી ઇંટોની પણ પરીક્ષા કરતા બધી સુવર્ણની ઇંટો જણાઈ તેથી ગુપ્ત રીતે સુવર્ણની ઇંટો ઘરમાં લઈ ગયા. મીણ જુદું કરી વેચ્યું. અને ગણતરી કરતા પાંચસો સોનાની ઇંટો થઈ, તેથી તેની ધર્મપત્ની સ્વામીને કહે છે કે ગુરૂ મહારાજને બોલાવી ગુરૂ ભગવંત કહેલા ધર્મમાં ધન વાપરવું જોઈએ, કારણ કે ધન શાશ્વતુ નથી. તેથી તેણે ગુરૂ ભગવંતને મોટા મહોત્સવપૂર્વક બોલાવ્યા. પરંતુ જગડુશાહે મીણનો વેપાર કર્યો છે એમ જાણી ગુરૂ ભગવંત જગડુશાહને ઘરે વહોરવા જતા નથી અને ગુરૂ ભગવંતે જગડુશાહને કહ્યું કે અમે વિહાર કરીશું. આ સાંભળી જગડુશાહે ગુરૂ ભગવંતને ઘર દેરાસરમાં દેવવંદન માટે બોલાવ્યા. ગુરૂ ભગવંત ક્ષુલ્લકમુનિ સહિત ત્યાં જઈ તેના ઘર દેરાસરમાં દેવવંદન કરે છે. તે વખતે ક્ષુલ્લકમુનિ કહે છે હે ભગવંત જગડુશાહના ઘરમાં શું લંકા આવી છે?

આ તરફ જુઓ, તેથી ગુરૂ ભગવંતે સુવર્ણની ઈંટો જોઈ જગડુશાહને પૂછે છે–આ સુવર્ણની ઈંટો કયાંથી આવી? જગડુશાહે ઈંટોનો સર્વ વૃતાંત કહ્યો તેથી તે સાંભળી ખુશ થયેલા ગુરૂ ભગવંત જગડુશાહની સાથે પોતાના ઉપાશ્રયમાં આવ્યા. જગડુશાહે કહ્યું. મેં મીણની ભ્રાંતિથી ગ્રહણ કરેલી ઈંટો સુવર્ણની થઈ. રાજના ભયથી મોટેથી બોલતો નથી. આ ઈંટોથી જગડુશાહના ઘરમાં એક ક્રોડ સુવર્ણની મહોરો થઈ. એક વખત ગુરૂ ભગવંતે જ્ઞાનથી સંવત ૧૩૧૫-૧૩૧૬-૧૩૧૭ એમ ત્રણ વર્ષમાં દુકાળ પડવાનું જાણી ભાષા સમિતિનો ઉપયોગ રાખી જગડુશાહને જણાવ્યું. તેથી જગડુશાહે અનેક ગામોમાં અનેક નગરોમાં વણિકના પુત્રો મોકલી પાંચ લાખ પ્રમાણ અનાજના મુંઢાનો સંગ્રહ કરાવ્યો. ત્યાર પછી દુકાળના સમયમાં તેણે એકસો બાર મહાદાન શાળાઓ ખોલાવી અને ત્યાં પાંચ લાખ માણસો જમે છે. તે વખતે અનાજ વગરના રાજાઓ પણ દુઃખી થાય છે. તેથી જગડુશાહે વિસલ રાજાને આઠ હજાર મુંઢા પ્રમાણ ધાન્ય આપ્યું. તે વખતે ગીઝનીનો સુલતાન જગડુશાહ પાસે અનાજ માંગવા આવ્યો. તે વખતે જગડુશાહ તે સુલતાનની સામે ગયો. સુલતાને પૂછયું–'જગડુ કોણ છે? જગડુશાહે કહ્યું, હું જગડુ છું. ત્યારે સુલતાને કહ્યું, દાન આપવા વડે તું જગતનો પિતા છે, તેં ધાન્યના દાનથી જગતનો ઉદ્ધાર કર્યો. ત્યાર પછી સુલતાને પણ ધાન્ય માંગ્યું. જગડુશાહે કહ્યું ગ્રહણ કરો, પણ કોઠાર ઉપર 'ગરીબોને માટેનું આ ધાન્ય છે.' એમ લખેલા અક્ષરો

જોઈ સુલતાને કહ્યું હું પાછો જઉં છું. કારણ કે ગરીબો માટેનું ધાન્ય હું ગ્રહણ કરીશ નહી. તેથી જગડુશાહે ગરીબ સિવાયનું એકવીશ હજાર મુંઢા પ્રમાણ ધાન્ય સુલતાનને આપ્યું.

કહ્યું છે કે—

"દાનશાળા જગડુ તણી, દીસે પુઢવી મુઝાર
નવકારવાળી મણી અડી તે પર અલગા ચાર."

અહિં પાત્ર કે કુપાત્રનો વિચાર કર્યા વિના અનુકંપા દાન આપવું જોઈએ. અનુકંપાદાનનો શાસ્ત્રમાં નિષેધ કરાયો નથી. જેમ શ્રી મહાવીર ભગવંતે પણ કૃપાથી ગરીબ એવા બ્રાહ્મણને અર્ધું દેવદુષ્ય વસ્ત્ર આપ્યું હતું. એ પ્રમાણે અનુકંપાદાન પાપનું કારણ થતું નથી. પરંતુ બીજા અનેક ગુણોનો લાભ આપનાર છે. એમ શાસ્ત્રમાં કહ્યું છે. તેથી અનુકંપાદાન આપવું જ જોઈ એ. શાસ્ત્રમાં પાંચ પ્રકારે દાન કીધેલું છે. અભયદાન, સુપાત્રદાન અનુકંપાદાન, ઉચિતદાન અને કીર્તિદાન તેમાં પહેલા બે દાનો મોક્ષ આપનાર કહેલા છે. અને બાકીના ત્રણ દાન ભોગો અને સુખોને આપે છે. એક વખત વિશલ રાજા પાટણ પાસે રહેલી જગડુશાહની દાનશાળામાં ગયો ત્યાં વીસ હજાર માણસો જમતા જોઈ રાજા જગડુશાહને કહે છે કે 'અહિંયા અન્ન તમારૂં થાઓ પણ ઘી મારૂં અપાય' તે પ્રમાણે કરતા ઘી ખાલી થઈ જતાં વિસલ રાજાએ ઘીને બદલે તેલ પીરસ્યું. જગડુશાહ પોતાની દાનશાલામાં ઘી આપે છે તે વખતે રાજા જગડુ પાસે જી જી કરાવે છે.

તે સાંભળી કોઈ ચારણ બોલે છે કે–

"વિસલ! તું વિરૂવં કરેઈ, જગડુ કરાવેઈ જી જી.
તું જમાવેઈ તેલસુ, સો ઉં જમાવઈ ઘીઈ. ! !"

જગડુશાહ હંમેશા યોગ્ય સ્થાને બેસી ઈચ્છા પ્રમાણે દાન આપે છે. ત્યાં કેટલીએક લજ્જાવંતી ઉત્તમકુળની સ્ત્રીઓ પ્રગટદાન લેવાને માટે સમર્થ થતી નથી, તેથી તે સ્ત્રીઓને ગુપ્તદાન આપવા માટે આગળ પડદો બાંધી દાન આપે છે, જેથી તે સ્ત્રીઓ પડદાની અંદર હાથ નાખી દાન ગ્રહણ કરે છે. એક વખત વિસલ રાજા પોતાના ભાગ્યની પરીક્ષા કરવા વેષ પરિવર્તન કરી એકલો ત્યાં ગયો. પડદાની અંદર પોતાનો હાથ નાખે છે. જગડુશાહે શુભ લક્ષણવાળો હાથ જોઈ વિચાર કર્યો કે–જગતના લોકોને પૂજનીય કોઈ રાજાનો આ હાથ દેખાય છે, દૈવયોગે કોઈ પણ આ રાજા વિપત્તિમાં પડયો લાગે છે, તેથી આજીવન પર્યંત સુખી થાય તેમ કરૂં એ પ્રમાણે વિચાર કરી પોતાના હાથમાંથી મણિમય મુદ્રિકા કાઢી તેના હાથમાં આપી, તે જોઈ રાજા આશ્ચર્ય પામ્યો. ક્ષણ પછી ડાબો હાથ પણ પડદામાં નાખ્યો તે વખતે જગડુશાહે તે હાથમાં બીજી મુદ્રિકા આપી. તે રાજા બન્ને મુદ્રિકા ગ્રહણ કરી પોતાના મહેલમાં ગયો. બીજે દિવસે જગડુશાહને બોલાવી 'આ શું છે?' એ પ્રમાણે કહી બે મુદ્રિકા બતાવી, તે જોઈ જગડુશાહે કહ્યું, સર્વ ઠેકાણે કાગડા કાળા દેખાય છે, સર્વ ઠેકાણે પોપટ લીલા હોય છે, તેમ સર્વ ઠેકાણે સુખીને સુખ હોય છે અને દુઃખીને દુઃખ હોય છે.

આ સાંભળી ખુશ થયેલા રાજાએ તેણે પ્રણામનો નિષેધ કરીને જગડુ શાહને હાથી ઉપર બેસાડી ઘેર મોકલ્યો. આ પ્રમાણે ધાર્મિકપણું અનુકંપાથી શોભે છે. ત્યાર પછી જગડુશાહે એકસો આઠ જિન પ્રાસાદ કરાવ્યા. શ્રી શત્રુંજયતીર્થ ઉપર વિસ્તારપૂર્વક ઘણા જ ઠાઠથી ત્રણ જાત્રા કરી. એક વર્ષમાં આઠ સાધર્મિક બંધુઓનું વાત્સલ્ય, આઠ વખત શ્રી સંઘની પૂજા કરીને અનેક દીનદુઃખિયાને અન્નદાન આપવા વડે પોતાનો જન્મ સફળ કરી જગડુશાહ સ્વર્ગસુખને પામ્યો.

ઉપદેશ :—અહિં અનુકમ્પા વિગેરે દાનને બતાવનાર જગડુશાહનું દૃષ્ટાંત સાંભળી હંમેશાં દાન ધર્મમાં યત્ન કરવો જોઈએ.

જગડુ શાહની કથા ૮૧ મી સમાપ્ત.

–પ્રબંધ પંચશતીમાંથી





ચંદ્ર વણિકની કથા

૮૨

પરમાત્માની ભક્તિના પ્રભાવથી જીવ આસન્ન સિદ્ધિવાળો થાય છે. અહીં પરમસુખને આપનાર નિર્ધન ચંદ્ર વણિકનું દૃષ્ટાંત છે.

કલ્યાણપુર નગરમાં ચંદ્ર અને ભીમ બન્ને સગા-ભાઈઓ રહેતા હતા. ક્રમે કરી ચંદ્ર ધન રહિત થયો. અને ભીમ મહા ઋદ્ધિવાળો થયો, જ્યારે ચંદ્ર બીજાના ઘરમાં અન્યની સેવા કરી નિર્વાહ ચલાવે છે. ત્યારે તેને ભીમ કહે છે હે ભાઈ! તું આપણા ઘરમાં રહે અને જે જોઈએ તે મારી પાસેથી લે. ત્યાર પછી ચંદ્ર ભાઈના ઘરમાં કામ કરી પોતાનો નિર્વાહ કરે છે. એક વખત રાત્રિમાં વરસતા વરસાદમાં ભીમ કહે છે ચંદ્ર! તું ખેતરમાં જા, ત્યાં કયારાઓમાંથી પાણી નીકળતું હશે. તેથી ત્યાં તું પાળી બાંધજે. ચંદ્ર વિચાર કરે છે કે હમણાં હું જો નહિં જાઉં તો મારો નિર્વાહ મુશ્કેલીથી થશે. એ પ્રમાણે વિચાર કરી ખેતરમાં ગયો. ત્યાં કયારાની તુટેલી પાળીઓ બાંધતા માણસોને જોઈ પૂછયું તમે કોણ છો? તેઓ કહે છે અમે વ્યંતર દેવો ભીમના સેવકો ઈચ્છિત વસ્તુને આપનારા છીએ અને અહિં આવી ભીમના પુણ્યથી ખેંચાઈ પાળી બાંધીએ છીએ. ચંદ્રે પૂછયું કે મારું ઈચ્છિત કરનારા સેવકો કયાં છે? તેઓ કહે છે કે-તારા સેવકો વીરપુર નગરમાં છે. ત્યાં જઇ ઋષભદેવ જિનેશ્વરશ્રીની સેવા કર તેથી તને પણ ઈષ્ટ લાભ થશે. તેથી ચંદ્ર વણિક કુટુંબ સહિત ત્યાં ગયો.

શ્રીઋષભદેવ જિનેશ્વર ભગવંતની હંમેશા દ્રવ્ય અને ભાવથી ભક્તિ કરતો ઘાસ અને લાકડાનો ભારો વનમાંથી લાવી અને વેચીને પોતાનો નિર્વાહ કરે છે. એક વખત પરમાત્માની ભક્તિથી પ્રસન્ન થયેલા કપર્દી યક્ષે કહ્યું કે– હું આ ચૌદશના દિવસે શત્રુંજય મહાતીર્થ ઉપર શ્રી શાંતિ-જિનેશ્વરની દૃષ્ટિમાં રસકૂપિકા ઉઘાડીશ અને તે સંધ્યા સુધી ઉઘાડી રહેશે. જો તારી ઇચ્છા હોય તો ત્યાં તારે આવવું અને રસ ગ્રહણ કરવો. એક ગદિયા પ્રમાણે તે રસને સાઇઠ ગદિયાણા પ્રમાણ સીસામાં મેળવાય તો બધું સુવર્ણ થાય. તે સાંભળી ચંદ્ર વણિક શત્રુંજય તીર્થ ઉપર જઇ શ્રી ઋષ-ભદેવ પરમાત્માની ભક્તિથી પૂજા કરી અને સ્તુતિ કરી શ્રી શાંતિનાથ પરમાત્માને નમસ્કાર કરી રસકૂંપિકાના ત્રણ તુંબડા ગ્રહણ કર્યા. ત્યાર પછી તે ઘેર આવી સુવર્ણ બનાવી બનાવીને ઋધ્ધિવાળો થયો. સાત ક્ષેત્રમાં ધન વાપરી ચારિત્ર ગ્રહણ કરી તે ચંદ્ર વણિક સાત–આઠ ભવમાં સિદ્ધિ-પદને પામશે.

ઉપદેશ :— પરમાત્માની ભક્તિભાવવાળું અહિંયા ચંદ્ર વણિકનું દૃષ્ટાંત સાંભળી તમે જિનેશ્વરની આ રીતે હંમેશા ભક્તિ કરનારા થાઓ.

ચંદ્ર વણિકની કથા ૮૨મી સમાપ્ત.

–પ્રબંધ પંચશતીમાંથી.





શિવરાજની કથા

ભાવનાથી શિવરાજ જેમ જલદી અવ્યયપદને પામ્યા તેમ હે ભવ્યજીવો તમે! પણ તેવી વિશુદ્ધ ભાવના ભાવો.

શ્રી વર્ધમાનપુર શહેરમાં શૂરરાજા ન્યાયથી રાજ્ય કરે છે. તેને પદ્માદેવીથી ઉત્પન્ન થયેલો શિવ નામનો એક શ્રેષ્ઠ લક્ષણવાળો પુત્ર હતો. પિતાએ શિવપુત્રને ઉપાધ્યાય પાસે તેવી રીતે ભણાવ્યો જેથી તે સર્વ ધર્મ અને કર્મની કલાઓમાં પાર પામ્યો.

જગતમાં ઉત્પન્ન થયેલા મનુષ્યે બે વસ્તુ શિખવા લાયક છે. જે સારા કાર્યથી જીવે અને મર્યા પછી પણ પરલોકમાં સારી ગતિમાં જાય, તેવું જીવન જીવવું જોઇએ.

શૂરરાજાએ શ્રીપુરનગરના રાજા ધીર ભૂપતિની શ્રીમતી પુત્રી સાથે મહોત્સવ પૂર્વક પોતાના પુત્રને પરણાવ્યો. પછી તે ધર્મધુરંધર શૂરરાજા પ્રિયા સાથે અંતિમ સમયે સારી રીતે આરાધના કરી દેવલોકમાં ગયો. કહ્યું છે કે–'ધર્મથી ઉત્તમ કુલ, ધર્મથી દિવ્યરૂપની પ્રાપ્તિ, ધર્મથી ધનની સમૃધ્ધિ અને ચારે બાજુ કીર્તિ પ્રસરે છે.

હવે શિવરાજા પિતાનું મૃત્યુ કાર્ય કરી, શોકનો ત્યાગ કરી, ન્યાયથી પૃથ્વીનું પાલન કરવા લાગ્યો. એક વખત સભામાં બેઠેલા રાજાને કોઈ માણસે કહ્યું કે હે રાજન્!

આ તમારો વૈરી ધીરરાજા હમણા હીરપુર નગરને લૂંટી ચાલી ગયો છે તેથી શિવરાજા તે વૈરીને જીતવા ઘણા હાથી ઘોડા પાયદલ વગેરે સૈન્ય સહિત નગરની બહાર નીકળી શત્રુના નગરની સમીપે ગયો. ધીરરાજા દૂતના મુખથી શિવરાજાને આવેલા સાંભળી ક્રોધ સહિત લડવા માટે નગરની બહાર નીકળ્યો. બન્ને સૈન્યોના યુધ્ધમાં વૈરી રાજાએ સામે આવેલી શિવરાજાની સેનાને જેટલામાં ભગાડી દીધી તેટલામાં શિવરાજા પોતાના ભાગતા સૈન્યને જોઈ ક્રોધથી લાલ આંખવાળો તે ઉઠી સંગ્રામ કરવા લાગ્યો. તે સમયે શિવરાજાએ રણમાં સમુદ્રની જેમ શત્રુ રાજાના સૈન્યને ચારે બાજુ વિખેરી નાખી પક્ષીની માફક જલ્દી તેને બાંધી દીધો; ધીર શત્રુના ત્રાસ પામેલા સર્વ સુભટો સૂર્યોદય થયે જેમ અંધકારનો સમુદાય નાશ પામે તેમ ચારે દિશાએ નાસી ગયા. પરાભવને પામેલા ધીરરાજાએ શિવરાજાને નમસ્કાર કરી ભક્તિ પૂર્વક કહ્યું કે રાજન્! હું તમારો સેવક છું. આ નગર તમે ગ્રહણ કરો. તેમ જ મારી શ્રીસુંદરી પુત્રીને તમે અંગીકાર કરો અને કૃપા કરી બંધનથી મને મુક્ત કરો. શિવરાજાએ ભક્તિવાળું તેનું વચન સાંભળી પ્રસન્ન થઈ તેને બંધનથી મુક્ત કર્યો, કહ્યું છે કે—'ઉત્તમ પુરૂષોનો નમસ્કાર કરે ત્યાં સુધી જ ક્રોધ નિશ્ચયે હોય છે અને નીચ પુરૂષોનો પ્રણામ કર્યા છતાં પણ ક્રોધ શાંત થતો નથી.' ધીરરાજાએ આપેલી શ્રીસુંદરી કન્યાનું શિવરાજાએ મહોત્સવ પૂર્વક પાણિગ્રહણ કર્યું. ત્યારપછી ધીરરાજાને પોતાનું રાજ્ય આપી શ્રીસુંદરી સાથે

શિવરાજા ધીમે ધીમે સુખ પૂર્વક પ્રયાણ કરતા પોતાના નગરમાં આવ્યો. તે રાજાએ ગુણોરૂપી અલંકારોને ધારણ કરનારી શ્રીસુંદરીને પટ્ટરાણી પદે સ્થાપી. તેણી હંમેશા સર્વજ્ઞ ભગવંતોએ કહેલ જીવદયામય ધર્મને કરે છે. પણ દુર્જનના સંગના દોષથી શિવરાજા થોડો પણ ધર્મ કરતો નથી, દુષ્ટ બુધ્ધિવાળો તે હંમેશા સાતે વ્યસનોમાં તત્પર થયો. ક્રમે કરી શ્રીમતી દેવીએ સુંદર આકૃતિવાળા પુત્ર-રત્નનો જન્મ આપ્યો. પુત્રનો જન્મ મહોત્સવ કરી 'વીર' એવું પુત્રનું નામ રાખ્યું. હંમેશા પાંચ ધાઈ માતાઓથી લાલન પાલન કરાતો તે સુંદર દેહવાળો શુકલ પક્ષના ચંદ્રની જેમ વધવા લાગ્યો. એક વખત નિર્મલ શીલવાળી શ્રીમતી ધર્મધ્યાનમાં મગ્ન બનેલી તે અંતે મરણ પામી દેવલોકમાં દિવ્ય દેહવાળી દેવી થઈ. તે શ્રીમતીદેવી અવધિ-જ્ઞાનથી પોતાનો પૂર્વભવ જાણી પોતાના સ્વામી શિવરાજાને પ્રતિબોધ કરવા અહિં આવી. કહ્યું છે કે—

જિનેશ્વર ભગવંતના પાંચ કલ્યાણકોના પ્રસંગે તથા મહાઋષિઓના તપના પ્રભાવથી અને જન્માન્તરના સ્નેહથી દેવો મનુષ્ય લોકમાં આવે છે.

શ્રીમતીદેવીએ શિકાર, પરદ્રોહ, મદ્યપાન વગેરેમાં આસક્ત શિવરાજાને જોઇ હૃદયમાં વિચાર કર્યો કે-'મારા સ્વામિને આ પાપકર્મથી મારે જલ્દી અટકાવવા જોઇએ' આ પ્રમાણે વિચાર કરી કુરૂપવાળી ચાંડાલીનીનું રૂપ ધારણ કરી મેલા વસ્ત્રવાળી, હાથમાં મનુષ્યની ખોપરી ધારણ

કરતી, મદ્યપાન કરતી, માંસ ખાતી તે શ્રીમતી દેવી રાજ-માર્ગ ઉપર પાણીને છાંટતી ધીમે ધીમે ચાલવા લાગી. તે વખતે સભામાં બેઠેલા રાજાએ તેવા પ્રકારની સ્ત્રીને જોઇને કહ્યું 'હે મંત્રી ! આ ચાંડાલિની માર્ગમાં પાણી કેમ છાંટે છે ? રાજાની આજ્ઞાથી મંત્રીશ્વરે ચાંડાલિની પાસે જઈ પાણીના છાંટા નાખવાનું કારણ પૂછ્યું,

હે ચાંડાલિ ! માંસ-મદિરાનું ભક્ષણ કરનારી તથા હાથમાં મનુષ્યની ખોપરી ધારણ કરનારી, તને રાજા પૂછે છે કે માર્ગમાં પાણી કેમ છાંટે છે ?

ચાંડાલિ સભામાં આવી સુંદર વચન બોલતી રાજાસાંભળે તેમ તેણીએ કહ્યું કે-'ખોટી સાક્ષી આપનાર, અસત્ય બોલનાર કૃતઘ્ન, વિશ્વાસઘાતી અને બહુક્રોધી, આ માર્ગમાં ચાલ્યો હોય તેથી તેની શુદ્ધિને માટે પાણીના છાંટા નંખાય છે.

મંત્રીએ કહ્યું કે—હે ચાંડાલિની ! આ પ્રમાણે તું બોલ નહિ, કેમકે ચાંડાલો પાણી વડે સ્નાન કરે છતાં પણ કોઇ વખત શુદ્ધ થતા નથી.

ચાંડાલિએ કહ્યું કે ખોટી સાક્ષી આપનાર, અસત્યવાદી, કૃતઘ્ન અને બહુ ક્રોધી અને મદ્યપાન કરનાર પાણીથી કોઈપણ વખત શુદ્ધ થતા નથી. કહેલું છે કે—પાણી વડે ઘણીવાર ધોવાયેલું પણ અશુભ મદિરાનું પાત્ર જેમ શુદ્ધ થતું નથી તેમ દુષ્ટ પુરૂષોનું અંદરનું અશુભ મન તીર્થના જલથી કદી પણ શુધ્ધ થતું નથી.

આ પ્રમાણે સર્વ વૃત્તાંત મંત્રીના મુખમાંથી સાંભળી

રાજા વડે બોલાવાયેલી ચાંડાલણી જળના છાંટા નાખતી, રાજાની પાસે આવી સભાની મધ્યમાં પણ જળના છાંટા નાખી જેટલામાં ઉભી રહી તેટલામાં રાજાએ ક્રોધથી તેને મારવાનો આદેશ આપ્યો. મરાતી પણ તે ચાંડાલિની સ્હેજ પણ છેદાઇ નહિ કે ભેદાઈ નહિ. રાજા વિચાર કરે છે કે આ સ્ત્રી વ્યંતરી, કિન્નરી કે કોઈ દેવી હોવી જોઈએ, જો માનવી હોય તો મારવામાં આવે તો ક્ષણમાં મરી જાય તેથી આ કિન્નરી અથવા તો દેવી છે. તેમાં કોઈ સંદેહ નથી. ખરખર મેં દેવીની આશાતના કરી. આ પાપથી અધમ એવો હું કેવી રીતે છુટીશ! ચાંડાલિની રાજાનું મન ધર્મનાં માર્ગમાં આવેલું જોઇ, જલ્દી રાજાની સમક્ષ દેદીપ્યમાન અલંકારો ધારણ કરનારી દેવી રૂપે પ્રગટ થઈ. રાજા પૂછે છે કે તું કોણ છે? અને અહિંયા શા માટે અને કયાંથી આવી છું? દેવીએ પોતાના પૂર્વભવનું સ્વરૂપ કહી આપને પ્રતિબોધ કરવા મેં ચાંડાલીનું રૂપ ધારણ કર્યું હતું તે તમે જાણો. રાજાએ કહ્યું હે દેવી! મેં અજ્ઞાનતાથી, શિકાર વગેરે ઘણા પાપકર્મો કર્યા. તેથી ઘણું દુઃખ આપનાર નરકમાં હું જઇશ અને તું સર્વ સુખને આપનાર જીવદયા રૂપી ધર્મ આરાધી સ્વર્ગમાં દિવ્યરુપ વાળી દેવી થઇ. આ પ્રમાણે રાજા પ્રત્યક્ષ ધર્મનું સ્વરૂપ જોઈ જલ્દી સર્વ વ્યસનોનો ત્યાગ કરી ધર્મમાં દૃઢતર થયો.

દેવીએ કહ્યું હે રાજન્! જીવદયાનું સારી રીતે પાલન કરો, કારણ કે પરમપદ નજીક હોય અને સર્વ કલ્યાણ

થવાનું હોય તો જ જીવો જિનેશ્વર ભગવંતે કહેલો ધર્મ ભાવથી સ્વીકાર કરે છે. આ પ્રમાણે શ્રીમતી દેવી રાજાને ધર્મના માર્ગમાં સ્થાપન કરી રાજાના પુત્રોને બે રત્નો આપી સ્વર્ગમાં ગઈ. ત્યાર પછી સાતે વ્યસનોનો ત્યાગ કરી ધર્મમાં તત્પર રાજા નગરની મધ્યમાં શ્વેત રત્નમય જિન પ્રાસાદ કરાવી આચાર્ય મહારાજને બોલાવી પ્રાસાદમાં શ્રી શાંતિનાથ ભગવાનની મહોત્સવ પૂર્વક પ્રતિષ્ઠા કરાવી. કારણ કે જિનપ્રાસાદ, જિનપ્રતિમા, તીર્થયાત્રા, પ્રભાવના અને જીવદયાની ઘોષણા એ પ્રાણીઓને મહા પુણ્યને આપનારા છે. એક વખત શિવરાજા શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમાને શ્રેષ્ઠ કુસુમો વડે પૂજા કરી જિનેશ્વર ભગવંતની આગળ સુંદર નૈવેદ્ય સ્થાપન કરી ભક્તિથી ભરેલા મનવાળો ઉદાર અને શ્રેષ્ઠ ગુણોવાળી સ્તુતિઓ વડે શ્રી શાંતિનાથ ભગવાનની સ્તુતિ કરવા લાગ્યો. આ પ્રમાણે એક ચિત્તથી વિશુદ્ધ ભાવના ભાવતા તે શિવરાજાને શાંતિનાથ ભગવાન સમક્ષ કેવલજ્ઞાન ઉત્પન્ન થયું ત્યાર પછી દેવે આપેલો દિવ્યવેશ ગ્રહણ કરી શિવરાજર્ષિ કેવળી, કેવળ જ્ઞાન વડે પૃથ્વી ઉપર અનેક ભવ્ય જીવોને પ્રતિબોધ કરી ક્રમે સર્વ કર્મક્ષય કરી મુક્તિપુરીમાં ગયા. ભાવની વિશુદ્ધિ ઉપર કહ્યું છે કે 'હાથી ઉપર બેઠેલા સ્વામિની મરૂદેવા માતા, ઋષભદેવ ભગવાનનીઋધ્ધિ જોઈ તેજ ક્ષણે શુભ ધ્યાનથી સિધ્ધિપદને પામ્યા છે. આ પ્રમાણે જે ભવ્યજીવો શુદ્ધ ભાવથી ભાવના ભાવે છે તે સર્વ કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાનને પામી મુક્તિપદને પામે છે.

ઉપદેશ :— શિવરાજાનું ભાવનાથી ભૂષિત દૃષ્ટાંત સાંભળી હે ભવ્યજીવો ! તમે પણ જિનેશ્વર ભગવંતની પૂજામાં ભાવથી તેવો પ્રયત્ન કરો. જેથી પરમ કલ્યાણની પ્રાપ્તિ થાય.

શિવરાજાની કથા ૮૩મી સમાપ્ત.

— વિક્રમ ચરિત્રમાંથી.





નાગકેતુની કથા

૮૪

ભાવપૂર્વક કરાયેલો તપ સર્વસુખને આપનારો થાય છે અહિં કેવળજ્ઞાન પામનાર નાગકેતુનું દૃષ્ટાંત છે.

ચંદ્રકાન્તા નગરીમાં વિજયસેન નામે રાજા રાજ્ય કરે છે. ત્યાં શ્રીકાંત નામે વણિક વસે છે. તેને શ્રી સખી નામની સ્ત્રી છે, ઘણી માનતાઓથી તેને એક પુત્ર ઉત્પન્ન થયો. પર્યુષણા પર્વ નજીક આવ્યે છતે કુટુંબમાં થયેલી ત્રણ ઉપવાસ સ્વરૂપ અઠ્ઠમતપની વાત સાંભળી તે જાતિ-સ્મરણજ્ઞાનથી પૂર્વભવનું સ્મરણ કરે છે. તેથી સ્તનપાનને કરનાર તે બાલકે અઠ્ઠમતપ કર્યો, અને સ્તનપાન નહી કરવાથી કરમાઈ ગયેલી માલતી ફૂલની જેમ ગ્લાની પામેલ તે બાલકને જોઈ માતા પિતાએ અનેક ઉપાયો કર્યા છતાં મૂર્છા પામેલા તે બાળકને મરેલો જાણી સ્વજનો તેને ભૂમિમાં સ્થાપન કરે છે. પુત્રના વિયોગથી પિતાનું પણ મરણ થાય છે તેથી ત્યાંના વિજયસેન રાજાએ પુત્રને અને તેના દુઃખથી તેના પિતાને મરેલા જાણી તેનું ધન ગ્રહણ કરવા તેને ઘેર સુભટો મોકલ્યા. અહિંયા અઠ્ઠમતપના પ્રભાવથી આસન ચલિત થવાથી શ્રી ધરણેન્દ્ર નાગરાજે અવધિજ્ઞાનથી તેનું સકલસ્વરૂપ જાણી ત્યાં આવી ભૂમિમાં રહેલા બાળકને અમૃત છાંટવા વડે આશ્વાસન આપી, બ્રાહ્મણ રૂપે ધન ગ્રહણ કરતા તે સુભટોને અટકાવે છે. તે સાંભળી રાજા પણ


જલ્દી ત્યાં આવી કહેવા લાગ્યો. હે બ્રાહ્મણ ! પરંપરાથી અમે અપુત્રિયાનું ધન ગ્રહણ કરીએ છીએ. તેને તું કેમ અટકાવે છે ? ધરણેન્દ્રે કહ્યું, હે રાજન્ ! આનો પુત્ર જીવતો છે. રાજાએ કહ્યું કે કેવી રીતે અને કયાં છે ? ત્યારે ધરણેન્દ્ર નાગરાજે ભૂમિમાંથી જીવતા બાળકને સાક્ષાત્ કરી નિધાનની જેમ બતાવ્યો. તેથી વિસ્મય પામેલા સર્વ લોકોએ પૂછયું, હે સ્વામિ ! તમે કોણ છો ? અને આ બાળક કોણ છે ? દેવે કહ્યું કે હું ધરણેન્દ્ર નાગરાજ છું. અઠ્ઠમતપને કરનાર આ મહાપુરૂષને સહાય કરવા માટે આવ્યો છું. રાજા વગેરેએ કહ્યું, " હે સ્વામિ ! ઉત્પન્ન માત્રથી આ બાળકે અઠ્ઠમતપ કેમ કર્યો ? " ધરણેન્દ્રે કહ્યું, ' હે રાજન્ ! પૂર્વભવમાં આ કોઈ વણિકનો પુત્ર હતો. તેની માતા બાળપણમાં મરી ગઇ હતી. તેથી અપસ્માતાથી અત્યંત પીડાતા તેણે મિત્રને પોતાનું દુઃખ કહ્યું, તે મિત્રે કહ્યું કે–તેં પૂર્વભવમાં તપ કર્યો નથી ' તેથી તું આવો પરાભવ પામે છે, ' એથી તે યથાશક્તિ તપ કાર્યને કરતો આવતા પર્યુષણમાં હું અવશ્ય અઠ્ઠમતપ કરીશ એ પ્રમાણે મનમાં નિર્ણય કરી ઘાસની ઝુંપડીમાં સૂઈ ગયો. તે વખતે અવસર પ્રાપ્ત કરી, અપરમાતાએ નજીકમાં રહેલા અગ્નિમાંથી, અગ્નિનો કણ લઈ ઝુંપડા ઉપર નાખ્યો તેથી ઝુંપડી સળગી ગયે છતે, તે પણ મરી ગયો, અઠ્ઠમતપના ધ્યાનથી તે આ શ્રીકાંત શેઠનો પુત્ર થયો. તેથી તેણે પૂર્વભવમાં ચિંતવેલો અઠ્ઠમતપ કર્યો. આ લઘુકર્મી મહાપુરુષ આ જ ભવમાં મુક્તિપદને પામશે. તેથી તમારે પણ યત્નથી તેનું પાલન કરવું. સમયે તમને

પણ મોટા ઉપકારને માટે થશે. આ પ્રમાણે કહી નાગરાજ પોતાનો હાર બાળકના કંઠમાં નાખી પોતાના સ્થાને ગયો. ત્યાર પછી સ્વજનોએ શ્રીકાન્ત શેઠનું મૃત્યુ કાર્ય કરી તેના બાળકનું નામ યથાર્થ નાગકેતુ એ પ્રમાણે રાખ્યું. ક્રમે કરી તે બાળપણથી જ ઇન્દ્રિયોને જીતનાર જિતેન્દ્રિય એવો પરમ શ્રાવક થયો. એક વખત વિજયસેન રાજાએ કોઈ નિર્દોષ ઉપર ચોરનું કલંક મૂકી તેને મારી નાખ્યો અને તે મરણ પામી વ્યંતર થયો. તેણે આખા નગરમાં વિનાશ માટે શિલા વિકુર્વી અને પગના પ્રહારથી રાજાને લોહી વમતો કરી, સિંહાસનથી ભૂમિ ઉપર નાખી દીધો. તે વખતે નાગકેતુ શ્રી સંઘ અને જિનેશ્વર ભગવંતના મંદિરોનો નાશ હું કેવી રીતે જીવતો જોઉં ? એમ બુદ્ધિથી વિચાર કરી પ્રાસાદના શિખર ઉપર ચઢી તે શિલાને પોતાના હાથમાં ધારણ કરી. તે વખતે તે વ્યંતરદેવ તેની તપ શક્તિના તેજને સહન નહિ કરતો, શિલાને સંહરણ કરી નાગકેતુને નમસ્કાર કર્યો. તેના વચનથી રાજાને પણ ઉપદ્રવ રહિત કર્યો. એક વખત નાગકેતુને જિનેન્દ્રની પૂજા કરતા, પુષ્પની અંદર રહેલા સર્પે ડંખ માર્યો, તો પણ વ્યાકુલ થયા વગર વિશુદ્ધ ભાવના ભાવતા તેને કેવળજ્ઞાન થયું. તેથી શાસનદેવે આપેલો મુનિવેશ ગ્રહણ કરી લાંબો-કાળ પૃથ્વી ઉપર વિચરી અનેક ભવ્ય જીવોને પ્રતિબોધ કરી, નાગકેતુ મહારાજ અજરામર પદને પામ્યા. આ પ્રમાણે નાગકેતુનું દૃષ્ટાંત સાંભળી, બીજાઓએ પણ અઠ્ઠમતપ કરવામાં યત્ન કરવો જોઈએ.

ઉપદેશ :—નાગકેતુનું તપનાં પ્રભાવ ઉપર દૃષ્ટાંત સાંભળી શાશ્વત સુખને ઇચ્છનારા તમે પણ તે પ્રમાણે તપશ્ચર્યામાં યત્ન કરો.

નાગકેતુની કથા ૮૪મી સમાપ્ત.

—કલ્પસૂત્રમાંથી.





વરદત્તની કથા

૮૫

આ સંસાર અસાર છે. જેમાં કર્મના ઉદયથી જીવો અનેક પ્રકારે દુઃખી થાય છે. અહીં વરદત્ત મુનિનું સુંદર દૃષ્ટાંત છે.

કૌશાંબી નગરીમાં મહીપાલ નામે રાજા છે. એક વખત તે રાજા મહોદય ગુરૂમહારાજ પાસે ધર્મ સાંભળવા બેઠો તે વખતે ધર્મદેશના આપતા ગુરૂ ભગવંત હસ્યા. તે વખતે રાજાએ કહ્યું, હે ભગવંત! આપ કેમ હસ્યા? સાધુને હસવું ઉચિત નથી. ત્રિકાળજ્ઞાની ગુરૂ ભગવંતે કહ્યું, લોકોના બોધને માટે મારાથી હસાયું. રાજાએ પૂછયું-કેવી રીતે લોકોને બોધ થાય? ગુરૂ ભગવંતે 'આ સમડીથી બોધ થાય' એમ કહી તેનું સ્વરૂપ કહે છે,

આ ભરતક્ષેત્રમાં શ્રીપુરનગરમાં ધન્ય નામનો શેઠ છે તેને સુંદરી નામે સ્ત્રી છે. તે પરપુરૂષમાં આસક્ત છે. તેનો જારપતિ ચંદ્ર એક વખત તેણીને કહે છે કે હે સુંદરી! આજથી માંડી તારે મારી પાસે આવવું નહિ. હું તારા પ્રિય અને રાજાથી ભય પામું છું. સુંદરીએ કહ્યું-તારે ભય પામવો નહી. હું તે પ્રમાણે કરીશ. મારા સ્વામીને મારી નાખીશ એટલે આપણને ભય રહેશે નહિ. ત્યાર પછી તેણી એક વખત દૂધમાં ઝેર નાખી સ્વામિનો વિનાશ ઈચ્છે છે. તેણીનો સ્વામી ભોજન કરવા બેઠો તે ભોજન પીરસી દૂધ લાવવા માટે ઘરના ઓરડામાં ગઈ. ત્યાં તે વખતે તેણીને સર્પ ડસ્યો. સ્વામીએ તેણીને માટે ઔષધ વગેરે

ઉપચારો કર્યા છતાં પણ ગુણ થયો નહી અને તેની સ્ત્રી મરણ પામી. ધન્ય શેઠ રડવા લાગ્યો. લોકોએ કહ્યું કે સ્ત્રી મરી ગયે છતે કાયર પુરૂષ જ રૂવે છે. પરંતુ સત્વશીલ અને સાહસિક પુરુષ રોતો નથી તેથી ક્રમે કરી તે શોકરહિત થયો. તેની સ્ત્રી મરીને વાઘપણે ઉત્પન્ન થઈ અને ધન્ય શેઠ સંયમ ગ્રહણ કરી દુષ્કર તપ કરતાં વિચરતાં એક વખતે તે વનમાં કાઉસગ્ગ ધ્યાને રહ્યા છે. ત્યાં પૂર્વભવના વૈરથી તે વાઘે તેને મારી નાખ્યો. સમભાવથી સહન કરતા તે ઋષિ અચ્યુત દેવલોકમાં દેવ થયા. અને વાઘ મરી ચોથી નરકમાં ઉત્પન્ન થયો. તે ધન્ય શેઠનો જીવ સ્વર્ગમાંથી ચ્યવી, ચંપાનગરીમાં દત્ત શેઠનો વરદત્ત નામે પુત્ર થયો. ક્રમે કરી તેણે સકલ કળાનો અભ્યાસ કર્યો. અભ્યાસથી તે બાળપણમાં જ વૈરાગ્યવાળો થયો, સમ્યગ્ દર્શન સહિત શ્રાવકના વ્રતો ગ્રહણ કરી, તે દાની અને વિવેકવાળો થયો. સુંદરીનો જીવ નરકમાંથી નીકળી અનેક ભવોમાં ભમતો ક્રમે વરદત્તના ઘરમાં કામુકા નામની દાસીનો પુત્ર થયો. છેતરવાના સ્વભાવવાળો તે 'દાસીપુત્ર' એ નામથી ત્યાં પ્રસિધ્ધિને પામ્યો. પૂર્વભવના દ્વેષથી તે વરદત્તને શત્રુની જેમ માને છે. પિતા મરી ગયા પછી વરદત્ત ઘરનો સ્વામી થયો અને તે દાસીપુત્રને પોતાના ભાઈ જેવો માને છે. દાસીપુત્ર વરદત્તના ચિત્તની પ્રસન્નતા માટે ભાવ વિના ધર્મ કરે છે. તેને ધર્મી જાણી વરદત્ત કહે છે 'આ મારો ભાઈ છે' લોકોમાં પણ તે તેના ભાઈ તરીકે જ પ્રસિધ્ધિને પામ્યો. તે દાસીપુત્ર ક્રમે કરી વરદત્તને

હુણી ઘરનો સ્વામી થવાની ઇચ્છા કરે છે. પણ માયાથી તે પોતાને તેનો ભક્ત જણાવે છે. એક વખત તેણે સુવાના અવસરે વરદત્તને ઝેરવાળું તંબોલપાન ખાવા માટે આપ્યું. 'મારે ચૌવિહાર છે.' એ પ્રમાણે યાદ આવવાથી વરદત્ત ઓશીકા ઉપર મૂકી સૂઈ ગયો. પ્રભાત સમયે વરદત્ત નમસ્કાર મહામંત્રને ગણતો ઉઠી જિનમંદિરમાં ભગવંતના દેવવંદન કરવા ગયો. અહિં વરદત્તની સ્ત્રીએ હાથમાં આવેલા તે તંબોલને એક ભાજનમાં મૂકયું તે જોઇ દાસી-પુત્ર ચિત્તના ભ્રમથી ગ્રહણ કરી ખાઈ ગયો. ઝેરના વિકારથી મૂર્છિત થઈ ભૂમિ ઉપર પડયો. વરદત્તે ઘણા ઉપચારો કર્યા છતાં પણ તે પોતાના કર્મદોષથી મૃત્યુ પામ્યો ત્યાર પછી ભાઈના મરણથી તે વરદત્ત તેના વિયોગથી દુઃખી થયેલો સુખેથી સૂતો નથી અને ખાતો પણ નથી. લોકોનો વારંવાર ઉપદેશ પામી ક્રમે કરી શોકરહિત બની વૈરાગ્ય-વાળો તે વરદત્ત દીક્ષા ગ્રહણ કરે છે. નમ્ર ઉગ્ર તપ કર-વામાં તત્પર તે અધ્યવસાયની વિશુદ્ધિથી મનપર્યવજ્ઞાન પ્રાપ્ત કરે છે. અને 'મહોદયમુનિ' એવું નામ તે ધારણ કરી અનેક ભવ્ય જીવોને બોધ કરવા માટે તે જ હું અહીં આવ્યો અને તે દાસીપુત્રનો જીવ મરણ પામી સમડી થઈ તે આ ઝાડ ઉપર રહેલી મારા પૂર્વભવની પત્ની જાણવી. તેથી આને જોઈ મને હસવું આવ્યું તે વખતે તે સમડી મુનિને જોઈ પોતાના પૂર્વભવોને યાદ કરી ઝાડ ઉપરથી નીચે ઉતરી ગુરૂ ભગવંતના પગમાં પડી પોતના અપરાધને ખમાવે છે. ગુરૂ ભગવંતે કહ્યું, પૂર્વભવની આ સ્ત્રીને જોઈ

મને હસવું આવ્યું પછી તે સમડી અનશન ગ્રહણ કરી સ્વર્ગમાં ગઇ. રાજા વગેરે ઘણા લોકોએ જિનધર્મ અંગીકાર કર્યો. રાજાએ પોતાનું ધન સાત ક્ષેત્રમાં વાવી ચારિત્ર ગ્રહણ કરી મહોદયમુનિની સાથે વિહાર કર્યો. ક્રમે કરીને તે રાજર્ષિને પણ મનપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું. મહોદયમુની અને મહિપાલ રાજર્ષિ સ્વર્ગમાં ગયા. ક્રમે કરી તે બન્ને મુક્તિસુખને પામશે.

ઉપદેશ :— ભવવૈરાગ્યનું કારણ મહોદયમુનિનું આ દૃષ્ટાંત સાંભળીને હે ભવ્ય જીવો ! તમે પણ તેવા વૈરાગ્યથી વાસિત બનો.

વરદત્તમુનિની કથા ૮૫ મી સમાપ્ત.

—પ્રબંધ પંચાશતીમાંથી.





કપર્દિ શ્રાવકની કથા

૮૬

દેવગુરૂની ભક્તિથી શ્રાવકો સુખી થાય છે. અહીં શ્રી હેમચંદ્રાચાર્યના અનુરાગી કપર્દિ શ્રાવકનું દૃષ્ટાંત છે.


એક વખત પાટણમાંથી હેમચંદ્રાચાર્યશ્રીને વંદન કરવા કપર્દિ શ્રાવક આવ્યો. આચાર્ય મહારાજે સુખના સમાચાર પૂછયા. તેણે કહ્યું હે ભગવંત! મારા ઘરમાં દરિદ્રતા જ છે. દયાળુ ગુરૂ ભગવંતે કહ્યું કે ભક્તામર સ્તોત્રનું દશમું કાવ્ય ' નાત્યદ્ભુતં ભુવનભૂષણ! ભૂતનાથ!' એ છ માસ પર્યંત ગણવું અને તેની આરાધના વિધિ પણ બતાવી. ગુરૂ ભગવંતે બતાવેલી વિધિ પ્રમાણે આરાધના કરતા તેને એક વખત રાત્રિમાં શ્વેત વસ્ત્રથી ભૂષિત, સ્ત્રીવેશ ધારણ કરી ચક્રેશ્વરી દેવી તેની ઉપર પ્રસન્ન થઈ. તેણીએ કહ્યું કે 'તારે બત્રીશ માટીના ઘડા ઘરમાં સ્થાપન કરવા. કામધેનુ રૂપે હું ત્યાં આવીશ. તારે મને દરરોજ દોહવી. સર્વ માટીના ઘડા સોનાના થશે' તેથી તેણે દરરોજ સવારે ગાય દોહવાથી એકત્રીશ ઘડા ભર્યા. બત્રીશમાં દિવસે દેવીના પગમાં પડી શેઠ કહે છે કે હે માતા! તમારી કૃપાથી આ એકત્રીશ ઘડા સુવર્ણના થયા, બત્રીશમો ઘડો તે રીતે કરો કે જેથી હું પરિવાર સહિત રાજાને જમાડું. દેવીએ કહ્યું 'એ પ્રમાણે થાવ' ત્યાર પછી હર્ષ પામેલા તે શેઠે સવારમાં પરિવાર સહિત કુમારપાળ મહા-

રાજાને આમંત્રણ આપ્યું. એક પ્રહર થયે છતે રાજા એ દૂતના મુખથી ભોજનની તૈયારી તેને ઘેર જોઈ નહિં 'અહો ! એણે મારી સાથે મશ્કરી માંડી' એ પ્રમાણે રાજા વિચારમાં છે ત્યાં રાજાને શેઠ બોલાવવા માટે આવ્યો. પરિવાર સહિત રાજા તેને ઘેર ભોજન માટે આવ્યો. તે વખતે દેવી કામધેનુ ત્યાં રહેલી છે. બત્રીશમાં ઘડામાં સર્વ પ્રકારની ભોજન સામગ્રી તૈયાર થઈ. અમૃત સરખા ભોજનના આસ્વાદથી અત્યંત પ્રસન્ન થયેલા રાજાએ પૂછયું 'આવી રસોઇ કયાંથી આવી' તે શેઠે કહ્યું કે શ્રીઆદીશ્વર જિનેશ્વરના ધ્યાનના પ્રભાવથી અને મારા ગુરૂ શ્રીહેમચંદ્રસૂરી મહારાજની કૃપાનું આ સર્વ ફળ જાણવું. તેથી કુમારપાળ રાજા ગુરૂ ભગવંતના મહાપ્રભાવને અનુમોદન કરતા પોતાના સ્થાનમાં ગયા. તે કપર્દિ શ્રાવક ગુરૂકૃપાથી સુખી થયેલો હંમેશા યુગાદિદેવશ્રી આદીનાથ ભગનાનની આરાધનામાં તત્પર અને ગુરૂદેવની સેવા કરવામાં સાવધાન બની સાત ક્ષેત્રમાં ધન વાપરતો સાધર્મિકની ભક્તિ કરતો, દીન અને અનાથ લોકોના ઉદ્ધાર કરતો પોતાનો જન્મ સફળ કરી સ્વર્ગ-સુખને પામ્યો.

ઉપદેશ :– શ્રી યુગાદીદેવના ધ્યાનના પ્રભાવથી સુખી થયેલા ગુરૂભકત કપર્દિ શ્રાવકનું સુંદર દૃષ્ટાંત સાંભળી તમે પણ તે પ્રમાણે આરાધના કરનારા થાઓ.

કપર્દિ શ્રાવકની ૮૬ મી કથા સમાપ્ત.

—પ્રબંધ પંચશતીમાંથી.



જિનદાસી શ્રાવિકાની કથા

૮૭

જીવદયા સહિત શ્રી જિનેશ્વરદેવની પૂજા કરવાથી પણ દિવ્યજ્ઞાન-અવધિજ્ઞાન થાય છે. અહીં જિનદાસી શ્રાવિકાની સુંદર કથા બોધ માટે કહેવાય છે.

રોહિત નગરમાં રોહિત નામનો તાપસ ઉગ્ર તપશ્ચર્યા કરતો હતો. પરંતુ એ સર્વથા દયા ધર્મને જાણતો ન હતો. તીવ્ર તપ તપતાં તેને તેજોલેશ્યા ઉત્પન્ન થઈ, એક વખત ઝાડ નીચે રહેલા તેના માથા ઉપર, વૃક્ષની શાખા ઉપર બેઠેલી બગલી ચરકી તે વખતે રોષ પામેલા તેણે તેજોલેશ્યાથી બગલીને બાળી નાખી. એક વખત તે તાપસ રોહિતનગરમાં ભિક્ષા માટે ભમતા જિનદાસને ઘેર ગયો, તે વખતે તેની સ્ત્રી દયાવાળી જિનદાસી જિનેશ્વર ભગવંતની પૂજા કરતી હતી. તેથી લાંબાકાળે ભિક્ષા આપવા માટે જેટલામાં ત્યાં આવી તેટલામાં રોષ પામેલા તે તાપસે તેણીને બાળવા મુખમાંથી ધૂમાડો કાઢયો. તે વખતે તેજોલેશ્યા મુકતા તેનું સ્વરૂપ જ્ઞાનથી જાણીને જિનદાસીએ કહ્યું-હે ભદ્ર! તાપસ! હું તે બગલી નથી. આ સાંભળી વિસ્મય પામી તે કહે છે હે ભદ્રે! મેં બગલીને મારી નાખી તે તું કેવી રીતે જાણે છે? જિનદાસી શ્રાવિકાએ કહ્યું તું વારાણસી નામે નગરીમાં જા ત્યાં કુણાલ નામે થાંડાલ મારો શિષ્ય છે તે આનું સ્વરૂપ તને કહેશે. તેથી વિશેષ કરી વિસ્મય પામેલો તે વારાણસીમાં ગયો ત્યાં કુણાલની

નજરમાં તાપસ જેવો દેખાયો તે વખતે કુણાલે કહ્યું હે ભદ્ર ! જિનદાસી શ્રાવિકાએ અહિંયા સંશય દૂર કરવા તને મોકલ્યો છે. આ સાંભળી અત્યંત વિસ્મય પામેલો તે તાપસ આ ચાંડાલ પણ આ વાત કેવી રીતે જાણે ? એ પ્રમાણે વિચાર કરતાં તેણે કુણાલને પૂછ્યું હે ભદ્ર ! તે જિનદાસી શ્રાવિકા અને તું, મારૂ વર્તન તમે કેવી રીતે જાણો છો ? તે કુણાલે કહ્યું કે ભાવ વિશુધ્ધિથી મને તેમજ જિનેન્દ્રની પૂજા કરતાં જીવદયામાં પ્રસકત તેણીને અવધિ-જ્ઞાન થયેલું છે. તેથી તમારૂં આ વૃતાંત અમે જાણીએ છીએ. જીવદયા રહિત અજ્ઞાનથી તીવ્ર તપને કરતો આ તેજોલેશ્યાથી બગલીને બાળવાથી તું નરકમાં જઇશ. આ સાંભળી પશ્ચાતાપ કરતો તે તાપસ પૂછે છે–'તે બગલી મરીને કયાં ઉત્પન્ન થઈ? જેથી હું ત્યાં જઇ તેણીની આગળ મારો અપરાધ ખમાવું.' કુણાલે કહ્યું કે–તે બગલી મરીને પ્રમદ વનમાં મેના થઈ અને ત્યાં ગુરૂના વચનથી પ્રતિબોધ પામી. જિનાલયમાં જિનેશ્વર ભગવંતની શ્રેષ્ઠ પુષ્પો વડે પૂજા કરી તેથી તે પુણ્યના પ્રભાવથી પદ્મપુર નગરમાં ધન શેઠની સ્ત્રી ધનવતી નામે હાલ થઇ છે. તે તાપસ આ સાંભળી ત્યાં જઈ તેના પગમાં પડી કહે છે–હે પુણ્યવતિ ! મારા ઉપર કૃપા કરી મારા અપરાધને ક્ષમા કરો. તેણીએ કહ્યું 'તમારી સાથે મારે કયાં અપરાધ થયો ? તાપસ કહે છે–મેં બગલાના ભવમાં તને બાળી નાખી હતી. તેણીએ કહ્યું તે કેવી રીતે જાણ્યું ? તાપસે કહ્યું જિનદાસી શ્રાવિકા અને કુણાલ ચાંડાલના મુખમાંથી આ

વૃત્તાંત મેં જાણ્યો છે તે સાંભળતાં તેણીને પણ જાતિસ્મરણ જ્ઞાન થયું, તેથી તે બન્નેએ પરસ્પર ખમાવ્યા, ત્યારપછી તે તાપસ પ્રતિબોધ પામી ગુરૂ મહારાજ પાસે જઇ પ્રવજ્યા ગ્રહણ કરી, ઉગ્ર તપશ્ચર્યા કરવા પૂર્વક સર્વ કર્મને ક્ષય કરી સિધ્ધિપદને પામ્યો. જિનદાસી શ્રાવિકા અને કુણાલ અંત સમયે દીક્ષા ગ્રહણ કરી સિધ્ધિપદને પામ્યા. બગલીનો જીવ ધનવતી સારી રીતે ધર્મની આરાધના કરી સ્વર્ગમાં ગયો અને ક્રમે કરી મોક્ષમાં જશે.

ઉપદેશ—જિનદાસી શ્રાવિકા અને કુણાલ ચાંડાલનું ભાવની વિશુધ્ધિને કરનારૂં આ દૃષ્ટાંત સાંભળી હે ભવ્ય જીવો ! તમે પણ દયાપૂર્વક જિનેશ્વરની પૂજામાં હંમેશાં યત્ન કરો.

જિનદાસી શ્રાવિકા અને કુણાલ ચાંડાલની કથા સમાપ્ત.

—પ્રબંધ પંચશતીમાંથી.





શૂર રાજાની કથા

૮૮

શ્રી સિધ્ધગિરિ તીર્થના પ્રભાવથી વિઘ્નનો સમુદાય નાશ પામે છે. અહિંયા સિધ્ધગિરિ તીર્થના પ્રભાવથી શૂરરાજા પરમપદને પામ્યા.

કલ્યાણપુર નગરમાં મદનરાજાને પ્રેમવતી નામની પત્ની છે અને તેને શૂર નામે પુત્ર છે. એક વખત રાજા નગરના ઉદ્યાનમાં ગયેા. ત્યાં એક શ્વેત વસ્ત્રને ધારણ કરનારી સ્ત્રીએ તેને કહ્યું, હે રાજન્! જો હું તારી સ્ત્રી થાઉં તો તારૂં રાજ્ય વધે રાજાએ કહ્યું, તું આવ અને મારી સ્ત્રી થા. ત્યાર પછી તેણી કહે છે, તું ઘર તરફ જા, હું તારી પાછળ આવીશ. રાજા ઘેર ગયેા. અહિં અચાનક શત્રુઓના સમુદાયે આવી નગરને ઘેરો ઘાલ્યેા. રાજા નગર બહાર આવી યુદ્ધ કરવા લાગ્યેા. તેનું મોટું સૈન્ય જોઈ નગરમાં પ્રવેશ કરી રાજા વિચાર કરે છે–શત્રુનું સૈન્ય મોટું છે. તેથી હાલમાં હું શું કરૂં? તે સ્ત્રીના છલના શબ્દોથી હું છેતરાયેા છું. એમ મને લાગે છે જેથી તે સ્ત્રીએ કહ્યું, તારૂં રાજ્ય વધે, પણ અહિંયા વધવું એટલે ઓલવવું–શાંત પમાડવું એમ લાગે છે. જેમ દીવાને વધાવો એટલે દીવાનો ક્ષય કરાય. અથવા ઓલવાય. આથી જ મારૂં રાજ્ય ગયું. તે સ્ત્રી દરિદ્રી હોવી જોઈએ. હવે જો તે ચાલી જાય તો શ્રેષ્ઠ છે. 'જીવતો માણસ સેંકડો કલ્યાણ જુએ છે.' આ પ્રમાણે નિર્ણય કરી રાજા પત્ની, પુત્ર અને પરિવાર સહિત કંઈક ધન ગ્રહણ કરી ગુપ્ત રીતે રાત્રિમાં નગરની

બહાર નીકળ્યો. માર્ગમાં જતા રાજાનું ધન લોકોએ લુંટી લીધું. ક્રમે કરી ધન રહિત થવાથી તેનો પરિવાર પણ ચાલી ગયો. ત્યાર પછી રાજા પત્ની, પુત્ર સહિત પગે ચાલનારો થયો. માર્ગમાં પત્ની તથા પુત્રને પગમાં કાંટા વાગ્યા અને રૂધિર નીકળવા લાગ્યું. ક્રમે કરી તૃષા લાગી તેથી રાજા દૂર જઈ પાણી લાવી પત્ની અને પુત્રને પીવડાવે છે. માર્ગમાં ફલોનો આહાર કરતો રાજા ક્રમે પદ્મપુર નગરમાં આવ્યો. ત્યાં કાષ્ટ–લાકડા ઈંધન ઘાસ વગેરે વનમાંથી લાવી વેચી કુટુંબ સહિત રાજા પોતાનું ગુજરાન ચલાવે છે. આ પ્રમાણે તે રાજાને આઠ વર્ષ પસાર થયા. એક વખત તેના પુણ્યથી પ્રેરણા કરાયેલી કોઈ દેવીએ આવી કહ્યું, કે તું તારા નગરમાં જા ત્યાં ગુપ્તપણે તારે રહેવું. તારો વૈરી અપુત્રીઓ મરણ પામશે અને રાજ્ય તને મળશે. તેથી તેણે દેવીના વચન પ્રમાણે કર્યું. અચાનક શત્રુરાજા મરી ગયો અને તે રાજા થયો. લાંબો કાળ રાજ્ય પાલન કરીને મદન રાજાએ અંત સમયે પોતાના પુત્ર શૂરને રાજ્ય આપી પરલોકની આરાધના કરી દેવલોકમાં ગયો. તે શૂરરાજા દુર્જનના સંસર્ગથી હંમેશા ઘણા પશુઓને મારે છે. કારણ કે 'ગુણો અને દોષો સંસર્ગથી થાય છે.' એક વખત પ્રધાનોએ કહ્યું, હે રાજન્ આવી જીવહિંસા ન કરવી જોઈએ. કારણ કે તે હિંસા નરકમાં લઈ જનારી છે. કહ્યું. છે કે–'પોતાના એક જીવિતને માટે ઘણા કરોડો જીવોને જેઓ દુઃખમાં નાખે છે. અથવા હણે છે. પરંતુ જીવહિંસા કરનારનું શું શાશ્વતુ જીવન છે,

'બીજાને દુઃખ ન આપવું જોઇએ.' એટલું જેઓએ જાણ્યું નથી તેઓને તુચ્છ એવા કરોડો પદ્યો ભણવા વડે શું? 'જીવહિંસા દુર્ગતિનું કારણ છે.' આ પ્રમાણે મંત્રીઓથી નિષેધ કરાયેલો પણ તે રાજા પાપથી અટકતો નથી. પણ અધર્મ કાર્યમાં હંમેશા આસકત તે શૂર રાજા પાપના ઉદય વડે કોઢિયો થયો. અનેક વૈદ્યોએ ચિકિત્સા કરી પણ તેનો રોગ ન ગયો. તે રાજા કોઢના વિનાશ માટે ગંગા વગેરે પવિત્ર નદીઓમાં સ્નાન કરે છે. તો પણ તેને કાંઈ ગુણ થયો નહિ. તેથી તીવ્ર પીડાવાળો રાજા પ્રધાનોને કહે છે. હું જીવવા શકિતમાન નથી અગ્નિમાં પડી આ મારા દેહનો ત્યાગ કરીશ. ત્યારે મંત્રીઓએ રાજાને કહ્યું, હે રાજન્! અગ્નિમાં પડવાથી પણ કરેલા કર્મથી છુટાતું નથી, તો પણ રાજા જ્યાં અગ્નિમાં પડવા ગયો ત્યાં તેના પુણ્યથી અચાનક પ્રેરણા કરાયેલ હોય તેમ કોઇ જ્ઞાની ભગવંત ત્યાં પધાર્યા. તેથી રાજાએ તે ગુરૂ ભગવંતને પૂછ્યું, હે ભગવંત! મારા રોગનો ઉપશમ કેવી રીતે થશે? ગુરૂ ભગવંતે કહ્યું, 'તું શત્રુંજય તીર્થમાં જા, ત્યાં ચંદ્રકુંડમાં સ્નાન કરી શ્રી ઋષભદેવ ભગવંતની પૂજા કરવી. ત્યાં સાત છઠ્ઠ અને એક અઠ્ઠમતપ કરી રાયણ વૃક્ષની નીચે રહેલી માટી વડે એકવીસ દિવસ શરીરે લેપ કરવો. તો તારો આ રોગ અવશ્ય નાશ પામશે. ત્યાર પછી તે જ્ઞાની ભગવંતનું વચન સાંભળી શ્રી શત્રુંજયમાં જઇ તે પ્રમાણે કરવાથી રાજાનો રોગ નાશ પામ્યો. તેથી શૂર રાજાએ ત્યાં શ્રી સિદ્ધગિરિમાં મોટો પ્રાસાદ કરાવ્યો અને ત્યાં શ્રી ઋષભદેવ

ભગવંતની પ્રતિમા સ્થાપન કરાવી. શ્રી શત્રુંજય તીર્થની યાત્રા મોટા ઠાઠપૂર્વક કરી. ત્યાર પછી શૂર રાજા પોતાના પુત્રને રાજ્ય ઉપર બેસાડી દીક્ષા ગ્રહણ કરી શત્રુંજય તીર્થમાં જઇ ઉગ્ર તપશ્ચર્યા કરી સિદ્ધિપદને પામ્યા.

ઉપદેશ :—રોગના ઉભરાનું કારણ શૂર રાજાનું દૃષ્ટાંત સાંભળી તમે પણ હંમેશા તે પ્રમાણે સિદ્ધિગિરિનું ધ્યાન ધરો.

શૂર રાજાની કથા ૮૮મી સમાપ્ત.

—પ્રબંધ પંચશતીમાંથી.





ક્ષુલ્લકમુનિની કથા

૯૯

સંયમ માર્ગમાં થતાં દોષોને દૂર કરવા હંમેશા યત્ન કરવો જોઈએ. અન્યથા દુર્ગતિ થાય છે. અહિં ક્ષુલ્લકમુનિનું દૃષ્ટાંત જાણવું.

વસંતપુરમાં દેવપ્રિય શેઠ હતો. યુવાન વયમાં તેની સ્ત્રી મૃત્યુ પામી. તેથી આઠ વર્ષના પુત્ર સાથે શેઠે દીક્ષા લીધી. એક વખત તે ક્ષુલ્લકમુનિ પરિસહને સહન નહી કરતો કહે છે–હે તાત ! જોડા વિના વિહાર કરવા શકિતમાન નથી. મોહથી પિતાએ પુત્ર માટે જોડા કરાવ્યા. ત્યાર પછી વળી પુત્ર કહે છે–હે તાત ! તડકામાં માથું બહુ તપે છે તેથી વિહાર કરવા અસમર્થ છું તેથી પિતાએ તડકો દૂર કરવા છત્ર રાખવાની અનુમતિ આપી. ત્યાર પછી ક્ષુલ્લકમુનિ કહે છે કે–ભિક્ષા ભ્રમણ કરવા માટે શકિતમાન નથી તેથી પિતા ભિક્ષા લાવી પુત્રને આપે છે. એ પ્રમાણે ભૂમિ ઉપર સુવા અશકિતમાન થયેલા તેને પિતાએ પાટ વાપરવાની અનુમતિ આપી. એ પ્રમાણે તે ક્ષુલ્લક લોચને સ્થાને મુંડન કરાવે છે અને શરીરના સ્નાન માટે પુત્રને અચિત્ત જલ વાપરવાની છૂટ આપી. પુત્ર ફરી પણ કહે છે હે તાત! બ્રહ્મચર્યને પાળવામાં શકિતમાન નથી. આ સાંભળી પિતાએ વિચાર કર્યો. 'આ અયોગ્ય છે.' મેં મોહથી ચારિત્ર ધર્મને અનુચિત એવા કાર્યો કરાવ્યા. પણ આ પ્રમાણે કરાવતો પુત્ર સહિત હું પણ નરકમાં પડીશ. સંસારમાં જીવોને અસંખ્યાતા પુત્રો

થયા તો આ એકની ઉપર શું મોહ ? તેથી સમુદાયમાથી કાઢી મુકાયો. તે પુત્ર મરણ પામી પાડા તરીકે ઉત્પન્ન થયો અને તેના પિતા આરાધના કરી સ્વર્ગમાં ગયા. અવધિજ્ઞાનથી પુત્રને પાડા તરીકે ઉત્પન્ન થયેલો જાણી સાર્થવાહનું રૂપ ધારણ કરી તે જ પાડાને પાણી લાવવા માટે ગ્રહણ કર્યો. તે પાડાની પીઠ ઉપર બહુ પાણી મૂકી વહન કરાવે છે. તેમજ તેને બોધને માટે 'હે તાત ! હું જોડા વિના ચાલવાને શકિતમાન નથી.' ઇત્યાદિ પૂર્વના તેના કહેલા વચનો તે દેવ સંભળાવે છે. તેથી તે વચનો સાંભળતા પાડાને જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તેથી પોતાના પૂર્વભવને યાદ કરતો વારંવાર આંસુ પાડતો વિચાર કરે છે–પિતાએ કહેલું ચારિત્ર મેં ન પાળ્યું તેથી મરણ પામી હું પાડો થયો. ત્યાર પછી દેવે કહ્યું, હું તારો પિતા છું તને પૂર્વભવ યાદ કરાવવા હું અહિં આવ્યો છું. જો આગળ શુભગતિમાં જવાની ઇચ્છા હોય તો અનશન અંગીકાર કર. તેથી પ્રતિબોધ પામી તે પાડો અનશન અંગીકાર કરી વૈમાનિક દેવ થયો. ત્યાંથી માનવભવ પ્રાપ્ત કરી નિર્મળ ચારિત્ર આરાધી ક્રમે કરી સિદ્ધિપદને પામશે. એથી શુદ્ધ વ્રત પાળવું જોઇએ.

ઉપદેશ :—અહિં ક્ષુલ્લક મુનિનું વ્રત વિરાધનાનું ફળ જાણી હે ભવ્ય જીવો ! તમે ભાવથી સંયમની વિશુદ્ધિ માટે યત્ન કરો.

ક્ષુલ્લકમુનિની કથા ૮૯ મી સમાપ્ત.

–પ્રબંધપંચ શતીમાંથી.



તાપસીની કથા

૯૦

સદ્‌ગુણોનો નાશ કરનારી, પારકાની નિંદા કદી પણ કરવી નહિ. અહિં પરનિંદાના સ્વભાવવાળી તાપસીની કથા છે.

એક ગામમાં વેશ્યાવાડાની નજીક એક તાપસી રહે છે. તે હંમેશા સ્નાન વગેરે કરી પછી જમે છે. ત્યાં નજીકમાં રહેલા વેશ્યાના ઘરમાં ભોગને માટે નટ, ભાંડ, ઠગ વિગેરે દુર્જન મનુષ્યોને આવતા જોઈ ઈર્ષ્યા કરતી તાપસી આ પ્રમાણે વિચાર કરે છે. આ પાપિની વેશ્યા હંમેશા ઘણું પાપ કરે છે તેથી ત્યાં આવતા માણસોની સંખ્યા ગણવા માટે એક ભાજન જુદું રાખ્યું જે દિવસમાં જેટલા માણસો આવે છે, તે દિવસમાં તેટલા કાંકરા તે ભાજનમાં નાખે છે. એટલામાં એક વખત તાપસીનો ભાઇ ત્યાં આવ્યો. તાપસી સારી રીતે તેને જમાડી કાર્ય માટે બહાર ગઈ. અહિં અતિથિ એવા તેના ભાઇએ તે ભાજન ઉઘાડયું. કીડાઓથી ભરેલું ભાજન જોઈ ને બેનને પૂછયું કે આ ભાજન કેમ ભર્યું છે? તેણી કહે છે જેટલા પુરૂષો આ વેશ્યાના ઘરમાં ભોગને માટે આવે છે તેની સંખ્યા ગણવા માટે મેં આ ભાજનમાં કાંકરા નાખ્યા છે. તેણીનો ભાઈ કહે છે, કે–આની ઈર્ષ્યા અને નિંદા કરતી એવી તેં આ પ્રમાણે કર્યું. પણ તેથી તેં વેશ્યાનું પાપ ગ્રહણ કર્યું એથી ભાજનમાં નખાયેલા કાંકરા પણ પાપના ઉદયથી કીડા થયા. એથી પાપી માણસોના પાપની ગણત્રી કરાય

નહી. કારણ કે બીજાના પાપની ગણત્રી કરાય તો તેનું પાપ તેને લાગે છે. કહ્યું, છે કે–અતિથિ અને નિંદા કરનાર બન્ને મારા બાંધવો છે. નિંદા કરનારો પાપ દૂર કરે છે અને અતિથિ સ્વર્ગમાં લઈ જાય છે. તેથી તેં વેશ્યાની ઈર્ષ્યા કરી એથી કાંકરા કીડા થયા. આ જાણી તે તાપસી તે ઘરનો ત્યાગ કરી બીજે રહેવા ગઈ અને પરનિંદા છોડવાથી તેણી સુખી થઇ.

ઉપદેશ :—અહો પારકાની નિંદા કરનારી તાપસીનું સ્વરૂપ જાણી પોતાનું હિત ઇચ્છનારે પરનિંદા ન કરવી જોઇએ.

તાપસીની કથા ૯૦ મી સમાપ્ત.

—પ્રબંધ પંચશતીમાંથી.





પોપટની કથા

૬૧

જો તમે સુખના અર્થી છો તો હંમેશા શઠની પ્રત્યે શઠતા કરવી જોઇએ. અહિં વેશ્યા અને પોપટનું બોધદાયી લૌકિક દૃષ્ટાંત છે.

કોઇક નગરમાં એક શેઠ હંમેશા સુપાત્રદાન આપે છે. એક વખત રાજા સમક્ષ વેશ્યા નૃત્ય કરે છે. તે વેશ્યા રાજા અને લોકો પાસેથી ઘણું ધન મેળવે છે. પરંતુ તે શેઠ, કુપાત્ર એવી વેશ્યાને કાંઈપણ આપતો નથી ત્યારે લોકોએ કહ્યું-તું શેઠની પાસેથી કેમ ધન ગ્રહણ કરતી નથી ? એક વખત રાજા ખુશ થયે છતે વેશ્યાએ રાજાને કહ્યું કે મેં આજે સ્વપ્નમાં શેઠની પાસેથી લાખ રૂપીઆ લેવાના કબુલ કરાવ્યા છે તે તમે અપાવો. તેથી રાજાએ કહ્યું, હે શેઠ ! સ્વપ્નમાં આપવાનું કબુલ કરેલું ધન તું વેશ્યાને આપ. તેથી તે શેઠ 'હું શું કરૂં' એ પ્રમાણે વિચાર કરતો ગ્લાની પામેલા મુખવાળો ઘેર ગયો, શ્યામ મુખવાળા શેઠને જોઈ પોપટ કહે છે કે આજે તમારૂં મુખ શ્યામ કેમ છે? શેઠે વેશ્યાનું વચન કહ્યું. તે સાંભળી પોપટે કહ્યું કે-એક લાખ રૂપીઆનું રત્ન દર્પણ ઉપર રાખી વેશ્યા આગળ રાજાના દેખતા કહેવું કે દર્પણની અંદર પ્રતિબિંબ થયેલ રત્નને તું ગ્રહણ કર. આ પ્રમાણે કહે છતે તેણી કહે-'આ રત્ન કેવી રીતે ગ્રહણ કરી શકાય? તે વખતે તમારે કહેવું 'સ્વપ્નના સરખું આ રત્ન છે, શેઠ તે પ્રમાણ કરે છે વેશ્યા જીતાઇ. હું પોપટની બુદ્ધિથી

જીતાઈ છું એમ જ્યારે વેશ્યાએ જાણ્યું તેથી એક વખત શેઠ પાસે દાસીને મોકલી ક્રીડા કરવા પોપટને મંગાવી ગ્રહણ કર્યો. તેના ઉપર રોષ પામેલી તેણીએ પોપટની પાંખ છેદી દાસીની આગળ કહ્યું આ પોપટ ભોજનને માટે રાંધવો. આ પ્રમાણે કહી વેશ્યા કાર્ય માટે બીજે ગઈ. તે વખતે પોપટ ત્યાંથી નાસી જઈ બાળમાં સંતાઇ ગયો. દાસીએ પોપટને નાસી ગએલો જોઈ બીજું માંસ રાંધ્યું. તે વેશ્યા ભોજન અવસરે પોપટના માંસની બુદ્ધિએ તે માંસને ખાતી બોલે છે 'હે પોપટ ! શેઠને બુદ્ધિ આપવાથી તેં મારૂં ધન ગુમાવ્યું, તેથી તારૂં કરેલું ફળ તું જો. બાળની અંદર રહેલા પોપટે તેનું વચન ગુપ્તપણે સાંભળ્યું. મરણથી ભય પામેલો પોપટ બાળની અંદર આવેલું અન્ન ખાતો, ક્રમે કરી પાંખો આવવાથી ઊડી વનમાં ગયો. એક વખત વેશ્યા વિષ્ણુના મંદિરમાં નૃત્ય કરવા આવી. પોપટ વિષ્ણુની પાછળ રહીને બોલ્યો કે હે વેશ્યા ! હું વિષ્ણુદેવ તારી ઉપર ખુશ થયો છું તું વરદાન માંગ અને બીજું માથું મુંડાવી લોકોના સમુદાય સહિત નૃત્ય કરતી અહીં આવીશ તો હું તને વૈકુંઠમાં લઇ જઈશ. તેથી તેણી આ સાચું માની તે પ્રમાણે કરી જેવી ત્યાં વિષ્ણુના મંદિરમાં આવી, તે વખતે પોપટ ઉડી વૃક્ષની શાખા ઉપર જઇ કહે છે કે શઠની ઉપર શઠતા અને આદર કરનાર ઉપર આદર કરવો જોઇએ. તેં મારી પાંખો કાપી અને મેં તારૂં માથું મુંડાવ્યું. એથી મેં મારૂ વેર વાળ્યું. આ પ્રમાણે કહી પોપટ બીજે ઠેકાણે ગયો.

ઉપદેશ :—અહીં પોતાનું વેર વાળનાર બુદ્ધિશાળી પોપટનું દૃષ્ટાંત જાણી તમે પણ સામે જેવા હોય તેવા થાઓ.

વેશ્યા અને પોપટની કથા ૯૧ મી સમાપ્ત.

—પ્રબંધ પંચશતીમાંથી.





કાષ્ઠમુનિની કથા

૬૨

જો સ્ત્રી દુષ્ટ સ્વભાવવાળી થાય તો શત્રુથી પણ ભયંકર બને છે. અહિં શાસનની પ્રભાવના કરનારૂં કાષ્ઠમુનિનું દૃષ્ટાંત છે.

રાજગૃહી નગરીમાં કાષ્ઠ શેઠ વસે છે. તેને વજ્રા નામની સ્ત્રી છે. તેનો દેવપ્રિય નામનો પુત્ર પાઠશાળામાં ભણે છે. શેઠના ઘરમાં પોપટ, મેના અને કુકડો, એમ ત્રણે પુત્ર જેવા છે. તેમજ એક બ્રાહ્મણનો પુત્ર કામ કરવાને માટે પોતાના ઘરમાં રાખ્યો છે. તે શેઠ એક વખત ઘરનો ભાર પોતાની સ્ત્રી અને પોપટને સોંપી ધન માટે પરદેશમાં ગયો. હવે બ્રાહ્મણપુત્ર યુવાવસ્થા પામે છે. વજ્રા તેની સાથે વિષય સુખો ભોગવે છે. તેનું તેવા પ્રકારનું સ્વરૂપ જોઇ મેનાએ પોપટને કહ્યું, પાપકર્મમાં તત્પર એઓને આપણે અટકાવીએ, પોપટ કહે છે 'મૂર્ખાઓને આપેલો ઉપદેશ ક્રોધને માટે થાય છે. પણ શાંતિ માટે થતો નથી જેમ સર્પને પીવડાવેલું દૂધ ફક્ત વિષને વધારનારૂં થાય છે. તેમ અહિંયા ક્રોધને વધારનારૂં થાય છે.' તેથી હમણા ઉપદેશનો સમય નથી. 'હે પ્રિય ! સત્ય સાંભળો, અકાળે મરવું સારૂં પરંતુ પિતાના ઘરમાં આવા પ્રકારનું અકાર્ય જોવા માટે હું સમર્થ નથી' આ પ્રમાણે બોલતી તે મેના ઉપર ક્રોધ પામેલી વજ્રાએ તેણીને જીવતી અગ્નિમાં નાખી દીધી. આ દેખી પોપટ મૌન રહ્યો. એક વખત તેના ઘરમાં કોઇ બે તપસ્વીઓ ભિક્ષા લેવા માટે

આવ્યા. તેમાં એક વૃદ્ધ તપસ્વીએ નાના તપસ્વીને આ પ્રમાણે કહ્યું, 'આ કુકડાની કલગી સહિત માથું જે ખાય તે રાજા થાય.' તે વચન ભીંતની પાછળ રહેલા બ્રાહ્મણે સાંભળ્યું બ્રાહ્મણ વજ્રાને કહે છે. આ કુકડાનું માથું ખાવા માટે અવશ્ય મને આપજે. તેણીએ રાગના કારણથી તેના વચનનો સ્વીકાર કર્યો. પછી તે વજ્રાએ તેને હણીને રાંધવા માટે અગ્નિમાં નાખ્યો. તે બ્રાહ્મણ સ્નાન કરવા ગયો. ત્યારે પુત્ર પાઠશાળાથી આવ્યો અને ભોજન માંગ્યું. ભૂલથી માતાએ તેને ખાવાને માટે કલગીવાળું કુકડાનું માથું આપ્યું. ત્યાર પછી તે ખાઈને ભણવા ગયો. બ્રાહ્મણ આવીને ખાવાને માટે બેઠો. માથા વગરનું માંસ જોઈને 'તે પુત્ર ખાઈ ગયો છે' તે જાણી, સ્ત્રીને પૂછી નિર્ણય કરી કહ્યું, કે 'પુત્રને હણી કુકડાના માથાનુ માંસ જો તું આપીશ તો આપણા બન્નેના સ્નેહનો ભંગ થશે નહીં. કામાંધ તેણીએ પુત્રને મરવાનું સ્વીકાર્યું. પણ તેઓની આ ગુપ્ત વાત ધાઈ માતાએ સાંભળી તેથી તે પુત્રને પાઠશાળામાંથી લઈ કેડ ઉપર બેસાડી નગરની બહાર નીકળી ક્રમે કરી પૃષ્ઠ ચંપાનગરીના ઉદ્યાનમાં આવી, અહીં તે નગરનો રાજા પુત્ર રહિત મૃત્યુ પામ્યો છે તેથી પ્રધાન વગેરેએ કરેલા પંચ દિવ્યથી ઉદ્યાનમાં સૂતેલા તે બાળકને પ્રમાણ માની તેનો રાજ્યમાં અભિષેક કર્યો. કેટલાક કાળે તે કાષ્ઠ શેઠ ઘેર આવ્યો. તેણે ઘરમાં ધાઈમાતા, પુત્ર, કુકડો અને મેના એ ચારેને નહીં જોતા પોપટને પૂછયું, પોપટે કહ્યું, કે મને પાંજરાની બહાર કાઢો તો નિર્ભય થઈ સર્વ વૃતાંત હું

તમને કહ્યું, તેથી શેઠ વડે મુક્ત કરાએલા પોપટે ઝાડની શાખા ઉપર બેસી શેઠને બ્રાહ્મણ અને વજ્રાનો સંબંધ કહ્યો. તે સાંભળી વૈરાગ્ય પામેલા તે શેઠે દીક્ષા ગ્રહણ કરી તેમજ રાજાના ભયથી તે વજ્રા ત્યાંથી બ્રાહ્મણ સાથે નીકળી દૈવયોગથી પુત્રના રાજ્યમાં આવી. તીવ્ર તપને કરતા તે કાષ્ઠમુનિ વિચરતા તે જ નગરમાં આવ્યા. અચાનક વજ્રાના ઘરમાં આહાર લેવા માટે ગયા. વજ્રા પોતાના પતિને ઓળખી વિચાર કરે છે. જો આ મને ઓળખશે તો મારી નિંદા કરશે તેથી ભિક્ષાના પાત્રમાં પોતાનું ભૂષણ મૂકી પોકાર કરવા લાગી. તેથી ચોરીના કલંકવાળા તે મુનિને સુભટો રાજાની સમક્ષ લઈ ગયા. ત્યાં ધાઈમાતાએ તેમને ઓળખ્યા અને રાજાને કહ્યું, આ તમારા પિતા છે. એમ કહી સર્વ વૃતાંત કહ્યું, તેથી રાજાએ, મારા પિતાને હણનારી આ માતા છે. એમ જાણી નગરની બહાર તેને કાઢી મૂકી. રાજા પણ પિતા એવા મુનિના ઉપદેશથી શ્રાવક થયો અને પિતા એવા ગુરૂ ભગવંતને વિશેષ આગ્રહ કરી પોતાના નગરમાં રાખ્યા. રાજા સર્વ ઋધ્ધિ સાથે ગુરુ ભગવંતના વંદન કરવા હંમેશા જાય છે. અને ઉપદેશ સાંભળે છે. ક્રમે કરી રાજા જિનેશ્વર ભગવંતના ધર્મની આરાધના કરવામાં તત્પર સુશ્રાવક થયો. એ વખતે શ્રી જૈન શાસનની પ્રભાવના થતી જોઈ દ્વેષ પામેલા બ્રાહ્મણો તે મુનિના છિદ્રો જુએ છે. તેઓએ એક ગર્ભવતી દાસીને જોઈ કહ્યું, કે 'તું આ સાધુને કલંક આપ' બ્રાહ્મણો વડે દ્રવ્યથી લોભાયેલી તે દાસી સાધ્વીનો વેષ ધારણ કરી તેણી રાજા

વગેરે ઘણા લોક ભેગા થયે છતે વિહાર કરવા તત્પર થયેલા સાધુની પાસે આવી કહેવા લાગી, હે ભગવંત ! આપણે આ ગર્ભ અધુરો મૂકી તમારે જવું યોગ્ય નથી. આ પ્રમાણે કહી મુનિના વસ્ત્રનો છેડો પકડયો. તેથી મુનિ ભગવંત કહે છે હે બાલિકે ! અસત્ય વચન બોલી મને શા માટે ક્રોધ કરાવે છે ? તેણીએ કહ્યું, ' હું કહું છું તે સાચું છે. આ બોટું નથી' તેથી શાસન પ્રભાવનાની લબ્ધિવાળા મુનિ ભગવંત કહે છે. જો મારાથી કરાયેલો ગર્ભ ન હોય તો તારી કુક્ષી-ઉદર ભેદી બ્હાર પડે. આ પ્રમાણે કહે છતે તેણીનો ગર્ભ ઉદરને ભેદીને ભૂમિ ઉપર પડયો. તેથી ભ્રમિત ચિત્તવાળી અને મુંઝાયેલી તેણી કહે છે, "હે પૂજ્ય ! મેં બ્રાહ્મણોના વચન વડે આ કાર્ય કર્યું છે. તે તમે ક્ષમા કરો' કંપતા એવા બ્રાહ્મણોએ પણ મુનિના ચરણકમલને નમસ્કાર કર્યો. તેથી સાધુએ પોતાનો શાપ સંકેલી લીધો. પછી તે સર્વે મુનિની દેશનાથી પ્રતિબોધ પામી જિન ધર્મની નિંદાનો ત્યાગ કર્યો. મુનિ પણ ઉત્કૃષ્ટ તપ વડે કર્મ ખપાવી મોક્ષ પદને પામ્યા. રાજા પણ સારી રીતે ધર્મની આરાધના કરી સ્વર્ગમાં ગયો.

ઉપદેશ :—ભવ્ય જીવોને બોધ આપનારૂં કાષ્ઠમુનિનું દૃષ્ટાંત સાભળી તમે પણ હંમેશા અધ્યાત્મ વિશુદ્ધિને માટે યત્ન કરો.

શાસન પ્રભાવના ઉપર કાષ્ઠમુનિની કથા ૯૨ મી સમાપ્ત.

ઉપદેશ પ્રસાદમાંથી.



સાગર શેઠની કથા

૯૩

સર્વ પાપોનો જનક-બાપ જેવો અતિલોભ ન કરવો જોઇએ. અહિંયા લોભના દોષથી સાગર-શેઠ સાગરમાં ડૂબી ગયો.

અહિં ભરતક્ષેત્રમાં સાગર કિનારે ધ્યાનસાગર નામે નગરમાં ચોવીશ ક્રોડ સુવર્ણનો સ્વામી સાગર નામનો એક શેઠ વસે છે. તે યમરાજા જેવો ક્રૂર દૃષ્ટિવાળો, સર્પ જેવી વક્રગતિવાળો અને પામરના જેવો કલહ મતિવાળો છે. તેને ચાર પુત્રો અને તે ચારેને ચાર પુત્રવધુઓ છે. ક્રમે કરી શેઠની સ્ત્રી મૃત્યુ પામી. શેઠ કૃપણતાના સ્વભાવથી અત્યંત મલિન અને ચંચળ ચિત્તની વૃત્તિવાળો તે હંમેશા ઘરમાં જ રહે છે. તેની દૃષ્ટિમાં કોઇપણ ઘરનું માણસ સારૂં ભોજન, સુંદર વસ્ત્ર પહેરવા કે સ્નાનદાન વગેરે કરે તો તેની સાથે હંમેશા કજીઓ કરે છે. તો પછી ભિક્ષાચરો કયાંથી આવે. કાગડા વગેરે પણ તેના દ્વારનો ત્યાગ કરે છે. સાગરશેઠના ઘરમાં સર્વ લોકો દુઃખી થાય છે. પુત્રવધૂઓ સ્વચ્છંદતાથી શેઠ સુઇ ગયે છતે રાત્રીમાં જમે છે અને આનંદ કરે છે. એક વખત આકાશમાં જતી કોઇક જોગણ ઝરૂખામાં ઉભેલી મ્લાન મુખવાળી તે સ્ત્રીઓને જોઈ કૌતુકથી તેની આગળ નીચે ઉતરી. તેઓએ ગોત્રદેવી માફક તેને નમસ્કાર કર્યો. મોદક વિગેરે દાન આપવા વડે તેણીને ખુશ કરે છે તેથી તે જોગણ પાઠ સિદ્ધ આકાશગામીની વિદ્યાનો મંત્ર આપી પક્ષીની જેમ આકાશમાં ઉડી ગઈ. એક વખત રાત્રિમાં

તેઓના સ્વામી સુઈ ગયે તે પુત્રવધૂઓ મંત્રથી અધિવાસિત કરાયેલ તે ઝાડ ઉપર બેસી રત્નદ્વીપમાં ગઇ. ચારે બાજુ ક્રીડા કરી રાત્રિના છેલ્લા પ્રહરમાં ઘેર આવી તેઓ તે વૃક્ષને જ્યાં હતું ત્યાં મૂકી સૂઈ ગઇ. એ પ્રમાણે હંમેશા રાત્રિમાં કરે છે. એક વખત પશુઓને બંધનદોહન વગેરે કામોને કરનાર વૃક્ષનું ફેરફાર થવાનું કારણ જાણવા ઇચ્છતા ઘરના નોકરે રાત્રિમાં ગુપ્તપણે તે વહૂઓનું સ્વરૂપ જાણીને વિચાર કર્યો. તેઓ કયાં જાય છે; તેની તપાસ કાલે કરીશ. તેથી બીજે દિવસે પોતાનું સર્વ કાર્ય કરી તે વૃક્ષની બખોલમાં પ્રવેશ કરી રહ્યો. રાત્રિમાં વૃક્ષ પૂર્વની માફક ઉડી સુવર્ણ દ્વીપમાં ગયું. ચારે વહુઓ વનમાં ફરે છે. નોકર પણ વૃક્ષની બખોલમાંથી બ્હાર નીકળી ચારેબાજુ સુવર્ણ જોતાં આશ્ચર્ય પામેલો તે વહૂઓના આવવાના અવસર સુધી કેટલુંક સુવર્ણ ગ્રહણ કરી પહેલાની માફક બખોલમાં પ્રવેશ કર્યો. વહૂઓ ત્યાં આવી અને મંત્રશક્તિથી તે ઝાડ આકાશમાં ઉડ્યું. ક્ષણવારમાં તેઓ પોતાના સ્થાને આવી. આ પ્રમાણે કેટલોક કાળ ગયે છતે નોકર સુવર્ણ મળવાથી ઘરનું કાર્ય સારી રીતે કરતો નથી અને શેઠની સામું બોલે છે. ધૂર્ત શેઠે વિચાર કર્યો કે આણે મારા ઘરમાંથી કાંઈ પણ મેળવ્યું હશે. એક વખત શેઠે તેને એકાંતમાં પૂછ્યું. તુચ્છપાત્ર એવા તેણે પુત્રવધૂનું વૃતાંત જણાવ્યું. 'આજે હું જઈશ તારે આ વાત બીજા કોઈને પણ કહેવી નહી,' એ પ્રમાણે નોકરને જણાવીને રાત્રિમાં ગુપ્ત રીતે તેણે વૃક્ષની બખોલમાં પ્રવેશ કર્યો. પૂર્વની જેમ


તે ઝાડ સુવર્ણ દ્વીપમાં ગયું. બખોલમાંથી શેઠ બહાર નીકળ્યો. તેને આખી ભૂમિ સુવર્ણમય જોઈ લોભમાં અત્યંત આસક્ત તેણે વૃક્ષની બખોલ સુવર્ણથી ભરી દીધી. અને પોતે શરીર સંકોચી અંદર રહ્યો. કેટલુંક સુવર્ણ ખોળામાં પણ ગ્રહણ કર્યું. ત્યાર પછી બે વહુઓ બખોલની ઉપર બેસે છે અને બીજી બે વહુઓ વૃક્ષને વહન કરે છે. આ પ્રમાણે વ્યવસ્થા કરી પાછાં ફરતાં તેઓને ઝાડનો ભાર ઘણો લાગ્યો. જેટલામાં સમુદ્રની મધ્યમાં આવ્યા તેટલામાં થાકેલી તેઓ પરસ્પર કહે છે આ વૃક્ષનો ત્યાગ કરી પાણી ઉપર જે વૃક્ષ તરે છે તેને ગ્રહણ કરીએ. આ પ્રમાણે સાંભળી બખોલમાં રહેલો શેઠ કહે છે કે હે વહુઓ ! હું અંદર રહેલો છું. આ વૃક્ષનો ત્યાગ ન કરશો. તેઓએ કહ્યું, ચોવીસ ક્રોડ સુવવર્ણનો સ્વામી એવા તારે શું ઓછું હતું, જેથી અમારી પાછળ અહીં આવ્યો છું તારૂં પાપ તને ફલ્યું. એ પ્રમાણે કહી ઔષધિ વિના વ્યાધિ જાય છે, એમ વિચારી સાગરશેઠ સહિત તે વૃક્ષને સમુદ્રમાં છોડી બીજા વૃક્ષ ઉપર ચડી તેઓ પોતાના ઘરમાં આવી. સાગરમાં પડેલો સાગરશેઠ બન્ને પ્રકારે એટલે સમુદ્રમાં પડી મરણ પામી નરકમાં ગયો. કહ્યું છે કે–લોભથી ગ્રસિત મનવાળો માણસ આવા ઘણા અનર્થને પ્રાપ્ત કરે છે. જેથી લોભથી પરાભવ પામેલો સાગરશેઠ સાગરમાં ગયો.

ઉપદેશ :— લોભી એવા સાગરશેઠની અંત સમયે થયેલી દુર્ગતિ જાણીને તમોને સદ્‌ગતિમાં જવાની ઈચ્છા

થાય તો હે ભવ્ય જીવો ! તમે સંતોષને વિષે બુદ્ધિ ધારણ કરો.

અતિલોભ ઉપર સાગર શ્રેષ્ઠીની કથા ૯૩ મી સમાપ્ત.

–ઉપદેશ પ્રાસાદમાંથી.





કૂર્મા પુત્રની કથા

૬૪

ભાવ ધર્મથી વિભૂષિત શ્રાવક ઘરમાં રહેવા છતાં પણ કૂર્માપુત્રની જેમ નિર્મળ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે.

રાજગૃહી નગરીમાં ગુણશિલ ચૈત્યમાં શ્રી વર્ધમાન જિનેશ્વર પધાર્યા. દેવોએ સમવસરણની રચના કરી. તેમાં બેઠેલા શ્રી વીર પરમાત્મા દાન વગેરે ચાર ભેદોવાળો ધર્મ કહે છે. દાન, શીલ, તપ અને ભાવ ધર્મના ભેદથી ચાર પ્રકારનો ધર્મ છે. તેમાં ભાવધર્મ મહા પ્રભાવવાળો ધર્મ છે. કહ્યું છે કે-"ભાવધર્મ એ સંસારરૂપી સમુદ્રને તરવામાં નાવ સમાન, ભાવ એ સ્વર્ગ અને અપવર્ગ-મોક્ષરૂપી નગરમાં જવા માટે નીસરણી સમાન છે. ભાવ એ ભવિક જીવોના મનોવાંછિત આપવામાં અચિંત્ય ચિંતામણી રત્ન સમાન છે. તત્વને જાણનાર, ચારિત્રને ગ્રહણ કર્યા વિના ભાવ વિશુદ્ધિથી કૂર્માપુત્ર ઘરમાં રહેવા છતાં પણ કેવળજ્ઞાન પામ્યા." અહિંયા ઇન્દ્રભૂતિ નામના ગણધર ભગવાન શ્રી મહાવીરને વંદન કરી આ પ્રમાણે પૂછે છે-હે ભગવંત ! કૂર્માપુત્ર કોણ છે ? અને ઘરમાં રહેવા છતાં પણ તેણે કેવળજ્ઞાન કેવી રીતે પ્રાપ્ત કર્યું ? તે વખતે શ્રમણ ભગવાન મહાવીર જોજન ગામિની વાણીથી દેશના આપે છે. હે ગોયમ ! તમે મને કૂર્માપુત્રનું ચરિત્ર પૂછયું તો તમે એક ચિત્તવાળા થઇ તેનું ચરિત્ર સાંભળો.

આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રની મધ્યમાં દુર્ગમપુર નામનું નગર છે. ત્યાં દ્રોણ રાજા રાજ્ય કરે છે. તે રાજાને કુર્મા નામની પટરાણી છે. તેને સુંદર રૂપથી કામદેવને જીતનાર એવો સુંદર દુર્લભ નામે કુમાર છે. તે કુમાર પોતાની યુવાનીના મદથી બીજા ઘણા કુમારોને દડાની માફક આકાશમાં ઉછાળતો હંમેશ રમે છે. એક વખતે તે નગરના ઉદ્યાનમાં સુલોચન નામે કેવળી ભગવંત પધાર્યા. તે ઉદ્યાનમાં ભદ્રમુખી નામની યક્ષીણી રહે છે. તેણી સુલોચન કેવળી ભગવંતને નમસ્કાર કરી આ પ્રમાણે પૂછે છે–હે ભગવન્! પૂર્વભવમાં હું માનવતી નામની મનુષ્ય સ્ત્રી હતી. અને સુવેલ નામના વેલંધર દેવની પરિભોગ્યા પ્રાણપ્રિયા હતી. ત્યાં મારૂં આયુષ્ય પૂર્ણ થયે આ વનમાં હું ભદ્રમુખી નામની યક્ષિણી થઈ, વળી મારા સ્વામી વેલંધર દેવ ક્યાં ઉત્પન્ન થયા છે? હે નાથ! તે તમે કહો. તેથી કેવલી ભગવંત કહે છે–હે ભદ્રે! તું સાંભળ. આ જ નગરમાં દ્રોણ રાજાનો પુત્ર દુર્લભ નામે તારો પૂર્વભવનો સ્વામી ઉત્પન્ન થયો છે. તે સાંભળી ખુશ થયેલી ભદ્રમુખી યક્ષિણી માનવતીનું રૂપ ધારણ કરી કુમારની પાસે આવી. ઘણા કુમારોને ઉછાલવામાં તત્પર તે કુમારને જોઈ હસીને તેણી કહે છે–આ ગરીબની સાથે રમવા વડે શું? જો તારૂં ચિત્ત વિચિત્ર ચિત્રભાવો જોવામાં ચંચલ હોય તો મારી પાછળ દોડતો આવ. આ વચન સાંભળી તે કુમાર તે કન્યાની પાછળ દોડે છે તેની આગળ દોડતી તે કન્યા, તે કુમારને પોતાનાં વનમાં લઈ જાય છે. ઘણી શાખાવાળા વડવૃક્ષની

નીચેના માર્ગવડે પાતાલમાં તેને લઇ ગઇ, ત્યાં તે કુમાર સુંદર દેવભુવન જુએ છે. અતિવિસ્મય પામેલો તે કુમાર આ પ્રમાણે વિચાર કરવા લાગ્યો. શું આ ઇન્દ્રજાલ છે? અથવા આ સ્વપ્નામાં પણ આ સ્વપ્નું દેખાય છે? મારી નગરીમાંથી અહિંયા આ દેવભવનમાં મને કોણ લાવ્યું? આ પ્રમાણે સંદેહવાળા કુમારને પલંગમાં બેસાડી વ્યંતર દેવી વિનંતિ કરે છે–હે સ્વામી! મારૂં વચન સાંભળો. હે નાથ! લાંબાગાળે તમે દેખાયા છો અને મારા કાર્ય માટે અહિં દેવભવનમાં તમે લવાયા છો. હે પ્રિય! પુણ્યોદયથી આજે તમે મને મલ્યા છો. આ વચન સાંભળી તેનો પૂર્વભવનો સ્નેહ પ્રગટ થયો. કયાંય પણ આ જોયેલી છે. એ પ્રમાણે ઇહાપોહ કરતા જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું અને પૂર્વભવનો વૃત્તાંત તે કુમારે પોતાની પ્રિયાને કહ્યો, તેથી તે દેવી પોતાની શક્તિથી તેના શરીરમાં અશુભ પુદ્ગલો દૂર કરી અને શુભ પુદ્ગલોના પ્રક્ષેપ કરી તેની સાથે પાંચે ઇન્દ્રિયોના વિષય સુખોને ભોગવે છે. આ પ્રમાણે ત્યાં રહેલા વિષય સુખોનો વિલાસ કરતા તે બન્નેનો કાળ સુખથી જાય છે.

અહિં પુત્ર વિયોગથી દુઃખી થયેલા તેના માતા-પિતાએ કેવળી ભગવંતને પૂછયું–'હે ભગવંત! અમારો પુત્ર કયાં ગયો તે કહો?' કેવળી ભગવંત કહે છે તમે સાંભળો–તમારો પુત્ર વ્યંતરદેવીએ અપહરણ કર્યો છે. એ કેવળીના વચનથી અતિવિસ્મય પામેલા તેઓ કહે છે. અપવિત્ર એવા મનુષ્યોને દેવો કેમ હરણ કરે છે? કહ્યું છે કે–

જે કારણથી મનુષ્યલોકની દુર્ગંધિ ચારસોથી પાંચસો યોજન ઉંચે જાય છે. તેથી દેવતાઓ અહિં આવતા નથી. પણ જિનેશ્વર ભગવંતના પાંચ કલ્યાણકોમાં, મહર્ષિઓના તપના પ્રભાવથી અને જન્માન્તરના સ્નેહથી દેવતાઓ અહિં મનુષ્યલોકમાં આવે છે. ત્યાર પછી તે કેવળી ભગવંતે તે દેવીનો જન્માન્તરનો સ્નેહ કહ્યો. તે સાંભળી તેઓએ કહ્યું, હે સ્વામી ! અમોને કુમારનો મેલાપ કયારે અને કેવી રીતે થશે ? કેવળી ભગવંતે કહ્યું કે–જ્યારે અમો આ વનમાં ફરીથી આવીશું ત્યારે તમોને પુત્રની સાથે સમાગમ થશે. આ સાંભળી વૈરાગ્ય પામેલા કુમારના માતા પિતાએ લઘુપુત્રને રાજ્ય ઉપર બેસાડી કેવળી ભગવંતની પાસે ચારિત્ર ગ્રહણ કર્યું. દુષ્કર તપ તપતાં અને નિર્મલ ચારિત્રમાં તત્પર, વિશુદ્ધ આહારને ગ્રહણ કરતા. વૈરાગ્ય મનવાળા, ત્રણે ગુપ્તિથી ગુપ્ત એવા તેઓ કેવળી ભગવંત સાથે વિચરે છે. એક વખત ગ્રામાનુગ્રામ વિહાર કરતાં તે કેવળી ભગવંત તેઓની સાથે તે જ દુર્ગિલ વનમાં પધાર્યા. તે વખતે યક્ષિણી અવધિજ્ઞાનના ઉપયોગથી કુમારનું આયુષ્ય અલ્પ જાણીને કેવળી ભગવંતને હાથ જોડી પૂછે છે–હે ભગવંત ! અલ્પ આયુષ્ય કોઈપણ રીતે વધી શકે છે ? ત્યારે કેવળી ભગવંતે કહ્યું કે તીર્થંકરો–ગણધરો ચક્રવર્તિઓ, બલદેવ સહિત વાસુદેવો અને અતિબલવાન પુરૂષો પણ તુટેલું આયુષ્ય સાંધવા સમર્થ થતા નથી.

આ પ્રમાણે કેવળી ભગવંતના વચનો સાંભળી દુઃખી થયેલી તે દેવી પોતાના ભવનમાં ગઈ. કુમારે તેને જોઈ

પૂછ્યું હે સ્વામીનિ ! હે પ્રિયે ! આજે કયા કારણથી મનમાં તું ખેદ કરે છે ? જ્યારે તે કંઈ પણ ન બોલી અને મોટા દુઃખના ભારને વહન કરતી તેણીને જ્યારે અતિઆગ્રહપૂર્વક પૂછ્યું-ત્યારે તેણીએ સર્વ વૃત્તાંત કહ્યો કે-હે સ્વામિ ! મેં અવધિજ્ઞાન વડે તમારૂં આયુષ્ય થોડું જોઈ, આયુષ્યનું સ્વરૂપ કેવળી ભગવંતને પૂછ્યું. કેવળીએ કહ્યું કે-તુટેલું આયુષ્ય સંધાતું નથી. આ સાંભળી હે નાથ ! અત્યંત દુઃખી થયેલી હું તમારો વિરહ કેવી રીતે સહન કરીશ ? કુમારે કહ્યું કે-હે પ્રિયે ! તમે ખેદ ન કરો. જલના બિંદુની જેમ ચંચલ જીવિતમાં કોણ સ્થિરતાને પામી શકે ? જો તું મારા ઉપર સ્નેહ ધારણ કરે છે. તો હે પ્રાણપ્રિયા ! કેવળી પાસે તું મને મુક. જેથી હું આત્મસાધના કરૂં તેથી તેણીએ પોતાની શક્તિથી કુમારને કેવળી પાસે મૂકયો. તે કુમાર કેવળી ભગવંતને વંદન કરી યથાયોગ્ય સ્થાને બેઠો. ત્યાં રહેલા તે કુમારના માતા-પિતા મુનિ પુત્રના સ્નેહથી તે કુમારને જોઇ રોવા લાગ્યા. માતા પિતાને નહિ ઓળખતા કુમારને કેવળી ભગવંતે કહ્યું, કે હે કુમાર ! અહીં બેઠેલા મુનિ એવા તારા માતા-પિતાને તું વંદન કર. તે કુમાર કેવળી ભગવતંતને પૂછે છે-હે ભગવંત ! એઓએ ચારિત્ર કેવી રીતે લીધું ? કેવળી ભગવંતે પણ પુત્ર વિયોગનું કારણ જણાવ્યું. આ સાંભળી કુમાર મોર જેમ મેઘને જોઇ, ચકોર પક્ષી જેમ ચંદ્રને જોઈ આનંદ પામે તેમ તે કુમાર માતા-પિતા એવા તે મુનિને જોઈ હર્ષથી ઉલ્લસિત રોમાંચવાળો અત્યંત આનંદ પામ્યો

અને તે પોતાના માતા-પિતા એવા મુનિના કંઠમાં વળગી રૂદન કરવા લાગ્યો. તેને યક્ષિણીએ મધુર વચનોથી ઉપદેશ આપી રોતા એવા તેને શાંતિ આપી. પછી તે દેવી પોતાના માતા-પિતાના દર્શનથી આનંદ પામેલા કુમારને કેવળી ભગવંત પાસે બેસાડે છે.

હવે કેવળી ભગવંત તે સર્વને ઉપકાર કરનારી ધર્મ-દેશના આપે છે–'જે ભવ્ય જીવ મનુષ્યભવ પ્રાપ્ત કરી ધર્મમાં પ્રમાદ કરે છે, તે ચિંતામણિ રત્ન મેળવી સમુદ્રમાં ગુમાવી દે છે. જેઓ જિનધર્મને પોતાના હૃદયમાં ધારણ કરે છે, તે જ ધન્ય છે અને પુણ્યશાળી છે. તેઓનું મનુષ્ય-પણું લોકમાં વખણાય છે.' આ પ્રમાણે દેશના સાંભળી યક્ષિણીએ સમ્યક્ત્વ સ્વીકાર્યું અને કુમારે ગુરૂ ભગવંત પાસે ચારિત્ર ગ્રહણ કર્યું. ત્યાર પછી તે સ્થવિર મુનિ પાસે ચૌદ-પૂર્વ ભણે છે દુષ્કર તપ કરતાં તે, મુનિ એવા માતા પિતાની સાથે વિચરે છે. આ પ્રમાણે તે કુમાર તેના માતા-પિતા ત્રણે જણા ચારિત્ર પાળી મહાશુક્ર દેવલોકમાં મંદિર નામના વિમા-નમાં ઉત્પન્ન થયા. તે યક્ષિણી દેવી પણ ત્યાંથી ચ્યવી વૈશાલી નગરીમાં ભ્રમર રાજાની સ્ત્રી નિર્મલ શીલને ધારણ કરનારી કમલા નામે થઇ. ભ્રમર રાજા અને કમલાદેવી બન્ને જણા જિનધર્મ ગ્રહણ કરી અંતે મરણ પામી શુભ ધ્યાનના પ્રભાવથી તે જ દેવલોકમાં ઉત્તમ દેવ થયા.

અહિં ભરતક્ષેત્રમાં રાજગૃહ નામનું શ્રેષ્ઠ નગર છે. ત્યાં મહેન્દ્રસિંહ રાજા શત્રુરૂપી હાથીઓને વિનાશ કરવામાં સિંહની જેમ રાજ્ય કરે છે. તેને કૂર્માદેવી નામે મહાદેવી છે. વિષય સુખો ભોગવતા

તેઓનો કાલ સુખપૂર્વક પસાર થાય છે. એક દિવસે તે દેવી પોતાની શય્યામાં અલ્પ નિદ્રાને કરતાં સ્વપ્નમાં મનોહર દેવભવન જુએ છે. પ્રભાત સમય થયે છતે શય્યામાંથી ઉઠી તે દેવી, રાજા પાસે જઈ મધુર શબ્દોથી બોલે છે. હે સ્વામી ! આજે હું સ્વપ્નમાં દેવભવન જોઈ જાગી છું. આ સ્વપ્નનું શું ફળ થશે ? આ સાંભળી રોમાંચિત શરીરવાળો, અત્યંત ખુશ થયેલો રાજા, પોતાની બુધ્ધિ વૈભવના અનુસારે આ પ્રમાણે કહે છે–હે દેવી ! તમે નવમાસ અને સાડાસાત દિવસ પૂર્ણ થયે છતે ઘણા લક્ષણથી યુક્ત પુત્ર રત્ન પ્રાપ્ત કરશો. આ પ્રમાણે રાજાનું વચન સાંભળી અત્યંત ખુશી થયેલી તે રાજાની અનુજ્ઞા મેળવી પોતાના સ્થાનમાં ગઈ. ત્યાં દેવલોકમાં કુમારનો જીવ દેવ આયુષ્ય પૂર્ણ કરી કૂર્માદેવીની કુક્ષિમાં સરોવરના હંસની જેમ અવતર્યો. તે ગર્ભથી તેણી અનુપમ સૌભાગ્ય ધારણ કરે છે અને ગર્ભના પ્રભાવથી તેણીને શુભ પુણ્યોદયથી ધર્મ આગમ સાંભળવાનો દોહદ ઉત્પન્ન થયો. તેથી રાજાએ કૂર્માદેવીને ધર્મ શ્રવણ કરવા માટે છ દર્શનના વિદ્વાનોને બોલાવ્યા. તે વિદ્વાનો સ્નાન અને પૂજા વગેરે કર્મ કરી રાજાની પાસે આવી રાજાને આશીર્વાદ આપી રાજાથી સન્માન પામેલા તેઓ ભદ્રાસન ઉપર બેસી પોત પોતાનો ધર્મ કહે છે. જિનધર્મમાં રાગી તે કૂર્માદેવી અન્ય દર્શનો હિંસા યુક્ત ધર્મ સાંભળી અતિ ખેદ પામી. કહ્યું છે કે–જ્યાં દયા નથી ત્યાં દીક્ષા નથી, તે ભિક્ષા નથી તે દાન નથી. તે તપ નથી. તે ધ્યાન નથી તે મૌન નથી. તેમજ દાન આપો કે

મૌન ધારણ કરો, વેદ વગેરે જાણો કે દેવ વગેરેનું નિત્ય ધ્યાન ધરો તો પણ દયા વિનાનું આ બધું નિષ્ફળ જ જાણવું. ત્યાર પછી રાજાએ જિન શાસનના સૂરિ ભગવંતને બોલાવ્યા. તેઓ અહિંસા ધર્મ સ્વરૂપવાળા જિનેશ્વર ભગવંતના આગમના તત્વસારની પ્રરૂપણા કરે છે–તે આ પ્રમાણે–છએ પ્રકારના જીવોના રક્ષણમાં જ ધર્મ છે, જેથી પાંચે મહાવ્રતોમાં પહેલું પ્રાણાતિપાત વિરમણ નામનુ મહાવ્રત કહેલું છે. સર્વ જિનેશ્વર ભગવંતોએ એક જ વ્રત બતાવ્યું છે, તે પ્રાણાતિપાત વિરમણ નામનું મહાવ્રત છે. એટલે કોઈપણ જીવની હિંસા કરવી નહિ. અને બાકીના બીજા બધા મહાવ્રતો પહેલા મહાવ્રતના રક્ષણ માટે છે. આ પ્રમાણે મુનિ ભગવંતના અહિંસા ધર્મના વચનો સાંભળી મહારાણીનું ચિત્ત પરમ ઉલ્લાસને પામ્યું. દિવસો પરિપૂર્ણ થયે છતે પૂર્ણ દોહદવાળી કૂર્મા દેવીએ સારા દિવસે શુભ લગ્ને પુત્રરત્નનો જન્મ આપ્યો. માતા પિતાએ જિનેશ્વર ભગવંતના આગમ સાંભળવાના દોહદના અનુસારે તે પુત્રનું નામ 'ધર્મદેવ' રાખ્યું. પણ બોલાવવા માટે બીજું નામ કૂર્માપુત્ર રાખ્યું. ક્રમે કરી વૃધ્ધિ પામતો તે જાતે જ પોતાની સૂક્ષ્મ બુધ્ધિથી બોંતેર કળા ભણે છે. અધ્યાપક તો ફક્ત સાક્ષી માત્ર થયો. પરંતુ તે પૂર્વભવમાં બાલકોને બાંધવા, ઉછાલવા ઇત્યાદિ કર્મના દોષથી તે બે હાથ પ્રમાણવાળો વામન થયો, અનુપમ રૂપના ગુણથી યુવાન સ્ત્રીઓના ચિત્તને મોહ પમાડતો સૌભાગ્ય આદિ ગુણોથી ભૂષિત ક્રમે કરી તે યુવાવસ્થાને પામ્યો. છતાં તત્વને જાણનાર હોવાથી તે કૂર્માપુત્ર બાળ-

પણથી જ વિષયોથી વિરક્ત ચિત્તવાળો થયો. કહ્યું છે કે- હરિહર બ્રહ્મા વગરે સર્વ દેવતાઓ વિષયોથી વશ કરાએલા છે પરંતુ કૂર્માપુત્રને ધન્ય છે કે જેણે વિષયોને પણ વશ કર્યા છે, કારણ કે તેણે પૂર્વભવમાં ઘણા લાંબો કાળ સુધી ચારિત્ર પાળ્યું. તેથી યુવાન અવસ્થામાં પણ તે વિષયોથી વિરક્ત ચિત્તવાળો થયો. એક વખત મુનીશ્વર વડે ભણાતા આગમને સાંભળતા કુમારને જાતિસ્મરણ જ્ઞાન થયું. તે જાતિ સ્મરણથી સંસારની અસારતાને જાણતા ભાવની વિશુધ્ધિ વડે ક્ષપકશ્રેણિને પ્રાપ્ત કરી શુકલધ્યાનરૂપી અગ્નિથી ચારઘાતી કર્મરૂપી ઈંધણના સમુહને બાળતા તેને અનંત શ્રેષ્ઠ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. જો હું ચારિત્રને ગ્રહણ કરું તો નક્કી પુત્રના વિયોગથી દુઃખી થયેલા માતા-પિતાનું મરણ થશે. તેથી કેવળજ્ઞાની ભાવચારિત્રવાળા તે કુમાર પોતાના માતા-પિતાના આગ્રહથી ઘરમાં લાંબો સમય રહે છે. કહ્યું છે કે-કૂર્માપુત્રના જેવા માતા-પિતાનો ભક્ત એવો કયો પુત્ર છે કે જે કેવળી થયા છતાં પણ માતા-પિતાની ભક્તિ માટે લાંબા કાળ સુધી ઘરમાં રહ્યા. તેમજ કૂર્મા-પુત્ર સિવાય, બીજો કોણ એવો ધન્ય છે કે જે પોતાના માતા-પિતાને બોધ કરવા માટે કેવળજ્ઞાની થયા છતાં પણ અજ્ઞાતવૃતિથી ઘરમાં રહ્યા.

અહિંયા જે ગૃહસ્થ એવા કૂર્માપુત્રને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, તેમાં ભાવધર્મની વિશુધ્ધિ જ જાણવી. ભાવની વિશુ-ધ્ધિથી ભરત ચક્રવર્તિ આરિસા ભુવનમાં તેમ જ વંશના અગ્રે ચઢેલા ઈલાચી પુત્ર, મુનિવરોને જોતાં અને આષાઢાભૂતિ

મુનિ, ભરતેશ્વરનું નાટક કરતાં ઘરમાં રહ્યા છતાં પણ કેવળજ્ઞાનને પામ્યા છે, તેમાં બધે જ ભાવવિશુદ્ધિની પ્રધાનતા છે. અહિંયા મેરૂ પર્વત અને સરસવનું જેટલું અંતર છે તેટલું અંતર દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનું જાણવું. કહ્યું છે કે–ઉત્કૃષ્ટથી દ્રવ્યસ્તવની આરાધના કરી ભવ્ય જીવ અચ્યુત દેવલોક સુધી જાય છે. પરંતુ ભાવસ્તવથી અંત મુર્હુર્તમાં મોક્ષ પામે છે.

અહિંયા મહાવિદેહમાં મંગલાવતી નામના વિજયમાં રત્ન સંચયા નામની નગરી છે. તે નગરીમાં દેવાદિત્ય નામનો ચક્રવર્તિ મહારાજા રાજ્ય કરે છે. એક વખત જગદુત્તમ નામના તીર્થંકર ભગવંત ઉદ્યાનમાં પધાર્યા. દેવોએ સમવસરણની રચના કરી. ચક્રવર્તી શ્રી જિનેશ્વર ભગવંતનું આગમન જાણી પરિવાર સહિત વંદન કરવા ત્યાં આવ્યા. ત્રણવાર પ્રદક્ષિણા કરી શ્રી જિનેશ્વર ભગવંતને વંદન કરી ઉચિત આસને બેઠા. ત્યાં ભગવંત ભવ્ય લોકોને અમૃત સરખી વાણીથી ધર્મદેશના આપે છે–'હે ભવ્ય જીવો તમે સાંભળો, આ જીવ કોઈપણ રીતે ભવિતવ્યતાના યોગથી નિગોદમાંથી નીકળી ઘણા ભવો ભમતાં પ્રબલ પુણ્યોદયથી મનુષ્યપણાને પામે છે, ત્યારપછી આર્યક્ષેત્ર, રોગરહિત દેહ, સુગુરૂનો સંયોગ, ધર્મશ્રવણ અને જિનેશ્વરોના વચન ઉપર શ્રદ્ધા મેળવે છે તેમાં પણ સંયમ દુર્લભ છે અને સંયમમાં પણ અપ્રમાદભાવ મહાદુર્લભ જાણવો, જે જીવો આ સર્વ સામગ્રી પ્રાપ્ત કરી પ્રમાદનો ત્યાગ કરી નિર્મળ

ચારિત્ર આરાધી પરમપદને પ્રાપ્ત કરે છે તેઓ જ ધન્ય અને પુણ્યશાળી છે.

આ પ્રમાણે જિનેશ્વર ભગવંતનો ઉપદેશ સાંભળી કેટલાકે સમ્યક્ત્વ, કેટલાકે ચારિત્ર, અને કેટલાકે દેશ-વિરતિ ધર્મનો સ્વીકાર કર્યો.

આ સમયે દ્રોણ રાજા, દ્રુમાદેવી, જેઓ કૂર્માપુત્રના પૂર્વભવના માતા-પિતા હતા તે અને યક્ષિણીનો જીવ કમલા અને તેનો સ્વામિ ભ્રમરરાજા જે મહાશુક્ર વિમાનમાં ઉત્પન્ન થયા હતા. તે ચારે જણા ત્યાંથી ચ્યવીને ભરત-ક્ષેત્રમાં વૈતાઢય પર્વત ઉપર વિદ્યાધર થયા. તેઓ ચારે જણાએ પણ ભોગો ભોગવી ચારણ મુનિ પાસે ચારિત્ર ગ્રહણ કર્યું. તેઓ ત્યાં આવી જિનેશ્વર ભગવંતને વંદન કરી બેઠા. તે વખતે તે ચક્રવર્તી તે ચારણ મુનિઓને જોઇ તે ધર્મચક્રવર્તી એવા તીર્થંકર ભગવંતને પૂછે છે-હે ભગવંત! આ ચારણ મુનિ કોણ છે? કયાંથી આવેલા છે? જિનેશ્વર ભગવંત કહે છે-હે રાજન્! તમે સાંભળો. આ ચારણ મુનિઓ અમને નમસ્કાર કરવા માટે ભરતક્ષેત્રના વૈતાઢય પર્વત ઉપરથી આવ્યા છે. તે સાંભળી ચક્રવર્તીએ પૂછ્યું, હે ભગવંત! વૈતાઢય પર્વત અને ભરત ક્ષેત્રમાં હાલમાં શું કોઇ પણ ચક્રવર્તી કે કેવળી ભગવંત છે? જિનેશ્વર ભગવંત કહે છે કે-હે રાજન્! હાલમાં ભરતક્ષેત્રમાં ચક્ર-વર્તી કે જ્ઞાની કોઇ નથી. પરંતુ ગૃહવાસમાં રહેલા કૂર્માપુત્ર કેવળી છે. ચક્રવર્તી ફરીવાર પૂછે છે-હે ભગવંત! કેવળી


શું ઘરમાં રહે છે ' ભગવંતે કહ્યું કે-તે પોતાના માતા-પિતાને પ્રતિબોધ કરવા માટે ઘરમાં રહ્યા છે. ત્યારપછી તે ચારણ મુનિઓ પૂછે છે-હે ભગવંત ! અમોને કેવળજ્ઞાન થશે? ત્યારે ભગવંતે કહ્યું કે તમોને પણ જલ્દી કેવળજ્ઞાન થશે. હે ભગવાન અમોને કેવળજ્ઞાન કયારે થશે ? ત્યારે જગદુત્તમ તીર્થંકર મહારાજા કહે છે કે-જ્યારે કૂર્માપુત્ર કેવળી તમોને મહાશુક્ર દેવલોકના મંદિર નામના વિમાનની વાર્તા કહેશે ત્યારે તમોને કેવળજ્ઞાન થશે. આ સાંભળી તત્વને જાણનારા તે ચારે ચારણ મુનિઓ જિનેશ્વર ભગવંતને નમસ્કાર કરી કૂર્માપુત્રની પાસે આવ્યા. જેટલામાં મૌન થઇને રહ્યા છે તેટલામાં કૂર્માપુત્ર કેવળીએ કહ્યું કે-તમને જિનેશ્વર ભગવંતે જે કહ્યું, કે તમોએ મહાશુક્ર દેવલોકમાં મંદિર નામના વિમાનનું સુખ અનુભવ્યું છે. તેને માટે તમે અહિં આવ્યા છો. આ વચન સાંભળતા તેઓને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થવાથી તે ચારે ચારણ મુનિઓ પૂર્વભવને સ્મરણ કરતા ભાવની વિશુધ્ધિએ ક્ષપક-શ્રેણિ ઉપર ચઢી રાગદ્વેષ અને મોહનો ક્ષય કરી, કેવળજ્ઞાની થયા. ત્યાંથી તેઓ જિનેશ્વર ભગવંત પાસે જઈ કેવળી પર્ષદામાં બેઠા, ત્યાં બેઠેલા ઇન્દ્રે જગદુત્તમ જિનેશ્વરને પૂછ્યું, કે હે સ્વામિ ! આ મુનિઓએ તમોને કયા હેતુથી વંદન ન કર્યું ? ભગવંતે કહ્યું-આ મુનિઓને કૂર્માપુત્રથી કેવળજ્ઞાન થયેલું છે. આ કારણથી આ મુનિઓએ અમને વંદન ન કર્યું. ફરી પણ ઇન્દ્ર પૂછે છે-આ કૂર્માપુત્ર મહાવ્રતી થઈ કયારે મુનિવેશ ધારણ કરશે? ભગવંતે કહ્યું-

આજથી સાતમા દિવસે, ત્રીજા પ્રહરે તે મહાવ્રતી થશે. એમ કહી જગદુત્તમ તીર્થંકર સૂર્યની જેમ અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરતાં, પૃથ્વી ઉપર વિચરતા જયવંતા વર્તે છે. ત્યાર પછી મહા સત્વશાળી કૂર્માપુત્ર ગૃહસ્થ વેષનો ત્યાગ કરી મુનિવેષ ધારણ કરી દેવે બનાવેલા સુવર્ણકમલ ઉપર બેસીને, તે શ્રેષ્ઠ કેવળી ધર્મદેશના કહે છે. ધર્મના દાન, શીલ તપ અને ભાવ એ ચાર ભેદો છે. તેમાં પણ જેમ દાનોમાં અભય દાન, જ્ઞાનમાં કેવળજ્ઞાન, ધ્યાનમાં શુકલધ્યાન, તેમ સર્વ ધર્મમાં ભાવધર્મ શ્રેષ્ઠ છે. ગૃહાવસ્થામાં રહેતાં પણ ભવ્યજીવો, સુંદર ભાવ વડે કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. અહિંયા અમારૂં જ ઉદાહરણ છે. આ પ્રમાણે દેશના સાંભળી યથાર્થ તત્વોનું સ્વરૂપ જાણી માતા-પિતાએ પણ ચારિત્ર ગ્રહણ કરી, સારી રીતે ચારિત્રનું પાલન કરી સત્વશાલી તેઓ સ્વર્ગમાં ગયાં. બીજા પણ ઘણા ભવ્ય જીવો કેવળી ભગવંતનું વચન સાંભળી સમ્યક્ત્વ, દેશ વિરતિ અને ચારિત્ર ધર્મનો સ્વીકાર કર્યો. અહિં ઘણા ભવ જીવોને પ્રતિબોધ કરનાર શ્રેષ્ઠ કેવળી એવા કૂર્માપુત્ર દીર્ઘકાલ કેવળી પર્યાયને પાલન કરી મોક્ષમાં ગયા.

ઉપદેશ :—સારા ભાવધર્મથી ભૂષિત કૂર્માપુત્રનું ચરિત્ર સાંભળીને તમે પણ તે પ્રમાણે ભાવધર્મમાં યત્ન કરો કે જેથી અનંત શાશ્વતું સુખ પ્રાપ્ત થાય.

એ પ્રમાણે ભાવધર્મ ઉપર કૂર્માપુત્રની કથા ૬૪મી સમાપ્ત.

—કૂર્માપુત્ર ચરિત્રમાંથી.



પરદુઃખભંજન વિક્રમ રાજાની કથા

૯૫

પોતાના લાભનો ત્યાગ કરી જે હંમેશા પરના ઉપકારમાં તત્પર રહે છે તે માણસ ઉત્તમ થાય છે. અહિં વિક્રમ રાજાનું દૃષ્ટાંત છે.

એક વખત વિક્રમ રાજાની પાસે એક બ્રાહ્મણ આવીને કહે છે હે રાજન્! તું સત્યવાદી અને પરોપકારી છે. મેં રૈવતગિરિ ઉપર પરકાયામાં પ્રવેશની વિદ્યા માટે ભૈરવ સિદ્ધ પુરૂષની ઉપાસના છ માસ સુધી કરી તો પણ તે વિદ્યા આપતો નથી. તેથી તમે તે વિદ્યા અપાવો, તેથી પરદુઃખ ભંજન તે વિક્રમ રાજા તેની સાથે ત્યાં ગયા, તેણે તે ભૈરવની સેવા તે પ્રમાણે કરી કે તેણે જલ્દી પ્રસન્ન થઈ રાજાને કહ્યું કે–મનોવાંછિત માગો. રાજાએ કહ્યું કે–આ બ્રાહ્મણને વિદ્યા આપો. સિદ્ધ પુરૂષે કહ્યું કે—આને મારી છ માસ સુધી સેવા કરી, પરંતુ તેવા પ્રકારની સુપાત્રતાના અભાવે મેં તેને વિદ્યા આપી નથી, પણ તું તો સુપાત્ર છે. તેથી હું તને વિદ્યા આપું છું. જો આને વિદ્યા આપીશ તો આ તને અનર્થ કરનારો થશે. 'જે થવાનું હશે તે થશે' એ પ્રમાણે કહી પરોપકારના સ્વભાવવાળા વિક્રમ રાજાએ આગ્રહ કરી તેને વિદ્યા અપાવી. ત્યારપછી તેણે રાજાને પણ વિદ્યા આપી. પછી ક્રમે કરી તે બન્ને જણા નગરની સમીપમાં આવ્યા તે વખતે નગરમાં રાજાનો પટ્ટહસ્તી અકસ્માત્ મૃત્યુ પામ્યો છે. તેથી


મંત્રી વગેરે દુઃખી થયા છે. એથી રાજાએ પરકાય પ્રવેશ વિદ્યાની પરીક્ષા કરવા માટે પોતાનું દેહના રક્ષણ કરવા માટે નગરની બહાર તે બ્રાહ્મણને મૂકી પટ્ટહાથીના દેહમાં પ્રવેશ કર્યો અને હાથી જીવતો થયો. મંત્રી વગેરે હર્ષ પામ્યા. ત્યાર પછી તુચ્છ સ્વભાવવાળા બ્રાહ્મણે વિક્રમ રાજાના શરીરમાં પ્રવેશ કરી, રાજ્ય ગ્રહણ કરવા નગરમાં આવ્યો. તેથી સર્વ લોકો રાજાને આવેલો જાણી અને હાથી જીવતો થયો જાણી પ્રસન્ન થયા. મંત્રી વગેરે સર્વે તે રાજાની સેવા કરે છે. પરંતુ તે રાજા વાત-ચિત કરવા માટે જાણતો જ નથી. તેથી બધા લોકોએ કહ્યું કે—રાજા ગાંડો થયો છે. તેથી પટ્ટરાણી પણ અસંબંધ-અયુક્ત બોલવાથી રાજાનું બહુમાન કરતી નથી. અહિંયા હાથી રૂપે રાજા નગરની બહાર નીકળી, બ્રાહ્મણનું શરીર શિયાળ વડે ખવાયેલું જાણી વનમાં ગયો. વનમાં એક પોપટને મરેલો જાણી તેના શરીરમાં પ્રવેશ કર્યો. તે પોપટે પારધીના હાથમાં બેસીને કહ્યું કે મને વિક્રમ રાજાની પટ્ટરાણીને તું આપજે જેથી તેની પાસેથી ઘણું ધન પામીશ. તેથી તે પારધીએ વિક્રમ રાજાની પટ્ટરાણીને પોપટ આપ્યો. તેણીએ તેને ઘણું ધન આપ્યું. પટ્ટરાણી તે પોપટને રમાડતી જીવિત કરતા પણ અધિક તેને માને છે. વિવિધ પ્રકારની વાર્તાઓ વડે કાળ પસાર કરે છે. એક વખત પોપટે કહ્યું કે—જો કોઈ વખત મારા પ્રાણ ચાલ્યા જાય તો તું શું કરે? પટ્ટરાણીએ કહ્યું તારા મૃત્યુમાં મારૂં અવશ્ય મરણ જ થાય. તેથી એક વખત ભીંત ઉપર

રહેલી મરતી એવી ગરોલીના પ્રાણ ગયે છતે તેના શરીરમાં પોપટે પ્રવેશ કર્યો. પોપટને મરેલો જાણી પટ્ટરાણી કાષ્ટ ભક્ષણને માગે છે-અગ્નિમાં પડીને મરવાને ઇચ્છે છે, તેથી બ્રાહ્મણ રાજાએ કહ્યું કે—તું કેવી રીતે જીવે ? પટ્ટરાણીએ કહ્યું કે— જો પોપટ જીવતો થાય તો જ મારૂં જીવન છે. તેથી બ્રાહ્મણ રાજાએ પોતાના દેહનો ત્યાગ કરી પોપટના શરીરમાં પ્રવેશ કર્યો. ત્યારે રાજાએ ગરોલીનો દેહ છોડી પોતાના શરીરમાં પ્રવેશ કર્યો. અને પૂર્વની માફક મંત્રી વગેરેની સાથે સારી રીતે વાત-ચિત કરે છે. સર્વ હકીકત મંત્રી વગેરેને કહી. સાચા રાજાને જાણી સર્વ લોકો અત્યંત ખુશી થયા, ત્યાર પછી પોપટને પકડયો અને તેનો તિરસ્કાર કર્યો. વિક્રમ રાજાએ પોતાનું સર્વ વૃત્તાંત કહ્યું ત્યાર પછી પોપટને પોતાના દેશથી કાઢી મૂકયો અને તે દુઃખથી મૃત્યુ પામ્યો. આ પ્રમાણે પરને વિષે જે જેવા પ્રકારનું વિચારે છે અને કરે છે. તે તેવા પ્રકારનું ફળ પ્રાપ્ત કરે છે. વિક્રમ રાજા પોતાનું રાજય અંગીકાર કરી સારી રીતે પાલન કરતો સુખી થયો.

ઉપદેશ— પરદુઃખ દૂર કરનાર વિક્રમ રાજાનું દૃષ્ટાંત જાણી તમે પણ હંમેશા ઉપકાર કરવામાં તત્પર થાઓ.

પરોપકાર કરવામાં પરદુઃખભંજન વિક્રમ રાજાની ૯૫મી કથા સમાપ્ત.

—વિક્રમ ચરિત્રમાંથી.



ધૂર્તની કથા

ધનમાં લુબ્ધ થયેલા માણસો છેદન-ભેદનને પણ સહન કરે છે. અહિં લોકોને બોધ કરનારૂં ધૂર્તનું દૃષ્ટાંત છે.

રત્નસંચયા નામની નગરીમાં રત્નાર્ક નામના શેઠને પદ્મ નામે પુત્ર છે. તે શેઠ પુત્રને એકાંતમાં એક વખત કહે છે હે પુત્ર! ઘણી લક્ષ્મીને, રાજા, બંધુ, ચોરો અને ભાગીદારો વગેરે હરણ કરે છે. તેથી કેટલીક લક્ષ્મી ભૂમિમાં દાટવી જોઈએ. એથી શેઠ અડધું નિધાન ગ્રહણ કરી, નગરની બહાર જઇ દેવાલયની નજીકમાં ભૂમિ ખોદીને જેટલામાં ધન દાટવા તૈયાર થયો, તેટલામાં રત્નાર્ક શેઠ પુત્રને કહે છે આ દેવના મંદિરની તપાસ કર, કારણ કે કયારે કોઇપણ ધૂર્ત પુરૂષ અથવા બીજો કોઇપણ હશે તો ધન ગ્રહણ કરી ચાલ્યો જશે. તેથી પુત્ર ત્યાં જઇ સૂતેલા એક માણસને જોઇ પિતાની સમક્ષ કહ્યું. પિતાએ કહ્યું—કોઈ ધૂર્ત નિધિ ગ્રહણ કરવા માટે આવેલો લાગે છે અને તે કપટ કરી સૂતેલો હશે. તેથી પિતાએ ફરીથી તેને મોકલ્યો. તે ત્યાં જઈને સારી રીતે નિરીક્ષણ કરી મરેલા જેવો તેને જાણીને પિતાની આગળ વાત કરી. પિતાએ કહ્યું કે તેની પરીક્ષા કરવાને જીવતા કે મરેલા તેના બન્ને કાન કાપી લાવ. તેથી પુત્ર ત્યાં જઇ છરી વડે તેના બે કાન કાપ્યા તો


પણ તેણે શ્વાસ ન લીધો. કાન ગ્રહણ કરી પિતાને આપ્યા. ફરીથી નાક કાપવા માટે મોકલ્યો. નાક કાપે છતે પણ તે હાલ્યો ચાલ્યો નહિ. તેમજ શ્વાસ પણ લીધો નહિ. તેથી મરેલો છે એ પ્રમાણે નિર્ણય કરી ધન ભૂમિમાં સ્થાપન કરી પિતા પુત્ર ઘેર આવ્યા.


ફરીથી એક વખત પિતા પુત્ર ધન માટે વનમાં ગયા. ધન નાશ પામેલું જાણી, પેટ કુટતાં ઘેર આવ્યા. તે બન્નેએ વિચાર કર્યો આપણી લક્ષ્મીને તે ધૂર્તે ગ્રહણ કરી લાગે છે. ત્યાર પછી એક વખત ભાંડ–નટ વગેરે દુર્જન પુરૂષોની વચમાં વિલાસ કરતા નાક અને કાન રહિત તેને ઓળખીને રાજાની આગળ પોતાની ચોરાયેલી લક્ષ્મી સંબંધી હકીકત કહી. તેથી રાજાએ તે ધૂર્તને બોલાવ્યો અને કહ્યું કે—આ શેઠની લક્ષ્મી તેં ગ્રહણ કરી છે તે તેને પાછી આપ. તેણે કહ્યું કે—હે રાજન્! મેં આની લક્ષ્મી મફત લીધી નથી. કારણ કે એને માટે મારા કાન અને નાક બન્ને આપ્યા છે. તેથી પહેલા મારા કાન અને નાક આપે પછી લક્ષ્મી ગ્રહણ કરી તે જઈ શકે છે. તેથી રાજા શેઠને કહે કે— હે શેઠ! આનું તેં જે ગ્રહણ કર્યું છે તે તું આપ. પણ શેઠ તે આપવાને અસમર્થ થયેલો સંતોષ ધારણ કરી ઘેર ગયો. આ પ્રમાણે તે ધૂર્તે લક્ષ્મી માટે છેદન–ભેદન વગેરે સહન કરી તે શેઠને છેતર્યો.

ઉપદેશ—ધૂર્ત અને ધનિક શેઠનું કથનાક સાંભળીને હંમેશા સુપાત્રને વિષે લક્ષ્મીનો વ્યય કરવો જોઇએ.

ધનને વિષે લુબ્ધ ધૂર્તની ૯૬મી કથા સમાપ્ત.

—પ્રબંધ પંચશતીમાંથી.





સનત્કુમાર ચક્રવર્તીની કથા

૯૭

અલ્પપણ નિમિતથી કેટલાયે સજ્જનો બોધ પામે છે અહિં સનત્કુમાર ચક્રવર્તીનું ઉદાહરણ છે.

ગજપુર નગરમાં સનત્કુમાર ચક્રવર્તી મહારાજા હતા. અતિ રૂપવાળા તે ભરત ક્ષેત્રના છએ ખંડનું રાજ્ય કરે છે. એક વખત સૌધર્મ સભામાં દેવેન્દ્ર એવા શકે સનત્કુમાર ચક્રવર્તીના રૂપની ઘણી પ્રશંસા કરી અને કહ્યું કે—પૃથ્વી ઉપર આના જેવો બીજો કોઇ પણ રૂપવાળો નથી, તેથી ઇન્દ્રના વચનની શ્રદ્ધા નહીં કરતા વિજય અને વિજયંત બન્ને દેવો તેના રૂપનું કુતૂહલ જોવા માટે બ્રાહ્મણનું રૂપ કરી ગજપુર નગરમાં આવ્યા. આ વખતે સ્નાન કરવાના સમયે આસન ઉપર બેઠેલા આભૂષણથી રહિત સુગંધી તેલથી લેપ કરાતા સનત્કુમાર ચક્રવર્તીને જોઇ તેના અત્યંત રૂપથી મોહ પામેલા દેવો વારંવાર માથું ધુણાવવા લાગ્યા. ચક્રવર્તીએ પૂછ્યું–શા માટે માથું ધુણાવો છો? તેઓએ કહ્યું કે–હે રાજન્! આપના રૂપના દર્શનમાં જેવા પ્રકારનું કુતૂહલ સાંભળ્યું હતું તેવા પ્રકારનું રૂપ અમે જોયું, આ પ્રમાણે બ્રાહ્મણના વચન સાંભળી અત્યંત રૂપથી ગર્વિત થયેલા મહારાજા કહેવા લાગ્યા—'હે

બ્રાહ્મણો! હાલમાં આ અવસ્થામાં મારું રૂપ શું જુઓ છો? જો રૂપ જોવાની અભિલાષા હોય તો સ્નાન કર્યા પછી શ્રેષ્ઠ અમૂલ્ય વસ્ત્ર પહેરેલા, અલંકારોથી વિભૂષિત થયેલ, માથા ઉપર છત્ર ધારણ કરાતા, ચામરો વડે વિંઝાતા બત્રીશ હજાર શ્રેષ્ઠ રાજાઓ વડે સેવાતા એ સમયે મારું રૂપ તમારે જોવું.' આ પ્રમાણે ચક્રવર્તીનું વચન સાંભળીને તેઓએ વિચાર કર્યો અહો! ઉત્તમ પુરૂષોને પોતાના મુખેથી પોતાની પ્રશંસા કરવી યોગ્ય નથી. જેવી રીતે બીજાઓ વડે ગ્રહણ કરેલા મનુષ્યોના ગુણો સુખ અને સૌભાગ્યને આપનારા થાય છે, તેવી રીતે પોતે ગ્રહણ કરેલાં હોય તો તેવા થતા નથી. એટલે તે સુખ સૌભાગ્ય આપનારા થતાં નથી એથી પંડિત પુરૂષો પોતાના ગુણોની પ્રશંસા કરતા નથી. ત્યાર પછી તે બ્રાહ્મણ રૂપવાળા દેવો ચક્રવર્તીનું વચન પ્રમાણ કરીને ગયા.

ત્યાર પછી ચક્રવર્તી પોતાની સભામાં આવીને બેઠા. તે વખતે તે દેવો ફરીથી પણ ત્યાં આવ્યા. તે વખતે તેમનું રૂપ જોઈને અત્યંત ખેદ પામ્યા. ચક્રવર્તીએ કહ્યું–ખેદનું કારણ શું છે? તેઓએ કહ્યું—'સંસારના ભાવોનો વિલાસ' ચક્રવર્તીએ કહ્યું,—કેવી રીતે? તેઓએ કહ્યું—'આપણું જે રૂપ પહેલાં જોયું હતું તેનાથી અનંત ગુણહીન તમારું રૂપ હાલમાં દેખાય છે. ચક્રવર્તીએ કહ્યું; 'કેવી રીતે આ તમે જાણો છો?' તેઓએ કહ્યું કે-હે ચક્રવર્તી! મુખમાં રહેલા પાનના રસને ભૂમિ ઉપર થુકીને જુઓ, જો માખીઓ તેના ઉપર બેસીને મરણ પામે તો આ અનુમાનથી તમારે

જાણવું કે મારૂં શરીર વિષમય થયું છે, સાત મહા રોગો તમારા શરીરમાં ઉત્પન્ન થયેલા છે. આ પ્રમાણે દેવના વચન સાંભળી ચક્રવર્તી વિચાર કરે છે કે—'આ દેહ અનિત્ય છે, આ અસાર શરીરમાં કાંઈપણ સાર નથી, કહ્યું છે કે—'શરીર વગેરે અનિત્ય છે. વૈભવ સંપત્તિ શાશ્વતી નથી અને મૃત્યું હંમેશા સાથે રહેલ છે તેથી ધર્મનો સંગ્રહ કરવો જોઈએ. દરિદ્ર અવસ્થામાં દાન, સમર્થની ક્ષમા, સુખી અવસ્થામાં ઈચ્છાનો નિરોધ અને યૌવન અવસ્થામાં ઈન્દ્રિયોનો નિગ્રહ કરવો આ ચારે વસ્તુઓ અત્યંત દુષ્કાર છે,' આ પ્રમાણે વિચાર કરતાં વૈરાગ્યમાં તત્પર સનત્કુમાર ચક્રતીએ રાજ્ય લક્ષ્મીનો ત્યાગ કરી સંયમ ગ્રહણ કર્યું. તે રાજા સર્પે ત્યાગ કરેલ કાચલીની જેમ પાછળ અનુસરતી પોતાની રાજ્ય લક્ષ્મીની સામું પણ જોતા નથી. સુનંદા વગેરે મહારાણીઓના વિલાપોને સાંભળતાં છતાં પણ સહેજપણ ચલિત થતા નથી, છ માસ સુધી નવ નિધિઓ, ચૌદ રત્નો અને સેવકો પાછળ ફરે છે. છતાં તેણે પાછું વાળીને સામું પણ ન જોયું. તે રાજર્ષિ છઠ્ઠ તપને અંતે હંમેશા પારણું કરે છે. પારણામાં પણ સર્વ વિગઈઓનો ત્યાગ કરીને રોગથી ભરેલા દેહવાળો તે મમતા માયા અને રાગ રહિત ભૂમિ ઉપર વિચરે છે.

આ સમયે ફરી પણ સૌધર્મેન્દ્રે કહ્યું કે અહો ! સનત્કુમાર મુનિ ધન્ય છે. કારણ કે મોટા રોગોથી પીડાતા પણ

તે દેહની ચિકિત્સા કરતા નથી. તેથી આ ધન્ય છે. આ પ્રમાણે ઈન્દ્રના વચન સાંભળીને શ્રદ્ધા નહી કરતા તે જ બન્ને દેવો વૈદ્યોનું રૂપ ધારણ કરી ત્યાં આવ્યા. સનત્કુમાર મુનિ પાસે જઈ કહે છે. હે મુનિ! તમારૂં શરીર રોગોથી જર્જરિત અતિ પીડા પામતું દેખાય છે. અમો વૈદ્યો છીએ તમારી આજ્ઞા હોય તો તમારા રોગનો પ્રતિકાર-ઉપાય અમે કરીએ. મુનિ ભગવંતે કહ્યું કે-અનિત્ય શરીરનો શું પ્રતિકાર? દેહના રોગને દૂર કરવાની તમારી શક્તિ છે. પરંતુ કર્મરોગને દૂર કરવાની શકિત નથી. દેહના રોગો દૂર કરવાની શકિત મારી પાસે પણ છે. આ પ્રમાણે કહી આંગળી થૂંકવાળી કરી બતાવી તો તે સુવર્ણમય અને રોગ રહિત થઈ. આવા પ્રકારની શકિત તો મારી પાસે પણ છે. પરંતુ આનાથી આત્માની સિદ્ધિ કઇ! જ્યાં સુધી કર્મનો ક્ષય ન થાય ત્યાં સુધી શરીરના રોગોના ક્ષય વડે શું? એથી મારે દેહના રોગના પ્રતિકારનું કાંઈપણ પ્રયોજન નથી. આ પ્રમાણે સાંભળી વિસ્મય પામેલા દેવતાઓ મુનિને નમસ્કાર કરી પોતાનું સ્વરૂપ પ્રગટ કરી સ્વર્ગમાં ગયા. આ પ્રમાણે સનત્કુમાર ચક્રવર્તી મહર્ષિ પણ સાતસો-૭૦૦ વર્ષ સુધી સાત મહારોગોની પીડા અનુભવી સમભાવથી એક લાખ વર્ષ સુધી નિરતિચાર ચારિત્ર પાળી શ્રીસમેતશિખર તીર્થમાં ગયા ત્યાં શિલા ઉપર અનશન કરી એક મહિનાના ઉપવાસ કરી સમાધિ પૂર્વક મરણ પામી એકાવતારી ત્રીજા સ્વર્ગમાં દેવ પણે ઉત્પન્ન થયા, ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધિપદને પામશે.

ઉપદેશ :— સર્વ પદાર્થોના ક્ષણિક ભાવને બતાવનારૂં સનત્ ચક્રવર્તીનું વૃત્તાંત સાંભળીને વિનશ્વર દેહને વિષે સર્વથા મમત્વપણું ત્યાગ કરો.

અલ્પ નિમિતથી પણ બોધ પામતા સનત્કુમાર ચક્રવર્તીની કથા ૯૭મી સમાપ્ત.

—ઉપદેશમાલા માંથી.



શ્રી મરૂદેવા માતાની કથા

૯૮

તપ અને સંયમ ગુણરહિત કેટલાય ભવ્યજીવો કેવલ વિશુદ્ધ ભાવનાથી સિદ્ધિ પદને પામે છે. લઘુકર્મી મરૂદેવા માતાની જેમ—

જે વખતે ઋષભદેવ ભગવાને ચારિત્ર અંગીકાર કર્યું તે વખતે ભરત ચક્રવર્તી મહારાજા હતા. શ્રી ઋષભદેવ સ્વામીની માતા મરૂદેવા હંમેશા ભરતને ઠપકો આપતા હતા. હે વત્સ ! તું રાજ્યસુખમાં મોહિત બની મારા પુત્રની અબર પણ કરતો નથી, હું લોકોના મુખે આ પ્રમાણે સાંભળું છું કે–મારો પુત્ર ઋષભ એક વર્ષ સુધી અન્ન અને પાણી વિના ભૂખ્યા અને તરસ્યા, વસ્ત્ર વિના એકલો વનમાં વિચરે છે. ઠંડી અને તાપ સહન કરતો મહાદુઃખને અનુભવે છે. એક વારા મારા પુત્રને તું અહિં લાવ તેને ભોજન વગેરે હું આપું. અને પુત્રનું મુખ જોવું. તે સમયે ભરતે કહ્યું, કે–માતા તમે શોક ન કરો. અમે સંખ્યામાં સો એ તારા જ પુત્રો છીએ. મરૂદેવા માતાએ કહ્યું, તે સત્ય છે પરંતુ આંબાના ફળની અભિલાષાવાળાને આંબલીના ફળ મળે એથી શું ? તેમ મારા પુત્ર ઋષભ વિના આ આખો સંસાર શૂન્ય લાગે છે. આ પ્રમાણે હંમેશા ઉપાલંભ આપતી, પુત્રના વિયોગથી રૂદન કરતી, તેના નેત્રો ઉપર પડલો આવી ગયા. આ પ્રમાણે એક હજાર વર્ષ ગયે છતે શ્રી ઋષભદેવ ભગવંતને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. ચોસઠ ઇન્દ્રોએ આવી સમોવસરણની રચના કરી ઉદ્યાનપાલકે ભરતને વધામણી

આપી ભરતે પણ આવીને મરૂદેવા માતાને શ્રી ઋષભદેવ પ્રભુનું સ્વરૂપ કહ્યું, તમે મને હંમેશા ઉપાલંભ આપો છો.–'જે મારો પુત્ર ઠંડી, તાપ વગેરે પીડાને અનુભવ કરે છે અને એકલો વનમાં વિચરે છે.' તો આજે તમે મારી સાથે આવો. તમારા પુત્રની મહાઋધ્ધિ દેખાડું. આ વચન સાંભળી પુત્રને જોવા ઉત્કંઠાવાળી દાદીમાને હાથી ઉપર બેસાડીને તે સમાવસરણમાં ગયા. ત્યાં દુંદુંભીનો અવાજ સાંભળીને મરૂદેવા માતા ઘણા હર્ષવાળા થયા અને ત્યાં દેવદેવીઓના જય જય શબ્દો સાંભળી તેણીને હર્ષના આંસુ નીકળવા લાગ્યા તેનાથી આંખનો રોગ નાશ પામ્યો. અને તેથી ત્રણ ગઢ, અશોકવૃક્ષ, છત્ર, ચામર વિગેરે પુત્રની સર્વ ઋદ્ધિ દેખી અનુપમ આઠ પ્રતિહાર્ય વગેરે મહાઋધ્ધિ જોઈ મનમાં મરૂદેવીમાતા આ પ્રમાણે વિચાર કરે છે. આ સંસારને ધિક્કાર છે. મોહને ધિક્કાર પડો. હું એ પ્રમાણે જાણતી હતી કે મારો પુત્ર એકલો વનમાં ભૂખ્યો અને તરસ્યો ભમતો હશે. પરંતુ આવા પ્રકારની ઋધ્ધિ પામ્યા છતાં પણ મને કદી સંદેશો ન મોકલ્યો અને હું તો હંમેશા પુત્રના મોહથી અતિદુઃખી થઈ તેથી આ કૃત્રીમ એક પાક્ષિક સ્નેહને ધિક્કારે પડો. કોનો પુત્ર? કોની માતા? સર્વ પણ લોક પોતાનો સ્વાર્થ સાધવામાં રસિક હોય છે. કોઈપણ કોઈને સ્વાર્થ વિના પણ પ્રિય થતો નથી. આ પ્રમાણે વિચાર કરતી ભવા-વિશુધ્ધિથી ઘાતિકર્મના ક્ષયથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી અંત-મુર્હત કાળમાં આયુષ્ય પૂર્ણ કરી તે મોક્ષમાં અવ્યાબાધ

એવા શાશ્વત સુખને પામ્યા. અનાદિકાળથી સ્થાવરપણામાં-એકેન્દ્રિયપણામાં રહેલ મરૂદેવમાતાનો જીવ 'આ અવસર્પિણીમાં મનુષ્યભવ પ્રાપ્ત કરી પ્રથમ સિદ્ધ થયા.' આ પ્રમાણે કહીને તેનું શરીર દેવોએ ક્ષીર સમુદ્રમાં નાખ્યું. મરૂદેવામાતાનું આ દૃષ્ટાંત જાણીને કેટલાક કહે છે કે-તપ સંયમ વગેરે વિના જેવી રીતે મરૂદેવામાતા સિદ્ધિપદને પામ્યા તેવી રીતે અમે પણ મોક્ષમાં જઇશું આ પ્રમાણે મૂઢ પુરૂષો આવું આલંબન ગ્રહણ કરે છે. પણ આવું આલંબન વિવેકી પુરૂષોએ ગ્રહણ કરવું જોઈએ નહીં. કારણ કે તે મરૂદેવામાતા અનાદિકાળથી સ્થાવરમાં રહેલા કયારે પણ ત્રસભવને નહીં પામનારા તેમજ તીવ્રકર્મને નહીં બાંધનારા તેથી અત્યંત લઘુકર્મવાળા હતા. તેથી જ કેવળ વિશુધ્ધ ભાવનાથી સિદ્ધિપદને પામ્યા. અનંત જીવો મોક્ષમાં ગયે છતે આવો કોઈક જીવ ભાગ્યે જ મોક્ષમાં જનાર થાય છે.

ઉપદેશ :—સંસારની અસારતાના સ્વરૂપને બતાવનાર મરૂદેવામાતાનું દૃષ્ટાંત જાણી હે ભવ્ય જીવો! તમે પણ હંમેશ ચિત્તમાં આવી વિશુદ્ધ ભાવના ધારણ કરો.

ભાવ વિશુધ્ધિ ઉપર શ્રી ઋષભદેવ ભગવાનની માતા મરૂદેવાની કથા ૯૮ મી સમાપ્ત.

-ઉપદેશ માલામાંથી.



કનકકેતુ રાજાની કથા

૬૬

રાજ્યને વિષે મુઢ જીવો પુત્રોના અંગ-ઉપાંગ વગેરેને છેદે છે. અહિં કનકકેતુ રાજાનું બોધ કરનારૂં દૃષ્ટાંત છે.

તેતલીપુરમાં કનકકેતુ નામે રાજા છે. તેને પદ્માદેવી નામે પટરાણી છે. તે રાજાને તેતલીપુત્ર નામે મંત્રી છે. મંત્રીને પોટ્ટિલા નામે સ્ત્રી છે. તે તેને અત્યંત પ્રિય છે. રાજ્યસુખને ભોગવતા કનકકેતુ રાજાને પુત્ર ઉત્પન્ન થયો. તે વખતે રાજા વિચાર કરે છે. આ પુત્ર મોટો થશે તો મારૂં રાજ્ય લઈ લેશે. આ ભયથી તેણે પુત્રનો હાથ કાપી નાખ્યો. ક્રમે કરી બીજો પુત્ર ઉત્પન્ન થયો. તેના પગ કાપી નાખ્યા. આ પ્રમાણે કેટલાકની આંગળીનો છેદ કર્યો. કેટલાનાં નાક કાપ્યા. અને કોઇ કોઇના કાન કાપ્યાં અને આંખો પણ કાઢી નાખી. આ પ્રમાણે સર્વ પુત્રોના અંગ ખંડિત કરી રાજ્યના અધિકારથી રહિત કર્યા. એ પ્રમાણે ઘણો કાલ ગયે છતે ફરી પણ પદ્મમાવતી દેવીએ શુભ સ્વપ્નાથી સૂચિત ગર્ભને ધારણ કર્યો. તેથી મંત્રીને બોલાવીને પદ્મમાવતી દેવીએ કહ્યું કે–'મેં શુભ સ્વપ્નથી સૂચિત થયેલો ગર્ભ ધારણ કર્યો છે, તેથી જન્મ સમયે તમારે તે બાલકનું ગુપ્ત રીતે પાલન કરવું, જેથી ભાવી તે રાજ્યનો અધિકારી થાય અને તમોને પણ સમયે તે સહાય કરનારો થશે' આ પ્રમાણે સાંભળી મંત્રીએ તેણીના વચનનો સ્વીકાર કર્યો. ક્રમે દેવીને પુત્ર ઉત્પન્ન થયો. ગુપ્ત

રીતે મંત્રીએ તે પુત્રને પોતાની સ્ત્રી પોટ્ટિલાને આપ્યો. તે વખતે પોટ્ટિલાને ઉત્પન્ન થયેલી પુત્રી પદ્મમાવતીને આપી. ત્યાર પછી દાસીએ રાજાની પાસે પુત્રીના જન્મનું સ્વરૂપ જણાવ્યું.

અહિં મંત્રીના ઘરમાં વૃદ્ધિ પામતા રાજકુમારનું 'કનકધ્વજ' એ પ્રમાણે નામ આપ્યું, ક્રમે કરીને તે યુવાવયને પામ્યો. તે વખતે કનકકેતુ રાજા પરલોકમાં ગયો. સર્વે સામંત વગેરે ચિંતા કરવા લાગ્યા. આ રાજ્ય કોને આપવું? તે વખતે તેતલિપુત્ર મંત્રીએ સર્વ પદ્મમાવતી દેવીનું સ્વરૂપ કહ્યું. તે વખતે કનકધ્વજને આ રાજાનો પુત્ર છે એમ જાણી સર્વ અત્યંત ખુશી થયા. સર્વએ પણ મોટા આડંબરથી તે કનકધ્વજ રાજકુમારને રાજ્ય ઉપર બેસાડ્યો. કનકધ્વજ રાજાએ મંત્રીને મહા ઉપકારી જાણી મંત્રીનું ઘણું સન્માન કર્યું. ઘણા આનંદથી રાજ્યપાલન કરતાં તેને ઘણો કાળ ગયો. એક વખત મંત્રીએ ઘરમાં પોટ્ટિલા સ્ત્રી પહેલા પ્રાણ કરતાં પણ ઘણી પ્રિય હતી. પરંતુ કોઇ અશુભ કર્મના દોષથી હવે તે અપ્રિય થઇ. તેથી જુદી શય્યા કરી. પોટિલાના મનમાં ઘણું દુઃખ ઉત્પન્ન થયું. કહ્યું, છે કે–'રાજાની આજ્ઞાનો ભંગ, ગુરૂનું અપમાન, અને નારીની જુદી શય્યા આને નીતિશાસ્ત્રમાં શસ્ત્રવિનાનો વધ કહ્યો છે.' સ્વામિના અપમાનથી દુઃખી થયેલી તેણી વિશેષે કરીને દાન વિગેરે ધર્મકૃત્ય કરવા લાગી. એક વખત પોટ્ટિલાના ઘરમાં એક સુવ્રતા નામની સાધ્વી આહારને માટે આવી. સન્મુખ જઈ શુદ્ધ આહાર

આપી, અંજલી જોડી પોટ્ટિલાએ પૂછયું હે પૂજ્ય ! તેવું કંઈ પણ કરો કે જેથી મારો સ્વામી મારે આધીન થાય, તેથી આપને પરોપકારનું ઘણું પુણ્ય થશે. જેથી કહ્યું છે કે ઉપકારને વિષે જેની મતિ છે અને જે ઉપકારને ભૂલતો નથી તે બે પુરૂષોને પૃથ્વી ધારણ કરે છે. અથવા તે બે પુરૂષો વડે પૃથ્વી ધારણ કરાયેલી છે. આ પ્રમાણે પોટ્ટિલાનું વચન સાંભળીને સુવ્રતા સાધ્વીએ કહ્યું, કે–આ તમે શું બોલ્યા ? આવા પ્રકારની પ્રવૃત્તિ સ્ત્રીઓને ઉચિત નથી, કારણ કે મંત્ર-તંત્ર વડે સ્વામિનું વશીકરણ કરવું તે મહા દોષને માટે થાય છે. તેમજ સર્વ પાપને ત્યાગ કરનારા અને મહાવ્રતોને ધારણ કરનારા એવા અમોને આ કામણાદિ પ્રયોગો કરવા યોગ્ય નથી. તું જે ભોગને માટે વશીકરણ કરાવે છે, તે ભોગો સંસારી જીવોને દુઃખના કારણ છે અને કિંપાક ફળ સરખા વિષયો પ્રારંભમાં સુંદર લાગે છે. પણ અંતે અતિ ભયંકર અને નરકાદિ દુર્ગતિને આપનારા છે. તેમજ દીર્ઘકાળ સેવાયેલા વિષયો પણ સંતોષ કરનારા થતા નથી, તેથી તમો આ વિષયોની અભિલાષાનો ત્યાગ કરી જિનેશ્વર ભગવંતે કહેલા શુધ્ધ ધર્મને સેવો જેથી સર્વ સિધ્ધિ થાય. આ પ્રમાણે સુવ્રતા સાધ્વીના મુખમાંથી ઉપદેશ સાંભળી તેણીએ તેઓના વચનનો સ્વીકાર કર્યો અને સ્વામીની આજ્ઞા લઈ ચારિત્ર ગ્રહણ કર્યું. તેથી ક્રોધ રહિત બની તેના સ્વામિએ કહ્યું કે–ખરેખર તમો ધન્યપાત્ર છો–જે કારણથી તમોએ ચારિત્ર ગ્રહણ કર્યું. 'હવે દેવ રૂપે ઉત્પન્ન થયેલા તમારે મને

પ્રતિબોધ કરવા માટે અવશ્ય આવવું.' તેણી પોતાના સ્વામિના વચનનો સ્વીકાર કરી ભૂમિ ઉપર વિહાર કરવા લાગી. લાંબો કાળ ચારિત્ર પાળી તેણી દેવરૂપે ઉત્પન્ન થઈ. અવધિજ્ઞાનથી પૂર્વભવના સ્વામિને જોઈ પ્રતિબોધ કરવા માટે તે દેવ ત્યાં આવ્યો. ઘણો ઉપદેશ આપવા છતાં પણ તેતલિપુત્ર મંત્રી પ્રતિબોધ પામતો નથી તેથી દેવે વિચાર કર્યો કે આ રાજ્યના મોહથી પ્રતિબોધ પામતો નથી. એથી તે દેવે રાજાના ચિત્તમાં મંત્રી વિષે સંદેહ ઉત્પન્ન કર્યો. જ્યારે રાજસભામાં મંત્રી આવ્યો ત્યારે રાજા મોઢું ફેરવીને રહ્યો અને તેના સામું પણ જોતો નથી. એથી તેતલિપુત્રે વિચાર કર્યો 'રાજા મારા ઉપર અતિશય રોષવાલો બન્યો છે. કોઈ દુષ્ટ પુરૂષે કંઈ પણ મારૂં છિદ્ર કહ્યું હોય તેમ લાગે છે, એથી હું જાણતો નથી કે આ રાજા શું કરશે? અથવા કયા મરણથી મને મારશે? આના કરતા તો આપઘાત કરીને મરવું સારૂં છે.' આ પ્રમાણે વિચાર કરી તેણે કંઠમાં ફાંસો નાખ્યો, દેવના પ્રભાવથી તે ફાંસો તૂટી ગયો, ફરીથી ઝેર ખાધું તે પણ અમૃતરૂપે પરિણમ્યું, વળી ખડગથી મસ્તક કાપવા તૈયાર થયો, તે વખતે પણ દેવે ખડગની ધારાને બાંધી દીધી, વળી અગ્નિમાં પ્રવેશ કર્યો તો અગ્નિ પણ પાણી રૂપે પરિણામ પામ્યો. આ પ્રમાણે મંત્રીના સર્વ મરણના પ્રયાસો દેવે નિષ્ફળ કર્યા. ત્યાર પછી પ્રગટ થઈને પોટ્ટિલા દેવે કહ્યું, 'આ સર્વ મેં કર્યું છે તમે આપઘાત શા માટે કરો છો? તમે ચારિત્ર ગ્રહણ કરો.' તે સાંભળીને તેતલિપુત્રે ચારિત્ર ગ્રહણ કર્યું. રાજા

પણ આવી ચરણોમાં પડી પોતાનો અપરાધ ખમાવે છે. આ પ્રમાણે મંત્રી મુનિ ઘણો કાળ ભૂમિ ઉપર વિચરી ચૌદપૂર્વધર થઈ ક્રમે કરી ઘાતીકર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષ પદને પામ્યા. અહિં પિતા રાજ્યના લોભથી પુત્રોને પણ વિડંબના કરે છે તે પિતાનો સ્નેહ કૃત્રિમ જાણવો.

ઉપદેશ :—હે ભવ્ય જીવો ! તમે અહિં પિતાનો કૃત્રિમ સ્નેહ જાણી તે પ્રમાણે ઉદ્યમ કરો કે જેથી આ લોક અને પરલોકમાં સુખી થવાય.

રાજ્યના લોભથી પુત્રોને પણ દુઃખ આપનાર કનકકેતુ રાજાની કથા ૯૯ મી સમાપ્ત.

—ઉપદેશમાલામાંથી.





વિદ્વાન બ્રાહ્મણની કથા

૧૦૦

જે વિદ્યા પ્રારંભમાં આશ્ચર્ય કરનારી હોય પણ અંતમાં અશુભ-અનિષ્ટ કરનારી હોય તે વિદ્યા ત્યાગ કરવા યોગ્ય છે. અહિં બ્રાહ્મણનું દૃષ્ટાંત છે.

આ જગતમાં દૈવી અને તાપસી બે પ્રકારની વિદ્યાઓ છે. તેમાં દૈવી વિદ્યા આલોક અને પરલોકમાં હિત કરનારી છે અને તાપસી વિદ્યા આસૂરી સ્વરૂપવાળી, અસુરોની જેમ આ લોકમાં કંઇક આશ્ચર્ય કરનારી પરંતુ ભયંકરી છે. કારણ કે તે અંત સમયે દુર્ધ્યાન કરનારી, એકાંતે દુઃખ આપનારી, પરલોકમાં દુર્ગતિના ફળને આપનારી, ધર્મનો નાશ કરનારી, મલિન સ્વરૂપવાળી છે. તેથી તે વિદ્યા સર્વથા ત્યાગ કરવા યોગ્ય છે.

અહિં વિદ્વાન બ્રાહ્મણનું દૃષ્ટાંત છે—

સૌરાષ્ટ્ર દેશમાં ગોંડલ નગરીની નજીકમાં કોઇક ગામમાં એક હરિશંકર નામે બ્રાહ્મણ રહે છે. તે કાશી નગરમાં વ્યાકરણ, તર્ક, વેદ, સાહિત્ય, પુરાણ, વગેરે સર્વ શાસ્ત્રોનો અભ્યાસ કરી સકલ શાસ્ત્રોમાં પારંગત થયો. આના જેવો બીજો કોઇપણ વિદ્વાન નથી જેથી તેની સાથે શાસ્ત્રોનો વિચારે કરે. તે વિદ્વાન બ્રાહ્મણ પોતાનું સન્માન વધારવામાં હંમેશા તત્પર હતો, એક વખત ગોંડલ નગરમાં ભાગવત સપ્તાહ પારાયણની સારી રીતે આયોજના હતી. ત્યાં ઘણા શ્રેષ્ઠ વિદ્વાન બ્રાહ્મણો આવ્યા હતા. આ વિદ્વાન બ્રાહ્મણ પણ આ સમાયોજનામાં ગયો હતો.

ગોંડલ નગરમાં પોતાના ઉતારા સ્થાને જઈ, પોતાની વસ્તુઓનું બરાબર નિરીક્ષણ કરે છે. તે વખતે તે ભાગવતને સ્થાને મહાભારત નીકળ્યું. બીજા વિદ્વાનો પોતપોતાનું ભાગવત લઈને આવ્યા હતા. તે બ્રાહ્મણ પંડિત વિચાર કરે છે. 'મારે શું કરવું' મારા ગામમાં જઈ ભાગવત લાવવાનો હવે સમય નથી. કાલે વિદ્વાનોના સમૂહથી ભરેલી સભામાં હું શું કરીશ ? આ પ્રમાણે તે અતિ વ્યાકુલ થયેા. તે સમયે મધ્યાન્હ સમયમાં એક હરિજન માર્ગ સાફ કરવાં ત્યાં આવ્યેા. તે હરિજન મુખાકૃતિથી તે વિદ્વાનને અતિ ચિંતા મગ્ન જોઈ પૂછે છે–હે મહારાજ ! તમે કોઈ દુઃખના સંકટમાં પડયા લાગેા છેા શું ? પહેલા પંડિત કંઇ પણ બોલતેા નથી. પરંતુ વારંવાર પૂછાયેલા પંડિતે કહ્યું, 'મારા ગામથી અહિં આવવામાં ભૂલથી ભાગવતના સ્થાને મહાભારત લાવ્યેા છું. માઉં ગામ અહિંથી નવ કોસ દૂર રહેલું છે. ત્યાં જઇ અહિં પાછેા આવવાનેા સમય હવે નથી. તેથી શું કરવું આ પ્રમાણે હું વ્યાકુલ થયેલેા છું. તે હરિજન કહે છે. આ કાર્યમાં વિચાર કરવા વડે સર્યું. તમારૂં ભાગવત અહિં હુ લાવી આપું ? વિદ્વાન કહે છે. આ અશકય છે. એટલે દુરથી અહીં કેવી રીતે આવી શકે ? આ ગામમાંથી બીજા કોઈનું ભાગવત લાવવું સુલભ છે, પરંતુ મારૂં ભાગવત લાવવું સુલભ નથી. તે હરિજન કહે છે–તમારા ગામથી, તમારે જ ઘેરથી તમારૂં ભાગવત હું લાવીને આપું, બીજાનું નહિ, ફક્ત તમે પાંચ ક્ષણ સુધી આંખેા મીંચીને રહેા તેટલામાં જ તમારૂં ભાગવત અહિંયા આવી જશે. તે વખતે શ્રદ્ધા નહિ કરતેા પણ તે વિદ્વાન આંખેા

મીંચીને ક્ષણવાર રહ્યો, ક્ષણવારમાં તેનું જ ભાગવત તેની પાસે આવીને ખડું થયું. તેણે આંખો ઉઘાડતા સામું આવેલું પોતાનું ભાગવત જોયું. આશ્ચર્ય પામેલો સર્વ શાસ્ત્રોનો પારગામી, તે વિદ્વાન બ્રાહ્મણ વિચાર કરે છે–આ હરિજન મંત્ર સિદ્ધિવાળો છે, તેથી તેની પાસેથી મંત્ર ગ્રહણ કર-કરવાની લાલસાવાળો હરિજનને કહે છે–તમે મને આ મંત્ર આપો–હરિજને તેને મંત્ર આપવાનો સ્વીકાર કર્યો અને તે વિદ્વાનને મંત્રની સાધન-સામગ્રી બતાવીને કહ્યું કે–તમારે તે ગ્રહણ કરી રાત્રિમાં સ્મશાનની અંદર આવવું. તે વિદ્વાન ઉપયોગી સર્વ વસ્તુઓ ગ્રહણ કરી સ્મશાનમાં આવ્યો. હરિજન પણ તેની રાહ જોતો રહ્યો છે. ત્યાર પછી તે બન્ને સ્મશાનમાં એકાંત સ્થાનમાં ગયા. હરિજન તે ભૂમિમાં એક ગોળ કુંડાળું દોરી, તેમાં વિદ્વાન બ્રાહ્મણને બેસાડી, કહે છે કે–'તમારે ભય રહિત થઈ મારા બોલેલા મંત્ર પદો તમારે સારી રીતે બોલવા' એમ કહી હરિજને મંત્ર પ્રયોગ શરૂ કર્યો. સમયાંતર પછી તેને પૂછ્યું, શું કંઈ પણ દેખાય છે? બ્રાહ્મણ વિદ્વાને કહ્યું, મને કંઇ પણ દેખાતું નથી. આ સાંભળી આમ કેમ થયું? એ પ્રમાણે વિચાર કરતાં તેને મેલી વિદ્યાના અધિષ્ઠાયક દેવને તેનું કારણ પૂછ્યું આસુરી વિદ્યાના દેવે કહ્યું, આ બ્રાહ્મણ અત્યંત પવિત્ર અને શાસ્ત્રમાં પારંગત છે. એની પાસે બ્રહ્મનું તેજ છે તેના તેજથી હું બળું છું તેથી તમે તેનું બ્રાહ્મણપણું દૂર કરાવો, પહેલા તો જેમાં ચામડા ધોવાય છે, તે ચમારના કુંડનું પાણી તેને પીવડાવો જેથી તે

અપવિત્ર થશે. તેથી તેના શુભ વિચારો અશુભ રૂપે પરિણામ પામશે અને શાસ્ત્રમાં પારંગતપણું નાશ પામશે. ત્યારે તેને આ વિદ્યા સિદ્ધ થશે. હરિજનને આ વૃત્તાંત બ્રાહ્મણને કહ્યોઃ તે બ્રાહ્મણ વિચાર કરે છે અરે મૂઢ થઈને અહીં હું કેમ આવ્યો ? સર્વ ધર્મશાસ્ત્રોને ભણેલો હું બ્રાહ્મણપણું કેવી રીતે ત્યાગ કરું ? આ આસુરી વિદ્યા વડે સર્યું. આ પ્રમાણે પશ્ચાત્તાપ કરતો હરિજનને મંત્ર ભણવાનો નિષેધ કરી કહ્યું કે–'ધર્મને નાશ કરનારી આ વિદ્યાનું મારે પ્રયોજન નથી.' હરિજન કહે છે–હાલમાં આસુરી વિદ્યાનો ઘણો પ્રભાવ દેખાય છે. રાજા રાજેશ્વરો પણ તેને આધીન જ રહે છે. શત્રુઓના વિનાશને માટે યુવતી વિગેરેને વશ કરવા માટે આ મેલી વિદ્યાનો પ્રયોગ કરાવાય છે. જેની ઉપર આ મેલી વિદ્યા મૂકવામાં આવે તે વિદ્યા મૂલ સહિત તેનો નાશ કરે છે. પંડિત કહે છે કે કાશીમાં આ મેલી વિદ્યા સાધનારા ઘણા લોકો જોયા. તે સર્વ માંસ અને મદ્યમાં આસક્ત અને ઉન્માર્ગગામી થઈને અંતે શારીરિક અને માનસિક દુઃખથી પીડાએલા અસમાધિ ભાવને પામેલા સંભળાય છે. આથી આ મેલી વિદ્યા વડે સર્યું. આ પ્રમાણે કહી પોતાના ગામમાં ગયો. ત્યાર પછી તે શાસ્ત્ર ચિંતામાં તત્પર પોતાના ધર્મને વિષે દૃઢતર થયો.

ઉપદેશ :—લોકોને સાચો માર્ગ દેખાડનાર આ વિદ્વાન બ્રાહ્મણનું દૃષ્ટાંત સાંભળી હે ભવ્ય જીવો ! તમે જેમ પોતાનું અને પરનું હિત થાય તેમ ઉદ્યમ કરો.

તાપસી વિદ્યા ગ્રહણ કરવા ઉપર વિદ્વાન બ્રાહ્મણની ૧૦૦ મી કથા સમાપ્ત.

–ગુજરાતી કથામાંથી.



ક્ષુલ્લકમુનિની કથા

૧૦૧

કાર્ય કરવામાં કુશળ પણ અત્યંત પ્રમાદીઓ પોતાના કાર્યને સાધી શકતા નથી. અહિં ચારિત્રથી પડેલા ક્ષુલ્લકમુનિનું દૃષ્ટાંત છે.

મહિમંડણ નગરમાં જ્ઞાનાદિ ગુણોના ભંડાર શ્રી ધર્મઘોષસૂરિજી મહારાજ બહાર ઉદ્યાનમાં પધાર્યા છે. તે આચાર્ય ભગવંતને નિર્મળ ગુણોવાળા પાંચસો મુનિઓનો પરિવાર હતો. મુનિઓથી પરિવરેલા તે દેવોથી ઈન્દ્રની જેમ શોભે છે. પરંતુ ચંદ્રના જેવા નિર્મળ તે ગચ્છમાં, સાગરમાં વડવાનલની જેમ, દેવનગરમાં રાહુની જેમ, પરિતાપ કરનાર ભયંકર અત્યંત દુષ્ટ બુધ્ધિવાળો ધર્મશીલ અને પ્રશમ ગુણથી રહિત, સાધુઓને અસમાધિ કરનારો રૂદ્ર નામે શિષ્ય હતો. વારંવાર મુનિજનોને અનુચિત કાર્ય કરતાં તેને સાધુઓ કરુણા વડે મધુર વચનોથી આ પ્રમાણે ઠપકો આપે છે. 'હે વત્સ! તું શ્રેષ્ઠ કુલમાં મોટો થયેલો છું, તેમજ સુગુરૂ ભગવંતે તને દીક્ષા આપેલી છે. એથી આવા પ્રકારના તને સાધુ ધર્મને અનુચિત કાર્ય કરવું ઉચિત નથી? આ પ્રમાણે મધુર વાણીથી વારણ કરેાયેલો પણ જ્યારે દુષ્ટ આચરણમાંથી અટકયો નહી ત્યારે કર્કશ વાણીથી તેઓએ કહ્યું કે-'હે દુષ્ટ! જો આવી દુષ્ટ પ્રવૃત્તિઓ કરીશ તો અમે તને ગચ્છમાંથી કાઢી મૂકીશું' એ પ્રમાણે તિરસ્કાર કરાયેલો રોષ પામેલો તે સાધુઓને મારવાને માટે સર્વ મુનિ ભગવંતોના પીવાના પાણીમાં ઉગ્ર વિષ

નાખે છે. સમય થયે મુનિ ભગવંતો પીવા માટે તે પાણી જેટલામાં ગ્રહણ કરે છે. તેટલામાં તેઓના ગુણોથી ખુશ થયેલી શાસન દેવીએ કહ્યું, કે–'હે શ્રમણો ! આ પાણીમાં તમારા દુષ્ટ શિષ્ય રૂદ્રે વિષ નાખ્યું છે તેથી આ પાણી પીશો નહિ. આ સાંભળી તેઓએ તે દુષ્ટ શિષ્યની સાથે સર્વ તે પાણી તે જ સમયે ત્રણે પ્રકારે મન, વચન અને કાયાથી ત્યાગ કર્યો. હવે તે મુનિ ભગવંતોને મારવાના પરિણામથી બાંધેલા, પ્રચંડ પાપકર્મવાળો તે તે જ જન્મમાં અત્યંત તીવ્ર રોગથી ભરેલા દેહવાળો, જિનેશ્વર ભગવંતની દીક્ષાનો ત્યાગ કરી ઘણા પાપકર્મથી ભરેલો બીજાના ઘરોમાં ભિક્ષાવૃત્તિથી જીવતો, લોકોથી 'આ દીક્ષાથી ભ્રષ્ટ થયેલો અદર્શનીય અને દુષ્ટ વર્તનવાળો છે' એ પ્રમાણે નિંદ્ય કરાતો આર્તધ્યાનવાળો, પગલે પગલે રૌદ્રધ્યાન ધરતો. મરણ પામી, સર્વ પૃથ્વી યોગ્ય પાપકર્મના હેતુભૂત નારકીઓમાં અને અત્યંત ક્ષુદ્ર અધમ તિર્યંચની યોનીઓમાં દરેકમાં એકાંતરે અંતર ગતિમાં ભમી ભમીને યથાક્રમે ઘર્માદિ સાતે નરક પૃથ્વીઓનાં ઉત્કૃષ્ટ આયુષ્ય બાંધી તે તે નરકમાં ઉત્પન્ન થયો. ત્યાર પછી જળચર-સ્થળચર અને ખેચરની યોનીમાં તેમજ બેઇન્દ્રિય, તેઇન્દ્રિય તેમજ ચઉરિન્દ્રિય જાતિમાં વારંવાર ઉત્પન્ન થયો. ત્યાંથી પાણી, અગ્નિ, વાયુ અને પૃથ્વીકાયમાં અસંખ્યાતો કાળ ઉત્પન્ન થયો. તેમજ એ પ્રમાણે વનસ્પતિકાયમાં પણ અનંતકાળ ભમ્યો. ત્યાંથી બબ્બર, માતંગ, ભિલ્લ, ચમાર, ધોબી વગેરે જાતિઓમાં દુઃખથી જીવતો

સર્વ ઠેકાણે ઘણીવાર રહ્યો. તેમાં કોઈ જગ્યાએ શસ્ત્રથી છેદાયો. કોઇ જગ્યાએ પથ્થરથી ચૂરાયો. કોઇ ઠેકાણે રોગથી પીડાયો કોઈ ઠેકાણે વીજળીથી બળાયો એ પ્રમાણે કોઈ સ્થાને માછીમારથી હણાયો, દાહની પીડાવાળો અગ્નિથી બળ્યો, ગાઢ બંધનથી બંધાયો, ગર્ભથી પડાયો, શત્રુથી મરાયો, યંત્રથી પીલાયો, શૂલથી ભોંકાયો, પાણીમાં તણાયો, ખાડામાં નખાયો, આ પ્રમાણે મહાદુઃખને સહન કરતા મૃત્યુને પામ્યો. આ પ્રમાણે ઘણા ભવોની પરંપરા વડે દુઃખને સહન કરતા ક્રમે લઘુકર્મવાળો અને અલ્પ કષાયવાળો થવાથી તે ચૂર્ણપુર નગરમાં વૈશ્રમણ શેઠની વસુભદ્રા સ્ત્રીના ઉદરમાં પુત્રપણે ઉત્પન્ન થયો અને 'ગુણાકર' એવું તેનું નામ કર્યું. ક્રમે કરી તે દેહથી અને બુદ્ધિના વિસ્તારથી વધવા લાગ્યો.

હવે એક વખત કોઇ તીર્થંકર ભગવંત ત્યાં પધાર્યા. ભગવંતને વંદન કરવા માટે નગરના લોકો અને તે ગુણાકર ત્યાં જલ્દી ગયા. ભગવંતને નમસ્કાર કરી તેઓ ભૂમિ ઉપર બેઠા. ભગવંતે હજારો સંશયો છેદનારી મોક્ષ સુખ આપનારી, મિથ્યાત્વ દૃષ્ટિ રૂપી અંધકારને હરણ કરનારી, કલ્યાણરૂપી રત્નોથી પૃથ્વી સમાન દેશના આપી. ઘણા લોકો પ્રતિબોધ પામ્યા. તેમાં કેટલાકે ચારિત્ર ધર્મ ને કેટલાકે મિથ્યાત્વનો ત્યાગ કરી સમ્યક્ત્વ ગ્રહણ કર્યું, વળી તે ગુણાકર સમય મેળવી હર્ષથી ભરેલા પુલકિત શરીરવાળો ભગવંતને નમસ્કાર કરી પૂછે છે–હે ભગવંત! પૂર્વજન્મમાં હું કોણ હતો? તે આપ કહો, મને આ સાંભળવામાં

મોટું કૌતુક છે. અહિં જગદ્‌ગુરૂ તેને ઉપકારનો લાભ જોઈને રૂદ્ર ક્ષુલ્લકમુનિના ભવથી શરૂ કરી સમગ્ર પૂર્વ-ભવોનો સર્વ વૃતાંતે કહ્યો. ગુણાકર તે સાંભળી ભવ ભ્રમણના ભયથી દુઃખી મનવાળો ગાઢ પશ્ચાત્તાપ કરતો તે કહે છે-હે ભગવંત ! આ પાપનું શું પ્રાયશ્ચિત આવે ? ભગવંતે કહ્યું, હે ભદ્ર ! સાધુઓને વિષે બહુમાન, વૈયાવચ્ચ વગેરે શુભ કૃત્યો મૂકીને બીજા કોઇ પ્રકારે શુદ્ધિ થશે નહિ. તેથી તે ઘોર સંસારથી ભય પામેલા તેણે તીર્થંકર ભગવંત પાસે 'હંમેશા મારે પાંચસો સાધુઓને વંદન, વૈયાવચ્ચ વગેરે કરવું.' એ પ્રમાણે ગુણાકરે અભિગ્રહ ગ્રહણ કર્યો. તે અભિગ્રહનું સારી રીતે પાલન કરે છે. જે દિવસે પાંચસો સાધુઓ પરિપૂર્ણ થતાં નથી તે દિવસે તે ભોજન કરતો નથી. આ પ્રમાણે છ માસ સુધી અભિગ્રહનું પાલન કરી તપ વિગેરેથી શોષિત દેહવાળો મરીને બ્રહ્મદેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો. ત્યાં અવધિજ્ઞાનથી પૂર્વભવના વૃત્તાંતને જાણી વિશેષે કરી તીર્થંકર ભગવંતના સાધુઓના વંદન, વૈયાવચ્ચ વગેરે કૃત્યમાં વર્તતો, ક્રમે કરી દેવ-ભવમાંથી ચ્યવી, ચંપાપુરીમાં ચંદ્ર રાજાના પુત્રપણે ઉત્પન્ન થયો. પૂર્વભવમાં સાધુ ભગવંતો ઉપર દૃઢ અનુરાગથી આ ભવમાં પણ બુદ્ધિશાળી તે મુનિ ભગવંતને જોઇ પૂર્વભવની જાતિનું સ્મરણ કરે છે અને આનંદ અનુભવે છે. સાધુ ઉપર પ્રેમ દેખવાથી માતા પિતાએ 'પ્રિય સાધુ' એ પ્રમાણે યથાર્થ તેનું નામ રાખ્યું, ત્યાં પણ સર્વ તપસ્વીજનોની વૈયાવચ્ચ વગેરે કાર્યો કરવામાં તત્પર, વિવિધ પ્રકારના

અભિગ્રહ ધારણ કરવામાં એક મનવાળો, પ્રમાદ રહિત અંતે સંલેખના કરી મહાશુક્ર દેવલોકને વિષે દેવ સુખને અનુભવી યથા ક્રમે મનુષ્ય અને દેવભવોમાં દિવ્ય સુખ ભોગવી ક્રમે સર્વાર્થ સિદ્ધ વિમાનમાં સર્વોત્કૃષ્ઠ સુખ ભોગવી અહિં મનુષ્ય ભવ પ્રાપ્ત કરી ચારિત્ર ગ્રહણ કરી અતિચાર રહિત આરાધના કરવામાં તત્પર તે મોહ રહિત થઈ ક્રમે ઘાતિ-અઘાતિ કર્મનો ક્ષય કરી સુર અસુરોથી પૂજિત થઈ મોક્ષ સુખને પામ્યા.

ઉપદેશ :— અહિંયા ક્ષુલ્લકમુનિની પ્રમાદજનિત ભવ-દુઃખોની પરંપરાને સાંભળી તમે સારા સાધુઓની સેવામાં હંમેશા તત્પર થાઓ.

પ્રમાદની અંદર આસક્ત ક્ષુલ્લકમુનિની ૧૦૧-એકસો એકમી કથા સમાપ્ત.

—સંવેગરંગ શાલામાંથી.





દમસાર મુનિની કથા

૧૦૨

દમસાર ઋષિએ પ્રાપ્ત થતું કેવળજ્ઞાન ક્રોધથી, ગુમાવ્યું પરંતુ ઉપશમભાવથી તે ફરી પાછું મેળવ્યું.

આ જંબૂદ્વીપનાં ભરતક્ષેત્રમાં કયંગલા નામની નગરી છે. ત્યાં સિંહરથ નામે રાજા છે. તેને સુનંદા નામે પટરાણી છે. તેની કુક્ષિથી ઉત્પન્ન થયેલો દમસાર નામે પુત્ર છે. તે બાલપણમાં બહોંતેર કળામાં નિપુણ અને માતા–પિતાના હૃદયને આનંદ આપનાર અતિ પ્રિય છે. યુવાન અવસ્થામાં પિતાએ વિશિષ્ટ રાજકન્યાની સાથે પાણિગ્રહણ કરાવી તેને યુવરાજ પદે સ્થાપન કર્યો. હવે તે સુખ પૂર્વક કાલ વિતાવે છે. એક વખત તે નગરના સમીપના પ્રદેશમાં ભગવાન મહાવીર સ્વામી પધાર્યા. દેવોએ સમવસરણની રચના કરી. પર્ષદા ભેગી થઈ. તે વખતે સિંહરથ રાજા પણ પુત્ર અને પરિવાર સહિત મહાઋધ્ધિથી ભગવંતને વંદન માટે ગયા. છત્ર ચામર વિગેરે રાજ્યના ચિન્હોને દૂર મુકી પરમાત્માને ત્રણ પ્રદક્ષિણા કરી પરમ ભક્તિથી વંદન કરી ઉચિત સ્થાને બેઠા. ભગવંતે મનુષ્ય અને દેવોની પર્ષદામાં ધર્મદેશના આપી. પર્ષદા પોત પોતાના સ્થાને ગઇ. ત્યાર પછી ભગવંતને દમસારકુમાર નમસ્કાર કરી વિનયથી કહે છે–હે સ્વામિ! આપે કહેલો સર્વ વિરતિધર્મ મને ગમ્યો છે, આથી હું આપની પાસે સંયમ ગ્રહણ કરીશ.

પરંતુ માતા-પિતાને પૂછીને આવું છું. તે વખતે ભગવંતે કહ્યું,—હે દેવાનુપ્રિય! તમને જેમ સુખ ઉપજે તેમ કરો, સંસારને વિષે રાગ ન કરશો. ત્યાર પછી દમસાર કુમાર ઘેર આવીને માતા પિતાની સમક્ષ કહે છે-હે માતા-પિતા! આજે મેં શ્રી વીર પરમાત્માને વંદન કર્યું, તેમને કહેલો ધર્મ મને રુચ્યો છે. હવે તમારી આજ્ઞા મેળવી હું સંયમ ગ્રહણ કરવાની અભિલાષા કરું છું. ત્યારે માતા-પિતાએ કહ્યું—હે પુત્ર! હજુ તું તો બાલક છે, સંસારના સુખો ભોગવ્યા, નથી વળી સંયમ માર્ગ તીક્ષ્ણ ખડ્ગની ધારા ઉપર ચાલવા સરખો અતિ દુષ્કર છે અને સુકુમાલ શરીરવાળા તમારા વડે હાલમાં તે માર્ગમાં ચાલવું અશકય છે. તેથી સંસારના સુખો ભોગવી પરિપકવ અવસ્થા થયા પછી ચારિત્ર ગ્રહણ કરજો. આ પ્રમાણે સાંભળી દમસારે કહ્યું કે-હે માતા-પિતા! તમે સંયમની દુષ્કરતા બતાવી તેમાં સંદેહ નથી પરંતુ તે દુષ્કરતા કાયર લોકો માટે છે કહ્યું છે કે-ત્યાં સુધી મેરુગિરિ ઉંચો લાગે, સમુદ્ર પણ ત્યાં સુધી દુસ્તર લાગે અને ત્યાં સુધી કાર્ય પણ કઠીન લાગે છે. કે જ્યાં સુધી ધીરપુરૂષો કાર્યનો સ્વીકાર કરતા નથી. તેમજ સંતોષ વિના સાર રહિત સંસારના સુખો પૂર્વ ભવોમાં અનંતીવાર ભોગવ્યા. હવે તેવા સુખો ભોગવવાની ઈચ્છા નથી તેથી તમે જલ્દી સંયમની આજ્ઞા આપો. તેથી હું સંયમ ગ્રહણ કરું આ પ્રમાણે દમસારનો સંયમ ગ્રહણ કરવાનો દૃઢ નિશ્ચય જાણી માતા પિતાએ તેના દીક્ષા ગ્રહણનો મહોત્સવ કર્યો. તે વખતે દમસારકુમારે વધતા પરિણામથી શ્રી

વીર પરમાત્મા પાસે સંયમ ગ્રહણ કર્યું. માતા-પિતા પરિવાર સહિત પોતાના સ્થાને ગયા.

ત્યાર પછી દમસાર મુનિએ બે-ત્રણ-ચાર વગેરે ઉપવાસથી વિવિધ પ્રકારના તપની આરાધના કરતા એક વખત વીર ભગવંત પાસે આવી આ પ્રમાણે અભિગ્રહ ગ્રહણ કર્યો—'હે ભગવન્! હું જીવન પર્યંત મહિના-મહિનાના ઉપવાસ સ્વીકાર કરી સંયમ માર્ગમાં વિચરીશ.' ભગવંતે કહ્યું—'હે દેવાનુપ્રિય! તમને જેમ સુખ ઉપજે તેમ કરો.' ત્યાર પછી તે મુનિ ઘણા મહિનાના ઉપવાસની તપશ્ચર્યા કરવા વડે શરીરનું શોષણ કરી તેઓ નાડી અને હાડકાં માત્રના દેહવાળા થયા. એક વખત વીર ભગવંત વિહાર કરતાં ક્રમે ચંપાનગરીમાં પધાર્યા છે. દમસાર મુનિ પણ ત્યાં આવ્યા. એક વખત માસ ક્ષમણના પારણાને દિવસે પહેલી પોરસીમાં સ્વાધ્યાય કરી, બીજી પોરસીમાં ધર્મ ધ્યાન ધરતાં, તેમના મનમાં વિચાર ઉત્પન્ન થયો-'આજે હું ભગવંતને પૂછું, શું હું ભવ્ય છું કે અભવ્ય? ચરમ શરીરી છું કે અચરમ શરીરી? મને કેવળજ્ઞાન થશે કે નહિ?' આ પ્રમાણે વિચાર કરી તે મુનિ જ્યાં વીર ભગવંત હતા ત્યાં આવી ભગવંતને ત્રણ પ્રદક્ષિણા દઈ વંદન કરી સેવા કરવા લાગ્યા. તે વખતે શ્રમણ ભગવંત મહાવીરે દમસારને આ પ્રમાણે કહ્યું 'હે દમસાર! આજે ધ્યાન ધરતાં તમારા હૃદયમાં આ પ્રમાણે વિચાર ઉત્પન્ન થયો? કે—'હું સ્વામિને પૂછું કે હું ભવ્ય છું કે અભવ્ય વગેરે,

આ પ્રમાણે સત્ય છે? દમસાર મુનિએ કહ્યું–એ પ્રમાણે જ છે. ત્યાર પછી ભગવંતે કહ્યું કે–હે દમસાર! તું ભવ્ય છે, અભવ્ય નથી. વળી ચરમ શરીરી છે અને તને કેવળજ્ઞાન આ પ્રહરના મધ્ય ભાગમાં થાય એવું છે, પરંતુ કષાયના ઉદયથી તેમાં વિલંબ થશે. દમસાર મુનિએ કહ્યું--કે હે ભગવંત! હું કષાયનો ત્યાગ કરીશ. ત્યાર પછી તે ત્રીજી પોરસિમાં તે મુનિ, ભગવંતની આજ્ઞા લઈને માસક્ષમણને પારણે ભિક્ષા માટે સાડાત્રણ હાથ પ્રમાણે ભૂમિમાં દૃષ્ટિ રાખી ઈરિયા–વહિયા વડે જવાની ભૂમિને બરોબર જોતા જ્યાં ચંપાનગરી છે ત્યાં આવ્યા. તે વખતે માથા ઉપર સૂર્ય ઉગ્ર તપે છે. પગની નીચે ગ્રીષ્મ ઋતુના તાપથી તપેલી રેતી અગ્નિની જેમ પ્રજ્વળે છે, તેની પીડાથી વ્યાકુલ થયેલા મુનિએ નગરના દરવાજે ઉભા રહી વિચાર કર્યો કે–હાલમાં ઘામ અને તાપ દુઃસહ છે, જો કોઈપણ અહિંયા નગરમાં રહેનારો માણસ મળે તો તેને નજીકનો માર્ગ પૂછું. તે વખતે કોઈ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની મનુષ્ય કાંઈપણ કાર્ય કરવા માટે જતો ત્યાં આવ્યો, પણ તે સન્મુખ મળેલા મંગલભૂત એવા સાધુને જોઈ 'મને અપશુકન થયું' એ પ્રમાણે વિચાર કરતો નગરના દ્વારે ઉભો. તે વખતે મુનિ ભગવંતે મિથ્યાદૃષ્ટિને પૂછયું, હે ભદ્ર! આ નગરમાં કયા માર્ગ વડે નજીકમાં ઘરો આવે છે? તેણે વિચાર્યું કે આ મુનિ નગરનું સ્વરૂપ જાણતા નથી. તેથી હું તેને મહાદુઃખમાં પાડું. જેથી મને અશુભ શુકનનું ફળ થાય નહિ. આ પ્રમાણે વિચાર કરી તેણે કહ્યું–હે મુનિ! આ

માર્ગે તમે જાવ જેથી ગૃહસ્થના ઘરો જલ્દી નજીક આવશે. તેથી સરલ સ્વભાવી તે સાધુ તેને બતાવેલ માર્ગે જ ચાલ્યાં. પરંતુ તે માર્ગ અતિ વિષમ કુમાર્ગ સરખો હોવાથી તે માર્ગમાં એક પગલું પણ ચાલવાને શક્તિમાન થયા નહિ. તેમજ બધા ઘરોના પાછલા ભાગો જ દૃષ્ટિ માર્ગમાં આવે છે. કોઈ પણ માણસ સામે મળતું નથી, તેથી આવો ખરાબ માર્ગ જોઈ ક્રોધ રૂપી અગ્નિથી પ્રજ્વલિત થયેલા તે સાધુએ વિચાર કર્યો-અહો! આ નગરના લોકો દુષ્ટ છે, જેથી પાપી એવા આને પ્રયોજન વિના જ મને આવા દુઃખમાં નાખ્યો. આવા દુષ્ટ પ્રાણીઓ શિક્ષા કરવા યોગ્ય છે. કહ્યું છે કે-કોમલને વિષે કોમલ થવું અને કર્કશને વિષે કર્કશ થવું. જેમ ભમરો લાકડાને કાપે છે છે પરંતુ કુલ કોમળ હોવાથી તેને દુઃખ આપતો નથી, તેથી હું પણ આ દુષ્ટ લોકોને દુઃખમાં પાડું.

આ પ્રમાણે વિચાર કરી ક્રોધથી ભરેલ તે સાધુએ કોઈ છાયાવાળા પ્રદેશમાં ઉભા રહી, 'ઉટ્ઠાણ શ્રુત' ગણવાનો પ્રારંભ કર્યો. તે સૂત્રની અંદર ઉદ્વેગ ઉત્પન્ન કરનારા સૂત્રો છે. જે સૂત્રોના પ્રભાવથી ગામ નગર અથવા દેશ સુવાસિત (સારી રીતે રહેલ) હોય તો પણ તે ઉજ્જડ થાય છે. હવે તે મુનિ ભગવંત ક્રોધથી જેમ જેમ સૂત્ર ગણવા લાગ્યા તેમ તેમ નગરમાં અચાનક દુશ્મનના આક્રમણની વાત પ્રગટ થવાથી સર્વ નગરના લોકો ભયભીત થયા અને શોકથી વ્યાકુલ બની સર્વ પોતાનું ધન ધાન્ય વગેરે ત્યાગ કરી ફક્ત પોતાનો જીવ લઈને જ ચારે દિશામાં નાસી

ગયા. રાજા પણ રાજ્યને છોડી નાસી ગયો અને સર્વ નગર શૂન્ય થયું. તે વખતે નગરના લોકોનું પડવું, રોકાવું, નાસી જવું ઇત્યાદિ ક્રિયાઓથી ઉત્પન્ન થયેલા જુદા જુદા દુઃખોથી દુઃખી થયેલા નગરના લોકોને જોઇ કોપ રહિત બની સાધુએ વિચાર કર્યો. 'અરે મેં શા માટે આ કર્યું' કારણ વિના જ આ સર્વ લોકોને મેં દુઃખી કર્યા, પરંતુ સર્વજ્ઞ ભગવંતનું વચન કેવી રીતે અન્યથા થાય? તેથી ભગવંતે પહેલા જે કહ્યું હતું તે જ થયું. મેં ફોગટ જ ક્રોધ કરી કેવળજ્ઞાન ગુમાવ્યું. ત્યાર પછી આ પ્રમાણે પશ્ચાત્તાપ કરતાં અતિ કરૂણારસથી ભરેલા તે સાધુએ સર્વ લોકોને સ્થિર કરવા માટે 'સમુટ્ઠાન' શ્રુત ગણવાનો પ્રારંભ કર્યો, તેની અંદર ઘણા જ આનંદ જનક સૂત્રો છે, જેના પ્રભાવથી ઉજ્જડ થયેલા ગામ વગેરે પણ તરત જ સુવસિત થાય છે. હવે જેમ જેમ સૂત્રો ગણવા લાગ્યા તેમ તેમ પ્રસન્ન થયેલા સર્વ લોકો નગરની અંદર આવ્યા, રાજા પણ હર્ષ સહિત પોતાના સ્થાને આવ્યો. બધે ભયની વાર્તા પણ દૂર થઈ, સર્વ લોકો સ્વસ્થ થયા. ત્યાર પછી તપથી શોષિત શરીરવાળા પરમ ઉપશમ રસમાં મગ્ન દમસાર ઋષિ ત્યાંથી આહાર ગ્રહણ કર્યા વિના પાછા વળી વિનય સહિત ભગવંત પાસે આવ્યા. તે વખતે ભગવંતે કહ્યું,– હે દમસાર! આજે ચંપાનગરીમાં ભિક્ષા માટે જતાં તને મિથ્યાદૃષ્ટિના વચનથી ક્રોધ ઉત્પન્ન થયો વગેરે જણાવી કોપ શાંત થયા પછી અહિં આવ્યા. આ વાત સાચી છે? તેણે કહ્યું–'તે પ્રમાણે જ છે' વળી વીર ભગ-

વંતે કહ્યું-કે હે દમસાર! અમારા સમુદાયમાં કોઈ સાધુ કે સાધ્વી કષાય કરે છે તે પોતાનો સંસાર વધારે છે. અને જે ઉપશમ પામે છે તેનો સંસાર અલ્પ થાય છે. આ પ્રમાણે વચન સાંભળી દમસાર મુનિ કહે છે કે-હે ભગવંત! મને ઉપશમના સારવાળું પ્રાયશ્ચિત આપો. તે વખતે ભગવંતે તપશ્ચર્યા કરવા રૂપ પ્રાયશ્ચિત આપ્યું. ત્યાર પછી દમસાર મુનિ સંયમ અને તપથી પોતાના આત્મરમણતામાં રમતાં વિચરે છે. તે વખતે પ્રમાદ જનિત દોષની નિંદા કરતા, ગર્હા કરતા શુભ ધ્યાનથી તે દમસાર મુનિને સાતમે દિવસે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. દેવોએ તેમનો મહિમા કર્યો ત્યાર પછી દમસાર મુનિ ઘણા લોકોને પ્રતિબોધ કરી બાર વર્ષ સુધી કેવલી પર્યાય પાલન કરી અંતે સંલેખના કરી સિદ્ધિપદને પામ્યા.

ઉપદેશ :- પરમ ઉપશમ ગુણથી ભૂષિત દમસાર મુનિનું બોધ કરનારૂં દૃષ્ટાંત સાંભળી હે ભવ્ય જીવો! તમે પણ હંમેશા ઉપશમ ભાવને ધરનારા થાઓ.

ઉપશમ ગુણ ઉપર દમસાર મુનિની ૧૦૨ એકસો બેમી કથા સમાપ્ત.

—આત્મ પ્રબોધમાંથી.





વિદ્વાન બ્રાહ્મણની કથા

૧૦૩

ક્રોધ ચંડાલના જેવો છે તેથી સુખના અભિલાષી કોઇએ પણ ક્રોધ કરવો ન જોઇએ. અહિં વિદ્વાન બ્રાહ્મણની કથા છે.

વારાણસી નગરીમાં ગંગા નદીને કાંઠે રાજાને માનનીય એક મહા વિદ્વાન પંડિત હંમેશા સ્નાન માટે આવે છે. ત્યાં એક વખત ચંડાલની સ્ત્રી પણ સ્નાન માટે આવીને સમીપમાં રહી સ્નાન કરી પોતાના ઈષ્ટદેવની પ્રતિમાને પણ જળ વડે અભિષેક અને પૂજા કરે છે. આ જોઈ રાજપંડિતનું મુખ મલિન થયુ. 'અહિં મારે શું કરવું' એ પ્રમાણે અત્યંત વ્યાકુલ થયો. આ પ્રમાણે તે ચંડાલની સ્ત્રી હંમેશા ત્યાં આવે છે. એક વખત સહન નહિ કરતો રાજપંડિત રોષ સહિત ચંડાલની સ્ત્રીને કહે છે હે મુર્ખ! તું પાણીને અપવિત્ર કરે છે? તારી દેહ છાયા પણ પાણીમાં પડે છે, તેથી આ ગંગાજળ શુદ્ધ હોવા છતાં પણ મલિન થાય છે. તે યુવતિ કહે છે-'હું તો તમારાથી નીચેના પ્રદેશમાં રહી સ્નાન કરૂં છું, મારૂં પાણી તમારા તરફ આવતું નથી અને પાણીના છાંટા પણ ન લાગે તેમ હું દૂર રહેલી છું. આ પ્રમાણે કરે છતે પણ જો તમને અંતરાય થતો હોય તો હું વિલંબથી આવીશ. આ પ્રમાણે આવા પ્રકારના નમ્ર વચનથી પણ અતિ ક્રોધ કરતો તે પંડિત અસભ્ય વચન વડે તેનો વારંવાર તિરસ્કાર કરે છે. જ્યારે વારંવાર પંડિતના અસભ્ય વચનો સાંભળી સહન

નહિ કરતી તે ચંડાલ યુવતિ જલ્દી ઉઠી પંડિતને ભેટી પડે છે. તે વખતે ત્યાં ઘણા લોકો ભેગા થયા અને મોટો કોલાહલ થયો. લોકો ચાંડાલની યુવતિને પૂછે છે તેં આવું કેમ કર્યું ? તેણી કહે છે કે–બ્રાહ્મણને પૂછો, જ્યારે માણસ ક્રોધ કરે છે ત્યારે તે ચાંડાલ સરખો થાય છે, આ બ્રાહ્મણમાં ક્રોધ ઘણો વખત રહ્યો પરંતુ બહાર ન નીકળ્યો, તેથી ચાંડાલ બનેલા આ બ્રાહ્મણને આલિંગન આપી વધાવું છું એથી બીજું હું શું કરું ?

આ વાત આખી નગરીમાં પ્રસરી ગઇ. તે પંડિતે ફરી પણ સ્નાન કર્યું અને ખિન્ન હૃદયે ઘેર ગયો. તે વખતે જાણ્યું કે મારી સ્ત્રીએ પણ આ સમાચાર જાણ્યા હશે કે 'આજે ચંડાલની યુવતીએ મારા સ્વામિને આલિંગન કર્યું છે.' આથી તે બ્રાહ્મણ અતિ લજ્જાવાળો થયો. આનો પ્રતિકાર પણ તે કેવી રીતે કરે ? પરંતુ પંડિતની સ્ત્રી બ્રાહ્મણીએ તેનો ક્ષોભ દૂર કરવા માટે કહ્યું, તમે ચિંતા ન કરો, હું તે ચંડાલ યુવતિની ખબર લઈ નાખીશ. ત્યાર પછી તે ચંડાલની સ્ત્રી આ જ શેરીમાં સાવરણી અને ટોપલા વેચવા માટે આવે છે. ત્યારે વિદ્વાન બ્રાહ્મણની સ્ત્રી જેમતેમ બોલી તેને ક્રોધ કરાવે છે. પરંતુ તેણી હસીને કહે છે. આપણા બંનેની એક જાતિ થઈ, તેથી તમારે પાણી છાંટયા વિના આ વસ્તુઓને વાપરવી. આ વાત ક્રમે કરીને વધતી રાજા પાસે પહોંચી, પહેલા તો આ વાત સાંભળી રાજા હસે છે અને પછી પોતાના સુભટોને આદેશ આપે છે કે–આ બન્ને સ્ત્રીઓ જ્યાં આગળ જે સ્થિતિમાં હોય ત્યાંથી તે

બન્ને સ્ત્રીઓને અહિં લાવો. આ અવસરે ચાંડાલની યુવતી ગંગા નદીમાં સ્નાન કરી પોતાના ઇષ્ટદેવની પ્રતિમા ચંદનથી પૂજે છે. પવિત્ર દેહવાળી, પ્રસન્ન મુખવાળી તે ચંડાલ યુવતિને રાજાના સુભટો રાજાનો આદેશ સંભળાવે છે. તેણી તે સાંભળી કલેશ કર્યા વિના અને વિલંબ વિના જલ્દી તેણી પોતાના ઇષ્ટદેવની પૂજા કરેલી પ્રતિમાને ગ્રહણ કરી સુભટો સાથે ચાલવા લાગી. ત્યાર પછી તે સુભટો રાજપંડિતના ઘેર આવ્યા. ત્યાં વિદ્વાન બ્રાહ્મણની પત્ની પોતાના બાળકની વિષ્ઠા ખપ્પરમાં ગ્રહણ કરીને નાખવા માટે ઘેરથી બહાર નીકળી, તે વખતે તે સુભટો તે બ્રાહ્મણીને રાજાનો આદેશ સંભળાવે છે. તે સ્નાન કર્યા વિના મલિન શરીરવાળી, દીન મુખવાળી જેમ તેમ સુભટોને બોલે છે. તે સુભટો તેણીના વચન નહિ સાંભળતાં ખપ્પર સહિત તેવા પ્રકારની તેણીને લઇને રાજાની સભામાં આવ્યા. તે વખતે રાજા પૂજનની સામગ્રી સહિત તે ચાંડાલ યુવતિને બ્રાહ્મણી માની પ્રણામ કરે છે, સત્કાર અને સન્માનપૂર્વક બેસવા માટે આસન આપે છે અને બ્રાહ્મણીને ચંડાલની સ્ત્રી માની ધિક્કારે છે અને કહે છે કે–અરે પૂજન અને વંદનમાં તત્પર આ બ્રાહ્મણીની પાછળ પડી કેમ દુઃખ આપે છે? એના સ્વામિને પણ કેમ પીડે છે, હું તને શિક્ષા કરીશ. જેમ વેપારીના ત્રાજવામાં બે પલ્લા હોય છે, એક પલ્લામાં માપાં મૂકે છે અને બીજામાં વેચવાની વસ્તુ મૂકે છે. પલ્લાને સરખા કરવા વેપારી સાવધાન મનવાળો હોય છે. અહિં રાજાએ પલ્લાને વિપરિત કર્યા. આવા પ્રકારનું

સ્વરૂપ જોઇ સભામાં બેઠેલો પંડિત અતિ લજ્જા પામેલો રાજાને મુખ પણ બતાવવા અસમર્થ થયો, ભય પામતો કષ્ટથી રાજાની પાસે જઈ કાનમાં કહે છે કે–આ ચંડાલની યુવતી નથી, પરંતુ મારી ધર્મપત્ની બ્રાહ્મણી છે. આ સાંભળી રાજા અતિ હર્ષ પામ્યો. ઉચ્ચે સ્વરે હસીને કહે છે–' અરે પંડિત ! મારે ન્યાય પણ કરવો નથી, દંડ પણ આપવો નથી, મારૂં કાર્ય આજે પ્રત્યક્ષ દૈવે જ કર્યું છે. જેનું જેવા પ્રકારનું મૂલ સ્વરૂપ છે, તેનું તે સ્વરૂપ પ્રગટ કરી બતાવ્યું છે. અહિં તમારે બોધ ગ્રહણ કરવો જોઈએ. આ સાંભળી સભામાં પોતાની લઘુતા જોઇ તે વિદ્વાન બ્રાહ્મણ ત્યારથી માંડીને ક્રોધનો ત્યાગ કરી શાંત સ્વભાવવાળો થયો.

ઉપદેશ :—પોતાના ગુણોની હાની કરનાર ક્રોધનું અહિં કટુ ફળ જાણી હે ભવ્ય જીવો ! તમે પણ હંમેશા ઉપશમ ગુણને ધરનારા થાઓ.

ક્રોધના કડવા ફળ ઉપર વિદ્વાન બ્રાહ્મણની ૧૦૩ મી કથા સમાપ્ત.

—અખંડ આનંદમાંથી.

卐

સુલસા શ્રાવિકાની કથા

૧૦૪

જે ગુરુના હૃદયમાં હંમેશા વસે છે તે પુરુષ અત્યંત ધન્ય જાણવો. અહિં સમ્યગ્દર્શનના પ્રભાવવાળું સુલસા શ્રાવિકાનું દૃષ્ટાંત છે.

આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં મગધ દેશમાં રાજગૃહ નામનું નગર છે. તેમાં પ્રસેનજિત રાજા રાજ્ય કરે છે. તે રાજાની સેવામાં તત્પર નાગ નામનો સારથી છે. તેને પતિવ્રતાપણું વગેરે શ્રેષ્ઠ ગુણોથી અલંકૃત. શ્રેષ્ઠ જિન ધર્મમાં અનુરાગવાળી સુલસા નામની પત્ની છે. એક વખત નાગસારથી કોઇકના ઘરમાં કોઇપણ ગૃહસ્થને ઘણા પ્રમોદથી પોતાના ખોળામાં પુત્રોને લાલન કરતા રમાડતા જોઇને પોતાને પુત્ર નહિ હોવાથી દુઃખી થયેલો તે હથેલી ઉપર મોઢું રાખી વિચાર કરવા લાગ્યો. 'અહો! હું મંદભાગી છું, જે કારણથી ચિત્તને આનંદ આપનાર મને એક પણ પુત્ર નથી, આ પુરુષ ધન્ય છે, કારણ કે આને હૃદયને આનંદ આપનાર ઘણા જ પુત્રો છે' આ પ્રમાણે ચિંતારૂપી સાગરમાં મગ્ન થયેલા પોતાના સ્વામીને જોઈને અત્યંત નમ્ર એવી સુલસા મધુર વચનથી કહે છે-'હે સ્વામી! આજે આપના ચિત્તમાં કઈ ચિંતા પ્રગટ થયેલી છે?' તે કહે છે કે-'હે પ્રિયે! બીજી કોઈ ચિંતા નથી પરંતુ એક પુત્રના અભાવની ચિંતા છે'--તે જ મને અત્યંત પીડે છે. તે સાંભળી સુલસાએ કહ્યું કે-'હે સ્વામિ! ચિંતા ન કરો, પુત્રની પ્રાપ્તિ માટે સુખેથી બીજી કન્યા સાથે પાણિગ્રહણ

કરો' તે વખતે નાગસારથી કહે છે-'હે પ્રાણપ્રિયે ! આ જન્મમાં તું જ મારી પ્રિયા છે, તને છોડી બીજી કોઈ સ્ત્રીને હું મનથી પણ ઈચ્છતો નથી, તારી કુક્ષીથી ઉત્પન્ન થયેલા પુત્રરત્નને હું ઈચ્છું છું, તેથી હે પ્રિયે ! કોઈ દેવની આરાધના કરી પુત્રની માંગણી કર' સુલસાએ કહ્યું-'હે નાથ ! વાંછિત અર્થની સિધ્ધિ માટે બીજા દેવના સમુદાયને મન-વચન અને કાયાથી જીવિતના નાશના પ્રસંગે આરાધીશ નહિ, પરંતુ સર્વ સિદ્ધિને આપનાર શ્રેષ્ઠ અરિહંતની આરાધના કરીશ, વળી આયંબિલ વગેરે તપશ્ચર્યા સહિત ધર્મ કાર્યો વિશેષે કરીને કરીશ. આ પ્રમાણે પ્રિય વચનોથી સ્વામીને સંતોષ કરીને તે સતી સ્ત્રી ત્રણ વખત જિનેશ્વર ભગવંતને પૂજે છે અને બીજા ધર્મ કાર્યો પણ વિશેષે કરીને કરે છે. આ પ્રમાણે કરતાં કેટલોક સમય ગયા પછી ઈન્દ્રની સભામાં સુલસાના ધર્મકાર્યોની પ્રશંસા થઈ. 'આ સુલસા કદી પણ નિર્ગ્રંથ ભગવંતના પ્રવચનથી ચલિત થાય તેમ નથી' તે વખતે એક દેવે તેની પરીક્ષા કરવા પૃથ્વી ઉપર આવી સાધુ વેષ ધારણ કરી સુલસાના ઘરમાં પ્રવેશ કર્યો. તે પોતાના ઘરમાં આવેલા મુનિને જોઇ અરિહંત ભગવંતની પૂજા કરતી પણ ઉઠીને ભક્તિથી મુનિના ચરણકમળમાં નમસ્કાર કરી પોતાને ઘેર આવવાનું કારણ પૂછ્યું. મુનિ ભગવંતે કહ્યું, કે-ગ્લાન સાધુનો રોગ દૂર કરવા માટે લક્ષપાક તેલનું પ્રયોજન છે, તેને માટે હું અહિં આવ્યો છું. તે સાંભળી અતિ સંતુષ્ટ હૃદયવાળી ઓરડામાં પ્રવેશ કરી લક્ષપાક મહા-

તેલના કુંભને જેટલામાં ઉપાડે છે તેટલામાં દિવ્ય પ્રભાવથી તે કુંભ ભાંગી ગયો, છતાં પણ મનમાં અલ્પ પણ ઉદ્વેગ નહીં કરતી તે સતી સ્ત્રી ફરી બીજો કુંભ જેટલામાં ઉપાડવા લાગી તેટલામાં તે પણ ભાંગી ગયો, આ પ્રમાણે દિવ્ય પ્રભાવથી ત્રણ ઘડા ભાંગ્યા. તો પણ તેણીએ હૃદયમાં ખેદ ધારણ ન કર્યો. પરંતુ ફક્ત આ પ્રમાણે તેણીએ કહ્યું, અહો! હું મંદ ભાગ્યવાળી છું, જે કારણથી મારું આ તેલ ગ્લાન સાધુ મહાત્માની ભક્તિ માટે ન થયું તેથી તે દેવ તેણીનો દૃઢ અને નિશ્ચલ ભાવ જોઇ વિસ્મય સહિત પોતાનું દિવ્ય સ્વરૂપ પ્રગટ કરીને કહે છે કે-હેકલ્યાણ કરનારી સ્ત્રી ઇન્દ્રે પોતાની સભામાં તારી ધર્મશ્રધ્ધાની પ્રશંસા કરી, તેથી તારી પરીક્ષા કરવા હું અહિં આવ્યો છું. વળી અહિં ઇન્દ્રે કરેલી પ્રશંસાથી પણ અધિક ધર્મમાં સ્થિરતા જોઇ હું પ્રસન્ન થયો છું. તેથી મારી પાસેથી કંઈ પણ ઇચ્છિત વસ્તુ માગ. તે વખતે સુલસાએ પણ મધુર વાણીથી તે દેવને કહ્યું, હે દેવ! જો તમે ખુશ થયા છો તો પુત્રની પ્રાપ્તિનો ઇચ્છિત વરદાન મને આપો. તેથી તે દેવ પણ તેણીને બત્રીસ ગુટિકાઓ આપીને કહ્યું, કે-તમારે આ ગુટિકાઓ ક્રમથી ભક્ષણ કરવી. તેનાથી તને ઘણા સુંદર બત્રીશ પુત્રો થશે, પછી પણ મારે યોગ્ય કાર્ય હોય તો તમારે ફરી પણ મારું સ્મરણ કરવું. આ પ્રમાણે કહી દેવ સ્વર્ગમાં ગયો.

હવે સુલસાએ વિચાર કર્યો કે-' આ ગુટિકાઓને ક્રમથી ભક્ષણ કરવાથી આટલા બત્રીશ બાળકો થશે. ઘણા

એવા તેઓના મલ-મૂત્ર વગેરે અશુદ્ધિ કોણ સાફ કરશે? તે કારણથી આ સર્વ ગુટિકાઓ બધી ભેગી કરી ભક્ષણ કરું. જેથી બત્રીશ લક્ષણવાળો એક જ પુત્ર થાય,' આ પ્રમાણે વિચાર કરી તેણીએ તે જ વખતે બધી ગુટિકાનું ભક્ષણ કર્યું, પરંતુ દૈવ યોગે તેણીની કુક્ષિમાં એક જ કાળે બત્રીશ ગર્ભ ઉત્પન્ન થયા. તેથી તે ગર્ભનો મહાભાર ઉપાડવા અસમર્થ તે સુલસાએ કાઉસગ્ગ કરી તે દેવને યાદ કર્યા. તે વખતે તે દેવે સ્મરણ માત્રથી જલ્દી ત્યાં આવી, આ પ્રમાણે કહ્યું,–'શા માટે તેં મને યાદ કર્યો? તે સુલસાએ પોતાનો સર્વ વૃત્તાંત કહ્યો. ત્યાર પછી દેવે કહ્યું, 'હે ભદ્રે! તેં સારૂં ન કર્યું, પણ હવે તમોને અમોઘ શકિત ધારણ કરનારા બત્રીશ પુત્રો થશે, પરંતુ તે બત્રીશે પુત્રો સમાન આયુષ્યવાળા હોવાથી સાથે જ મરણ પામશે. વળી તને જે ગર્ભની પીડા થશે તે પીડાને હું દૂર કરીશ. તમારે ખેદ કરવો નહીં આ પ્રમાણે કહી તેની પીડાને દૂર કરી તે દેવ પોતાને સ્થાને ગયો.

આ બાજુ સુલસા પણ સ્વસ્થ દેહવાળી થયેલી સુખથી ગર્ભને ધારણ કરતી, પૂર્ણ સમયે બત્રીશ લક્ષણોથી યુકત બત્રીશ પુત્રોને જન્મ આપ્યો. નાગ સારથીએ પણ મોટા આડંબરપૂર્વક તેનો જન્મ મહોત્સવ કર્યો. તેઓ ક્રમે કરી વધતા યુવાવસ્થાને પામ્યા. તે વખતે શ્રેણિક રાજાને જીવિતની જેમ હંમેશા તે સર્વ પાસે રહેનારા સેવકો થયા. એક વખત શ્રેણિક રાજા પૂર્વે આપેલા સંકેત પ્રમાણે ચેટક રાજાની પુત્રી સુજ્યેષ્ઠાને ગુપ્ત રીતે લાવવા માટે

વેશાલી નગરીમાં નીચે સુરંગ કરાવી. નાગસારથીના બત્રીશ પુત્રોને રથમાં બેસાડી તેઓની સાથે સુરંગના માર્ગ વડે વેશાલીમાં પ્રવેશ કર્યો. સુજ્યેષ્ઠા પણ ત્યાં પૂર્વે દેખેલા ચિત્રના અનુમાનથી મગધેશ્વર શ્રેણિક રાજાને ઓળખી, પોતાની અતિપ્રિય ચેલણા નામની લઘુ બ્હેનને સર્વ વૃત્તાંત કહી તેનો વિયોગ સહન નહિ કરવાથી પહેલા જ તેને રથમાં બેસાડી પોતે પોતાના રત્નોના આભરણનો કરંડિયો લાવવા માટે જેટલામાં ઘરમાં ગઈ, તેટલામાં સુલસાના પુત્રોએ રાજાને કહ્યું, 'હે સ્વામી! આ શત્રુના ઘરમાં લાંબો સમય રહેવું યોગ્ય નથી' તેથી તેનાથી પ્રેરિત થયેલો શ્રેણિક રાજા ચેલણાને જ ગ્રહણ કરી જલ્દી પાછો વળ્યો. અહિં સુજ્યેષ્ઠા પણ પોતાના આભરણનો કરંડિયો ગ્રહણ કરી જેટલામાં ત્યાં આવી તેટલામાં શ્રેણિક રાજાને જોયા નહિ. તેથી તે વખતે અપૂર્ણ મનોરથવાળી બ્હેનના વિયોગથી દુઃખી થયેલી ઉચ્ચ સ્વરથી. 'હા! ચેલણા હરણ કરાય છે.' એ પ્રમાણે પોકાર કર્યો તે સાંભળી ક્રોધથી વ્યાકુળ થયેલો ચેટકરાજા પોતે જ જેટલામાં શસ્ત્રાદિક વડે તૈયાર થાય છે. તેટલામાં પાસે રહેલો વૈરંગિક નામનો સુભટ રાજાને રોકી પોતે જ કન્યાને લાવવા માટે ચાલ્યો. તે સુભટ તૈયાર થઇ, ત્યાં જઇ સુરંગમાંથી નીકળતાં સુલસાના સર્વ પુત્રોનો સમકાલે એક જ બાણથી બધાનો વધ કર્યો. ત્યાર પછી સુરંગના સાંકડાપણાને લીધે જેટલામાં બત્રીશ રથો દૂર કરે છે. તેટલામાં શ્રેણિક રાજા ઘણા માર્ગનું ઉલ્લંઘન કરી ગયા, તેથી વૈરંગિક સુભટ પૂર્ણ

અને અપૂર્ણ એમ અધુરા મનોરથવાળો ત્યાંથી તે પાછો ફરી, ચેટક રાજાને બધું વૃત્તાંત નિવેદન કરી પોતાને ઘેર ગયો. શ્રેણિક રાજા શીઘ્ર રાજગૃહમાં આવી અતિ સ્નેહથી ચેલણા સાથે ગંધર્વ વિવાહથી લગ્ન કર્યા, ત્યાર પછી નાગસારથી અને સુલસા બન્ને રાજાના મુખથી પુત્રોના મરણનો વૃત્તાંત સાંભળીને પુત્રોના મરણના દુઃખથી દુઃખી થયેલા અત્યંત વિલાપ કરે છે. તે વખતે શોકસાગરમાં ડૂબેલા તેઓને બોધ કરવા માટે અભયકુમાર સહિત શ્રેણિક રાજા ત્યાં આવી આ પ્રમાણે કહેવા લાગ્યા. અરે તમે વિવેકવાળા છો. તમારે આવો શોક કરવો ઉચિત નથી કારણ કે આ સંસારમાં જે કાંઈ પણ ભાવો દેખાય છે. તે સર્વે નાશ પામવાના સ્વભાવવાળા છે. મૃત્યુ તો સર્વેને સાધારણ રીતે આવવાનું હોવાથી તમારે શોકનો ત્યાગ કરી સર્વ ધર્મના સારભૂત ધીરતાને ધારણ કરવી જોઇએ, આ પ્રમાણે વૈરાગ્યવાન વચનોથી બન્ને જણાને પ્રતિબોધ કરી અભયકુમાર મંત્રી સાથે રાજા પોતાના મહેલમાં આવ્યો. ત્યાર પછી તે દંપતિ પણ આ સર્વે પૂર્વે કરેલા પાપ કર્મોનો વિપાક છે એમ માની શોકનો ત્યાગ કરી વિશેષે કરી ધર્મ કાર્યમાં ઉદ્યમશીલ થયા.

હવે એક વખત ચંપાપુરીમાં શ્રી વીરજિનેશ્વર પધાર્યા. પર્ષદા ભેગી થઈ. ભગવંતે દેશનાનો પ્રારંભ કર્યો. તે વખતે શ્રી વીર ભગવંતનો શ્રેષ્ઠ શ્રાવક દંડ, છત્ર, ભગવા વસ્ત્રને ધારણ કરનાર જે અંબડ નામે પરિવ્રાજક યોગી હતો તે ત્યાં આવી ભગવંતને નમસ્કાર કરી યોગ્ય સ્થાને બેસી

ધર્મદેશના સાંભળે છે. તે વખતે દેશનાને અંતે અંબડ શ્રાવક ભક્તિથી ભગવંતને નમસ્કાર કરી કહ્યું, કે-હે નાથ! હાલમાં મારે રાજગૃહી નગરીમાં જવાની ઇચ્છા છે. તે વખતે ભગવંતે કહ્યું, 'હે દેવાનુપ્રિય! ત્યાં ગયેલા તમારે નાગસારથીની પ્રિયા સુલસા શ્રાવિકાને અમારો ધર્મલાભ આપવો. તે વખતે તે અંબડ શ્રાવક ભગવંતના વચનનો સ્વીકાર કરી આકાશમાર્ગે રાજગૃહ નગરમાં ગયો. પહેલા તે સુલસાના ઘરના દ્વારે ક્ષણમાત્ર ઉભો રહી આ પ્રમાણે વિચાર કરવા લાગ્યો, જેને ત્રિલોકનાથે ધર્મલાભ કહેવડાવ્યો તે સુલસા કેવા પ્રકારની દૃઢધર્મી હશે? હું એની પરીક્ષા કરું? આ પ્રમાણે વિચાર કરી વૈક્રિય લબ્ધિથી જલ્દી બીજું રૂપ કરી તેણીના ઘરમાં પ્રવેશ કરી સુલસા પાસે ભીક્ષા માગવા લાગ્યો. પણ તે 'સુપાત્ર વિના બીજા કોઈ ને ધર્મ-બુદ્ધિથી આહાર વગેરે આપવા નહિ' આ પ્રમાણે પોતે પૂર્વે કરેલી પ્રતિજ્ઞાને સ્મરણ કરતી. માગતા એવા તેને પોતાના હાથ વડે ભિક્ષા આપી નહિ. ત્યાર પછી તે તેણીના ઘરમાંથી નીકળી નગરની બહાર પૂર્વદિશામાં 'ચાર હાથ-વાળા, જનોઈ અને અક્ષમાલાથી શોભિત, હંસ વાહનવાળા અને સરસ્વતી સહિત કમલના આસન ઉપર બેઠેલા, લાલવર્ણવાળા આવા પ્રકારનું સાક્ષાત્ બ્રહ્માનું રૂપ ધારણ કરી ચારે મુખોથી વેદ વાણીને પ્રગટ કરતા ત્યાં રહ્યા. તે વખતે અહો આજ નગરની બહાર પૂર્વદિશામાં સાક્ષાત્ બ્રહ્મા આવ્યા છે, આ પ્રમાણે લોકોના મુખથી સમાચાર સાંભળી નગરના કેટલાયે લોકો તેની ભક્તિથી કેટલાક કૌતુક જોવા

માટે એમ ઘણા લોકો ત્યાં આવ્યા. પરંતુ સમ્યક્ત્વમાં અતિ નિશ્ચલ ચિત્તવાળી સુલસા પોતાના વ્રતના રક્ષણ માટે બ્રહ્મા આવ્યાની વાત સાંભળ્યા છતાં પણ તે વાતો ન સાંભળતી હોય તેમ ગણી ત્યાં ન ગઇ. તેથી ત્યાં સુલસાને નહિં આવેલી માની અંબડ શ્રાવક બીજે દિવસે દક્ષિણ દિશામાં 'ગરૂડ આસનવાળા, પીળા વસ્ત્રવાળા, તેમજ શંખ, ચક્ર, ગદા અને સારંગ ધનુષ્યને ધારણ કરનારા લક્ષ્મી અને ગોપીઓ વગેરે સાથે વિવિધ ભોગોની લીલાને કરતા વિષ્ણુનું રૂપ કરી નગરની બહાર રહ્યા. તો પણ મિથ્યાદૃષ્ટિના સંસર્ગથી ભય પામતી સુલસા ત્યાં ગઇ નહી. હવે તે ત્રીજે દિવસે પશ્ચિમ દિશામાં 'વાઘના ચામડાના આસન ઉપર બેઠેલા, વૃષભ વાહનવાળા, ત્રણ નેત્રવાળા, મસ્તક ઉપર ચંદ્ર ધારણ કરનારા તેમજ વહેતી ગંગા નદીથી શોભતી જટાને ધારણ કરનારા, હાથીના ચામડાના વસ્ત્રવાળા, રાખથી ભરેલા દેહવાળા, એક હાથમાં શૂલ અને બીજા હાથમાં ખપ્પરને ધારણ કરનારા, હૃદય ઉપર ખોપરીની માલાવાળા પાર્વતીથી શોભતા અર્ધ દેહવાળા, સાક્ષાત્ મહેશ્વરનું રૂપ ધારણ કરી' વિશ્વના સકલ જીવોને ઉત્પન્ન કરવાની મારી શક્તિ છે, મારાથી બીજો કોઈ જગદીશ્વર નથી. આ પ્રમાણે નગરના લોકોની પાસે બોલતા નગરની બહાર રહ્યા. તે વખતે લોકોના મુખમાંથી ઇશ્વરના આગમનની વાત સાંભળી, વિશુધ્ધ ધર્મમાં અનુરક્ત સુલસાએ તેના દર્શનની મનથી પણ ઇચ્છા ન કરી. ત્યાર પછી ચોથે દિવસે ઉત્તર દિશામાં 'અદ્‌ભુત તોરણ

સહિત ચાર મુખવાળું સમોવસરણ કરી આઠ મહા પ્રાતિહાર્ય વડે શોભતા' સાક્ષાત્ જિનેશ્વર ભગવંતનું રૂપ કરી ત્યાં રહ્યો. ત્યાં પણ સુલસા વિના ઘણા લોકો તેના વંદનને માટે ગયા અને તેઓને ધર્મોપદેશ સંભળાવ્યો. હવે આ અવસરે પણ આ સુલસાને નહિ આવેલી જાણી અંબડે તેને ચલિત કરવા તેના ઘરમાં એક પુરૂષને મોકલ્યો. તે પુરૂષ પણ ત્યાં જઈ તેણીને કહે છે–હે સુલસે ! તને અતિપ્રિય એવા શ્રીમાન્ અરિહંત તીર્થંકર ભગવંત વનમાં પધાર્યા છે, તેને નમસ્કાર કરવા તું કેમ જતી નથી ? ત્યારે તેણીએ કહ્યું, કે–મહાભાગ ! આ પૃથ્વીતલ ઉપર હમણા શ્રી મહાવીર ભગવંતને છોડી, બીજા કોઈ તીર્થંકર નથી. શ્રી વીર ભગવંતનો બીજા જ દેશમાં વિહાર સાંભળવાથી હમણાં અહીં આવવાનો સંભવ કયાંથી હોય ? આ સાંભળી તેણે ફરી કહ્યું, કે–'હે ભોળી ! આ પચ્ચીશમા તીર્થંકર હમણા ઉત્પન્ન થયા છે. આ કારણથી તું પોતે ત્યાં જઇ કેમ વંદન કરતી નથી ? તેણીએ કહ્યું, કે–'હે ભદ્ર ! ભરતક્ષેત્રમાં પચ્ચીશમા તીર્થંકર કયારે પણ સંભવતા નથી. તે કારણથી કોઈપણ આ માયાવી પુરૂષ આવા કપટના પ્રકારોથી લોકોને ઠગે છે. તે વખતે ફરી તેણે કહ્યું કે ભદ્રે ! જે તમે કહ્યું, તે સત્ય છે. પરંતુ આ પ્રમાણે કરવામાં અહી શાસનની પ્રભાવના થતી હોય તો અહીં કયો દોષ ? તેણીએ કહ્યું, કે 'આવી વાત કહેવાથી તું ભોળો દેખાય છે. પણ જ્ઞાન દૃષ્ટિથી તું વિચાર કર. અશુભ વ્યવહારથી કંઈ શાસનની ઉન્નતિ થાય ? પરંતુ ઉલ્ટું લોકોમાં હાંસી થવાથી નિંદા

થાય છે. પછી તે પુરૂષે ઉડી પાછો જઈ અંબડની આગળ સર્વ વૃતાંત કહ્યો. ત્યાર પછી અંબડ પણ સુલસાને ધર્મમાં સ્થિર જાણી 'અહો ખરેખર જે વીર ભગવંતે સભા સમક્ષ પોતે ધર્મલાભ આપ્યો તે યુક્ત છે, કારણ કે–આવી રીતે મારા વડે ચલિત કરાયેલી પણ આ સુલસા શ્રાવિકા મનથી પણ ચલિત થઈ નહિ. આ પ્રમાણે વિચાર કરી પોતાની માયાજાળને સંહરી પોતાના મુળ રૂપથી સુલસાના ઘરમાં પ્રવેશ કર્યો. ત્યાં તેને આવતા જોઈ સુલસા પણ સાધર્મિક ભક્તિના રાગથી જલ્દી ઉઠી તેની સન્મુખ જઇ, 'હે ત્રણ જગતના ગુરૂ એવા શ્રી વીર ભગવંતના ઉપાસક! તમારૂં સ્વાગત થાવ.' આ પ્રમાણે કહેવા પૂર્વક તેના પગનું પ્રક્ષાલન કરાવીને પોતાના ઘર દેરાસરના ચૈત્યમાં દેવવંદન કરાવ્યા. આ પ્રમાણે સન્માન કરાયેલો અંબડ પણ વિધિપૂર્વક ચૈત્યવંદન કરી તેણીને કહ્યું, કે–'મહાસતી! આ ભરતક્ષેત્રમાં તું એક પુણ્યવતી છો. જેથી તમોને શ્રી મહાવીર સ્વામીએ પોતે જ મારા મુખથી ધર્મલાભ કહેવડાવ્યા છે.' આ સાંભળી તેણી અતિશય આનંદવાળી, ભગવંતની વિહારની દિશામાં સન્મુખ થઇ, મસ્તકે અંજલી કરી શ્રી વીર ભગવંતને હૃદયમાં સ્થાપન કરી પ્રશસ્ત વાણીથી સ્તુતિ કરી. ત્યાર પછી અંબડે વિશેષે કરી તેનો અભિપ્રાય જાણવા માટે આ પ્રમાણે ફરીથી તેને કહ્યું.– 'અહિં આવ્યા પછી લોકોનાં મુખથી આ નગરીમાં બ્રહ્મા આદિ દેવતાઓના આગમનની વાર્તા મેં સાંભળી, તો ત્યાં તેઓના દર્શન માટે તમે શું ગયા કે નહિ? તે વખતે તેણીએ કહ્યું, કે–'હે ધર્મજ્ઞ! જેઓ શ્રી જિનેશ્વર ભગવંતના

શાસનમાં અનુરક્ત છે, તે પુરૂષો સકલ રાગ અને દ્વેષરૂપી શત્રુઓને જીતનાર, સર્વ ભવ્ય જીવોના ઉપકારમાં તત્પર, સર્વજ્ઞ અને બધા અતિશયોથી યુક્ત પોતાના તેજથી સૂર્યને પણ જીતનાર, દેવાધિદેવ એવા શ્રી મહાવીર સ્વામીને છોડી, બીજા જેઓ રાગ દ્વેષ અને અજ્ઞાનથી પરાભવ પામેલા એથી જ હંમેશા સ્ત્રી સેવામાં આસક્ત શત્રુનો વધ, બંધન આદિ ક્રિયામાં તત્પર, આત્મધર્મને નહિ જાણનાર, આગિયા જીવડા જેવા બ્રહ્મા વિગેરે દેવો છે તેઓને જોવાનો કોણ ઉત્સાહ કરે ? જેમ કોઇ પુરૂષે પરમઆનંદ જનક અમૃતનું પાન કર્યું છે તેને લવણ સમુદ્રના પાણીની ઇચ્છા કેવી રીતે થાય ? વળી જેણે અનેક પ્રકારના મણી-રત્નો વિગેરેનો વ્યાપાર કર્યો છે તે પુરૂષ કાચના કકડાનો વ્યાપાર કરવાને કેવી રીતે ઇચ્છા કરે ? એથી તું જિનેશ્વર ભગવંતે કહેલા ભાવો જાણતા છતાં, શ્રી વીર પરમાત્માના ઉપદેશેલા ધર્મમાં આસક્ત એવા તમે મને આમ કેમ પૂછો છો ?'

હવે અંબડ શ્રાવક જિનધર્મમાં અતિ દૃઢતાવાળી સુલસા શ્રાવિકાના વચનો સાંભળી તેની અતિ પ્રશંસા કરી પોતે જ કરેલા બ્રહ્મા વગેરે રૂપોનો વિસ્તાર તેની સમક્ષ નિવેદન કરી મિચ્છામિ દુક્કડં આપી ઇષ્ટ સ્થાને ગયા.

તે અંબડ શ્રાવકને શ્રીવીર પરમાત્મા પાસેથી બાર વ્રતોને ગ્રહણ કરેલા સાતસો શિષ્યો હતા. તેઓ એક વખત કંપિલ નગરથી પુરિમતાલ નગરમાં જતા. તૃષાથી વ્યાકુળ થયેલા માર્ગમાં ગંગા મહાનદીના કિનારે ગયા. ત્યાં પાણી આપનાર અન્ય કોઈ માણસને નહિ જોતા અને પોતે ત્રીજા

અદત્તાદાન વિરમણ વ્રત–'આપ્યા વિના વસ્તુ ગ્રહણ ન કરવી'–એવા વ્રતને ગ્રહણ કરવાવાળા-તેઓ પરસ્પર આ પ્રમાણે કહે છે–'હે દેવાનુપ્રિયાઓ! આપણા સાતસોમાંથી કોઇપણ એક જણ પોતાના વ્રતનો ભંગ કરી, જો પાણી પીવડાવે તો બાકી બધાના વ્રતોનું રક્ષણ થાય. પરંતુ પોતપોતાના વ્રતના ભંગના ભયથી કોઈએ પણ તેના વચનનો સ્વીકાર કર્યો નહિ અને બધા ત્યાં અનશન ગ્રહણ કરી હૃદયમાં શ્રી વીર પરમાત્માનું ધ્યાન ધરતા પોતાના અંબડ નામના ગુરુ ભગવંતને નમસ્કાર કરતા, સમાધિપૂર્વક કાળધર્મ પામી પાંચમા બ્રહ્મદેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. અંબડ પરિવ્રાજક સ્થુલ હિંસાનો ત્યાગ કરતો, નદી વગેરેમાં સ્નાન નહી કરતો, નાટક વિકથા વિગેરે અનર્થદંડને નહિ આચરતો, તુંબડા લાકડા અને માટીના જ પાત્ર વાપરતો, ગંગાની માટી સિવાય બીજી માટીનું વિલેપન નહીં કરતો, કંદમુળ અને ફળ વગેરેનું ભક્ષણ નહીં કરતો–આધાકર્મ વગેરે દોષથી દૂષિત, આહારને નહિ વાપરતો અલંકાર વીંટીને ધારણ કરતો, ગેરૂ વગેરે રંગોથી રંગેલ વસ્ત્રોને ધારણ કરતો, કોઇપણ ગૃહસ્થે આપેલા પાણીને વસ્ત્રથી સારી રીતે ગાળીને પીતો, અઢીશેર પાણી સ્નાન માટે ગ્રહણ કરતો, શ્રીમાન જિનેશ્વર ભગવંતે કહેલ ધર્મમાં એક ચિત્ત ધારણ કરતો સર્વ પોતાનું જીવન સફળ કરી અંતે નજીકમાં જ મોક્ષ ગામી તે એક મહિનાની સંલેખના કરી પાંચમા દેવલોકમાં ઉત્પન્ન થયો. ત્યાં દેવસુખોને અનુભવી ક્રમે કરી માનવભવને પ્રાપ્ત કરી

સંયમની આરાધના કરવા પૂર્વક સિદ્ધિપદને પામશે. સુલસા શ્રાવિકા પણ હૃદયરૂપી કમળમાં એક વીર જિનેશ્વર દેવને જ ધ્યાન ધરતી. સર્વગુણોમાં ઉત્તમ સ્થિરતા રૂપ આભુષણ વડે સમ્યક્ત્વને શોભાવતી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરી આ જ ભારતક્ષેત્રમાં આવતી ચોવિશીમાં ચોત્રીશ અતિશયોથી યુકત 'નિર્મમ' નામના પંદરમાં તીર્થંકર થશે. આ પ્રમાણે જે મનુષ્ય તીર્થંકર ભગવંતને સ્થિરતા ભાવથી હૃદયમાં ધારણ કરશે તે ત્રણ જગતના શિખર સમાન તીર્થંકર પદને પામશે.

ઉપદેશ :—સમ્યક્ત્વ ભાવથી ભૂષિત સુલસા શ્રાવિકાનું આ ચરિત્ર સાંભળી હે ભવ્ય જીવો ! તમે પણ તે પ્રમાણે સ્થિરતાપૂર્વક મનમાં શ્રી વીર જિનેશ્વરનું ધ્યાન ધરો.

સમ્યક્ત્વ દર્શનના પ્રભાવ ઉપર સુલસા શ્રાવિકાની ૧૦૪ મી કથા સમાપ્ત.

—આત્મ પ્રબોધમાંથી.





બે મુનિઓની કથા

૧૦૫

સંયમની વિરાધનાના પ્રસંગમાં દેહનો ત્યાગ કરવો તેની શાસ્ત્રમાં અનુજ્ઞા આપેલી છે. અહીં ગીતાર્થ બે સાધુઓનું દૃષ્ટાંત બોધને માટે કહેલું છે.

નરવિક્રમ રાજાથી રક્ષણ કરાયેલી અવંતી નગરીમાં સુદર્શન નામે શેઠ હતો. તેને બે પુત્રો છે, પહેલો જયસુંદર અને બીજો સોમદત્ત નામે છે. તે બન્ને કળાઓમાં કુશળ, રૂપ વગેરે ગુણોથી યુક્ત, પરસ્પર ઘણા સ્નેહવાળા, બહુ સત્ત્વવાળા, આ લોક અને પરલોકના અવિરુદ્ધ કાર્યમાં પ્રવૃત્તિ કરે છે. એક વખત તેઓ મહામૂલ્યવાળું કરિયાણું ગ્રહણ કરી, ઘણા માણસો સહિત અહિછત્રા નગરીમાં ગયા. ત્યાં રહેલા તેને જયવર્ધન શેઠ સાથે સ્નેહ પ્રધાન મૈત્રી થઈ. તે શેઠને સોમશ્રી અને વિજયશ્રી નામે બે પુત્રીઓ છે. તેથી તે શેઠે તે બન્ને પુત્રીઓ તેઓને આપી અને વિધિપૂર્વક તેઓના વિવાહ કર્યો. ત્યારપછી તે બન્ને તેઓની સાથે સજ્જન લોકોથી અનિંદિત એવા પાંચે ઇન્દ્રિયોના સુખોને યથા સમયે ભોગવતાં ત્યાં રહ્યા છે. એક વખત પોતાના નગરમાંથી આવેલા કોઈક માણસે તે બન્ને શેઠના પુત્રોને કહ્યું કે– 'તમે જલ્દી ઘેર આવો' આ પ્રમાણે પિતાએ આદેશ કર્યો છે, કારણ કે તમારા પિતા અસાધ્ય, દમ, ખાંસી, શ્વાસ વગેરે ઘણા રોગોથી પીડાએલા તે તમારું દર્શન કરવા જલ્દી ઇચ્છે છે. આ સાંભળી તેઓ પિતાના

દુઃખથી ત્યાં જ સ્ત્રીઓને મૂકી, સસરાને વાત કરી, જલ્દી પિતા પાસે આવવા પ્રયાણ કર્યું, એક સરખું પ્રયાણ કરતાં તે બન્ને પોતાને ઘેર આવ્યા. તેઓએ શોકથી નિસ્તેજ મુખવાળા પરિજન કુટુંબીઓને જોયા. તેમજ જ્યાં દાનશાળામાં અનાથ વગેરેને દાન આપનારા માણસોથી રહિત, તેમજ શોભારહિત અત્યંત ભયંકર સ્મશાન જેવું પોતાનું ઘર પણ જોયું, હા! હા! અમે હણાયા, પિતા સ્વર્ગમાં ગયા, તે કારણથી સ્પષ્ટ આ ઘર સૂર્ય આથમ્યા પછી કમલના વનની જેમ આનંદ આપતું જ નથી. આ પ્રમાણે વિચાર કરતા દાસીએ આપેલા આસન ઉપર બેઠા, એટલામાં ઘણા શોકના વેગથી રૂદન કરતાં પરિવારે પગમાં પડી, અત્યંત શોકજનક પિતાના મરણની વાત તેઓને કહી. તેથી અત્યંત મોટેથી તેઓ રૂદન વિલાપ કરવા લાગ્યા. સ્વજનોએ મધુર વાણીથી કેમે કરીને વિલાપ કરતાં તેઓને અટકાવ્યા. હવે તેઓએ પૂછયું કે તમો કહો–અત્યંત પ્રેમને ધારણ કરતા પિતાએ પુણ્યરહિત એવા અમને શું ફરમાવ્યું છે? ત્યારે પરિજને શોકથી ભરાયેલી વાણીથી કહ્યું–તમે સાંભળો, તમારા દર્શનની અત્યંત અભિલાષા કરતાં પિતાએ મારા પુત્રો જ્યારે આવશે ત્યારે તેની આગળ આ અને તે હું કહીશ–આ પ્રમાણે બોલતા એવા તેમને પૂછવા છતાં પણ અમોને કંઈપણ કીધું નથી. અત્યંત ઉગ્ર રોગના વશથી તમારાં આવતા પહેલાં જ મરણ પામ્યાં. આ સાંભળી ન કહેવાય તેવા સંતાપને ધારણ કરતાં તે બન્ને જણા મોટેથી પોક મૂકી 'હે નિર્દય યમ! તેં કેમ

પિતાની સાથે અમારો સંયોગ ન કર્યો ? તેમજ પાપી એવા અમે ત્યાં શા માટે વધુ રહ્યા ? આ પ્રમાણે વિલાપને કરતા વારંવાર માથું કૂટતાં તેઓએ તેવી રીતે રૂદન કર્યું કે ઘરના માણસો અને માર્ગમાં જતા લોકો પણ રૂદન કરવા લાગ્યા, આહાર પાણીનો ત્યાગ કરી રહેલા તેઓ કેમે કરી સ્વજનનો વડે વિનંતિ કરાએલા તેઓના આગ્રહથી ભોજન વગેરે સર્વ કાર્યોમાં પ્રવૃત્તિ કરવા લાગ્યા. હવે એક વખત ત્યાં પધારેલા દમઘોષસૂરી પાસે સંસારનો ઉચ્છેદ કરનારો સર્વજ્ઞ ભગવંતનો ધર્મ સાંભળ્યો. ત્યારપછી તેઓ 'મૃત્યુ, રોગ, દુર્ગતિ, શોક અને જ્વર વગેરેથી ભરેલો આ સંસાર છે'–એમ નિશ્ચય કરી વૈરાગ્ય વાસિત થયેલા તેઓ બન્ને ગુરૂ સમક્ષ કપાળે અંજલી કરી કહે છે–'હે ભગવંત ! તમારી પાસે અમે દીક્ષા ગ્રહણ કરશું.'

હવે ગુરૂ ભગવંતે સૂત્રના ઉપયોગથી સંયમ માર્ગમાં તેઓને વિઘ્ન થશે એમ જાણી કહ્યું,–'હે મહાનુભાવો ! તમારે દીક્ષા ગ્રહણ કરવી ઉચિત છે. પણ સ્ત્રીના નિમિત્તથી તમોને ઘણો જ ઉપસર્ગ થશે. જો તમે જીવિતના નાશમાં પણ સારી રીતે નિર્ભય બની ઉપસર્ગ સહન કરો તો જલ્દી, દીક્ષા ગ્રહણ કરો અને મોક્ષની પ્રાપ્તિ માટે ઉદ્યમ કરો. અન્યથા તો ચારિત્ર અનુષ્ઠાનમાં ઉપર ચડયા અને પડયાની જેમ હાસ્ય પાત્ર થશો' તેઓએ કહ્યું, કે–હે ભગવંત ! જો અમોને જીવન ઉપર થોડો પણ રાગ હોત તો ચારિત્ર ગ્રહણ કરવાની બુદ્ધિ ન કરત, તેથી સંસારના

વાસથી વૈરાગ્ય પામેલા અને તમારા ચરણકમળમાં લાગેલા, વિઘ્નમાં પણ ચલાયમાન નહિ થનારા, એવા અમોને તમો દીક્ષા આપો. તેથી ગુરૂ ભગવંતે તેઓને દીક્ષા આપી અને સર્વ કરવા યોગ્ય ચારિત્ર પાલનની વિધિ બતાવી. તેમજ તેઓને સૂત્ર તેમજ અર્થમાં પણ સારી રીતે તૈયાર કર્યા. મહા સત્વશાળી તેઓ ગુરૂકુળવાસમાં લાંબો સમય રહીને એક વખત ગુરૂની આજ્ઞા લઈ એકલા વિચરવા લાગ્યા. કહ્યું, છે કે–"ગચ્છમાં રહેલાં સાધુઓ જ્ઞાનના ભાગી થાય છે. તેમજ દર્શન અને ચારિત્રમાં સ્થિરતાવાલા થાય છે તેથી ધન્ય પુરૂષો જીવન પર્યન્ત ગુરૂકુળવાસને છોડતા નથી." હવે તેઓ અનિયત વૃત્તિથી શુદ્ધ આહાર વગેરે ગ્રહણ કરવા પૂર્વક વિચરતા સારી રીતે ઉપયોગવાળા પણ દૈવયોગથી અહિંછત્રા, નગરીમાં જયસુંદર મુનિ આવ્યા. તે નગરીમાં જે સ્ત્રી પહેલા તેની સાથે પરણેલી શેઠની પુત્રી સોમશ્રી હતી, તે પાપીની તે જ વખતે અસતીના વર્તનથી ગર્ભવતી થયેલી વિચાર કરે છે. જો જયસુંદર અહીં આવે તો તેને ચારિત્રથી ભ્રષ્ટ કરી પોતાનું ખરાબ આચરણ છુપાવું. તે વખતે ભિક્ષાને માટે ઘરમાં પ્રવેશ કરેલા તે સાધુને તેણીએ જોયા. તે વખતે સરખા સ્વભાવવાળી પાસે રહેલી, સખીએ જલ્દી ઘરની અંદર તેનો પ્રવેશ કરાવ્યો. તેણીએ કહ્યું,–હે પ્રાણનાથ ! આ દુષ્કર તપ અને ચારિત્ર તમે છોડી દો, હે સ્વામિ ! જે દિવસે તમારી દીક્ષાની વાત સાંભળી તે વખતે મારા ઉપર વજ્ર પડ્યું હોય તેમ તેનાથી પણ અધિક દુઃખ મને થયું, તમારા વિયોગથી જીવન આજે

ત્યાગ કરૂં કાલે ત્યાગ કરૂં એમ વિચાર કરતી ફક્ત આટલા દિવસ સુધી તમારા દર્શનની આશાથી જ જીવન ટકયું છે. હવે તમારી સાથે જીવવું અથવા મરવું તેમાં સંદેહ નથી, તેથી હે પ્રાણનાથ ! તમને જેમ ગમે તેમ કરો. આ પ્રમાણે તેનું વચન સાંભળી તે સાધુએ ગુરૂ ભગવંતનું વચન યાદ કરી પૂર્વે ગુરૂએ કહેલું એવું ઉપશમ ન થાય તેવું ધર્મ વિઘ્ન હાલમાં ઉપસ્થિત થયું છે, આ પ્રમાણે જાણી કેવળ મોક્ષને માટે જ લક્ષ બાંધનાર અને પોતાના જીવિતની અપેક્ષા નહીં કરનાર તે મુનિ કહે છે 'હે ભદ્ર ! એક ક્ષણ તું ત્યાં સુધી ઘરની બ્હાર રહે, જ્યાં સુધી હું કંઈ પણ મારૂં કાર્ય કરી લઉં. ત્યાર પછી તારૂં હિત અને અત્યંત સુખ થાય તેવું હું કરીશ. હવે તેણી ખુશ થઇ 'તેમ થાઓ' એ પ્રમાણે સ્વીકાર કરી, અત્યંત માયા કપટથી ભરેલી ઘરના દરવાજાને બંધ કરી બહાર રહી. મુનિ ભગવંત પણ ત્યાં અનશન કરી પરમ ધર્મધ્યાનમાં વર્તતા ગળામાં ફાંસો નાખી વિધિપૂર્વક મૃત્યુ પામી અચ્યુત દેવલોકમાં દેવ થયા. તે વખતે નગરમાં વાત ફેલાઈ 'આ સ્ત્રીએ સાધુને હણ્યા' તેથી પિતાએ તિરસ્કાર કરી હાથ પકડી તે સોમશ્રીને પોતાના ઘરમાંથી બ્હાર કાઢી મૂકી. માર્ગમાં તે પ્રસવના દોષથી મૃત્યુ પામી.

વિજયશ્રી પણ અત્યંત સ્નેહના વશથી એક તાપસના આશ્રમમાં દીક્ષા ગ્રહણ કરી કંદમુલોનું ભક્ષણ કરતી ત્યાં જ રહેલી છે. એક વખત પૂર્વે કહેલા મુનિવરના લઘુબંધુ સોમદત્ત મુનિ વિચરતા દૈવયોગથી ત્યાં આવ્યા અને ત્યાં

ખીલાના તીક્ષ્ણ અગ્રભાગથી પગમાં વિંધાયા તેથી તે મુનિ ચાલવા માટે અસમર્થ થયેલા ત્યાં એક પ્રદેશમાં રહ્યા. તે વખતે મુનિના આગમનની વાત વિજયશ્રીએ જાણી કામરૂપી અગ્નિથી બળતા હૃદયવાળી તેણીએ વિવિધ પ્રકારે તેને ચારિત્રથી ચલિત કરવા માટે પ્રયત્ન કર્યા. આ પ્રમાણે દરરોજ પાપી એવી તેણી વડે ક્ષોભ પમાડાતા તે મુનિ ગુરૂએ કહેલાં વચનો સ્મરણ કરતાં ત્યાંથી ચાલવા અસમર્થ બનેલા તેણે 'હું કેવી રીતે જીવનનો ત્યાગ કરૂં' એ પ્રમાણે વિચાર કર્યો. ત્યારે તેણે તે પ્રદેશમાં પરસ્પર વૈરવાળા બે રાજાનું મોટું યુધ્ધ થયેલું જોયું, જેમાં અનેક સુભટો, હાથીઓ, ઘોડાઓ વગેરેના રૂધિરના પ્રવાહના દર્શન માત્રથી જ પણ ભયજનક, સ્વપક્ષ અને શત્રુના પક્ષનો નાશ કરનારૂં આવું મોટું યુદ્ધ થયેલું જોઈને અને બન્ને પક્ષના રાજાઓ પાછા ફર્યા, ત્યારે ત્યાં ગીધ, શૃગાલ વગેરે મડદાઓનું ભક્ષણ કરી રહ્યા છે. તે વખતે સાધુ વિચાર કરે છે–'મરવા માટે બીજો કોઈ ઉપાય નથી તો રણભૂમિમાં રહી ગૃધ્રપૃષ્ટ મરણને સ્વીકારૂં.' આ પ્રમાણે તે મહાત્માએ નિશ્ચય કર્યો. તે વખતે તે પાપીની સ્ત્રી કંદમુળ, ફલ વગેરે લાવવા માટે ગઈ ત્યારે તે મુનિ કરવા યોગ્ય અંતિમ આરાધના કરી ધીમે ધીમે તે, ગીધડા જ્યાં કલેવરનું ભક્ષણ કરી રહ્યા છે ત્યાં જઈ અનશન ગ્રહણ કરી મડદાઓની મધ્યમાં જઈ મરેલાની જેમ રહ્યા. હવે દુષ્ટ જીવો વડે ભક્ષણ કરાએલા તે મુનિ સમાધિપૂર્વક કાળધર્મ પામી જયંત વિમાનમાં અનુત્તર દેવ થયા. આ પ્રમાણે આ બન્ને મુનિવરો ત્યાંથી મનુષ્યભવને પ્રાપ્ત

કરી મોક્ષને પામશે. કહ્યું, છે કે–ત્રણ લોકથી પૂજાએલા જિનેશ્વર ભગવંતે આ પ્રમાણે અપવાદ વિશેષ કારણથી, ગળે ફાંસો ખાવો–ગૃધ્રપૃષ્ટ વગેરેથી મરવું વગેરે મરણોની નિશ્ચયે અનુજ્ઞા આપેલી છે.

ઉપદેશ :–બન્ને મુનિ ભગવંતોની શ્રેષ્ઠ સમાધિને બતાવનાર દૃષ્ટાંત સાંભળી હે ભવ્ય જીવો ! તમે પણ તે પ્રમાણે વ્રતોની આરાધના કરનારા થાઓ.

બે મુનિઓની કથા ૧૦૫ મી સમાપ્ત.

—સંવેગ રંગસાલામાંથી.





સ્વયંભુદત્તની કથા

૧૦૬

વિશુદ્ધ સંયમના પ્રભાવથી સર્વાર્થસિદ્ધ દેવલોકને યોગ્ય સાધુ ફક્ત એક જ રાગના કારણથી પડીને સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થયા.

ચારિત્રની આરાધનામાં તત્પર સ્વયંભુદત્ત સાધુનું દૃષ્ટાંત અહિં સંયમની વિશુદ્ધિ માટે કહેવાય છે.

કંચનપુર નગરમાં જન પ્રસિદ્ધ પરસ્પર અતિસ્નેહવાળા સ્વયંભુદત્ત અને સુગુપ્ત નામના બે ભાઇઓ રહે છે. તેઓ પોતાના કુળના ક્રમથી અવિરૂદ્ધ આજીવિકા વડે જીવન ચલાવતાં આનંદથી કાળ પસાર કરે છે. હવે એક વખત અશુભ ગ્રહના વશે વૃષ્ટિ નહિ પડવાથી નગરના લોકોને દુઃખ આપનારો ભયંકર દુકાળ પડયો. તે વખતે લાંબાકાળથી ગ્રહણ કરાએલા ઘાસના ઢગલાઓ પણ નાશ પામ્યા, તેમજ ઘણા મોટા ધાન્યના કોઠારો પણ ખાલી થઈ ગયા, ત્યારે મનુષ્યો અને તિર્યંચોના સમુદાયને દુઃખી થતા જોઈ વ્યવસ્થા નહિ થવાથી ઉદ્વેગ પામેલા રાજાએ પોતાના પુરૂષોને આજ્ઞા કરી, રે! રે! પુરૂષો! જેના ઘરમાં જેટલું ધાન્ય ભેગું કરેલું હોય તેનું તેટલું અથવા અડધું બલાત્કારથી પણ જલ્દી ગ્રહણ કરો, આ પ્રમાણે આદેશ કરાયેલા યમરાજા જેવા ભયંકર રાજપુરૂષોએ બધે ઠેકાણેથી રાજાના કહેવા પ્રમાણે બધું કર્યું અને સર્વ ધાન્ય લઈ લીધું, તેથી ક્ષુધાથી ધાન્ય અને

સ્વજનોના નાશ થવાથી વિશેષે કરીને અત્યંત રોગના સમુદાયથી પીડાએલા લોકો મરવા લાગ્યા. ઘરો શૂન્ય થયા મડદાથી ભરાયેલ શેરીઓ વડે દુર્ગમ માર્ગ થયે છતે લોકો સુકાલવાળા દેશો તરફ નીકળવા લાગ્યા. ત્યારે સ્વંયભુદત્ત સુગુપ્તની સાથે નગરની બ્હાર નીકળ્યો અને સાર્થવાહ સાથે બીજા દેશમાં જવા લાગ્યો. સાર્થવાહ ભયંકર માર્ગ પસાર કરતાં જંગલની મધ્યમાં આવ્યો, ત્યાં અકસ્માત્ યુધ્ધ માટે તૈયાર થયેલા ભીલોની ધાડ પડી. યુદ્ધમાં જ એક આનંદ માનનારા તે ભિલ્લો યુધ્ધ કરવા લાગ્યા. તે વખતે તલવાર, ભાલા વગેરે ગ્રહણ કરી શૂર વીર યુદ્ધમાં ધીર એવા સાર્થવાહના સુભટો પણ તેની સાથે યુધ્ધ કરવા લાગ્યા. તે વખતે યોધ્ધાઓ નાશ પામ્યા. રણ સંગ્રામમાંથી સુભટોનો સમુદાય વિખરાઈ ગયો અને સાર્થવાહને ત્રાસ પમાડનારૂં એવું મહા ભયંકર યુદ્ધ થયું. અત્યંત નિર્દય અને પ્રબલ લશ્કરવાળા ભીલના સમુદાયે કલિકાલથી જેમ ધર્મ નાશ પામે તેમ સમર્થ એવા સર્વ સમુદાયનો નાશ કર્યો. ત્યાર પછી ભીલોની સેના સાર વસ્તુ, ધન, સંપત્તિ, સુંદર રૂપવાળી સ્ત્રીઓ અને મનુષ્યોને કેદ કરી પલ્લીમાં ગઇ.

પોતાના લઘુબંધુથી છૂટો પડેલો તે સ્વયંભુદત્ત પણ 'આ ધનવાન છે' તેમ વિચાર કરી ભીલોની સેનાએ તેને પકડયો. નિર્દય ચાબુકના પ્રહારો અને બંધનો વડે અત્યંત હણાયો છતાં તે આપવા યોગ્ય વસ્તુઓ આપતો નથી તેથી 'જેણીનું મંદિર હણાયેલા પશુ અને પાડાના રૂધિ-

રથી ખરડાએલ છે. તેમજ બારણે ભયંકર અવાજ કરતો મોટો ઘંટ બાંધેલો છે. જેણીની આગળ પુણ્યની માનતાથી ભીલોએ નૈવેદ્ય ધરેલું છે અને જેણી લાલ કરેણની માળાથી પૂજાએલી છે, તેમજ હાથીના ચામડાનું વસ્ત્ર ધારણ કર્યું છે.' એવી ભયંકર રૂપવાળી ચામુંડા દેવીને બલીદાન આપવા ભયથી સર્વ અંગો કંપતા એવા તેને દેવીના મંદિરમાં ભીલો લઈ ગયા, હે અધમ વાણિયા ! જો જીવવાની ઈચ્છા હોય તો સર્વ દ્રવ્ય અમોને આપ ! સમય વિના શા માટે મરવાની ઈચ્છા કરે છે? આ પ્રમાણે કહેતાં ભીલો જ્યાં સુધી સ્વયંભુદત્તને મારતા નથી તેટલામાં એકાએક ત્યાં મોટો કોલાહલ થયો હા ! હે ! આ ગરીબને છોડો કારણ કે—સ્ત્રી બાલક વૃદ્ધનો નાશ કરનાર આ આવતા શત્રુ સમુદાય તરફ જાઓ, વાર ન લગાડો. આપણી આ પલ્લીને શત્રુઓ હણી રહ્યા છે. આપણા મકાનો બાળે છે એ પ્રમાણે કોલાહલ સાંભળી સ્વયંભુદત્તને છોડી લાંબા કાળના વૈરી એવા સુભટોને આવેલા જાણી તેઓની સામે જવા માટે તે પુરૂષો પવનથી પણ અધિક વેગથી ચામુંડાના મંદિરમાંથી જલ્દી નીકળ્યા. તે વખતે એ સ્વયંભુદત્ત 'આજે જ હું જન્મ્યો અને આજે જ સર્વ સંપત્તિને પામ્યો' આ પ્રમાણે વિચાર કરતો જલ્દી ચામુંડાના મંદિરમાંથી બહાર નીકળ્યો. તે ભયંકર ભીલોના ભયથી કંપતો, પર્વતોની ગુફાના મધ્યભાગથી ઘણા વૃક્ષો અને વેલાથી ભરાયેલા ખરાબ માર્ગે જતા એવા તેને સર્પે દંશ દીધો. તે વખતે તેને મહા ભયંકર વેદના ઉત્પ-

ન્ન થઈ. તેણે વિચાર કર્યો હવે હું નક્કી મરી જઈશ. કોઈપણ રીતે ભીલો વડે હું મૂકાયો તો પણ યમ સરખા સર્પે મને ડંશ દીધો છે.

અહો ! આ વિધિનું સ્વરૂપ કેવું વિચિત્ર છે? અથવા જન્મની સાથે મરણ રહેલું છે. અને સંયોગની સાથે વિયોગ રહેલો જ છે. તો અહિં શોક કરવા વડે શું? આ પ્રમાણે વિચાર કરતો જેટલામાં વૃક્ષની છાયા તરફ જાય છે, તેટલામાં તો વૃક્ષની નીચે રહેલા મહા સત્વશાળી વિચિત્ર એવા સાત નયના ભાંગાઓથી અગમ્ય એવા સૂત્રને પરાવર્તન કરતાં પદ્માસને બેઠેલા ધીર અને મનથી નિર્મળ ધ્યાન ધરતાં ચારણમુનિને જુએ છે, જોઈને ભયંકર વિષવાળા સર્પના વિષથી વ્યાપ્ત થયેલા એવા મને આ વખતે હે ભગવંત! આપનું શરણ છે આ પ્રમાણે બોલતો ચેતના રહિત ત્યાં પડયો. હવે તે મુનિ ભગવંત વિષના વશથી ચેતના રહિત તેને જોઈ કરૂણાથી વિચાર કરે છે– અહિં મારે શું કરવું જોઈએ? કહ્યું છે કે—સર્વ પ્રાણીઓને વિષે આત્માની માફક જોનારા સાધુ ભગવંતોને પાપના પ્રયોજનમાં આસક્ત ગૃહસ્થોના ઉપકારમાં પ્રવૃતિ કરવી ઉચિત નથી. કારણ કે-તેઓના ઉપર ઉપકાર કરવાથી, ગૃહસ્થના સંગના દોષથી નિર્દોષ પ્રવૃતિવાળા સાધુઓ ગૃહસ્થના પાપના બંધ સ્થાનકનું કારણ બને છે, પણ જો તે ગૃહસ્થ સર્વ સંગનો ત્યાગ કરી જલ્દી પ્રવજ્યા સ્વીકાર કરી, સધ્ધર્મકાર્યમાં જોડાય તો તેઓના નિમિત્તથી કરાએલી કર્મ નિર્જરા પણ થાય છે. આ પ્રમાણે વિચાર કરતા તે મુનિની

કારણ વિના જ અચાનક જમણી આંખ ફરકી, તેથી તેના ઉપકારનો વિચાર કરી તેના પગ ઉપર વિકાર રહિત બારીક સર્પનો દંશ જોઈ તે મુનિવર વિચાર કરે છે–"આ જરૂર જીવશે, કારણ કે સર્પ દંશવાનું સ્થાન વિરૂદ્ધ નથી, શાસ્ત્રમાં મસ્તક વિગેરે સ્થાનો વિરૂદ્ધ કહેલા છે. તે આ પ્રમાણે–માથામાં, લિંગમાં, દાઢીમાં, કંઠમાં, આંખની નજીકના ભાગમાં, ગુદામાં, સ્તનમાં, હોઠમાં, વક્ષસ્થળમાં, આંખમાં ભ્રમરમાં, નાભિમાં, નાક ઉપર, હાથ અને પગના તલિયામાં, ખભા ઉપર, બગલમાં, આંખમાં, કપાલમાં અને કેશની સંધિઓમાં સર્પ ડશે તો તે યમને ઘેર જાય છે. તેમજ પાંચમ, આઠમ, નોમ, છઠ્ઠ અને ચૌદશ તિથિને વિષે સર્પ ડસે તો પંદર દિવસમાં જ મરણ પામે છે, આજે તિથિ પણ વિરૂધ્ધ નથી. નક્ષત્રોમાં પણ મઘા, વિશાખા, મૂલ, અશ્લેષા રોહિણી, આદ્રા, કૃતિકા, આટલા નક્ષત્રો વિરૂધ્ધ છે અને આજે આ મુહૂર્તમાં વિરૂધ્ધ નક્ષત્ર પણ નથી. બીજું પણ પૂર્વાચાર્યો શુભાશુભ નિમિત્તને પણ અહિંયા કહે છે-જેમ સર્પ ડંશેલા મનુષ્યને ઝુજારો, લાલ નીકળે, બગાસું ખાય, આંખો લાલ થાય, મૂર્છા પામે, શરીર તૂટે, ગાલ શ્યામ થાય, શરીર નિસ્તેજ થાય, હેડકી આવે અને શરીરને ઠંડુ પડે તો જલ્દી મરણ પામે છે આ વિરૂદ્ધ નિમિત્ત પણ નથી, તેથી આ વિષનો પ્રતિકાર-ઉપાય કરાય કારણ કે– જિન ધર્મ દયા પ્રધાન છે"–આમ વિચાર કરી મુનિવર ધ્યાનમાં સ્થિર નેત્ર કરી વિષનો નાશ કરનાર સૂત્ર વિશેષ ગણવા લાગ્યા. હવે તે મુનિ શરદૃઋતુના ચંદ્રમાની શાંત વિસ્તારવાળી પ્રભાની જેમ શોભતી અમૃ-

તની બાઈ સરખી અક્ષરની શ્રેણિને જેટલામાં બોલે છે તેટલામાં સૂર્યના કિરણોના સમુદાયથી જેમ અંધકાર નાશ પામે તેમ આ મહા ભયંકર સર્પનું વિષ નાશ પામ્યું. તે પણ ઘૂતેલો જાગે તેમ નિર્મળ દેહવાળો ઉભો થયો. આ મુનિવરે મને જીવિત દાન આપ્યું એ પ્રમાણે અત્યંત રાગવાળો બહુમાન પૂર્વક તે સાધુને નમસ્કાર કરી કહેવા લાગ્યો–હે ભગવંત ! અત્યંત ભયંકર જંગલી જનાવરોથી ભરેલી આ અટવીમાં મારા પુણ્યથી આપનો અહિં નિવાસ થયો, એમ હું માનું છું, કદાચ તમો અહિં ન હોત તો મહા ભયંકર ઝેરી સર્પના ઝેરીથી ચૈતન્ય રહિત થયેલા મને કેવી રીતે જીવન મળત ? કયાં મરૂભૂમિ અને કયાં ઘણા ફળોથી સમૃધ્ધ કલ્પવૃક્ષ? કયા દરિદ્રનું ઘર અને ત્યાં જ રત્નનિધિ કયાં ? તેમ અત્યંત દુઃખી એવો હું કયાં ? અને અત્યંત મહા પ્રભાવશાળી આપ કયાં? અહો વિધિની વિચિત્રતાનો પરમાર્થ આ જગતમાં કોણ જાણી શકે ? હે ભગવંત ! મહા ઉપકારી એવા આપનો ગરીબ એવો હું કયું કામ કરવાથી બદલો વાળી શકું ?

મુનિ ભગવંતે કહ્યું કે—હે ભદ્ર ! જો તું ઋણથી મુક્ત થવાની ઇચ્છા કરે છે તો હવે તું આ નિર્દોષ પ્રવજ્યા–દીક્ષા ગ્રહણ કર, આ દીક્ષા ગ્રહણ કરવાથી તમે મારા ઉપર ઉપકાર કર્યો જ છે. એમ હું માનું છું. અન્યથા તો મુનિ ભગવંતોને અસંયમીની ચિંતા કરવાનો અધિકાર જ નથી.

હે ભદ્ર! ધર્મ રહિત મનુષ્યોનું જીવન પ્રશંસનીય નથી. તો ઘરની આસક્તિનો ત્યાગ કર અને સંગ રહિત એવા ઉત્તમ સાધુ થા. ત્યાર પછી માથા ઉપર હાથની અંજલી જોડી તેણે કહ્યું કે હે—ભગવંત ! એ પ્રમાણે હું કરૂં પણ નાનાભાઇ ઉપરનો રાગ મારા મનને દુઃખી કરે છે. તેથી તો તેની સાથે કોઇપણ રીતે મેળાપ થાય તો શલ્ય રહિત બની એક ચિત્તવાળો હું દીક્ષાનો સ્વીકાર કરૂં

મુનિ ભગવંતે કહ્યું કે હે—ભદ્ર! જો તું ઝેરથી મર્યો હોત તો કેવી રીતે નાનાભાઇને દેખત, એથી નિરર્થક એવા આ બંધુનો રાગ તું ત્યાગ કર અને નિષ્પાપ એવા સંયમ ધર્મને ગ્રહણ કર. આ સંસારમાં ભાઈ, માતા–પિતા ઉપરનો આ એક રાગ જીવોને દુઃખ આપનાર છે. આ પ્રમાણે મુનિવરનું વચન સાંભળીને તે સ્વયંબુદ્ધ વિનયથી નમ્ર થઈ દીક્ષા ગ્રહણ કરે છે અને તે વિવિધ પ્રકારની તપશ્ચર્યાને કરે છે. તેમજ ગામ ખાણ નગરથી ભરેલી પૃથ્વી તલ ઉપર ગુરૂ ભગવંત સાથે વિચરે છે. આ પ્રમાણે તે મહા સત્વશાળી દુષ્કર પરિસહ રૂપી સેનાને સહન કરે છે તેમજ લાંબા કાળ સુધી પૃથ્વીમાં વિચરી જ્ઞાન દર્શનના ઉપયોગવાળા તે પોતાનું અલ્પ આયુષ્ય જાણી ગુરુની આજ્ઞાથી ચારે આહારના ત્યાગ રૂપ અનશનને સ્વીકારે છે. ગુરૂએ તેને કહ્યું-હેમહાભાગ્યશાળી ! અંત સમયે વિશેષ પ્રકારે આરાધના વાળું વિધાન ઘણા જ પુણ્યના ઉદયથી મળે છે, તો સ્વજનમાં ઉપધિમાં કુલમાં ગચ્છમાં

અને પોતાના દેહમાં પણ રાગ કર નહિ? કારણ કે રાગ એ અનર્થોનું મૂળ છે. તે વખતે સ્વયંભુદત્ત 'આપની હિત શિક્ષા ઇચ્છું છું' એ પ્રમાણે કહી ગુરૂ ભગવંતની વાણીમાં અત્યંત રાગવાળા પરમ પદને માટે તેણે અનશન સ્વીકાર્યું. તે વખતે તેના પુણ્ય પ્રભાવથી ખેંચાયેલા નગરના લોકો તેનું અનશન જાણી તેમનું પુજન અને સત્કાર કરે છે. હવે પૂર્વે તેનાથી છુટો પડેલો સુગુપ્ત નામે નાનોભાઇ ભમતો તે જ પ્રદેશમાં આવ્યો. તે વખતે એક દિશા તરફ મુનિના વંદન માટે નગરના લોકોને જતા જોઇ એણે કોઇને પૂછયું કે આ સર્વ લોકો આ બાજુ કયાં જાય છે? એક માણસે કહ્યું અહિંયા આહારા પાણીનો ત્યાગ કરી કોઈ મહામુનિ પ્રત્યક્ષ ધર્મના મહાનિધિની જેમ રહેલા છે. તેથી તીર્થની જેમ તેને વંદનને માટે નગરના લોકો જાય છે. તે સાંભળી સુગુપ્ત પણ કુતૂહલથી લોકોની સાથે સ્વયંભુદત્ત સાધુને જોવા માટે તે પ્રદેશમાં આવ્યો.

હવે તે મુનિનું રૂપ જોઇ આ મારો બન્ધુ છે–એમ પોતાના બન્ધુને ઓળખી મોટેથી પોકાર કરી રુદન કરતો આ પ્રમાણે કહેવા લાગ્યો, હે–ભાઇ! સ્વજન વત્સલ! કોઈ માયાવી સાધુ વડે તું છેતરાયો લાગે છે જેથી અત્યંત દુર્બલ શરીરવાળા તમે આવી અવસ્થાને પામ્યા છો. હવે પણ જલ્દી આ પાખંડપણાનો ત્યાગ કરો અને આપણે પોતાના દેશમાં જઇએ. તમારા વિયોગથી મારું હૃદય ટુકડા થઈ જાય છે. આ પ્રમાણે ભાઇનું વચન સાંભળી તે સ્વ-

યંભુદત્ત કાંઇક રાગથી તેને બોલાવી બધું વૃતાંત પૂછે છે. દુઃખથી પીડાયેલા તે સુગુપ્ત પણ શોકથી ભરેલી વાણીથી ભીલોએ ઘાડ પાડી ત્યાંથી જુદા પડયા વગેરે પોતાનું સર્વ વૃત્તાંત કહ્યું, આ પ્રમાણે કરુણ વચન સાંભળવા વડે રાગથી કલુષિત ધ્યાન વાળો સર્વાર્થસિદ્ધ વિમાનને યોગ્ય સંયમની વિશુદ્ધિના સ્થાનકોને દૂર કરી લઘુ બંધુ ઉપરના સ્નેહના દોષથી મૃત્યુ પામી સૌધર્મ દેવલોકમાં મધ્યમ આયુષ્યવાળા દેવપણે સ્વયંભુદત્ત મુનિ ઉત્પન્ન થયા. આ પ્રમાણે સંયમની વિશુધ્ધિમાં જે જે યોગો વિઘ્ન કરનારા છે તેનો ત્યાગ કરી આરાધનના અભિલાષીએ હંમેશા સંયમને વિષે અપ્રમત્ત ભાવ ધારણ કરવો જોઇએ.

ઉપદેશ :— થોડા પણ રાગના દોષથી અનશન કરનાર સ્વયંભુદત્ત સાધુની ગતિ જાણી સુખના અભિલાષીએ ઉત્તમ પ્રકારના ચારિત્રની આરાધનામાં રાગનો ત્યાગ કરવો જોઈ એ.

સ્વયંભુદત્તની કથા ૧૦૬મી સમાપ્ત.

—સંવેગરંગ સાલામાંથી.





ચંડ રૂદ્રાચાર્યની કથા

૧૦૭

વિશુદ્ધ મનવાળો જીવ સર્વજીવોને ખમાવતો અને પોતે પણ ક્ષમા આપવામાં તત્પર ચંડ રૂદ્રાચાર્યની જેમ તે જ ક્ષણમાં કર્મક્ષય કરી કેવળ જ્ઞાન પામે છે.

ઉજ્જયિણી નગરીમાં પાપપ્રવૃત્તિને ત્યાગ કરનારા ગીતાર્થ એવા ચંડરૂદ્ર નામના પ્રસિદ્ધ આચાર્ય હતા. પરંતુ તે પ્રકૃતિથી જ પ્રચંડ કોપવાળા હતા તેથી મુનિઓની સાથે રહેવા અસમર્થ થયા અને સાધુઓથી રહિત વસતિમાં રહી એકાંત સ્વાધ્યાય ધ્યાનમાં તત્પર બની યત્નપૂર્વક ઉપશમ ભાવનાથી આત્માને દૃઢ રીતે શુભ ભાવમાં રાખતા ગચ્છની નિશ્રામાં રહે છે.

હવે એક વખત ક્રીડાપ્રિય એવા મિત્રોની સાથે નવો પરણેલો અલંકાર વગેરેથી સુશોભિત એવા એક શેઠનો પુત્ર ત્રણ રસ્તા, ચઉટ્ટુ અને બજાર વગેરેમાં ફરતા તે સાધુઓની પાસે આવી બેઠા, તેના મિત્રોએ મશ્કરીપૂર્વક કહ્યું, હે ભગવંત ! આ અમારો મિત્ર સંસારના વાસથી ઉદ્વેગ પામેલો છે અને દીક્ષા ગ્રહણ કરવા ઇચ્છે છે. એથી જ વિવિધ પ્રકારના શણગાર સજી અહીં આવેલો છે. તો આને દીક્ષા આપો. મુખની આકૃતિ અને તેઓની ચેષ્ટા જાણવામાં કુશળ મુનિઓ તેઓને મશ્કરી કરતા ન જાણતા હોય તેમ પોતાનું

કાર્ય કરવા લાગ્યા. આ પ્રમાણે વારંવાર તેઓ મશ્કરી-પૂર્વક બોલતા અટકતા નથી. તેટલામાં ' કુશિક્ષણવાળા આ લોકો શિખામણ લે ' એમ વિચાર કરી સાધુઓએ એકાંત પ્રદેશમાં રહેલા ચંડરુદ્રાચાર્ય આ અમારા ગુરૂ દીક્ષા આપશે એમ કહ્યું. તેથી તેઓ ક્રીડાપ્રિય હોવાથી આચાર્ય મહારાજ પાસે ગયા અને પૂર્વની માફક આ શેઠના પુત્રને દીક્ષા ગ્રહણ કરવાની ઈચ્છા છે, એ પ્રમાણે કહ્યું, આ મહાપાપીઓ મારી સાથે પણ મશ્કરી કરે છે, તેથી ચિત્તની અંદર ઉત્પન્ન થયેલા અત્યંત ક્રોધવાળા આચાર્ય મહારાજે કહ્યું, જો એ પ્રમાણે હોય તો મને થોડી જલ્દી રાખ આપો. તેથી તેના મિત્રોએ કયાંયથી પણ જલ્દી રાખ લાવીને આપી, પછી શેઠના પુત્રને પોતાના હાથ વડે મજબુત પકડીને નમસ્કાર મહામંત્રનું ઉચ્ચારણ કરતાં સુરિ ભગવંતે લોચ કરવાનો પ્રારંભ કર્યો. ભવિતવ્યતાના યોગથી જ્યારે મિત્રો કંઈ પણ બોલતા નથી અને શેઠનો પુત્ર પણ કંઈ બોલતો નથી, તેથી આચાર્ય ભગવંતે સંપૂર્ણ માથાનો લોચ કર્યો. તે વખતે શેઠના પુત્રે કહ્યું,- ' હે ભગવંત ! અત્યાર સુધી તો મશ્કરી હતી પરંતુ હાલમાં સંયમ પ્રત્યે મને સદ્‌ભાવ જાગ્યો છે, તેથી આપ મારા ઉપર કૃપા કરો અને સંસાર સમુદ્રને તરવામાં નાવ સમાન મોક્ષ સુખને આપનાર, જગતગુરુ જિનેશ્વર ભગવંતે કહેલી ભાવપ્રધાન દીક્ષા મને આપો. ' આ પ્રમાણે કહે છતે આચાર્ય મહારાજે તેને દીક્ષા આપી, તેના મિત્રો મુંઝાયેલા પોતાના સ્થાને ગયા. તે વખતે નવદિક્ષિત

સાધુએ કહ્યું,–હે ભગવંત ! મારા ઘણા સ્વજનો અહિં રહે છે, તેથી નિર્વિઘ્ને ધર્મ કરવા હું શક્તિમાન થઈશ નહિ, માટે આપણે બીજા ગામમાં જઈએ. ગુરૂએ એ પ્રમાણે થાય' એમ અનુમતિ આપી. પછી ગુરુ ભગવંતે રસ્તો જોવા તેને મોકલ્યો. માર્ગ જોઈને તે આવ્યા પછી ગુરૂ ભગવંત ઘડપણથી કંપતા ધીમે પગલે ચાલતાં તે નવ દીક્ષિતના ખભા ઉપર જમણો હાથ ટેકવી ચાલવા લાગ્યા. રાત્રિમાં આંખે ઓછું દેખાવાથી માર્ગમાં વારંવાર પગની સ્ખલના થવાથી અત્યંત કોપાયમાન થયેલા ગુરુએ વારંવાર નવ દીક્ષિતનો તિરસ્કાર કરી કહ્યું કે–શું તેં આવો માર્ગ જોયો ? એ પ્રમાણે વારંવાર કર્કશ વચન બોલતાં નવ-દીક્ષિતના માથામાં દંડથી પ્રહાર કરે છે. ત્યારે નવદીક્ષિત સાધુ અહો ! મહા પાપી એવા મેં આ મહાત્માને આવા પ્રકારના દુઃખરૂપી સમુદ્રમાં નાખ્યા, હું એક જ આ ધર્મના ભંડાર એવા આ આચાર્યના શિષ્યના બાનાથી શત્રુ જેવો થયો, મારા આ ખરાબ આચરણને ધિક્કાર પડો.' એ પ્રમાણે પોતાના આત્માને નિંદતા તેને એવી કોઇ શુભ ભાવના ઉત્પન્ન થઈ જે ભાવનાથી તેને નિર્મળ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. ત્યાર પછી નિર્મળ કેવળજ્ઞાન થવાથી ત્રણે ભુવનના વસ્તુ સમુદાયને જાણનાર તે શિષ્ય તેવી રીતે માર્ગમાં ચાલવા લાગ્યા જેથી પગની સ્ખલના થતી નથી.

હવે સવાર થયે છતે દંડના પ્રહારથી નીકળેલી લોહીની ધારાથી ખરડાયેલા પોતાના નવદિક્ષિત શિષ્યને

જોઈ ચંડરૂદ્રાચાર્ય વિચાર કરે છે–પહેલે દિવસે દીક્ષિત થયેલા પણ આ શિષ્યની અહો આવા પ્રકારની ક્ષમા છે, પણ મારી શ્રુતની સંપદા નિષ્ફળ ગઈ, ક્ષમાગુણથી રહિત મારા આચાર્યપણાને ધિક્કાર પડો. એમ આ પ્રમાણે વૈરાગ્યની વૃદ્ધિથી તે શિષ્યને ઉત્કૃષ્ટ ભક્તિ વડે ખમાવતા તેઓ તેવા પ્રકારના ધ્યાનને પામ્યા કે જે ધ્યાનના પ્રભાવથી તે પણ કેવળી થયા. આ પ્રમાણે તે બન્ને કેવળી ભગવંતો અનેક ભવ્ય જીવોને પ્રતિબોધ કરી અજરામર પદને પામ્યા. આ પ્રમાણે ખમાવવું અને ક્ષમા આપવાથી જીવો અત્યંત પાપના સમુદાયને ક્ષય કરનારા થાય છે.


ક્ષમા આપવામાં તત્પર સાધુ ભગવંત અનુપમ તપ અને સમાધિમાં આરૂઢ થઈ ઘણા ભવોના દુઃખ આપનાર કર્મોને ક્ષય કરતા વિચરે છે.

ઉપદેશ :—ખમવું અને ખમાવવું એ ઉપર શ્રેષ્ઠ મુનિવરોનું કૂળ અહિંયા જાણી તમે પણ હંમેશા તે પ્રમાણે આરાધનામાં એક ચિત્તવાળા થાઓ.

ચંડરૂદ્રાચાર્યની કથા ૧૦૭મી સમાપ્ત.

—સંવેગ રંગસાલામાંથી.





લક્ષ્મી અને સરસ્વતીનો સંવાદ

લક્ષ્મી અને સરસ્વતીનો સંવાદ અહીં બોધ કરનારો છે. તે સાંભળીને અને વિચારીને હંમેશા સુખને માટે ઉદ્યમ કરવો જોઇએ.

સરસ્વતીનો પ્રભાવ

એક વખત લક્ષ્મી અને સરસ્વતી વચ્ચે વિવાદ થયો. સરસ્વતીએ કહ્યુ કે–"જગતમાં હું જ મોટી છું, કારણ કે મેં અંગીકાર કરેલા પુરૂષો બધે સન્માન પામે છે, કહ્યું છે કે–રાજા તો પોતાનાં દેશમાં જ પૂજ્ય છે. પણ વિદ્વાન સર્વત્ર પૂજ્ય છે, વળી હે લક્ષ્મી ! તું જે નાણાં સ્વરૂપે રહેલી છું, તેઓના મસ્તક ઉપર અક્ષર રૂપે જો હું રહું તો જ વ્યવહારમાં લાભ થાય છે, અન્યથા તેને કોઇ ગ્રહણ કરે નહિં માટે હું જ મોટી છું" તે સાંભળી લક્ષ્મી બોલી કે–"હે સરસ્વતી ! તેં જે આ કહ્યું તે તો માત્ર કહેવા રૂપે છે, તારાથી કોઈને પણ સિધ્ધિ થઈ નથી. કારણ કે તેં અંગીકાર કરેલા પુરૂષો મારા માટે લાખો દેશોમાં પરિભ્રમણ કરે છે અને મેં અંગીકાર કરેલા પુરૂષો પાસે આવે છે, સેવકની જેમ તેમની આગળ ઉભા રહે છે. કહ્યું છે કે– 'વયોવૃધ્ધ, તપસ્યા વડે વૃધ્ધ અને બહુશ્રુત એવા વૃધ્ધ પુરૂષો તે સર્વ ધનથી વધેલા ધનિકોના બારણે કિંક-

રની જેમ ઉભા રહે છે, વળી ધનિકોની પાસે અનેક પ્રકારના પ્રિય વચનો બોલે છે, વિવિધ કાર્યો વડે પોતાની કુશલતા બતાવે છે. તેથી શ્રીમંતો પ્રસન્ન થાય છે, અન્યથા પ્રસન્ન થતા નથી. તે કારણથી હે સરસ્વતી ! તેં અંગીકાર કરેલા પુરૂષો મેં અંગીકાર કરેલા પુરૂષોના સેવકો જેવા થાય છે અને મેં અંગીકાર કરેલા પુરૂષોના દોષો પણ ગુણ પણે પરિણામ પામે છે. માટે જગતમાં હું જ મોટી છું. માત્ર જૈન મુનિઓ સિવાય બીજા જે પુરૂષો તારી સેવા કરે છે તેઓ સર્વે પ્રાયે મારી પ્રાપ્તિને માટે જ કરે છે તેઓનો શાસ્ત્ર અભ્યાસ પણ હું શાસ્ત્ર વિશારદ થઇ ઘણી લક્ષ્મી પ્રાપ્ત કરીશ એ પ્રમાણે સાધ્ય સાધન માટે જ છે. જગતમાં પ્રાયઃ બાળકો જે તને અનુસરે છે તેઓ પણ ઉત્સાહ રહિત, માત-પિતા કે અધ્યાપકના ભયથી જ તને સેવે છે પરંતુ પ્રીતિ પૂર્વક તને અનુસરતા નથી. બીજા કેટલાંક વૃદ્ધ પુરૂષો તને અનુસરે છે. તેઓ પણ લજ્જાથી, ઉદર ભરણ પોષણના ભયથી જ, વાસ્તવિક રીતે મેં અંગીકાર કરેલા પુરૂષોને પ્રસન્ન કરવા માટે અભ્યાસ કરે છે. તદ્ ઉપરાંત લોકો પણ તેની હાંસી કરે છે. કે–'અહો ! જુઓ તો ખરા આટલી મોટી ઉંમરે આ ભણવા બેઠો છે, શું પાકે ઘડે કાંઠા ચઢાવવાના છે ? અને મારે માટે તો સર્વે સંસારી જીવો અનુકૂળ છે. નાના બાળકો પણ મારૂં નાણાંદિક સ્વરૂપ જોઈ તરત જ ઉલ્લાસ પામે છે અને મને ગ્રહણ કરવા માટે હાથ લાંબો કરે છે, તો પછી જેઓ પરિપકવ અવસ્થા વાળા છે. તેઓ

મને જોઈ ઉલ્લાસ પામે તેમાં શું આશ્ચર્ય ? જરા અવસ્થાથી ગ્રસિત વૃધ્ધ પણ મને ઉપાર્જન કરવા માટે અનેક પ્રકારના પ્રયત્નો કરે છે. તેમાં કોઈપણ તેને હસતું નથી. પરંતુ ઉલટી તેની પ્રસંશા કરે છે. અહો ! આ પુરૂષ વૃધ્ધ થયા છતાં પણ સ્વ ઉપાર્જિત ધનથી જ પોતાનો નિર્વાહ કરે છે, કોઇને પણ પરાધીન રહેતો નથી. જે પ્રાણીએ એક જ વખત મારૂં સ્વરૂપ જોયું છે તે તો જન્માંતરમાં પણ મને વિસરતો નથી અને તારૂં સ્વરૂપ તો ત્રણે કાલમાં ભૂલી જવાય છે, માટે હે સરસ્વતી ! મારી પાસે તારૂં માન કેટલું ? જો કદાચ મારી આ વાત પર તને વિશ્વાસ ન આવતો હોય તો આ સમીપમાં 'શ્રી નિવાસ' નામનું નગર છે, ત્યાં આપણે જઈએ." ત્યાર પછી તે બન્ને દેવીઓ નગરની પાસે રહેલા ઉદ્યાનમાં ગઇ. લક્ષ્મી બોલી, 'હે સરસ્વતિ ! તું કહે છે કે-હું જ જગતમાં મોટી છું તો તું જ પ્રથમ નગરમાં જા અને તારી શક્તિથી સર્વ લોકોને વશ કરી તારા આધીન બનાવ, પછી હું આવીશ. અને તને બતાવીશ કે તારે આધીન થયેલા લોકો મને સેવે છે કે-નહી? તેમાં આપણા બંનેમાંથી એકનું મહત્વ જણાઈ આવાશે.

સરસ્વતી પોતાનો પ્રભાવ બતાવે છે-

ત્યાર પછી સરસ્વતી મનોહર, અદ્‌ભુત સ્વરૂપ વાળું અને વસ્ત્ર અલંકાર વગેરેથી સુશોભિત બ્રાહ્મણનું રૂપ ધારણ કરી નગરમાં ગઈ. બજારમાં જતાં બ્રાહ્મણ રૂપે તેણે એક મોટો મહેલ જોયો, તેમાં ક્રોડપતિ શેઠ રહેતો હતો, ત્યાં

દ્વારની પાસે તે ધનિકનું આસન હતું. ઘણા ઉત્તમ વસ્ત્રાલંકારોથી વિભૂષિત થયેલા તથા સેવકોથી સેવાયેલા અને મનોહર ભદ્રાસન ઉપર બેઠેલા તે ધનિકને દેખીને તે માયાવી બ્રાહ્મણે તેને આશિર્વાદ આપ્યો. તે શેઠે પણ મનોહર સ્વરૂપ, ઉત્તમવેષ અને ગુણોના સમૂહથી અલંકૃત તે પવિત્ર બ્રાહ્મણને, આસન પરથી ઉભા થઇ સાત-આઠ ડગલા તેની સન્મુખ જઈ સાષ્ટાંગ પણાઅ કર્યા. અને તેને બહુમાન પૂર્વક બીજા ભદ્રાસન ઉપર બેસાડી પોતે પોતાનાં ભદ્રાસન ઉપર બેઠો. તેના ગુણોથી રંજિત થયેલા શેઠે બ્રાહ્મણને પૂછ્યું 'હે બ્રાહ્મણ! આપ કયાંથી આવો છો? આપ કયા દેશના રહીશ છો? અહીંયા આપશ્રીનું પધારવું શા કારણે થયું છે? કયા પુણ્યશાળીને ઘેર આપનો ઉતારો છે? અને આપનું નામ શું છે?" આ પ્રમાણે ધનિકના પૂછવાથી તે બ્રાહ્મણ બોલ્યો-હો અને બ્રાહ્મણના પ્રતિ પાલક હે શેઠ! હું કાશી દેશમાં વારાણસી નામની નગરીમાં બ્રાહ્મણના ષટ્કર્મમાં આસક્ત એવો રહું છું અને સર્વે શાસ્ત્રોને ભણેલો હું ધર્મની રૂચિવાળા જીવોને પુરાણાદિકની કથાઓ સંભળાવવા વડે મારો કાલ સુખે જાય છે.

બીજું અનેક બ્રાહ્મણોને હું વેદાદિક શાસ્ત્રોનું અધ્યયન કરાવું છું. તે નગરનો રાજા પણ ભક્તિ પૂર્વક મારી સેવા કરે છે. તે રાજાએ મને ગૃહસ્થાશ્રમના નિર્વાહ માટે અમુક ગામો પણ આપેલ છે તેથી હું સુખે રહું

છું. એક વખત શાસ્ત્રો વાંચતા તેમાં તીર્થયાત્રાનો અધિકાર આવ્યો કે—'મનુષ્ય જન્મ પામીને જેણે તીર્થયાત્રા કરી નથી તેનો જન્મ નિષ્ફળ જાણવો' આ પ્રમાણે તીર્થ-યાત્રાનું ફળ જાણીને મને તીર્થયાત્રા કરવાનો મનોરથ જાગ્યો. તેથી હું ઘરનું સુખ છોડી તીર્થયાત્રા પગે ચાલીને કરવાથી મોટું ફલ મલે છે એમ જાણી એકલો જ તીર્થ-યાત્રા કરતો કાલે જ અહીં આવ્યો છું. એક શાસ્ત્રાભ્યાસ કરનારાઓની શાળામાં મારો ઉતારો છે. ત્યાં રાત્રિ વ્યતીત કરી સવારે સ્નાનાદિક ષટ્કર્મ કરી આ નગર જોવા નીકળ્યો છું. બજારમા ફરતા મને આપ શ્રીમાન પુણ્યશાળીનું દર્શન થયુ, 'આ યોગ્ય છે એમ જાણી આપને આશિર્વાદ આપ્યો' આ પ્રમાણે કહી તે માયાવી બ્રાહ્મણ મૌન રહ્યો. ત્યારે તે શેઠે બે હાથ જોડીને કહ્યું કે-'આજે મારા પુણ્યનો ઉદય થયો કે જેથી સર્વ ગુણોથી ભૂષિત તીર્થયાત્રાએ નીકળેલા આપના દર્શનથી મારો મનુષ્ય જન્મ સફળ થયો, આપનું દર્શન હું પ્રત્યક્ષ ઈશ્વર તુલ્ય માનું છું, આજે ગરીબ એવા મારા ઉપર આપે મોટી કૃપા કરી છે, આજે વગર બોલાવેલી ગંગા નદી મારે આંગણે આવી છે. એમ હું માનું છું. તેથી અમૃત ઝરનારી તમારી વાણીના ઉપ-દેશ વડે આપ મારા પર અનુગ્રહ કરો' તે સાંભળી બ્રાહ્મણ અત્યંત મધુર વાણી વડે ચિત્તને આનંદ આપનારા સુંદર શ્લોકો વગેરે કહેવા લાગ્યો. સકલ ગુણોના સમુહથી અલંકૃત હૃદયવાળો, સર્વ ઘરના કાર્યને ભૂલી જઈ વિક-સ્વર નેત્ર અને મુખવાળો શેઠ વારંવાર પ્રશંસા કરતો અને

મસ્તક ધૂણાવતો સ્થિર ચિત્તે સાંભળે છે. તે વખતે માર્ગમાં જતાં આવતાં લોકો પણ તે વાણી સાંભળી રાગથી ખેંચાઈ સ્થિર મને તેની વાણી સાંભળી રહ્યા છે. જેઓ શાસ્ત્ર વિશારદ અને શાસ્ત્રોના પરમાર્થને કંઠે રાખનારા પંડિતો હતા. તેઓ પણ ત્યાં આવી તેની વાણી સાંભળવા લાગ્યા. આ પ્રમાણે તેની નવા નવા ભાવોથી શોભતી બુદ્ધિની પટુતાવાળી સર્વ મુખી વાણીની કુશળતાને જોઈને તે પંડિતો પોત-પોતાની નિપુણતાનો ગર્વ તજી દઈ બ્રાહ્મણની વાણીની પ્રશંસા કરવા લાગ્યા, 'અહો!! આ બ્રાહ્મણ અન્ય રૂપે આવેલા શું બ્રહ્મા છે? અહો!! શું આ સર્વ રસોની મૂર્તિ છે? અહો !! આનું ચમત્કાર બતાવવાનું કુશલતા પણું ? અહો !! આની અત્યંત કઠીન અને ગંભીર અર્થને શ્રોતાના હૃદયમાં સરળતાથી ઉતારવાની શક્તિ ?' આ પ્રમાણે અનેક લોકો પ્રશંસા કરતાં, પોત પોતાના ઘરનું કાર્ય ભૂલી જઈ આહાર પાણીની ઇચ્છાનો ત્યાગ કરી કાન સરવા કરી સાંભળવા લાગ્યા, આ પ્રમાણે સાંભળતા એવા તેઓનો સવા પહોર પૂર્ણ થયો. આ સમયે નગરની બહાર ઉપવનમાં રહેલી લક્ષ્મીદેવીએ મનમાં વિચાર કર્યો—આ સરસ્વતીએ નગરમાં જઈને પોતાની શક્તિનું બળ બતાવ્યું હશે હવે હું ત્યાં જઈને તેની શક્તિના પ્રભાવનો વિનાશ કરું.'

'લક્ષ્મીની માયા'—

આ પ્રમાણે વિચાર કરી લક્ષ્મીદેવીએ એક વૃધ્ધાનું રૂપ ધારણ કર્યું. તે રૂપ કેવું છે કે-ઘડપણ વડે શરીર સંકો-

ચાયેલું હતું, મુખમાંથી, નેત્રોમાંથી અને નાકમાંથી યથા અનુરૂપ રસ ઝરે છે એટલે મુખમાંથી લાળ નીકળે છે, નેત્રમાંથી પાણી ઝરે છે, નાકમાંથી લીંટ નીકળે છે. મુખમાં દાંત તો છે નહિ. અર્થાત્ ડોશી બોખી છે. અતિ જરા અવસ્થા હોવાથી માથે કેશ ખરી ગયા છે, એથી ટાલ પડી ગઈ છે. શરીરમાં તેજ નથી. બરાબર બોલાતું નથી. આંખ નિસ્તેજ છે, કેડથી વળી ગઇ છે, હાથમાં લાકડીને ધારણ કરી લાકડીના ટેકે ટેકે ચાલે છે છતાં ઘડિયે ઘડિયે પગ લથડિયા ખાય છે. આવું સ્વરુપ ધારણ કરી, નગરમાં ભમતી ભમતી તે જ શેઠના મહેલનાં પાછલા દરવાજે આવી અતિ દીન વાણી વડે જલ માગવા લાગી. તેણીના પ્રભાવ વડે પત્ની અને જે શેઠની પુત્રવધુ ઉઘાડા બારણામાં બેસી પેલા બ્રાહ્મણની વાણી સાંભળતાં હતાં, તેઓના કાનમાં વૃદ્ધાનું વચન ઉકાળેલાં સીસા જેવું અતિ ઉગ્ર લાગ્યું અને સાંભળતાં એવા તેઓનો રસ ભંગ થવા લાગ્યો. તેથી શ્રવણમાં વિઘ્ન થવાથી ક્રોધ પામેલી સાસુએ વહુને કહ્યું--હે વત્સે! જો, પાછલા બારણે કોણ પોકાર કરે છે? જે કાંઈ માગે તે આપીને અહીંથી કાઢી મૂક, જેથી આ મધુરવાણી સુખે સાંભળી શકાય, આવું શ્રવણ પુણ્યોદયથી પ્રાપ્ત થયેલું છે, માટે જલ્દી જઈ તેને રજા આપી પાછી આવ, આ પ્રમાણે સાસુએ વારંવાર કહ્યું ત્યારે સાસુનું વચન અલંઘનીય હોવાથી એક પુત્ર-વધુ કાંઈક બડબડ કરતી દોડતી ત્યાં ગઈ અને તે ઘરનું પાછલું બારણું ઉઘાડીને ડોશીને

કહેવા લાગી કે-'અરે રંડે! ડોશી કેમ બરાડા પાડે છે? અમૃત પાનની જેમ સંસારની પીડાને હરનારૂં ધર્મ વચન સાંભળતી એવી અમને કેમ અંતરાય કરે છે? તારે શું જોઇએ છે? તે કહે અને લઈને અહીંથી ચાલી જા.' આ સાંભળીને ડોશીએ કહ્યું કે-'હે પુણ્યવતી! સૌભાગ્યવતી! ધર્મ સાંભળવાનું ફળ દયા છે, દયા વિના સર્વ વૃથા છે. માટે દયા કરી મને જલપાન કરાવ, મને ઘણી તરસ લાગી છે, મારો કંઠ તૃષાથી બહુ જ સૂકાય છે.' તે સાંભળીને વહુએ તરત જ પાણીનો લોટો ભરી લાવીને કહ્યું કે—'લે તારૂં પાત્ર જલ્દી બહાર કાઢ, પાણી આપીને મારે જવું છે, હાલમાં મારો ચિંતામણિ રત્નની પ્રાપ્તિ કરતાં પણ અધિક ધર્મ શ્રવણનો કાળ જાય છે, તેથી પાણી લઈ અહીંથી જલ્દી ચાલી જા. ડોશીએ કહ્યું કે-'બહેન હું ઘરડી છું, તેથી ધીમે ધીમે પાત્ર કાઢું છું.' આ પ્રમાણે કહી તે ડોશીએ પોતાની ઝોળીમાંથી રત્નમય પાત્ર બહાર કાઢી તેને પોતાના હાથમાં રાખી જલ લેવા માટે પોતાનો હાથ લાંબો કર્યો. તે વખતે તે વહુ તેજના સમૂહથી દેદીપ્યમાન લાખ રૂપિયાના મૂલ્યવાળું અને કોઈ વખત નહી દીઠેલું પાત્ર જોઇને અતિ વિસ્મય ચિતવાળી તે બોલી. 'હે વૃધ્ધ માતા!' તમારી પાસે આવું રત્નમય પાત્ર હોવા છતાં પણ તમે દુઃખી કેમ થાઓ છો? શું તમારૂં અહિંયા કોઈ પણ નથી?' ત્યારે વૃધ્ધાએ કહ્યું, કે-'હે કુલવતી! મારે પહેલાં તો ઘણા પુત્ર પૌત્ર હતા, પણ સર્વે મરી ગયા છે, હું શું કરૂં? કર્મની ગતિ વિચિત્ર છે, કોણ જાણે કે શું થયું

અને શું થશે? હમણાં તો હું એકલી જ છું, આવા પાત્રો તો મારી પાસે ઘણાં જ છે, પરંતુ મારી સેવા કરનારૂં કોઈ નથી જે કોઈ મારી સેવા કરે અને જિંદગી પર્યંત મને અનુકૂળ રહે તેને મારી સર્વ લક્ષ્મી આપી દઉં. મારે રાખીને શું કરવું છે. લક્ષ્મી કોઈની સાથે ગઈ નથી અને જશે પણ નહી.' એમ કહી તે વૃદ્ધાએ ઝોળી ઉઘાડી તે વહુને બતાવી. વહુ તે ઝોળીની અંદર જોવા લાગી. તો તેમાં અનેક રત્નોના પાત્રો અનેક રત્નોના આભૂષણો, તેમજ તે દરેક ક્રોડ ક્રોડના મૂલ્યવાળા, પૃથ્વી ઉપર અલભ્ય, કોઈ વખત પૂર્વે નહીં જોયેલા પુરૂષ અને સ્ત્રીને યોગ્ય વસ્ત્રો હતાં. તે વહુ ઝોળીમાં આભૂષણ જોઈ કથા સાંભળવાનું ભૂલી ગઈ અને લોભથી વ્યાકુલ ચિત થયું. લોભમાં આસક્ત તે વહુએ વૃધ્ધાને કહ્યું–'કે માતા! શા શા માટે તમે દુઃખી થાઓ છો? હું તો તમારી પુત્રી તુલ્ય છું. જીવન પર્યંત હું તમારી સેવા કરીશ. આપે કાંઈ પણ શંકા કરવી નહીં, ઘરની અંદર આવો અને સુખેથી આ ભદ્રાસન પર બેસો.' ત્યાર પછી તે વૃધ્ધા ધીમે ધીમે ચાલતી ઘરની અંદર આવી અને ભદ્રાસન ઉપર બેઠી. તે વહુ 'ખમા ઘણી ખમા' એ પ્રમાણે બોલતી દાસીની જેમ તેની પાસે ઉભી રહીને વૃધ્ધાની ખુશામત કરવા લાગી. પછી તે વૃધ્ધાએ વહુને પૂછ્યું કે 'હે પુત્રી તું મને અહીં રાખવાને ઇચ્છે છે, તો શું આ ઘરમાં તું જ મુખ્ય છે? કે જેથી તું નિઃશંકપણે મને નિમંત્રણ કરે છે? ત્યારે વહુ બોલી કે–'હે માજી! હું મુખ્ય નથી, પણ મારા

સાસુ–સસરા આ ઘરમાં મુખ્ય છે.' વૃધ્ધા બોલી–'તો તું તેમની આજ્ઞા વગર મને કેમ રાખી શકીશ?' વહુ બોલી–'હે માજી! આ ઘરમાં મારા સાસુ, સસરા, જેઠ, જેઠાણી અને દીયર, દેરાણી છે. તે સર્વે મારી અનુકૂળ છે, માટે તમારે અહીં સુખેની રહેવું.' તે સાંભળી વૃદ્ધાએ કહ્યું કે–'જો એમ જ હોય તો પણ નહી, પણ તારા સાસુ સસરા સન્માનપૂર્વક મને આગ્રહથી રાખે તો જ હું રહી શકું. નહી તો એક ઘડી પણ હું અહીં રહેવાની નથી. કારણ કે હે પુત્રી! જ્યાં એકના ચિત્તમાં પ્રીતિ અને બીજાના ચિત્તમાં અપ્રીતિ હોય તો ત્યાં રહેવું યોગ્ય નથી.' વહુ બોલી કે–'જો તેઓ સર્વે વિનયપૂર્વક તમારૂં સન્માન કરે, તો તમે સ્થિર ચિત્તે અહીં રહેજો? બીજી કાંઈ ઇચ્છા છે? ત્યારે વૃધ્ધાએ કહ્યું, કે–'બસ એટલું જ જોઈએ છે.' તરત જ વહુ જલદી ચાલી અને જ્યાં બારણું બંધ કરીને સાસુ અંદર બેસી ધર્મ સાંભળી રહ્યા છે, ત્યાં જઇને વહુએ સાસુને કહ્યું,–કે 'હે માતા! આપ જલ્દી ઘરમાં આવો! ત્યારે સાસુએ શ્રવણ ભંગ થવાથી કહ્યું, કે મુખી કેમ ફોગટ અમૃત સરખી વાણી સાંભળવામાં વિઘ્ન કરે છે, વિધાતાએ તને મનુષ્યરૂપે ગધેડી બનાવી લાગે છે. દુર્લભ એવા મનુષ્ય જીવને સફળ કરતી એવી મને તું ભ્રમ પાડીને કેમ વિઘ્ન કરે છે?, તેથી તેના પાપ વડે તું મરીને ગધેડી થઈશ? ત્યારે વહુએ કહ્યું, હે પૂજ્ય! એક વૃધ્ધમાતા આપના મહા પુણ્યના ઉદયથી ઓચિંતા બોલાવ્યા વિના લક્ષ્મીજીની જેમ અહિં આવ્યા છે. તે

સાંભળીને ગર્વ પામેલી સાસુએ અહંકાર સહિત વહુને કહેવા લાગી–'હે મુર્ખી! આ નગરમાં આપણાથી મોટું કોણ છે? કે જેને તું સરસવને મેરૂની ઉપમા આપે છે, માટે મેં જાણ્યું કે તુ મૂર્ખમાં પણ મૂર્ખ શિરોમણી છે, તું અવસર અને અનવસરને પણ જાણતી નથી, કદાચ કોઈ મોટો માણસ અનવસરે આપણા ઘેર આવ્યો હોય તો તેને યોગ્ય સન્માન અને સત્કાર કરી વિદાયગિરી આપી પોતાના કાર્યમાં સાવધાન થાય તે જ ડાહ્યા કહેવાય છે, પણ તારા જેવા ડાહ્યા કહેવાય નહી. આ પ્રમાણે સાસુનું વચન સાંભળીને વહૂએ કહ્યું, કે–'આપે જે કહ્યું તે બરાબર છે, પરંતુ એકવાર અહીં આવો અને મારૂં એકવાર વચન સાંભળી પછી તમે ઇચ્છા પ્રમાણે કરજો, શા માટે ફોગટ લોકોને સંભળાવો છો. તે સાંભળી સાસુ કપાળ ઉપર ભ્રકુટી ચડાવી આંખો વાંકી કરી ઘરમાં આવી અને બોલી–'તું શું બબડે છે?' એ પ્રમાણે કહ્યું, ત્યારે તે વહુએ પોતાની બગલની અંદર કપડામાં રાખેલું રત્ન-જડિત સુવર્ણમય પાત્ર બહાર કાઢી દેખાડ્યું. તે જોતાં જ સૂર્યનો ઉદય થતાં કમલની જેમ સાસુનું મુખ વિકસ્વર થયું, પ્રસન્નમય ચિત્તવાળી તેણીએ વહુને પૂછ્યું કે–'હે પુત્રી! આ તારા હાથમાં કયાંથી આવ્યું?' વહુએ કહ્યું–'હે પૂજ્ય! આજે તમારા જ પુણ્યના ઉદય વડે ગંગાનદી પોતાની મેળે જ વગર બોલાવી તમારા ઘેર આવી છે, તો તમે મારા ઉપર કેમ કોપ કરો છો? તમે પુરી વાત જાણ્યા વિના મને આવા ખરાબ વચનો કહ્યા તે તમારા જેવાને

યોગ્ય નથી, તમારા ચરણની સેવા કરતાં મારી આટલી ઉંમર ગઈ તે સર્વે આજે ઘરના સર્વ માણસો વચ્ચે નિષ્ફળ ગઈ. હું તમને શું જવાબ આપું? કોઈ વાત પૂજ્યને કહેવા યોગ્ય હોય અને કોઈ વાત એકાંતમાં ચાર કાને જ રાખવા જેવી હોય છે, તેથી બધાનાં સાંભળતા તમને શું કહેવું? હવે તમારી ઇચ્છા હોય તે પ્રમાણે કરો. આ પ્રમાણે વહુનું વચન સાંભળી સાસુએ કહ્યું, કે- 'હે વિદુષી! હું જાણું છું કે તું વિચક્ષણ અને સમયને જાણનારી તથા ઘરના અલંકાર રૂપ છે, પણ શું કરૂં? ધર્મ સાંભળવામાં મગ્ન ચિત્ત હોવાથી મેં જાણ્યું નહીં. તેથી મેં જે તને દુર્વચન કહ્યું તેની ક્ષમા માંગું છું. પરંતુ તે વૃદ્ધા કયાં છે? વહુએ કહ્યું, કે-'ઘરમાં ભદ્રાસન પર બેસાડયા છે,' તેથી તમે ત્યાં જઈને સુખના આલાપ-પૂર્વક શિષ્ટાચાર કરી તેણીનું મન પ્રસન્ન કરો. પછી તે સાસુ, વહુ સહિત ત્યાં જઈને વિનયપૂર્વક તે વૃદ્ધાને સુખ સમાચાર પૂછી વિનંતી કરી. 'હે માતા! તમારે આનંદ સુખપૂર્વક પોતાના ઘરની જેમ જ આ અમારા ઘરમાં રહેવું, કાંઇ પણ શંકા કરવી નહી. આવા મારા પુણ્ય કયાંથી? કે-તમારા જેવા વૃદ્ધાની સેવા હું કરૂં? તમે તો મારા માતુશ્રી સમાન છો, તમારે મને પુત્રી તરીકે જ ગણવી, અમારા પ્રબળ પુણ્યના ઉદયથી તીર્થસ્વરૂપ તમે અમારે ઘેર પધાર્યા છો, આ મારી ચારે પુત્રવધુઓ તમારી સેવામાં દાસીની જેમ તમારા આદેશ પ્રમાણે કાર્યમાં તત્પર રહેનારી સમજવી, ખાવું, પીવું, સ્નાન, શયન, શય્યા

ઉપાડવી વગેરે જે કાંઈ કામકાજ હોય તે તમારે નિઃશંક રીતે અમને કહેવું. આ પ્રમાણે સાંભળી વૃદ્ધાએ કહ્યું, કે-હે ભદ્રે ! તમોએ સારૂં કહ્યું, પરંતુ તમારો સ્વામી અહીં આવી બહુમાન અતિ આદરપૂર્વક નિમંત્રણ કરે તો જ હું રહું, કેમકે ચિત્તની પ્રસન્નતા વિના કોઇને ઘેર રહેવું તે ઠીક નહીં. તે સાંભળી શેઠાણી બોલી કે-એટલાથી જ જો તમારા મનથી પ્રસન્નતા થતી હોય તો, તે પણ સુખે થઈ શકે તેમ છે. મારો સ્વામી આવા કાર્યમાં તો અત્યંત હર્ષ અને ઉત્સાહ સહિત પ્રસન્ન થઇને સર્વ કાર્ય કરે છે. ત્યારે તે વૃધ્ધાએ કહ્યું, કે-જો એમ હોય તો તેની અનુજ્ઞા વિના મારે અહીંયા રહેવું યોગ્ય નથી. શેઠાણીએ કહ્યું, કે-તમો કહો તો, તેમને બોલાવીને અનુજ્ઞા અપાવું. વૃધ્ધાએ કહ્યું કે-તે કયાં ગયા છે ? શેઠાણીએ કહ્યું, કે-કોઈ પરદેશી બ્રાહ્મણ આવેલો છે, તેની પાસે ધર્મનું શ્રવણ કરે છે. પણ તેમને હું હમણાં બોલાવું છું. વૃધ્ધાએ કહ્યું, કે-જો એમ હોય તો તેમને ધર્મશ્રવણમાં અંતરાય ન કરવો જોઈએ. શેઠાણીએ કહ્યું, કે એવા તો પોતાના ઉદરના નિર્વાહ માટે ઘણા આવે છે. તેથી શું ઘરનું કાર્ય બગાડાય છે ? એમ કહીને તે શેઠાણી દોડતી જ્યાં ઘરની અંદર રહીને વહુઓ ધર્મ સાંભળતી હતી ત્યાં જઈ ઘરના બારણે ઉભા રહી પોતાના એક સેવકને બે ત્રણ બૂમ પાડીને બોલાવ્યો, પણ તે શ્રવણમાં તલ્લીન થયેલો હોવાથી દુભાતે મને છતાં ત્યાં આવ્યો. શેઠાણીએ કહ્યું, કે-તું શેઠના કાનમાં જઈને કહે કે તમને ઘરમાં શેઠાણી બોલાવે

છે. તે ચાકરે તે પ્રમાણે શેઠને કહ્યું. ત્યારે શેઠે ક્રોધથી આ પ્રમાણે કહ્યું, કે-એવું શું મોટું કાર્ય આવી પડયું છે કે જેથી આવા ધર્મના ઉપદેશ શ્રવણ સમયે બોલાવે છે? માટે **જા જા** અને તેણીને કહે કે-જે કામ હોય તે હમણાં રાખી મૂકો. ચાર ઘડી પછી આવીશ. હમણાં તો મૌન ધારણ કરી અમૃત સરખી દેશના સાંભળો. એ સાંભળીને ચાકરે તે પ્રમાણે શેઠાણીને જણાવ્યું. ફરીથી શેઠાણીએ કહ્યું, કે તું ફરીથી શેઠને કહે કે-ઘણું અગત્યનું મોટું કામ છે. માટે ઘરમાં જલ્દી આવો. ત્યારે ચાકરે કહ્યું, કે-હું તો હવે જઈશ નહી, કારણ કે મારા ઉપર શેઠ ગુસ્સે થાય છે, માટે બીજાને કહો. ત્યારે શેઠાણીએ બીજા સેવકને મોકલ્યો, તેને પણ શેઠે તે જ પ્રમાણે જવાબ આપ્યો. ત્યારે છેવટે શેઠાણી બારણા ઉઘાડી લોકોની લજ્જાનો ત્યાગ કરી, મુખનું આવરણ દૂર કરી શેઠને કહેવા લાગી કે-'હે સ્વામિ! જલ્દી ઘરમાં આવો, ઘણું મોટું કામ આવી પડયું છે. ત્યારે શેઠે વિચાર કર્યો કે-'ખરેખર કાંઇક રાજ્યનું કાર્ય આવી પડયું લાગે છે, નહી તો લાજ છોડીને આટલા લોકો બેઠાં છતાં કેમ મોઢું ઉઘાડીને બોલે? માટે અવશ્ય મારે જવું જોઈએ.' એ પ્રમાણે વિચાર કરી તે મહામુશ્કેલીથી ઉભા થઇ ઘરમાં આવી કહ્યું કે-અરે! બોલ, બોલ, કેમ ધર્મશ્રવણમાં અંતરાય કરી મને બોલાવ્યો છે. શેઠાણીએ કહ્યું,-હે સ્વામિ! આકુળ વ્યાકુળ કેમ થઇ જાઓ છો? તમારૂં ભાગ્ય ઉઘડયું છે. જે કારણથી કોઇ વૃદ્ધ માતા આપણા ઘરે આવી છે. શેઠે કહ્યું-'કોણ તારી વૃધ્ધ માતા

છે? કે જે અહીં આવેલી છે?' એ પ્રમાણે બોલતાં તે શેઠને તેણી ઘરની અંદર લઈ જઈ તે રત્નપાત્ર બતાવ્યું. તેને જોવા માત્રથી જેમ પારસમણીના લાભમાં લોખંડને ભૂલી જાય તેમ પૂર્વનું સર્વ સાંભળેલું ભૂલી જઈ, બોલ્યો કે-કોઈ પણ વખત નહી જોયેલું એવું આ રત્નપાત્ર કયાંથી ? ત્યારે તેણીએ જવાબ આપ્યો કે-'હે સ્વામી! હાલમાં આપણે વ્યાખ્યાન સાંભળતા હતા, ત્યારે કોઈ પરદેશી ડોશી આવી અને તેણે આપણાં આંગણામાં ઉભા રહી પાણી માંગ્યું, ત્યારે મેં મોટી વહુને આજ્ઞા કરી કે જો જો કોણ આવ્યું છે, જે આવી રાડો પાડીને ધર્મશ્રવણમાં અંતરાય કરે છે? તેથી તે જે માગે તે આપી તેને કાઢી મૂકી અહીં આવ' ઈત્યાદિ સર્વ વૃત્તાંત સ્વામિને જણાવી કહ્યું, કે-હે સ્વામિ ! તમારા પુણ્યના ઉદયથી આ વૃદ્ધા જંગમ નિધાનની જેમ આવેલી છે, અને પ્રથમ જ તમારે ઘેર આવેલી છે, તેણીની પાસે આવાં પાત્રો, વસ્ત્રો અને આભૂષણો ઘણાં છે, માટે તેણીને બહુ માનપૂર્વક આપણા ઘરમાં રાખો. આ સાંભળીને લોભથી વ્યાકુલ બનેલો શેઠ તેની સાથે જ્યાં વૃદ્ધા છે, ત્યાં જઈ ને પ્રણામ કરી કહેવા લાગ્યો. હે માતા ! તમે કયાંથી પધાર્યા છો? શું તમારે કોઇ પરિવાર નથી? આ સાંભળી વૃધ્ધાએ કહ્યું, કે-'હે બંધુ ! પહેલાં તો મારે આવું જ ઘર, ધન, અને સ્વજન વગેરે એટલી બધી સમૃધ્ધિ હતી કે તેટલી રાજાને પણ ન હોય, પરંતુ હમણાં તો કેવલ એકલી જ છું. સર્વ સંસારી જીવોની કર્મની ગતિ આવી વિચિત્ર છે. કહ્યું, છે કે-' શુભ કે અશુભ જે કર્મ કર્યા હોય તે અવશ્ય ભોગ-

વવાં જ પડે છે, બાંધેલા કર્મો ભોગવ્યા વિના સેંકડો કે કરોડો કલ્પો ચાલ્યા જાય તો પણ તે કર્મો ભોગવ્યા વિના ક્ષય પામતાં નથી. માટે હે બંધુ ! કર્મના દોષથી આવી વૃધ્ધા અવસ્થા પ્રાપ્ત થઈ છે, હાલમાં હું શું કરૂં ? તે સાંભળીને શેઠે કહ્યું, કે-' હે માતા ! હવે તમારે કયારે પણ અધીરાઇ ન કરવી, અમને સર્વને તમારે તમારી સંતતિ પ્રમાણે જ ગણવાં, હું પણ તમારી આજ્ઞા પ્રમાણે વર્તનાર છું, એમાં કાંઈ પણ સંદેહ રાખવો નહી, આ ઘરને પોંતાના ઘરની જેમ જ ગણવું, તમારી આજ્ઞા જ મારે તો પ્રમાણ છે, હું મન, વચન અને કાયાથી માતાની જેમ તમારી ભક્તિ કરીશ, વધારે કહેવાથી સર્યું. વળી શેઠાણીએ કહ્યું, કે-' હે માતા ! અહીં બારણા આગળ કેમ બેઠાં છો ? ઘરમાં આવો અને આ પલંગને અલંકૃત કરો.' આ પ્રમાણે કહીને તરત જ શેઠાણી અને વહુ તે વૃદ્ધાનો હાથ પકડીને ખમા ખમા બોલતી ઘરના પલંગ ઉપર બેસાડી.

આ અવસરે દેવમાયાથી શું થયું ? જ્યાં બ્રાહ્મણ રૂપે સરસ્વતી વ્યાખ્યાન કરે છે અને ત્યાં પૂર્વે કહેલાં લોકો શ્રવણ કરે છે. તે જ બજારમાં કેટલાંક રાજસેવકો અને બીજા કેટલાંક નગરના ભિક્ષુકો વિવિધ પ્રકારના વસ્ત્રો અને આભૂષણો હાથમાં રાખીને દોડતા દોડતા તેઓ ત્યાં આવ્યા. તેઓને જોઇને કથાના શ્રવણમાં તલ્લીન થયેલાં તે લોકોએ પૂછ્યું કે-આ સુવર્ણ તથા રૂપાનાં અલંકારો, વસ્ત્રો વગેરે કયાંથી લાવ્યા ? તથા ઉતાવળા ઉતાવળા કયાં જાઓ છો ? એટલે તેઓ બોલ્યા કે-'આજે અમુક કોટ્યાધિપતિ શેઠે,

રાજાનો મોટો અપરાધ કર્યો હતો, તેથી અત્યંત કોપ પામેલા રાજાએ આદેશ કર્યો કે સર્વે રાજાના સેવકો અને નગરના લોકો સ્વેચ્છાએ આ અપરાધિ ધનિકનું જે કાંઇ જે જે વસ્તુ ગ્રહણ કરે તે તેનું જ જાણવું અને સુખેથી ગ્રહણ કરવું. અથવા તેનું ઘર લૂંટી લો અને તેમાં અમારા તરફથી ભયની શંકા સેવવી નહીં.' આવો હુકમ થવાથી સર્વ લોકો ઘર લૂંટવા લાગ્યા છે. લોકોએ ઘણું લુંટયું તો પણ હજુ ઘણું ધન છે. તો તમે કેમ જતા નથી? જલદી ત્યાં જાઓ, ત્યાં જઇ સ્વેચ્છાએ ગ્રહણ કરો. કોઇ પણ અટકાયત કરનારું નથી, આવો અવસર ફરીથી કયારે મલશે? અહિં બેસી ધર્મ સાંભળવાથી શું હાથમાં આવશે? આ પ્રમાણે તેઓ વડે ઉત્સાહિત થયેલા જે લોભી હતા તે સર્વે દોડતા ત્યાં ગયા. હવે પંડિતો, શેઠીઆઓ અને વ્યાપારીઓ ત્યાં બેસી ધર્મ-શ્રવણ કરી રહ્યા છે. એટલામાં તે અવસરે તે જ નગરમાં કેટલાક બ્રાહ્મણો ત્યાં વસ્ત્ર, ભોજન વગેરે લઈ ને દોડતાં આવ્યા. ત્યારે પંડિતો અને બ્રાહ્મણોએ પૂછયું-આ કોને ઘેરથી લાવ્યા? ત્યારે તેઓએ કહ્યું, કે-'રાજાના મંત્રીનો પુત્ર મરણાંત દુઃખમાંથી બચી નિરોગી થયો છે. તેથી તેના પિતા દરેક બ્રાહ્મણને પાંચ પાંચ વસ્ત્ર, સુંદર ભોજન અને એક એક સોનામહોર આપે છે, તમે અહીં કેમ બેઠાં છો? ત્યાં કેમ જતાં નથી? ત્યાં જાઓ, તમે તો પંડિતો છો, તેથી તમને ઘણું આપશે.' આ સાંભળી પંડિતો અને સાધારણ બ્રાહ્મણો તે તરફ દોડયા. હવે કેટલાંક શેઠીઆઓ અને શાહુકારો ત્યાં બેસીને ધર્મ શ્રવણ કરી રહ્યા છે. આ

અવસરે દલાલી કરનારા વ્યાપારીઓ ત્યાં આવ્યા અને શેઠીઆઓને ઉદ્દેશીને કહેવા લાગ્યા,–' હે શેઠીઆઓ ! આજે અમુક પરદેશી સાર્થવાહ કે જેઓ આ ગામમાં ઘણા દિવસોથી રહેલા છે, તેઓ સ્વદેશ જવાની ઇચ્છાવાળા છે, તેથી તે અનેક પ્રકારના વસ્ત્રો, વિવિધ કરિયાણા, અનેક રત્નો વિગેરે મોં માગ્યા પૈસા આપીને ખરીદે છે અને પોતાના કરિયાણા પણ મોં માગ્યા દામે વેચે છે. ઘણા વ્યાપારીઓ ત્યાં ગયેલા છે, તેઓ ઇચ્છિત લાભ લઇને આવેલા છે, તમે કેમ જતાં નથી ? વેપાર કેમ કરતા નથી ? આવો અવસર ફરીથી કયારે મળશે ?' આ પ્રમાણે સાંભળીને શાહુકાર ગૃહસ્થો જે હતા તે પણ ઉઠયાં, હવે કેટલાંક નિર્ધન અને સામાન્ય સ્થિતિના હતા તેવા વણિકો ધર્મશ્રવણ કરે છે. એટલામાં તે ઘરના સ્વામીએ વૃધ્ધાને કહ્યું, કે–હે માજી ! આ ઉનાળાનો સમય છે. તેથી ઠંડા જલથી સ્નાન કરો. ત્યારે વૃદ્ધાએ તેમ કરવાની હા પાડી ગૃહસ્વામીએ પોતાની પત્નીને કહ્યું, કે–હે પ્રિયે ! પેટીમાં સુંદર સુગંધી તેલ છે તે લઇને આ વૃધ્ધ માતાને તેલથી મર્દનપૂર્વક સ્નાન કરાવો, હું ઉપર જઈને વૃધ્ધાને પહેરવા યોગ્ય વસ્ત્ર લાવું છું. તે વખતે શેઠાણીએ સ્વને વહુએ તેલનું મર્દન કરી સ્નાન કરાવ્યું અને સુંદર વસ્ત્ર વડે શરીર લુંછયું. શેઠે પણ સુંદર વસ્ત્રો લાવી તેને પહેરાવ્યાં અને ફરી સિંહાસન ઉપર બેસાડયા. ત્યારે વૃદ્ધાએ કહ્યું, કે–'તમારા ઘરનાં આગણામાં કોણ આ બરાડા પાડે છે?' શેઠે જવાબ આપ્યો કે-હે માતા ! કોઇ પરદેશી બ્રાહ્મણ

આવ્યો છે અને તે મોટે સ્વરે અનેક સુંદર કાવ્યો બોલે છે અને ત્યાં અનેક ભવ્યજીવો તે શ્રવણ કરે છે. ત્યારે વૃધ્ધાએ કહ્યું, કે-'અરે! મારા કર્મનો આ દોષ છે, શ્રવણમાં રસિક આ લોકો ધન્ય છે. જેઓ હર્ષપૂર્વક ધર્મ સાંભળી આનંદ પામે છે, પરંતુ મારા કાનમાં તો તપાવેલું સીસું નાંખવા જેવું આ લાગે છે.' ત્યારે શેઠે કહ્યું, કે-હે માતા! હું એનું નિવારણ કરૂં, ત્યારે વૃદ્ધાએ કહ્યું, કે-'સાંભળવામાં આપણાથી અંતરાય કેમ કરાય.' શેઠે કહ્યું, કે-'તમારા દુઃખનું કારણ નિવારણ કરવામાં અમને દોષ નથી, માટે તેને આ સ્થાનેથી ઉઠાડી મૂકું છું. તે બ્રાહ્મણ બીજે ઠેકાણે જઇ ધર્મશ્રવણ કરાવશે, અહીં એનું શું લાગ્યું છે? એમ કહી શેઠ દોડતાં ત્યાં જઇ ક્રોધ પૂર્વક બોલ્યા કે-'હે ભટ્ટ! તમે અહીંયાથી હવે ઉભા થાઓ, કારણ વગર અહીં શું કોલાહલ માંડયો છે.' તે વખતે ત્યાં બેઠેલા ધર્મ રસિકોએ કહ્યું, કે-'હે શેઠ! આ શ્રેષ્ઠ બ્રાહ્મણ તમારૂં શું લઈ જાય છે? શું તમારી પાસે કાંઈ પણ માંગે છે? આ તો તમારા પુણ્યના ઉદયે જ સાક્ષાત્ આ બ્રહ્મા જ બ્રાહ્મણ સ્વરૂપે આવ્યા લાગે છે, માટે હે શેઠ! તમે ડાહ્યા, નિપુણ અને શાસ્ત્રને જાણનાર થઈ આવું હલકા માણસને ચોગ્ય કેમ બોલો છો?' ત્યારે શેઠે કહ્યું, કે-'તમારી વચનની ચતુરાઈ જાણું છું. આવી ચતુરાઈ કોઈ બીજા પાસે કરવી, મારી પાસે નહી, જો તમે શ્રવણ કરવામાં આટલા બધા રસવાળાં છો તો આને ઘરે બોલાવીને તમો કેમ સાંભળતા નથી? અહિંયા અમારા ઘરનાં

આંગણામાં વિતંડાવાદ શા માટે માંડયો છે? માટે અહીથી બધા ઉઠી જાઓ નહી તો સેવકો પાસે ગળે પકડીને કઢાવી મૂકાવીશ માટે અહીં બેસશો નહી, જલ્દી ચાલ્યા જાઓ. આ પ્રમાણે શેઠનું અનાદરવાળું વચન સાંભળી વિલખા થઈ તે સર્વે શેઠની નિંદા કરતાં ઉઠયાં. પેલો બ્રાહ્મણ પણ લક્ષ્મીનું આગમન થયું જાણી ઉઠીને વનમાં ગયો.

શેઠ ઘરમાં આવી વૃદ્ધા પાસે બોલવા લાગ્યો–હે માતા! આપના કાનમાં શૂલ ઉત્પન્ન કરનાર પેલા બ્રાહ્મણને મેં કાઢી મૂકયો, સર્વ લોકો પણ પોત પોતાના ઘરે ગયા, માટે હે માતા! હવે સુખેથી અહીં રહો. વૃધ્ધાએ વિચાર્યું કે– સરસ્વતી તો અપમાન પામીને ગઇ, હવે હું પણ ત્યાં જઇને પોતાના ઉત્કર્ષનું સ્વરૂપ પૂછું, એમ વિચારીને વૃધ્ધાએ શેઠને કહ્યું કે 'આ ઝોળી સાચવીને સારે ઠેકાણે મૂકો. હું હમણાં દેહની ચિંતા માટે જંગલમાં જાઉં છું.' શેઠે કહ્યું કે–'હું જલનું પાત્ર લઈને તમારી સાથે જ આવું છું. ત્યારે તે બોલી કે–તે યોગ્ય નથી. લોકો પણ આવું જોઇને ચર્ચા કરે, તેમજ તમારે નગરશેઠને આવું કરવું ઉચિત નથી, માટે હું એકલી જ જઈશ, દેહની ચિંતા વખતે મને મનુષ્યની સોબત પણ પસંદ નથી. શેઠે કહ્યું કે– મારે તો આપની આજ્ઞા પ્રમાણ છે. તેમાં કોઈ યુકિત કરાય નહીં તેમ કહીને જલપાત્ર ડોશીમાને આપ્યું. ડોશી જલપાત્ર લઇને ઘરમાંથી નીકળી જ્યાં સરસ્વતી છે તે વનમાં ગઈ.

ત્યાં લક્ષ્મી દેવીએ સરસ્વતીને બોલાવી કહ્યું કે–'હે સરસ્વતી ! જોઈ તારી સ્થિતિ? લોકમાં તેં એવી રૂઢી પ્રવર્તાવી છે કે–લક્ષ્મીનાં મસ્તક ઉપર મારૂ સ્થાન છે. તે વાત સાચી , પરંતુ એતો રાજાએ પોતાની આજ્ઞા પ્રવર્તાવવા માટે અક્ષરો રૂપે તને બનાવી છે. વળી જો અક્ષરો રૂપ મુદ્રા વિના કદાચ સુવર્ણ કે રૂપું ન વેચાતું હોત તો તારૂં મહત્વ સાચું. બાકી તો તારે બડાઈ મારવાનું છે, કેમ કે અક્ષરો વિના પણ સોનું કે રૂપું વેચાય છે. સરસ્વતીએ કહ્યું–'હે લક્ષ્મી! મોહ અજ્ઞાનથી અંધ થયેલા લોકમાં તું જ પ્રધાન છે, કેમ કે ઉત્તમ મુનિજનો વિના બીજા સર્વે સંસારી જીવો ઇન્દ્રિય સુખમાં આસકત છે. તેથી તે સર્વે તારી જ અભિલાષા કરે છે અને જો કોઈ પરમાર્થને જાણનારા અને જિનેશ્વરના વચનનું રહસ્ય જાણનારા છે, તેઓ જ મારી ઈચ્છા કરે છે. લક્ષ્મીએ કહ્યું 'હે સરસ્વતી ! જે કોઇ તારી ઈચ્છા કરે છે, તેઓને તું પણ પ્રાયઃ અનુકૂળ થાય છે, તેની સાથે તું રહે છે, તેઓના થોડા કે ઘણા પ્રયાસને તું સફળ કરે છે. તેમનું પડખું તું મૂકતી નથી અને તેમને તું સર્વથા નિરાશ પણ કરતી નથી, પરંતુ જે કોઇ શાસ્ત્રનો અભ્યાસ કરતાં ખેદ પામી તારાથી વિમુખ થાય છે, તેઓ તારો ત્યાગ કરે છે, તારું નામ પણ ગ્રહણ કરતાં નથી, વળી જેઓ તારા પર અત્યંત આસકત છે, તેઓ પણ મને ઇચ્છે છે, શાસ્ત્રોનો અભ્યાસ પણ મને મેળવવા માટે જ કરે છે. એ પ્રમાણે કરતાં તેઓને મારો સંગ થાય તો તેઓ ગર્વ સહિત બડાઈ મારે

છે, ન મળે તો ખેદ પામે છે અને ફરીથી પણ મારા માટે જ વિવિધ પ્રકારની ઉત્કૃષ્ટ કલાઓ દેખાડે છે, મારી પ્રાપ્તિ ન થાય તો પણ અનેક પ્રકારની ખુશામત કરે છે, ન કરવા લાયક કાર્યો પણ કરે છે. સેવા કરવા લાયક ન હોય તો પણ તેઓની સેવા કરે છે. તેમજ વિદ્વાનોમાં જે કાંઈ દૂષણ હોય છે તે દૂષણ નિંદનીય થાય છે, પણ જેઓ મારા સંગ વાળા થાય તો તેઓના દોષો પણ ગુણ રૂપે ગવાય છે અને હું ન હોઉંતો પુરૂષોના ગુણો પણ દોષ રૂપે જ પરિણામ પામે છે. સર્વ લોકો પણ મારી પ્રાપ્તિ માટે વિવિધ પ્રકારના ઉદ્યમો કરે છે, અતિ દુષ્કર ક્રિયાથી સાધ્ય થાય એવા કાર્યો પણ ઉત્સાહથી કરે છે. તેમાં જો કદાચ પાપના ઉદયથી કાર્યની સિદ્ધિ ન થાય તો પણ પ્રયત્ન મુકતાં નથી, સેંકડો અને હજારો વાર નિષ્ફળ જાય અને મહાદુઃખ અને મહાકલેશને પામે, તેમજ પ્રાણના સંકટમાં પડયાં હોય છતાં પણ મારી અભિલાષા મૂકતા નથી. જો કે હું નિરંતર અનેક અસહ્ય અને નિંદ્ય અનેક કષ્ટો આપું તો પણ તેઓ મારાથી વિમુખ થતાં નથી અને મારા અનુકૂળ થયેલા જ દેખાય છે. માત્ર એક દ્રવ્યાનુયોગવાળા આધ્યાત્મિક ધર્મ શાસ્ત્રો વિના બીજા જેટલાં શાસ્ત્રોના સમૂહો છે, તે સર્વેમાં પ્રાયે મારી પ્રાપ્તિના જ ઉપાયો અને મારા જ વિલાસો વર્ણવ્યા છે. માત્ર એક મુનિજનો સિવાય બીજાં સર્વે સંસારી જીવો શ્રીમંત પુરૂષોની સેવા કરે છે. કહ્યુ છે કે-વયોવૃધ્ધ, તપસ્યા વડે વૃધ્ધ, અને બહુ જ્ઞાનથી વૃધ્ધ પુરૂષો તે સર્વે બહુ

ધનવાળા ધનિકોના બારણે કિંકરની જેમ ઉભા રહે છે. 'હે સરસ્વતી! વધારે કહેવાથી સર્યું? મરણ આવતાં સુધી પણ પોતાના ધનને દેખાડતાં નથી અને મારી ઇચ્છા પણ મૂકતાં નથી. જો કદાચ તારા માનવામાં આ ન આવતું હોય તો હું તને પ્રત્યક્ષ દેખાડીશ, કે–સર્વ સંસારી જીવોનું જીવન દસ પ્રાણોથી યુકત છે–તે પાંચ ઇન્દ્રિયો, મન વચન અને કાયબલ, તથા શ્વાસોચ્છવાસ અને આયુષ્ય આ દશ પ્રાણો છે, આ પ્રાણો હોય ત્યાં સુધી જીવન છે અને પ્રાણોનો વિયોગ તે મરણ કહેવાય છે.' તે ઉપરાંત ઉપચારથી બાહ્યધન તે અગીયારમો પ્રાણ કહેવાય છે, જે કારણથી બાહ્યપ્રાણ એવા ધનને લીધે કેટલાંક લોકો દશે પ્રાણોનો ત્યાગ કરે છે, પણ ધન છોડતાં નથી. મારા સ્વરૂપ ઉપર અર્થાત્ ધન ઉપર ઉગેલું વૃક્ષ ફૂલ વગેરેથી પ્રફુલ્લિત થાય છે, દેવો પણ જ્યાં મારું સ્વરૂપ છે ત્યાં બોલાવ્યા વગર આવી મારી સેવા કરે છે, હે સુભગે! સરસ્વતી! મારી સાથે ચાલ, તને કૌતુક બતાવું' આ પ્રમાણે કહી તે બન્ને દેવીઓ ત્યાંથી નિકલી પંચકોશ દૂર જઈ ત્યાં એક જગ્યાએ ઝાડીમાં બેઠી. પછી લક્ષ્મી દેવીએ દેવમાયા વડે એકસો આઠ ગજ પ્રમાણ લાંબી અને ત્રણ હાથ ઉંચી એક સુવર્ણશિલા બનાવી, તે શિલા રેતીમાં ડૂબી ગયેલી અને માત્ર એક જ હાથ બહાર દેખાતી હતી. તે શિલાનો એક ખૂણો સૂર્યના પ્રકાશ વડે ઝળકતો દેખાય છે અને તે સૂર્યના કિરણોની જેમ પ્રકાશ કરતો હતો. એક પ્રહર દિવસ બાકી

રહ્યો ત્યારે નજીકના રાજાએ બે સેવકોને કાર્ય માટે બીજા ગામ મોકલ્યા હતા. રાજાએ બતાવેલું કાર્ય કરી તેઓ પાછા તે સ્થળે આવ્યા. તેમાંથી એક કૌતુક પ્રિય હોવાથી માર્ગમાં આમતેમ નજર કરે છે. તેથી તેણે તે શિલાનો એક ખૂણો દૂરથી પ્રકાશ કરતો જોયો ત્યારે તેણે બીજાને કહ્યું કે-હે મિત્ર! જો, જો, દૂર શું દેખાય છે? તે શું ઝળકે છે? ત્યારે તેણે ઉતાવળથી જોયા વિના કહ્યું કે-કાંઇ પણ હશે, કોઈ કાચ કે પાષાણનો કટકો અથવા કમળના પાંદડા વગેરે કાંઇ હશે. પરંતુ આ મોટા વનમાં શું સુવર્ણ રત્ન વગેરે કયાંથી હોય? ત્યારે પહેલાએ કહ્યું કે-જો તમે આવો તો ત્યાં જઈને જોઈએ શું છે? શું દેખાય છે? બીજાએ કહ્યું, કે-શા માટે અરણ્યમાં ફોગટ ભટકવું જોઇએ, પ્રયોજન વિના પ્રયાસ કરવાથી શું ફલ? આ તો મોટો માર્ગ છે, ઘણા માણસો પહેલાં પણ અહીંથી ગયા હશે, જો કાંઇક ગ્રહણ કરવા જેવી વસ્તુ હોય, તો તેમણે જ જરૂર ગ્રહણ કરી હોત, માટે જલ્દી ચાલો. રાજા પાસે જઈ કાર્ય કર્યાનું વૃત્તાંત નિવેદન કરી આપણે ઘેર જઇ સ્નાન ભોજનાદિક કરી માર્ગનો શ્રમ દૂર કરી સ્વસ્થ થઈએ. આ પ્રમાણે તેનું વચન સાંભળી પહેલો બોલ્યો કે-હે ભાઇ! મારા મનમાં તો મોટું આશ્ચર્ય લાગે છે, માટે હું તો ત્યાં જઈ નિર્ણય કરીશ. બીજાએ કહ્યું, કે-'તું સુખેથી જા, તારા બાપ દાદાએ મૂકેલી વસ્તુનું પોટકું બાંધીને ઘેર લાવજે, મારી શંકા પણ તારે જરા પણ કરવી નહી, માટે તારે

મને ભાગ પણ આપવો નહી અને હું ભાગ માગીશ પણ નહી. તેથી તારે મને ભાગ આપવો પણ નહી પડે અને તું જ સુખી થા? આ પ્રમાણે કહી બીજો જલ્દી ગામ તરફ ચાલ્યો અને પહેલો તો તેનાથી જુદો પડી તે શિલા પાસે ગયો. ત્યાં તેણે રેતીમાં દબાયેલ શિલાનો સુવર્ણમય એક ભાગ જોયો, આ જોઈને તે મનમાં વિચાર કરવા લાગ્યો–'અહો! બહુ સારૂં થયું કે મારો મિત્ર ચાલી ગયો. જો કદાચ સાથે આવ્યો હોત તો તેને ભાગ આપવો પડત, મારા પુણ્યનો ઉદય જાગ્યો, હવે હું જોઉં તો ખરો, આ સુવર્ણશિલા કેટલી મોટી છે?' એમ વિચારીને તે રેતીને હાથ વડે દૂર કરીને જુવે છે. તો અપરિમિત મોટી સુવર્ણશિલાને જોઈને અત્યંત હર્ષને લીધે ગાંડા જેવો થયો અને વિચાર કરવા લાગ્યો–'અહો! મારૂં ભાગ્ય અદ્ભુત છે, કે જેથી મને આવું નિધાન પ્રાપ્ત થયું. મારા ઉપર વિધાતા પ્રસન્ન થયેલ છે. આના લાભથી તો હું રાજ્ય કરીશ. આ ધનના પ્રભાવથી હાથી, ઘોડા, પાયદળ વગેરે સૈન્ય તૈયાર કરીશ. પછી બલવાન થઈને હું અમુક દેશ જીતીને રાજ્ય કરીશ.' આ પ્રમાણે મધના ઘડાને ઉપાડનાર પુરૂષની જેમ આર્તધ્યાનમાં તલ્લીન થઈને વિચાર કરવા લાગ્યો કે–'કોઈપણ ઉપાયથી આ સુવર્ણ ગ્રહણ કરૂં.' આ પ્રમાણે વિચારતો તે ત્યાં જ ઉભો રહી તર્ક વિતર્ક કરવા લાગ્યો. બીજો સેવક પણ ગામ તરફ ચાલતો ચાલતો વિચાર કરવા લાગ્યો. રાજાએ અમને બન્નેને આજ્ઞા કરીને મોકલ્યા છે. તેમાંથી હું એકલો

જઈ ને રાજાને વૃત્તાંત નિવેદન કરીશ, ત્યારે રાજા પૂછશે- 'તારી સાથે બીજો હતો તે કયાં ગયો ? તે વખતે હું શુ જવાબ આપીશ ?' સત્ય કહેવાથી શું થશે ? તે જણાતું નથી, માટે એકલા જવું યોગ્ય નથી, તેને લઈ ને જ જવું એમ વિચારીને કોઇ ઉંચા પ્રદેશ પર ચઢીને મોટા સાદે તેને તે બોલાવવા લાગ્યો. તે પ્રથમના સેવકે સાંભળ્યું. પરંતુ દ્રવ્યના લોભથી મૂઢ થયેલા તેણે પણ ઉંચે ચઢીને હાથના સંકેતપૂર્વક મોટા અવાજથી જવાબ આપવા લાગ્યો 'તું જા' હું આવું છું. આ સાંભળી બીજાએ ફરીથી તેને બોલાવ્યો. તેણે પહેલાના જેવો જ ઉત્તર આપ્યો. આમ વારંવાર બોલાવ્યા છતાં પણ તે આવ્યો નહી. ત્યારે બીજાના મનમાં શંકા થઇ કે-મેં ઘણીવાર બોલાવ્યો, છતાં તે કેમ આવતો નથી ? કાંઈ પણ કારણ હોવું જોઈ એ, માટે હું પણ ત્યાં જઈને જોઉં તો ખરો કે શું કારણ છે ? એમ વિચારીને માર્ગથી પાછો ફરી તે તેના તરફ ચાલ્યો. તેને આવતો જોઇ પહેલાએ બૂમ પાડી કે-'તું જા, જા, હું પાછળથી આવું છું ફોગટ સમય કેમ ગુમાવે છે.?' આ પ્રમાણે કહ્યા છતાં પણ શંકાને લીધે તે ત્યાં આવ્યો. તે પણ સુવર્ણમય શિલા જોઈ વિસ્મય પામ્યો. અને માથું હલાવતા બોલ્યો કે-'હે ભાઈ ! મેં પણ તારૂં કુટિલ પણ જાણ્યું. મને પણ તું છેતરે છે ? કે-આ અરણ્યમાં રહેલું સુવર્ણ હું એકલોજ ગ્રહણ કરીશ ? આટલું બધુ સુવર્ણ તને એકલાને શી રીતે પચશે ? માટે આપણે બન્ને વિભાગ કરી ગ્રહણ કરીએ. તે સાંભળી પહેલાંએ

કહ્યું, કે–'તારો આમાં ભાગ નથી.' આ સર્વ મારૂં છે. હું જ ગ્રહણ કરીશ, કેમકે મેં તો તને પ્રથમથી જ કહ્યું, હતું કે–હે ભાઇ ! ચાલો આપણે ત્યાં જઈ ને જોઈ એ કે– તે તેજસ્વી વસ્તુ શું છે ? ત્યારે તેં જવાબ આપ્યો હતો કે-તું જ જા, તારા પૂર્વજોએ મૂકેલી થાપણનું પોટકું બાંધી ઘરે આવજે, મને ભાગ આપીશ નહી. આ પ્રમાણે કહી તું તો આગળ ચાલતો થયો હતો અને હવે પાછો ભાગ માંગતા તને પોતાનું વચન યાદ આવતું નથી ? હું તો સાહસ કરીને અહીં આવ્યો, મારા પુણ્યના ઉદયથી મને આ પ્રાપ્ત થયું છે. તારૂં અહીંયા શું લાગે છે ? જેમ આવ્યો તેમ ઘેર પાછો ચાલ્યો જા, આમાંથી એક કોડીના મૂલ્ય જેટલું પણ તને આપીશ નહી. ફોગટ શા માટે ઉભો છે ? અહીંથી ચાલ્યો જા, નહીં તો તારે અને મારે મૈત્રી રહેશે નહી. આ પ્રમાણે તેના વચનો સાંભળીને લોભને વશ થયેલો બીજો પણ ક્રોધથી બોલ્યો કે–'અરે ! મૂર્ખશેખર ! કેમ મારો ભાગ નહીં' હું અને તું એક રાજાના સેવકો છીએ. રાજાએ એક જ કાર્ય માટે આપણને મોકલ્યા છે, તેમાં લાભ કે હાનિ સુખ કે દુઃખ જે કાંઈ થાય તે આપણે બન્નેને લેવાનું છે અને સહન કરવાનું છે, એક જ સ્વામિએ એક જ કાર્યને માટે ફરમાવેલા સેવકોને જે કાંઇ લાભ થાય, તે સર્વે વહેંચીને લેવું જોઈએ. એ પ્રમાણે રાજનીતિ છે. તે શું તું ભૂલી ગયો ? માટે હું તો તારા માથે થપ્પડ દઈને આમાંથી અર્ધો ભાગ લઈશ, તું કંઈ નિંદ્રામાં ઉંઘે છે, શું આ જગત્ મનુષ્ય રહિત થઇ ગયું છે, કે જેથી તારૂં જ

કહેલું થશે? જો આ ધનનો ભાગ આપીશ તો આપણા બન્નેની પ્રીતિ ગાઢ અને અચલ રહેશે, નહીં તો 'પીવાને અસમર્થ છું, પણ ઢોળવાને તો સમર્થ છું.' એ ન્યાયે રાજાની પાસે સર્વ નિવેદન કરીને તારા પૂર્વે સંચય કરેલાં ધન સહિત તને પકડાવીશ, અને કારાગૃહમાં નંખાવીશ, માટે મને અર્ધો ભાગ આપ. આ પ્રમાણે તેનું વચન સાંભળી પહેલાએ વિચાર કર્યો કે–'ખરેખર જો આને હું ભાગ નહી આપું તો તે જરૂર ઉપાધિ કરશે. પરંતુ આ અપરિમિત ધન મેં પ્રાપ્ત કર્યું છે, તે આને શી રીતે આપી શકાય? માટે જો હું આને મારી નાંખું તો આ ધન બધું મારૂં જ થાય અને બીજો કોઇ જાણશે પણ નહી. રાજા પૂછશે તો તેનો એવો ઉત્તર આપીશ કે માર્ગમાં આવતાં જંગલમાં અચાનક વાઘ આવીને તેને મારી નાખ્યો, અને હું તો નાસીને અહિં આવતો રહ્યો અને આ વાત બીજું કોઈ જાણશે નહીં. માટે આને મારી નાખવાથી જ મારો વિચાર સફળ થશે. એમ વિચારી ક્રોધથી લાલ નેત્ર કરી ગાળો દેવા પૂર્વક તેને હણવા માટે મ્યાનમાંથી તલવાર કાઢીને 'મારા ધનથી જો તને ઇચ્છા હોય તો જલ્દી તૈયાર થા, હું તને ધન આપું છું.' એ પ્રમાણે બોલતો તલવાર ઉપાડીને દોડ્યો. બીજો પણ તેને સામો આવતો જોઇ ક્રોધથી મ્યાનમાંથી તલવાર કાઢી ગાળો બોલતો સામો દોડ્યો. બન્ને જણા ભેગા થયા કે તરત જ એક સાથે જ ક્રોધથી એક-બીજાના મર્મસ્થાનમાં બન્નેએ તલવારના પ્રહારો કર્યા, મર્મના ઘાથી બન્ને જણા

ભૂમિ ઉપર પડયા, અતિ તિક્ષ્ણ પ્રહાર થવાથી એક ઘડીમાં જ તેઓ મરણ પામ્યા,

તે વખતે વનકુંજમાં બેઠેલી લક્ષ્મીએ સરસ્વતીને કહ્યું, કે–'ધનના અર્થીઓનું ચરિત્ર જોયું કે ?' હજુ આગળ પણ જો, શું થાય છે. ત્યાર પછી તે ઘડી દિવસ બાકી રહ્યો ત્યારે કોઈપણ નગ્નતપસ્વી સાધુ તે માર્ગે આવતો હતો, તેણે સૂર્યના તેજથી પ્રકાશિત શિલાનો તે ભાગ જોયો. અને મનમાં વિચાર કરવા લાગ્યો કે–આ મહારણ્યમાં સૂર્યના કિરણો જેવું તેજસ્વી શું છે ? હું આ વિચિત્ર પદાર્થ જોઉં તો ખરો, એ પ્રમાણે કૌતુક બુધ્ધિથી તે શિલાની સન્મુખ ચાલ્યો. અનુક્રમે તે શિલાની પાસે આવ્યો. તેણે શિલાનો એક ખૂણો જોયો, હાથ વડે ધૂળને દૂર કરીને તેણે જોયું તો એક ખૂબ જ વિશાળ સોનાની શિલા ત્યાં પડી છે. આ જોઈને તાપસનું ચિત્ત લોભરૂપી કાદવથી મલીન થયું, તે મનમાં વિચાર કરવા લાગ્યો–'અહો ! આટલું બધું ધન અહીં છે, આનો લાભ થવાથી તો રાજરાજેશ્વરનું સુખ અનુભવાય તેમ છે. જેને માટે આટલું બધું કષ્ટ સહન કરું છું, તે તો અહીં જ પ્રાપ્ત થયું. માટે હવે અહીં જ રહેવું. એ પ્રમાણે વિચારી તે આમતેમ જોવા લાગ્યો, ત્યાં તો તે બન્ને રાજસેવકોને આગળ પડેલા જોયા. તેમને જોઈને તેણે વિચાર્યું કે-'અરેઅર આ બન્ને જણા આ ધનને માટે જ પરસ્પર શસ્ત્રના ઘાથી મરણ પામ્યાં જણાય છે. માર્ગની સમીપમાં રહેલું આ ધન અહી ગુપ્ત કેવી રીતે રહે. તેથી અહીં રાખવા યોગ્ય નથી, આ બધું

અહીંથી ઉપાડીને કોઇ પણ લઈ જઇ શકે તેમ નથી. તેથી આના કકડા કરીને કોઇ ગુપ્ત સ્થાને ભૂમિમાં નાખી તેના ઉપર ઝુંપડી બનાવી તેમાં નિવાસ કરૂં તો ચિંતિત અર્થની સિદ્ધિ થાય. પણ ઘણ, છીણી, હથોડી વગેરે લોઢાના હથિયાર વિના આના કકડા કેવી રીતે કરું ? તેથી કોઈની પાસે તપાસ કરી તે મેળવીને પછી મારું ઇચ્છિત કાર્ય કરું. પરંતુ હવે તો રાત્રિનો સમય થઈ ગયો છે શું કરું ? કયાં જાઉં ? જો કદાચ આને છોડીને ગામમાં હથિયાર લેવા જાઉં તો પાછળથી, કોઈ બલવાન આવીને આ સુવર્ણને ગ્રહણ કરી અહીં રહી જાય તો મારૂં ચિંતવેલું બધું વિપરીત થાય! આ પ્રમાણે તે તપસ્વી વિચારમાં પડયો.

તેટલામાં છ શસ્ત્રધારી ચોરો ત્યાં આવ્યા. તેઓ નગ્ન જટાધારી તાપસને જોઈને આ પ્રમાણે બોલ્યા કે– 'હે સ્વામી ! આ જળ અને મનુષ્ય રહિત અરણ્યમાં આપ શી રીતે રહો છો? ચોરનું વચન સાંભળીને જટાધારી તાપસે કહ્યું કે–અમારા જેવા સંગ રહિત તપસ્વીઓને વનમાં રહેવું જ કલ્યાણકારી છે, જે કોઇ મહા તપસ્વી છે તેઓની આ જ રીતિ છે. પરંતુ તમે કેમ ઘરનો ત્યાગ કરી મધ્ય રાત્રિએ આમ વનમાં આવ્યા છો? ત્યારે તેઓ બોલ્યા કે–'તમારા જેવા પાસે અમારે શા માટે અસત્ય બોલવું જોઈએ? અમે તો ચોર છીએ અને આ દુઃખે કરીને પુરી શકાય તેવા પેટને માટે ચોરી કરવા નીકળ્યા છીએ.' આ પ્રમાણે તેમનું વચન સાંભળીને તાપસે વિચાર્યું કે– 'આ ધનના અર્થી છે, વળી શસ્ત્રો સહિત છે, માટે તેમને

થોડુંક ધન આપીને આ શિલાના કકડા કરાવું, એમ વિચારીને તેણે કહ્યું–'હે ચોરો! જો તમે મારા કહ્યા પ્રમાણે કરો તો તમને દરેકને હજાર હજાર સોનામહોરો આપું. ચોરોએ કહ્યું કે–'બહુ સારૂં, અમે તમારા સેવકો જ છીએ, આપ જે આજ્ઞા કરશો તે પ્રમાણે અમે કરશું.' ત્યારે તાપસે તેમને તે શિલા દેખાડીને કહ્યું કે—'મેં મારા તપોબલથી વનદેવતાની આરાધના કરી, તેથી પ્રસન્ન થયેલી તે દેવીએ આ નિધિ બતાવ્યો અને આપ્યો છે. તેથી હવે આના કકડા કરીને આને તીર્થમાં વાપરીશ. તમે આના કકડા કરો.' આ પ્રમાણે તાપસનું વચન સાંભળી અને તે શિલાને જોઈ લોભ સાગરમાં મગ્ન થયેલા તે ચોરો પરસ્પર વિચાર કરવા લાગ્યા કે–"હે ભાઇ! આ તાપસની દંભ રચના જાણી કે? તે કહે છે કે–મને દેવતાએ નિધિ દેખાડયો, પણ આ તો પૂર્વે કોઈ રાજાએ સુવર્ણની શિલાને બનાવીને પૃથ્વીમાં નિધિપણે સ્થાપન કરી હશે, પછી ઘણો સમય જવાથી મેઘની વૃષ્ટિ વગેરે થવાની ઉપરની માટી ધોવાઈ ગઈ અને પવનથી તેનો એક ખૂણો ઉઘાડો થયો હશે! એવામાં આ તાપસ ભમતો ભમતો અહિંયા આવી ચડયો હશે અને આ શિલાનો એક ભાગ જોઈને લોભથી તેને પોતાને આધીન કરીને રહ્યો છે. અને આ આખી શિલા તો તે લઇ શકે નહી, તેથી આપણી સમક્ષ દંભની રચના કરી 'દરેક મનુષ્યને હજાર હજાર સોનામહોરો આપીશ,' પણ અર્ધો, ત્રીજો, ચોથો, પાંચમો કે સાતમો ભાગ પણ નહી પણ બાકી બધું હું એકલો જ લઈ લઇશ, શું આ એના બાપનું

ધન છે કે–જેથી આ પ્રમાણે આપણને છેતરે છે, માટે આને હણીને આપણે જ સર્વ ધન લઈ લઇએ.” તે સાંભળી તેમાંના એકે કહ્યું કે–આ તપસ્વીને કેમ હણાય? ત્યારે બીજો બોલ્યો કે–‘આનું તપસ્વીપણું ગયું, કારણ કે આ તો વંચક અને ધૂર્ત છે. તેથી આપણા જેવો જ છે. આપણે ચોર છીએ તો આ ધૂર્ત છે, માટે તે અને આપણે બંને પરધન હરનારા છીએ. તેથી આને મારવામાં શો દોષ છે? આ સર્વ ધન જો આપણે લઈ લઇએ તો આપણે બધા રાજા થઈ જઈએ અને ચોરીનું કામ છૂટી જાય, માટે આને હણીને સર્વ ધન લઈ લઇએ. આ પ્રમાણે નિશ્ચય કરીને બે જણાએ તે જટાધારી તપસ્વીને વાતોમાં જોડી, એકે પાછળથી ખડ્ગ વડે તેનું મસ્તક કાપી નાખ્યું. પછી તે સર્વે ચોરો શિલા પાસે ગયા અને હાથ વડે સુવર્ણમય શિલાનો સ્પર્શ કર્યો તો સુવર્ણની તે શિલા ઘણી મોટી જણાઇ. આ જોઇને તેઓએ વિચાર કર્યો કે–આ શિલા આપણી પાસેના શસ્ત્રો વડે કાપી શકાય તેવી નથી અને આખી શિલા કોઈનાથી લેવાય તેવી નથી, તેથી આ રાત્રીમાં જેટલું લેવાય તેટલું આપણું છે, કારણ કે દિવસ ઉગ્યો કે પછી અનેક વિઘ્નો આવશે. ત્યારે એક જણ બોલ્યો કે–‘ઘણુ અને છીણીઓ વગર આપણું ઇષ્ટ કાર્ય થઇ શકે તેમ નથી, માટે આ ગામમાં અમુક સોની છે, તે આપણો પરિચિત છે, વિશ્વાસ અને આશ્વાસનનું સ્થાન છે, તેથી તેના ઘરે જઈને આ ગુપ્ત વાત કરી ઘણુ અને છીણીઓ વગેરે ગ્રહણ કરાવીને આને વનમાં લાવીને આ શિલાના

કકડા કરાવીએ, તો આપણું ધાર્યું કામ પાર પડે. તે સોનીને પણ તેની ઇચ્છાથી અધિક ધન આપીને આપણે તેને રાજી કરીશું.' આ પ્રમાણે કાર્યસિદ્ધિને અનુકૂળ વાત સાંભળીને સર્વ એક મત થયા. ત્યારે એક બોલ્યો કે–આ ત્રણ મડદાને દૂર નાખી સોની પાસે જવું શ્રેષ્ઠ છે. કેમકે તેમ કરવાથી આ વાતની ખબર કોઈને પડશે નહી, આ પ્રમાણે નિશ્ચય કરીને તે ત્રણ મડદાંને અતિ દૂર પ્રદેશમાં નાંખી નગરમાં ગયા. સોનીના ઘેર જઈ તે સોનીને બોલાવ્યો. તેણે પણ તેઓનો શબ્દ સાંભળીને તરત જ બહાર આવીને કહ્યું કે–ઘરની અંદર આવો. શું લાવ્યા છો, તે બતાવો. આ સાંભળીને ચોરો બોલ્યા કે-લાવ્યા લાવ્યા શું બૂમ પાડે છે? 'તમારૂં અને અમારૂં એમ બન્નેનું દારિદ્ર જાય એવો એક નિધિ પ્રાપ્ત કરી તમને બોલાવવા આવ્યા છીએ. તેથી ઘણુ, છીણીઓ વગેરે શસ્ત્રો લઈને જલ્દી ચાલો? વિલંબ કરો નહી? જે ઘડી જાય છે તે લાખ મૂલ્ય આપવા વડે પણ પાછી આવવાની નથી. માટે ઉતાવળ કરો.' તે સાંભળીને સોની બોલ્યો કે હું તો તમારા આદેશ પ્રમાણે કરનારો છું, પરંતુ તમે મને કહો તો ખરા કે–કયે સ્થાને, કેવી રીતે, કેટલા પ્રમાણમાં, નિધિ તમે જોયો છે, જેથી હું પણ યોગ્ય અને અયોગ્ય વિભાગને જાણીને પછી આવું. ત્યારે તે ચોરોએ તેની પાસે સર્વ હકીકત સ્પષ્ટ કહી બતાવી. તે સાંભળી આશ્ચર્ય પામેલા સોનીએ વિચાર કર્યો કે–'ચોરોની વાત ખોટી હોય નહી, લોકોમાં પણ કહેવત છે કે—મહાપુરુષ બત્રીસ લક્ષણો હોય છે, પણ ચોરો

છત્રીસ લક્ષણો ધારણ કરનારા હોય છે. પૂર્ણ ખાત્રી વગર આ લોકો અહીં આવે નહીં, હવે હું એ લોકોની સાથે જઉં અને તેઓએ કહેલું કરૂં તો તેઓ મને તો એક ઘડી, બે ઘડી, કે વધારેમાં વધારે ત્રણેક ઘડી જેટલું સોનું આપશે અને બાકીનું સાત પેઢી સુધી ચાલે તેટલું સર્વ ધન તો આ લોકો ગ્રહણ કરશે. ઘણું ધન હોવાથી મારે ઘરે તો અર્ધું પણ આવશે નહીં. 'રાંધનારીને ધુમાડો.' એ કહેવત પ્રમાણે હું તો થોડુંક જ લઈને આવીશ. તેથી બુદ્ધિ વડે હું એવું કરૂં કે–સર્વ ધન મારું થાય ત્યારે જ મારી બુદ્ધિની કુશળતા વખાણવા લાયક થાય. આ ચોરો પારકાના ધનને હરણ કરનારા અને સર્વને દુઃખ દેનારા હોય છે, તેથી તેઓને ઠગવામાં શો દોષ? 'ઘણા લોકોને દુઃખ આપનારાઓનો તો નિગ્રહ કરવો જ જોઈએ' એમ નીતિશાસ્ત્ર પણ કહે છે. વળી તે ધન પણ આ ચોરોના બાપદાદાએ કાંઈ થાપણ મુકેલું નથી કે–જેથી લોક વિરૂધ્ધ કર્યાનું પાપ લાગે, માટે તેઓનો નિગ્રહ કરી તે સર્વ ધન હું મારે સ્વાધીન કરું. મારા ભાગ્યથી આકર્ષાઈને જ લક્ષ્મી અહીં આવી છે, માટે મુખમાં આવેલું આ કેમ છોડી દેવાય? આ પ્રમાણે વિચાર કરી તેણે ચોરોને કહ્યું કે–'હે સ્વામીઓ! ઠાકોરો! આજે હજુ મેં સાંઝે ભોજન કર્યું નથી, ભોજન તો હવે હમણાં જ થોડી વારમાં તૈયાર થશે, વળી તમે પણ ભૂખ્યા હશો અને આ કામ પણ ઘણી મહેનતથી સાધ્ય થાય તેવું છે, વળી ભૂખ્યો માણસ વધુ બળ પણ દર્શાવી શકતો નથી અને બળ વગર કાર્ય પણ સિધ્ધ

થાય તેમ નથી. તેથી માત્ર બે ઘડી મારા ઘરમાં તમે બેસો, તેટલી વારમાં છ તમારા અને એક મારો એમ સાત લાડવા તૈયાર થઇ જશે અને પછી આપણે તે લાડવા લઈને ત્યાં જઈશું, ત્યાં જઈ લાડવા ખાઈને સ્વસ્થ થઈ આપણે આપણું કાર્ય શરૂ કરીશું. તમે પણ મારી કાર્ય કુશળતા જાણશો. એક રાત્રીમાં જ તેના કટકા કરી તમને આપી દઈશ. પછી જેવી મારી મહેનત તમને લાગે તેવું મને ઈનામ આપજો, હું તો તમારો સેવક છું. તમારી કૃપાથી તો જીવું છું, તમારું કાર્ય મારું માથું આપીને પણ પૂર્ણ કરીશ.'

આ પ્રમાણે વાત કરી, તેઓને ખુશ કરી, પોતાના ઘરમાં લઈ જઇ પાન, સોપારી, બીડી, હોકો વગેરેથી તેમનો સત્કાર કરી, ઘરની ઉપર પોતે જઈ ઘઉંનો લોટ, ઘી, ગોળ, વગેરેથી સારા સુગંધીદાર સાત લાડુ બનાવ્યા. તેમાંથી છ મોટા ઝેર વાળા બનાવ્યાં અને સાતમો પોતાને માટે ઝેર મુક્ત નાનો બનાવ્યો. આ પ્રમાણે તૈયાર કરી સર્વે પાંદડામાં બાંધી અથાણું વગેરે પણ તેમાં મૂકી પોટલી બાંધી લોઢાની છીણીઓ, ઘણુ વગેરે લઈ ચોરોની સાથે ઘરેથી નીકળ્યો. પછી તે સર્વે જલ્દીથી તે શિલા પાસે પહોંચી ગયા. ત્યાં તે ચોરોએ સોનીને શિલા બતાવી. તે પણ તેને જોઈને તથા સ્પર્શ કરીને ચકિત બની ગયો, હવે તે લોભથી મૂઢ થઈ ચોરોની સામે આહારની પોટલી છોડીને વિષ રહિત લાડુ પોતાના હાથમાં લઇ બોલ્યો કે–હે સ્વામી! પુણ્યશાળીઓ! તમારા ઉપર ઈશ્વર પ્રસન્ન થયા છે કે–

જેથી આટલું બધું અપરિમિત સુવર્ણ આપના હાથમાં આવ્યું છે. માટે તમે ભાગ્યવાન પુરુષોમાં પ્રધાન છો. આપની કૃપાથી મારૂં પણ દારિદ્રય ગયું. હવે પ્રથમ 'સો કામ મૂકીને ભોજન કરવું જોઈએ' એ નીતિશાસ્ત્રના વચનથી પહેલાં ઘીવાળા લાડવા આપણે ખાઈ એ પછી તૈયાર થઇને દારિદ્રયનો નાશ કરનાર આ શિલાના કકડા આપણે કરીશું. આ પ્રમાણે કહી છએ જણાને એક એક લાડુ આપ્યો. તેઓએ પણ પ્રાણોના ઘાત કરનારા લાડવા ખાધાં અને તૃપ્ત થયા પછી સોનીએ કહ્યું, કે-'મારી પાછળ ચાલો, કુવાના કાંઠે જઇ પાણી કાઢી તે પીને હાથ પગ ધોઈ કામને માટે તૈયાર થઈએ. આમ કહીને સોનીએ કૂવામાંથી જળ કાઢીને દરેકને જળપાન કરાવ્યું અને પોતે પણ જળપાન કર્યું. તે વખતે સોનીને જંગલ જવાની ઈચ્છા થઈ. તેથી તે જળપાત્ર લઈને દેહચિંતા માટે ગયો. ચોરો એકઠા થઈને વિચાર કરવા લાગ્યા કે-'હવે આપણે શિલાના કટકા કરીએ.' ત્યારે નીતિશાસ્ત્ર જાણનારા એક જણે કહ્યું, કે-'આપણે એક કામ સારૂં ન કર્યું.' બીજાએ કહ્યું, કે શું? ત્યારે તેણે કહ્યું, કે-'સોનીને આપણે અહીં બોલાવ્યો અને સુવર્ણ બતાવ્યું તે, કારણ કે શાસ્ત્રમાં .અને લોકમાં પણ એક કહેવત છે કે-'સોનીનો વિશ્વાસ ન કરવો જોઇએ.' પહેલાં એક વાર્તામાં પણ શું નથી સાંભળ્યું? અહીં વાઘ, વાનર, સર્પ અને સુવર્ણકારની કથા કહેવાય છે.

કોઇક કૂવાની અંદર વાઘ, વાનર, સર્પ અને સોની પડેલાં હતાં, તે બધામાંથી વાઘ, વાનર અને સર્પને એક

બ્રાહ્મણે બહાર કાઢયાં. ત્યારે તે ત્રણે જણ, તે બ્રાહ્મણને પ્રણામ કરી કહેવા લાગ્યા કે-'હે ભટ્ટજી! તમે અમારા પર મહાન નિષ્કારણ ઉપકાર કર્યો છે, તેના બદલામાં અમે તમારા પર ગમે તેટલા ઉપકારો કરીએ તો પણ ઓછા છે, તેનો બદલો વળે તેમ નથી, તો પણ શુભ અવસરે કૃપા કરી અમારે ઘરે આવશો ત્યારે યથાશક્તિ અમે આપની સેવા કરીશું. પરંતુ હવે આ કૂવામાં રહેલા મનુષ્યને તમે બહાર કાઢશો નહી, કેમકે તે જાતનો સોની છે. માટે તે ઉપકારને અયોગ્ય છે. એ પ્રમાણે કહી તે ત્રણે જણાં પોત-પોતાને સ્થાને ગયા. તેઓના ગયા પછી બ્રાહ્મણ શંકામાં પડયો અને વિચારવા લાગ્યો કે-'આ સોનીને કાઢું કે નહી.' એવા સંદેહમાં પડયો, તે વખતે અંદર રહેલા સોનીએ કહ્યું, કે-'હે બ્રાહ્મણ! લોકોને ઉદ્વેગ કરનાર અને વિવેક રહિત એવા વાઘ, વાનર અને સર્પનો ઉધ્ધાર તમે તુરત જ કર્યો અને મને કાઢવામાં વિલંબ કેમ કરો છો? હું મનુષ્ય છું. શું વાઘ, વાનર અને સર્પથી વધારે દુષ્ટ છું? શું તમારા ઉપકારને હું ભૂલી જઈશ? માટે હે વિપ્ર! મને જલ્દી બહાર કાઢો જન્મપર્યંત હું તમારો સેવક થઈને રહીશ. તે સાંભળીને સરળ પ્રકૃતિવાળા બ્રાહ્મણે વિચાર્યું કે-'આ સોની સત્ય કહે છે, શું આ મનુષ્ય તિર્યંચથી પણ હલકો છે? જે થવાનું હોય તે થાઓ, પણ ઉપકારીએ પંક્તિનો ભેદ રાખવો યોગ્ય નથી. તેઓએ પણ સત્ય કહ્યું છે. પરંતુ મારે આની સાથે શું પ્રયોજન છે? હું તો દૂર દેશમાં રહું છું અને આ તો આ જ દેશનો

રહીશ છે, તે મારૂં શું અનર્થ કરી નાખવાનો છે? એમ વિચારીને તે બ્રાહ્મણે સોનીને બહાર કાઢયો. ત્યારે સોનીએ બ્રાહ્મણને પ્રણામ કરીને કહ્યું, કે–તમે મને જીવતદાન આપ્યું છે, માટે મારા પર કૃપા કરી અમુક નગરમાં અમુક શેરીમાં હું રહું છું ત્યાં આવવું, હું તમારી યથાશક્તિ ભક્તિ કરીશ. આ પ્રમાણે મધુરવાણી બોલીને તે સોની પોતાને સ્થાને ગયો.

હવે બ્રાહ્મણ અડસઠ તીર્થોની યાત્રા કરી પાછા ફરતાં કેટલેક સમયે તે જંગલમાં આવ્યો, દૈવયોગે વાઘે તેને જોયો અને ઓળખ્યો. 'આ મને જીવતદાન આપનાર મહાન ઉપકારી છે.' એમ સ્મરણ કરી બહુમાન પૂર્વક પગમાં પડયો. પછી પોતે પૂર્વે મારેલા રાજકુમારના ઘણાં જ મૂલ્યવાન અલંકારો તે બ્રાહ્મણને આપી કહ્યું. કે–'હે સ્વામિ! અમને ત્રણે ને બહાર કાઢયા પછી તે સોનીને તમે બહાર કાઢયો કે નહી?' ત્યારે તે બ્રાહ્મણે કહ્યું, કે–'તે સોનીએ અત્યંત દીનતાપૂર્વક વિનંતી કરી તેથી મારા મનમાં ઘણી દયા આવી તેથી મેં તેને બહાર કાઢયો.' ત્યારે વાઘે કહ્યું, કે–'તમે સારૂં ન કર્યું, પરંતુ હવે તમે તેનો સંગ કરશો નહી.' એ પ્રમાણે કહી નમસ્કાર કરી તે વાઘ ગયો.

બ્રાહ્મણ પણ જિંદગીનાં દારિદ્રયને દૂર કરનાર અલંકારોને લઈને ઉત્સાહ સહિત વાઘને આશીર્વાદ આપી આગળ ચાલ્યો. માર્ગમાં જતાં તેણે વિચાર્યું કે–'આ આભૂષણો આગળ અતિ ભયાનક માર્ગમાં શી રીતે

સચવાશે ? માટે નજીક કોઇક નગરમાં જઈને આ ઘરેણા વેચી તેનું રોકડ નાણું કરી વેપારીની દુકાને જઈ પહોંચ લખાવી નિર્ભયપણે ઘરે જઇશ. એમ વિચારી તે પાસેના નગરમાં ચાલ્યો. નગરમાં પ્રવેશ કરી બજારમાં તેવા યોગ્ય માણસની શોધ કરતો તે આમતેમ ફરતો હતો, તેવામાં દુકાને બેઠેલા પેલા સોનીએ તેને જોયો અને વિચાર્યું કે– 'જેણે મને કૂવામાંથી બહાર કાઢયો હતો તે જ આ બ્રાહ્મણ છે, તેવામાં તેની બગલમાં અમૂલ્ય વસ્તુઓ બાંધેલી પોટલી જોઈ, આ જોઈને તે સોનીએ વિચાર્યું કે-'આ બ્રાહ્મણે દેશાટન કરતાં કાંઈક સુવર્ણાદિક ધન મેળવ્યું જણાય છે. તેથી જો તે કાંઇક વેચે તો મારૂં કામ થઈ જાય. આ પ્રમાણે વિચારીને તે સોની તરત જ દુકાન ઉપરથી નીચે ઉતરી બ્રાહ્મણ પાસે જઈ 'અહો ! આજે મારૂં ભાગ્ય જાગ્યું, આજે મારે ઘેર ઓચિંતી અમિવૃષ્ટિ થઈ, આ જ મારે આંગણે કામધેનું ગાય ઓચિંતી આવી છે અને આજે મારા સર્વ મનોરથ સફળ થયા છે, કે-જેથી તમે મલ્યા.' એમ બોલતો તે સોની બ્રાહ્મણના પગમાં મસ્તક નમાવી નમસ્કાર કર્યો અને ઉઠીને હાથ જોડી વિનંતી કરવા લાગ્યો, કે 'હે સ્વામિ ! મારે ઘેર પધારો, આપનાં પગલાં કરીને મારૂં ઘર પવિત્ર કરો !' એ પ્રમાણે શિષ્ટાચાર પૂર્વક તેને પોતાને ઘેર લઈ ગયો. મુગ્ધ બ્રાહ્મણ તેના ચાટુ વચનો સાંભળીને પ્રસન્ન થઇ વિચારવા લાગ્યો કે-'આ તો અત્યંત ગુણગ્રાહી જણાય છે. મારાં કરેલાં ઉપકારને ભૂલી ગયો નથી, તેથી આ ખાનદાન કુળનો જણાય છે,

આની પાસે મારે શા માટે આંતરૂં રાખવું જોઈએ ? આ મારૂં સર્વ કાર્ય કરી આપશે માટે વાઘે આપેલા સર્વ અલંકારો હું આને દેખાડી વેચી રોકડનાણું કરૂં.'

એ પ્રમાણે વિચારીને તે બોલ્યો કે-'હે ભદ્ર ! મારી પાસે કોઈએ આપેલા ઘરેણાં છે, તે વેચીને નાણાં કરી આપ.' સોની બોલ્યો-'મને બતાવો આપનું કાર્ય હું માથું આપીને પણ કરીશ. બ્રાહ્મણે તે સર્વે ઘરેણાં તેને બતાવ્યા. તે જોઈને સોનીએ તે આભૂષણોને ઓળખ્યા,-'અહો ! આ તો આપણા રાજકુમારના છે, રાજ્યને યોગ્ય રાજકુમાર વક્ર શિક્ષાવાળા ઘોડા વડે દૂર વનમાં લઈ જવાયો હતો, ત્યાં તેને કોઇએ મારી નાખ્યો હશે, તેની શોધ માટે રાજાએ અનેક ઉપાયો કર્યા, પણ હજુ સુધી કાંઈ પણ પત્તો લાગ્યો નથી, તેથી રાજાએ પડહ વગડાવ્યો, કે-'જે કોઇ કુમારના જીવતા કે મરણના સમાચાર લાવશે, તેના ઉપર હું મોટી કૃપા કરીશ અને તેને હું પોતાનો માનીશ.' તો પણ તેનો પત્તો લાગ્યો નથી. તો તેનો આજે પત્તો લાગ્યો, માટે હું રાજાને કેટલાંક અલંકારો બતાવીને તેનો પ્રીતિપાત્ર થાઉં, આ બ્રાહ્મણ સાથે મારે શું પ્રયોજન છે? ઉલટું આ અહીં રહેશે ત્યાં સુધી ખાવા-પીવાનો ખર્ચ કરાવશે એમ વિચારી ઘરેણું હાથમાં લઈ બ્રાહ્મણને કહ્યું,-હે સ્વામિ ! સુવર્ણની પરીક્ષા તો હું જાણું છું, રત્નોની પરીક્ષા જાણતો નથી. માટે આ આભૂષણો રત્નના વેપારીને બતાવી, તેનું નક્કી મૂલ્ય કરાવી, વેચી, ધન લઈને તમને આપીશ. તમે ત્યાં સુધી સુખેથી અહીં રહો. એમ કહી તે સોની આભૂષણો

લઈ રાજા પાસે ગયો. રાજાએ પૂછ્યું–'તું કેમ આવ્યો છે?' ત્યારે તે બોલ્યો, કે–'રાજકુમારની શોધ મને મળી છે, તે આપને નિવેદન કરવા આવ્યો છું.' તે સાંભળીને રાજાએ પણ કાન ઉંચા કરી ઉત્સુકતાથી તેને પૂછ્યું–'કેવી રીતે શોધ મળી?' ત્યારે સોનીએ આભૂષણો દેખાડયાં. રાજાએ જોતાં જ ઓળખ્યાં અને પૂછ્યું–'આ કોણ લાવ્યું છે?' ત્યારે સોની બોલ્યો કે–'આ ઘરેણાં લાવનાર બ્રાહ્મણ મારે ઘેર બેઠો છે, તેણે મને આ વેચવા માટે આપ્યા છે, મેં આ આપને દેખાડયાં. રાજાએ કહ્યું,–'તમે આ સારૂં કર્યું આજથી તમે મારા જ છો.' એમ કહીને રાજાએ સેવકોને બોલાવી આજ્ઞા કરી કે–હે સેવકો! દોડો, દોડો, આ સોનીને ઘેર જે બ્રાહ્મણ છે, તેને બાંધીને વિડંબના પૂર્વક અહીં લાવો. તે સાંભળીને રાજપુરૂષો એકદમ દોડયાં અને સોનીને ઘેર રહેલાં તે બ્રાહ્મણને ચોરની જેમ બાંધી વિડંબના પૂર્વક રાજા પાસે લઈ આવ્યા. રાજાએ તેને જોઈ ને જ તેનો વધ કરવાની આજ્ઞા કરી. ત્યારે સેવકોએ તે બ્રાહ્મણનું અર્ધું મસ્તક મુંડી નાંખ્યું અને ગધેડા ઉપર બેસાડી મારતાં મારતાં નગરમાં ફેરવવા લાગ્યા. તે વખતે બ્રાહ્મણ મનમાં વિચાર કરવા લાગ્યો કે–'મેં વાઘ, વાનર અને સર્પે કહેલું વચનને માન્યું નહી, તેનું આવું ફળ મને મલ્યું.' આમ તે વિચાર કરે છે. તેવામાં વૃક્ષ પર બેઠેલા પેલા વાંદરાએ બ્રાહ્મણને જોયો અને વિચાર્યું કે–'અહો! આ તો અમારા ત્રણેનો ઉપકારી આ બ્રાહ્મણ છે, તેની આવી અવસ્થા કેમ થઈ?' પણ તે વાનરે લોકોના

મુખેથી બધી વાતો સાંભળીને વિચાર કર્યો કે–ખરેખર આ બ્રાહ્મણ પેલા સોનીથી વિડંબના કરાયેલો જરૂર મરશે. માટે આ બ્રાહ્મણને કોઇ પણ ઉપાયે બચાવવો જોઈએ. આમ વિચારી આ વાનર સર્પ પાસે ગયો અને તેને સર્વ વૃત્તાંત કહ્યો. તે સાંભળી સર્પ બોલ્યો તું ચિંતા ન કર, બધું સારૂં થઇ જશે. એમ કહી તે સર્પ રાજાના ઉદ્યાનમાં જઇને રાજાના કુળના આધારભૂત રાજકુમારને ડસ્યો, દંશ માત્રથી તરત તે કુમાર શબની જેમ ચેતના રહિત થઈને પૃથ્વી પર પડયો. રાજપુરૂષો ઘૂમો પાડતા પાડતા રાજાની આગળ આવી રાજાને કહ્યું. રાજા પણ હવે શું કરવું ? તે વિચારમાં મૂઢ બની ગયો. અનેક મંત્રવાદીઓને બોલાવ્યા તે સર્વેએ પણ મંત્રના બળથી વિષ ઉતારવાનાં પ્રયત્નો કર્યા પરંતુ 'નપુંસકની આગળ તરૂણીના વિલાસની જેમ' તે નિષ્ફળ ગયા, રાજા વિલાપ કરવા લાગ્યો. તે વખતે કોઈએ કહ્યું, કે–રાજન્ ! નગરમાં પડહ વગડાવો. કોઇ પણ ગુણવાન મળી આવશે. રાજાએ નગરમાં પડહ વગડાવ્યો, કે–'જે કોઈ કુમારને જીવાડશે તેને રાજા લાખ રૂપિયાનું ઈનામ આપશે.' આ પ્રમાણે પડહ વાગતો વાગતો જ્યાં રાજપુરૂષો તે બ્રાહ્મણને ગધેડા ઉપર બેસાડીને ફેરવી રહ્યા છે. ત્યાં આવ્યો. તેવામાં નાગદેવતાએ દૈવીશક્તિથી અદૃશ્યપણે રહી ત્યાં આવીને પેલા બ્રાહ્મણના કાનમાં કહ્યું. કે–હે બ્રાહ્મણ ! 'હું રાજકુમારને જીવાડીશ.' એવી પ્રતિજ્ઞાપૂર્વક તમે પડહને સ્પર્શ કરો. હું તે જ સર્પ છું, તે વખતે અમે ત્રણે જણાએ કહેલું વચન તમે ન માન્યું તેથી

અયોગ્ય ઉપર કરેલા ઉપકારનું ફળ આવું તમને મળ્યું તે વખતે તે બ્રાહ્મણે કહ્યું, કે–'હે રાજસેવકો ! મને છોડી દો, હું રાજકુમારને જીવતો કરું.' ત્યારે રાજસેવકો રાજાની પાસે દોડતાં ગયા અને હર્ષસહિત બ્રાહ્મણની વાત રાજાને કરી. રાજાએ કહ્યું, કે– બંધનથી છૂટો કરી તે બ્રાહ્મણને અહીં લાવો. સેવકો તે પ્રમાણે છૂટો કરી બ્રાહ્મણને રાજાની પાસે લાવ્યા. રાજાએ કહ્યું, કે–હે બ્રાહ્મણ ! કુમારને તમે જીવાડશો તો 'તમે જ માર્યો અને તેમે જ જીવાડીને આપ્યો.' તેમ અમે માનીશું તેમ જ તમારી જે વિડંબના કરી તેના બદલે તમારો અધિક પૂજા સત્કાર થશે. માટે તમે જલ્દી આને જીવતદાન આપો. બ્રાહ્મણ બોલ્યો કે–'નીતિ વિરૂદ્ધ કરવાથી હું આ વિડંબના પામ્યો છું, હવે હું સર્વ વૃત્તાંત તમોને જણાવીશ. એમ બોલતો તે બ્રાહ્મણ વિષથી ભરેલા તે કુમાર પાસે જઈ ગોળ માંડલું કરી ધૂપ, દીપ, વગેરે મોટા આડંબરપૂર્વક સ્નાન કરાવા લાગ્યો. રાજા વગેરે લોકો ચારે તરફ ઉભા ઉભા જુએ છે. તેટલામાં નાગદેવતા કુમારના શરીરમાં પ્રવેશ કરી બોલ્યા કે–'હે બ્રાહ્મણ ! આ દુષ્ટ રાજાના પુત્ર ઉપર ઉપકાર કરવા કેમ પ્રવૃત્તિ કરી રહ્યો છે? તને ઘોડા ઉપર બેસાડી આ કરાયેલી વિડંબના શું તું ભૂલી ગયો ?' રાજાએ પૂછયુ કે–મારી દુષ્ટતા કેવી રીતે ? નાગદેવતાએ કહ્યું, કે–તારા પુત્રને તો વાઘે માર્યો છે અને ત્યાર પછી કેટલોક સમય ગયે દૈવયોગે અમે ત્રણે મિત્રો કૂવામાં પડયા અને ચોથો આ સોની પણ કૂવામાં પડયો હતો. આ અવસરે નિષ્કારણ બંધુ આ

ઉપકારી બ્રાહ્મણ ત્યાં આવ્યો. અમે ત્રણેએ કૂવામાંથી કાઢવાને વિનંતી કરી તે વખતે સાંભળવા માત્રથી જ આ બ્રાહ્મણે તરત જ લત્તા વગેરેને ગુંથી તેનું દોરડું બનાવી અનેક પ્રયત્નો કરી અમને ત્રણેને બહાર કાઢયા, ત્યારે અમે ત્રણેએ તેને પ્રણામ કરી શિખામણ આપી હતી. કે–'આ સોની અયોગ્ય હોવાથી તેના ઉપર ઉપકાર કરશો નહીં,' એમ કહી અમે પોતપોતાના સ્થાને ગયા હતા. પછી આ દુષ્ટ સોનીએ ચાટુ વચનો વડે બ્રાહ્મણને વિનંતિ કરી, ત્યારે ઉપકાર સ્વભાવવાળા તે બ્રાહ્મણે અમારૂં વચન વીસરીને તેને પણ કૂવામાંથી બહાર કાઢયો. પછી તે પણ પોતાને ઘેર ગયો. પછી આ બ્રાહ્મણ તીર્થયાત્રા કરી પાછો ફરતા એવા આને વાઘે જોયો અને તે વાઘે આ બ્રાહ્મણનો ઉપકાર યાદ કરી આભૂષણો તેને આપ્યાં તે લઈને બ્રાહ્મણ આ નગરમાં આવ્યો. પેલો સોની આ બ્રાહ્મણને ધનવાળો જાણી કપટપણાથી પોતાને ઘેર લઈ જઈ આભૂષણો ગ્રહણ કરી તમારી પાસે આવી રાજકુમારને હણાયાની વાત કરી. વિચાર મૂઢ બનેલા એવા તમે વિચાર કર્યા વગર વિડંબના કરવા પૂર્વક બ્રાહ્મણની આવી દશા કરી. તે વાંદરાએ તરત આવી મને કહ્યું. તેથી અમારા ઉપકારીને દુઃખ દેનાર એવા તમને હું શી રીતે મૂકું? 'શિષ્ટનું પાલન અને દુષ્ટનો નિગ્રહ કરવો' એ નીતિ વાકયનું સ્મરણ કરી હું રાજકુમારને ડંખ્યો. તે વખતે રાજા સર્વ લોકોની સમક્ષ પોતાના આત્માની નિંદા કરવા લાગ્યો. બ્રાહ્મણ અને નાગને ખમાવીને કહ્યું, કે–'હે નાગરાજ! હવે જેવી તમારી આજ્ઞા હોય તેમ હું

કરૂં.' ત્યારે નાગે કહ્યું, કે 'જો તું લાખ રૂપિયાની કૃપા અને દશ ગામ આ બ્રાહ્મણને આપે તો હું છોડું. તે સાંભળી રાજાએ તેમ કબુલ કરી, બ્રાહ્મણનો તે પ્રમાણે સત્કાર કર્યો અને કુમાર પણ વિષ રહિત થયો. કૃતઘ્ન એવા સોનીને રાજાએ વધ માટે આદેશ આપ્યો. પણ બ્રાહ્મણે કૃપાથી તેને છોડાવ્યો. માટે આ સોની પોતાની માનું પણ સોનું ચોરનાર એવાને આપણે સહાય કરવા અહીં લાવ્યા અને આ શિલા દેખાડી તે ઠીક કર્યું નહી, પહેલેથી જ કાંઈ બહાનું કાઢીને ઘણ છીણી વગેરે ઉપકરણો માગી લીધા હોતતો સારૂં થાત, હવે તો 'સાપે છછુંદર ગળ્યા જેવું થયું છે.' વળી આ શિલા એક દિવસમાં ટુકડા કરી શકાય તેમ નથી, આ કાર્ય પુરૂં કરતાં ઘણા દિવસો થાય તેમ છે. પ્રાતઃકાળ થયે લેવાશે તેટલું ધન લઇ આપણે તથા આ સોની પોતપોતાના ઘરે જઇશું. ઘેર ગયા પછી આ સોની, ઘણા સુવર્ણનું સ્મરણ થવાથી આકુલ-વ્યાકુલ થશે. કારણ કે એક રતી માત્ર પણ સુવર્ણ જોઈ જેનું ચિત્ત વિહ્વળ થાય તેને આટલું બધું આ સુવર્ણ જોઈ શું શું ન થઈ જાય? એથી જરૂર આ કોઈ બળવાન સહાયકની સાથે ભાગ કરી આખી શિલા ઉપાડી જશે અને આપણાં માથે ઘણું સુવર્ણ લઈ ગયાનો આરોપ મૂકી આપણને કલંક આપી મહાસંકટમાં નાખશે, માટે હવે આપણે અહીં શું કરવું? તે સાંભળી એક જણે કહ્યું કે-'જો મારૂં કહેવું કરશો તો કાંઈ પણ વિઘ્ન આવશે નહિ. તેઓએ કહ્યું કે-'કેવી રીતે?' તેણે કહ્યું કે-

ઘણુ અને છીણીઓ તો આપણા હાથમાં આવી છે. તો તે ઘણુ અને છીણી વડે ઉપર દેખાતું સુવર્ણ લઇ અને બાકીનું ધૂળથી ઢાંકી દઇને જઇએ અને પછી રોજ આવી આપણું ઇચ્છિત કાર્ય કરીશું. માટે જ્યારે આ સોની આવે ત્યારે તેને કહેવું કે 'જલ્દી પાણી કાઢી આપ. અમને તરસ લાગી છે. આ સાંભળી જ્યારે તે પાણી કાઢવા કૂવા ઉપર જાય ત્યારે પાછળથી આપણે બધાએ એકઠા થઇને હાથ વડે ખેંચી એને કૂવામાં નાંખી દેવો.' તેમ કરવાથી 'ઠંડા પાણીએ બસ જશે.' આ સાંભળી બધાએ અનુમતિ આપી, તેટલામાં તે સોની પણ દેહ ચિંતા કરીને આવ્યો. ત્યારે ચોરોએ કહ્યું કે-'હે ભાઈ! અમને તું જલ્દી પાણી ખેંચી આપ, આટલું સરસ ભોજન આરોગવાથી અમને ખૂબ જ તૃષા લાગી છે.' તે સાંભળી સોનીએ વિચાર કર્યો કે-'હવે મોદકનું ઝેર ચઢવા લાગ્યું છે. તેથી પાણી પીને સર્વ ભૂમિ ઉપર પડશે અને દીર્ઘનિદ્રાને એટલે મરણને પામશે. ત્યાર પછી સર્વ ધન હું જ ગ્રહણ કરીશ.' એ પ્રમાણે રૌદ્રધ્યાન કરતો તે સોની પાણી ખેંચવા લાગ્યો. તેટલામાં જ પ્રથમથી સંકેત પ્રમાણે તેઓએ સોનીને કૂવામાં નાખી દીધો. ત્યાર પછી ચોરો પણ એક ઘડી માત્રમાં અગાઉ ઝેરના લાડવા ખાધા હોવાથી મૃત્યુ પામ્યા.

આ સર્વ વૃત્તાંત સરસ્વતીને બતાવી લક્ષ્મી બોલી કે-'હે સરસ્વતી! તેં જગતમાં ધનમોહી આત્માઓનું આ આ આશ્ચર્ય જોયું? આ દશ જણાએ, ધનરૂપી અગીયારમાં પ્રાણની પ્રાપ્તિ માટે પોતાના દશે પ્રાણો ગુમાવ્યા, પણ

કોઇએ અગીયારમો પ્રાણ જે ધન તે પ્રાપ્ત કર્યું નહી. હું મનુષ્યને સેંકડો અને હજારો દુઃખોમાં નાંખુ છું, રોગો વડે પીડું છું, ચાબુકના પ્રહારોથી મારૂં છું, ભિક્ષા મંગાવું છું, કેદખાનામાં નંખાવું છું. વધારે શું કહું? ક્રોધ પામેલો શત્રુ પણ જેવું ન કરે તેવાં સર્વ દુઃખો હું આપું છું, તો પણ સંસારી જીવો મારો કેડો મૂકતાં નથી. મારા માટે માતા, પિતા, પુત્ર, મિત્ર, ભાઈ, ચાકર, ગુરૂ વગેરેને પણ છેતરે છે અને તિરસ્કાર કરે છે અને તેઓનો વિશ્વાસ-ઘાત પણ કરે છે. કુળ, જાતી, દેશ, ધર્મ અને લજ્જા છોડી મારે માટે જ બધે ભ્રમણ કરે છે, તેમજ લક્ષ્મીની ઇચ્છાવાળા તેઓ અકૃત્ય પણ કરે છે, ખરાબ બોલે છે અને અવિચારવાનું વિચારે છે. માત્ર એક જિનેશ્વરના વચનથી વાસિત અંતઃકરણવાળા પંચમહાવ્રતને ધારણ કરનારા મુનિઓની પાસે મારું કાંઈપણ ચાલતું નથી. તેઓ અનેક પ્રકારે મારી નિંદા કરે છે, મારી મોટાઇનો નાશ કરે છે. મારી સંતતિરૂપ કામો અને ભોગોનો ત્યાગ કરી, નાકના મળની જેમ દુર ફેંકી દઈ, આ અસાર છે એમ નિંદા કરી, વનમાં જઈ, અશોકવૃક્ષ નીચે ઉભા રહી, ભારની જેમ સર્વ બાહ્ય-ઉપાધિનો ત્યાગ કરી, મલિન વસ્ત્રવાળા, સ્નાનરહિત થઇ, ત્યાગ વૃત્તિવાળા, 'લક્ષ્મી અને વૈભવને ન ભોગવવાં' તેવી પ્રતીજ્ઞા કરી દરેક દેશમાં વિચરે છે. વળી જ્યાં ત્યાં પણ લોકોનો સમુદાય ભેગો થાય ત્યાં હંમેશા મને તથા મારા કામભોગરૂપી પુત્રોને નિંદે છે. તેમજ તેઓ પોતાના વચનની ચાતુરાઈથી મારી અને મારા

ઇન્દ્રિઓના વિષયોને અંતમાં વિરસ અને કડવા ફળ આપનારા છે, એમ કહી સર્વના ચિત્તોને મારાથી અને મારા વિષયોથી વિમુખ કરે છે. તેમજ 'આ લક્ષ્મી ચપલા, કુટિલા, સ્વેચ્છાચારીણી છે' વગેરે કલંકો આપી કેટલાયને ઘરો ત્યાગ કરાવે છે અને પોતાના જેવા કરે છે. વળી તપ, જપ અને ધ્યાન વગેરે વિવિધ ઉપાયો વડે અવશ્ય મને દાસીરૂપે સેવા કરવા માટે પ્રેરણા કરે છે. તેનાં આંગણામાં લાખો અને કરોડોની સંખ્યા વડે મારે વરસવું પડે છે, વળી તે મુનિઓ શુકલ ધ્યાનથી મારી ઇચ્છારૂપી બીજને બાળી, ભસ્મ કરી, કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે. આ અવસરે વિવિધ પ્રકારના દેવોનો સમૂહ ભેગો થઇ, મારું રહેવાનું સ્થાન જે કમળ તે મુનિઓના પગ નીચે મૂકી તેનું આસન કરે છે. વળી તેના ઉપર બેસી તે મુનિઓ મારું નિર્મૂળ ઉખેડવા માટે દેશના આપે છે અને ઘણા ભવ્ય જીવોને પોતાના જેવા કરે છે અને બીજા કેટલાકને દેશવિરતિ આપે છે, તેઓ પણ ઘરમાં રહ્યા છતાં વ્યવહાર શુદ્ધિથી પરિગ્રહનું પ્રમાણ કરી, સત્ય અને સંતોષથી મને અધિક પ્રાપ્ત કરે છે. તેમજ નીતિશાસ્ત્રમાં કહેલી રીત પ્રમાણે વ્યવહાર કરતાં નિઃસ્પૃહ ભાવને દેખાડતા કામ અને ભોગોમાં મારો વ્યય કરતા છતાં પણ અત્યંત ગાઢ વીર્યોલ્લાસથી જિનચૈત્ય, પ્રતિમા, જ્ઞાન, વગેરે સાત ક્ષેત્રોમાં અધિક ધન વાપરે છે, વળી દરેક ક્ષણે ક્ષણે લોકોની સમક્ષ મારી નિંદા અને તિરસ્કાર કરનારા મુનિઓને હું સાંભળું છું, તો પણ તેઓનું ઘર ત્યાગ કરવાને

હું શક્તિમાન થતી નથી, ઉલટું તેના ઘરમાં જાણે વૃદ્ધિ પામવાની ઇચ્છા કરતી હોય તેમ હું વસુ છું. વળી તેઓ એક પુણ્યાનુબંધી પુણ્યથી મને બંધનમાં નાંખે છે, કે જેનાથી પ્રત્યેક જન્મમાં મારે તેમનું દાસીપણું કરવું પડે છે. પગલે પગલે નિધાન દેખાડીને સર્વ રીતે ચારે તરફ વૃદ્ધિ પામીને મારે તેઓને આધીન રહેવું પડે છે. તેઓનું કાંઈ પણ પ્રતિકૂળ કરવાને હું શક્તિમાન નથી. છેવટે પાછા મને વગોવી નિંદા કરી તૃણની જેમ ત્યાગ કરી મુક્તિપુરીમાં જાય છે. આવા પ્રકારના શ્રી જિનેશ્વર શાસનના ઉપાસક એવા ભવ્ય જીવોને છોડી સર્વે સંસારી જીવો મારા સેવકો છે, તેમને હું હજારો વાર દુઃખો આપું છું. તો પણ તેઓ મારા ચરણની ઉપાસના અને મારી ઝંખના મૂકતાં નથી. મારા માટે તપ, જપ, કાય કલેશથી પાપાનુબંધી પુણ્ય પેદા કરે છે. પણ હું તેઓને ચારે તરફથી વૃદ્ધિ બતાવીને છેવટે નરક કે તિર્યંચગતિમાં નાંખું છું. તિર્યંચગતિમાં ગયેલા તેઓ નિધાનરૂપે રહેલી મને ઢાંકીને ઉપર બેસી સેવે છે, વળી કેટલાંક અજ્ઞાનકષ્ટ કરવાથી દેવગતિમાં ઉત્પન્ન થાય છે, તેઓ પણ બીજાની ભૂમિમાં રહેલાં દ્રવ્ય રૂપવાળા મારા સ્વરૂપનો આશ્રય કરી કારણ વિના ત્યાં જ પડયા રહે છે અને લોકોને માટીરૂપે અથવા કોલસારૂપે મને બતાવે છે. માટે હે ભગવતી ! સરસ્વતી ! સર્વ સંસારી જીવોની મોટાઈ હંમેશા મારી પ્રાપ્તિથી જ ગણાય છે, કેવળ જે કોઇ મોક્ષના અર્થી મનુષ્યો છે. તેઓ જ તારી ઉપાસનામાં આસક્ત બની તારી મોટાઇ ગણે છે.

આ પ્રમાણે લક્ષ્મીનું વચન સાંભળી સરસ્વતીએ કહ્યું, કે-'હે બહેન ! એક તો તારૂં મોટું દૂષણ છે-જે પોતાના સેવક લોકોને મનુષ્યભવ વગેરેમાં વૈભવ વગેરે આપીને અને સુખ વગેરે દેખાડીને નરકમાં નાંખે છે. પોતાના આશ્રિતોનો ઉધ્ધાર કરવો એ જ મહાત્માઓને ઉચિત છે. તે સાંભળીને લક્ષ્મી બોલી કે-'હે બહેન ! તું વિદુષી થઈ આવું શ્રુતનું જડપણું કેમ પ્રગટ કરે છે? કેવળ હું નરકમાં નાખું છું. એમ નથી. પણ મોહ રાજા વડે પ્રેરણા કરાયેલા પાંચ ઇન્દ્રિયો, વિષય, અજ્ઞાન, વ્યસન, કામભોગો વગેરે જીવોને નરકગતિમાં નાંખે છે. પણ મારા બળથી વિવેક બુધ્ધિવાળા પરમપદના સાધનો જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધના કરી ઘણા જ સચ્ચિદાનંદરૂપી મોક્ષને પામેલા સંભળાય છે. શાસ્ત્રમા પણ 'કનકથી મુક્તિ' એ પ્રમાણે ગવાય છે. તેમજ તારી પ્રાપ્તિમાં પણ મહાસત્વશાળી શ્રુતકેવળીઓ પણ મોહ રાજાથી પ્રેરાયેલા પ્રમાદના સેવનથી અનંત જીવો તિર્યંચ ગતિમાં પરિભ્રમણ કરે છે. તે શું તારૂં દૂષણ નથી ? 'આ પ્રમાણે લક્ષ્મી દેવીનું વચન સાંભળી કાંઈ હસીને સરસ્વતીએ કહ્યું, કે-હે બહેન ! વિવાદને ભાંગનાર અને તારા તથા મારા મહત્વને પોષણ કરનાર એક જ વાકય હું તને કહું છું, તે તું સાંભળ.' જે કોઈને આપણી પ્રાપ્તિમાં મહા પુરૂષોનો સમાગમ, વિવેકરૂપી લોચનનો લાભ, અને જિનેશ્વર ભગવંતના શાસનરૂપી રત્નની પ્રાપ્તિ થાય છે. તેઓ ત્રિવર્ગ-(ધર્મ, અર્થ અને કામના પરસ્પર અબાધિત સાધનો)ને પ્રાપ્ત કરી પરમપદને

પામે છે. કહ્યું, છે કે–'જો પૂર્વનાં કોઈ પણ ભવમાં જિનેશ્વર ભગવંતનું શાસનરૂપી રત્ન અને વિવેકરૂપી ચક્ષુના લાભ મલ્યા હોત તો તે જ ભવમાં અવશ્ય કલ્યાણ થયું હોત.'

આ પ્રમાણે તેમનો વિવાદ નાશ પામ્યો. અને તે બન્ને સરસ્વતી અને લક્ષ્મી–દેવીઓ પોતપોતાને સ્થાને ગઇ.

ઉપદેશ :—અહીં સરસ્વતીદેવી અને લક્ષ્મીદેવીના વિવાદવાળી સુબોધ આપનારી કથા સાંભળી હે ભવ્ય જીવો! તમે સદાચારમાં હંમેશા રાગવાળા થાઓ.

લક્ષ્મી અને સરસ્વતી સંવાદમાં એકસો આઠમી કથા સમાપ્ત.

'પ્રશસ્તિ'

પ્રતિભાશાલી અને પ્રતાપી, તપગચ્છરૂપી આકાશના આંગણામાં સૂર્યસમાન, ઘોર બ્રહ્મચર્યને ધારણ કરનારા દાદા ગુરૂ શ્રી નેમિસૂરીશ્વરજી મહારાજને હું નમસ્કાર કરૂં છું.....॥ (૧) ॥

જેની કૃપાથી મારા જેવા મંદ બુધ્ધિવાળા પણ ગ્રંથની–રચનામાં શક્તિમાન થાય છે તે સમયજ્ઞ ગુરૂમહારાજ શ્રી વિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજને હું નમસ્કાર કરૂં છું.....॥(૨)॥

તેમના શિષ્ય કસ્તૂરસૂરિજી મહારાજે સંવત ૨૦૨૬ના વર્ષમાં ભવ્ય જીવોને બોધ કરવા માટે આ કથાઓ રચી છે.....॥ (૩) ॥

સાબરમતી નગરીમાં શ્રીચિંતામણિ પાર્શ્વનાથ ભગવાનના સાનિધ્યમાં આ પ્રાકૃત વિજ્ઞાન કથાનો બીજો ભાગ પૂર્ણ કર્યો છે.....॥ (૪) ॥

પંચપરમેષ્ઠિમાં રહેલા ૧૦૮ ગુણો હૃદયમાં હંમેશા સ્મરણમાં રહે તે હેતુ લક્ષ્યમાં રાખી એકસો આઠ કથાઓ લખી છે.....॥ (૫) ॥

જ્યાં સુધી લવણ સમુદ્ર છે. તેમજ નક્ષત્રોથી સુશોભિત મેરૂપર્વત છે, આકાશમાં સૂર્ય અને ચંદ્ર છે. ત્યાં સુધી આ કથાઓ જય પામે..... ॥ (૬) ॥

શ્રીતપગચ્છાધિપતિ શ્રીકદંબગિરિ વગેરે અનેકતીર્થોના
ઉધ્ધારક શાસનપ્રભાવક આબાલબ્રહ્મચારી સૂરિચક્રવર્તી
આચાર્ય વિજયનેમિસૂરીશ્વરજીના પટ્ટાલંકાર
સમયજ્ઞ વાત્સલ્યવારિધિ આચાર્ય શ્રી વિજય-
વિજ્ઞાનસૂરીશ્વરજીના પટ્ટધર સિધ્ધાંત-
મહોદધિ પ્રાકૃતભાષા વિશારદ
આચાર્ય વિજય કસ્તૂરસૂરિજીનો
રચેલ પ્રાકૃત વિજ્ઞાન કથાનો
બીજો ભાગ સમાપ્ત.